આંતરભારતીય પુસ્તકમાળા

જયકાંતનની વાર્તાઓ

જયકાંતનની વાર્તાઓ

ત. જયકાંતન

અનુવાદ

નવનીત મદ્રાસી

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, નવી દિલ્હી

1980 (શક 1901)

રૂ. **14.25**

Original Title : JAYAKANTAN CHIRUKTHAIKAL (*Tamil*)
Gujarati Title : JAYAKANTANNI VARTAO

પ્રકાશક : ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા, એ-5,
ગ્રીન પાર્ક, નવી દિલ્હી–110 016
મુદ્રક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–380 014

પ્રસ્તાવના

આ સંગ્રહમાંની વાર્તાઓ 1956થી 1972 દરમિયાન તામિલનાડુનાં ઘણાં સામયિકોમાં છપાયેલી છે. 1950-'60 દરમિયાન લાખોની સંખ્યામાં છપાતાં મોટા ભાગનાં લોકપ્રિય સામયિકોમાં વાર્તાઓ સાહિત્યની દૃષ્ટિએ લખાતી ન હતી. એ ઊણપ મારાથી પુરાઈ છે. તામિલ સામયિકોમાં સારી વાર્તાઓની શરૂઆત ત્યારથી થઈ. તે માટે વાચકો અને સામયિકના સંપાદકોએ મારી પ્રશંસા કરી છે.

આ અર્ધ શતાબ્દીમાં ટૂંકી વાર્તાઓની દુનિયામાં લોકોને જોઈએ તેવી શ્રેષ્ઠ વાર્તાઓ લખી કેટલાક લેખકોએ તામિલ ભાષાની અને તેની સાથે સાથે પોતાની પણ ઉન્નતિ સાધી છે. તેઓમાંનો એક હું પણ છું. આ હકીકત કોઈ પણ કહે તો તે અસ્થાને ન ગણાય. આ હકીકત હું કહું છું તેથી હું મારી પોતાની પ્રશંસા કરું છું એમ નથી. પરભાષીઓ જાણી શકે તે માટે આ હકીકત એક સામાન્ય માહિતી તરીકે અહીં આ પ્રસ્તાવનામાં રજૂ કરું છું.

તામિલ ભાષા અને તામિલભાષીઓને દુનિયામાં બીજા કોઈને ન સાંપડી હોય એવી વિશેષતા સાંપડી છે. તે પ્રમાણે બીજા કોઈને ન સાંપડી હોય તેવી કેટલીક ખામીઓ પણ છે. માનવ અને જીવનને ચાહવું એ જ મારું ધ્યેય છે. માનવ અને જીવનને વફાદાર રહેવું એ જ ભાષાની પહેલી વિશિષ્ટતા છે.

એક ભાષામાં પ્રગટ થયેલી કૃતિ કેવળ તે ભાષાની જ પરિધિમાં રહે તો એ શ્રેષ્ઠ કૃતિ ન કહેવાય. માણસોના વિચારની ભાષા પ્રદેશ અને તેની સીમાઓ ઓળંગીને બીજી ભાષાઓ સાથે આત્મીયતા કેળવી શકે એ જ

સભ્યતાની પ્રગતિ છે. સાહિત્ય એ સભ્યતાની દુનિયા છે. આ વાર્તાઓ પ્રગટ થઈ ત્યારે તેની કડક આલોચના થઈ છે તેમ જ તેની અસીમ પ્રશંસા પણ થઈ છે. મારી કૃતિઓની આલોચનાના વિવાદમાં કેટલીક વખત મેં ભાગ લઈને જવાબ પણ આપ્યો છે, તો કેટલીક વખત મૌન પણ સેવ્યું છે. પરંતુ એથી હું મારા કાર્યમાં કદી નિષ્ક્રિય રહ્યો નથી.

જનતાને મારો પરિચય સામયિકો મારફતે જ થયો છે. તામિલનાડુની સ્થિતિ બહુ ખરાબ છે. જનતા માને છે કે નવ રસવાળી કૃતિઓ સાહિત્યની દૃષ્ટિએ રસદાયક હોય છે. તે બાબતમાં સાહિત્યપ્રેમીઓએ બહુ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે વાચકો દરેક સાહિત્યકાર એ પ્રકારના મિશ્ર રસની વાર્તા લખે એવી અપેક્ષા રાખતા નથી, પરંતુ સાહિત્યકાર એમ વિચારીને અને વાચકોને આકર્ષવા માટે જ પોતે જાણતો હોય તે બધી 'યુક્તિ'ઓ અજમાવે છે. પરંતુ આવા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. તેમને લક્ષમાં રાખીને વાચકોની અપેક્ષા અંગે વિવેચન કર્યું, એ જ સાહિત્યિક વિવેચન બની ગયું.

મને મળેલી તકોને મેં વિશિષ્ટ માનીને તેનો સદુપયોગ કરવાનો પ્રયત્ન કર્યો છે. મારી વાર્તાઓ પ્રગટ કરનારાં સામયિકોએ મોટે ભાગે સાહિત્યિક દૃષ્ટિએ તેની પ્રશંસા કરી છે કે નહીં તે જુદો પ્રશ્ન છે. તેઓએ સાહિત્યિક પ્રગતિ કરવી જોઈએ, એમ કહેવાનો મને અધિકાર નથી. હું તેમનો નોકર કે ભાગીદાર નથી. તેઓ સામયિકનું સંચાલન વેપારી દૃષ્ટિ રાખીને કરે છે. દિવસે દિવસે તેમાં નીચલી કક્ષાની ધંધાકીય યુક્તિઓ અજમાવાય છે. મારા વિચારો મેં દ્વેષભાવ વિના રજૂ કર્યા છે.

એક લેખક તરીકે મારા અધિકારને આગળ કરી તે અંગે વાદવિવાદ કરતાં મને ક્ષોભ થાય છે, કારણ કે આ દુનિયામાં પોતાની હકીકત ખરી હોવા છતાં તેને સિદ્ધ કરવા માટે જેઓએ પ્રયત્નો કર્યા છે, તેઓ પણ તેમાં નિષ્ફળ ગયા છે, તે હું જાણું છું. આ અધિકાર અને સગવડ બધા માણસોને મળે તે પછી જ, તે બુદ્ધિજીવીઓ માટે સંભવી શકે. આ ક્રમને સાચવ્યા વિના જો બુદ્ધિજીવીઓને અધિકારો અને સગવડો મળી જાય તો તેમના આત્માને સંતોષ નહીં મળે. તેઓ પોતાને હમેશ ગુનેગાર તરીકે અનુભવ્યા કરશે.

'અગ્નિપ્રવેશ' 1966માં 'આનંદ વિકડન' માટે લખાયેલી. આ વાર્તાનું 'થીમ' બધા કહે છે તેમ ક્રાંતિ ઊભી કરવાનું નથી; પરંતુ 'આવી વાર્તાઓ ક્રાંતિકારી લાગે' તેટલી હદે મંથન ઉત્પન્ન કરવાનું છે. મારી આ વાર્તાના અંતને બદલીને, તેમાં આવતા કથાપાત્રને મારી નાખીને અને તે જ શીર્ષક

હેઠળ બીજી વાર્તાઓ લખવાની પ્રતિક્રિયાને તામિલનાડુનાં સુપ્રસિદ્ધ સામયિકોએ પ્રોત્સાહન આપ્યું છે. હું તેને ધીરજ અને સહનશીલતાથી જોતો રહ્યો છું. હું જાણું છું કે લેખનપ્રવૃત્તિ માટે ધૈર્ય અને સહનશીલતા અનિવાર્ય ગુણો છે. એ મોજું શમ્યા પછી એ કથાવસ્તુ પર વધુ જોર આપી, બહેલાવીને એને નવલકથાનું રૂપ આપ્યું. આની પ્રેરણા મને એ લોકો પાસેથી મળી જેમણે મારી વાર્તાનો ઉપયોગ કરેલો. એ માટે હું એમનો આભારી છું.

'બગીચાનો એક ફકીર' (1956). આરંભકાળની વાર્તા છે. હું સ્વતંત્રપણે લખું તે માટે મને સર્વ પ્રથમ પ્રોત્સાહન આપનાર, માર્ક્સમાં શ્રદ્ધા ધરાવનાર મારા એક મિત્રના તે વખતના સુપ્રસિદ્ધ સાહિત્યિક માસિક 'સરસ્વતી'માં પ્રગટ થઈ હતી.

'મન પવિત્ર છે' (1967માં આનંદ વિકડનમાં).

'અંધકારની શોધમાં' (1964માં આનંદ વિકડનમાં). 'હું બ્રાહ્મણ સ્ત્રીઓની નિંદા કરું છું' એવી જે અફવા ફેલાયેલી તેના વિવાદમાંની હેતુલક્ષી વાર્તાઓમાંની એક.

'ગુરુપીઠ' (1970ના આનંદ વિકડનના દિવાળી અંકમાં).

'હું છું' (1962ના આનંદ વિકડનમાં). બધા જ સ્તરના વાચકોની એકી-અવાજે પ્રશંસા પામેલ મારી આરંભકાળની વાર્તાઓમાંની એક.

'આત્મનિરીક્ષણ' (1665ના આનંદ વિકડનમાં). મારી વાર્તાઓ વાંચનાર વાચકના મનમાં હું બ્રાહ્મણ છું એવો ભ્રમ ઉત્પન્ન કરનાર આ એક વાર્તા છે. બ્રાહ્મણો આ વાર્તાનો વિરોધ કરશે એની હું રાહ જોતો હતો. સારું થયું, એવું કાંઈ બન્યું નહીં. તામિલનાડુના બ્રાહ્મણો પ્રત્યે મારામાં એક વિશ્વાસ ઉત્પન્ન થયો.

'ભૂલો ગુના નથી...!' (1968ના આનંદ વિકડન દિવાળી અંકમાં).

'અગ્રહારમની બિલાડી' (1968ના આનંદ વિકડન દિવાળી અંકમાં).

'દિવસની પેસેંજર ગાડીમાં' (1964ના આનંદ વિકડનમાં). એક મોટી કથાવસ્તુમાંથી લીધેલી આ એક નાની વાર્તા છે. પછી 'પ્રલયમ્'- (1965, આનંદ વિકડનમાં)ના શીર્ષક હેઠળ થોડી વિકસાવીને લખવા માટે આ વાર્તા ખાસ પાયારૂપ બની. 'પ્રલયમ્' એક નાની નવલકથા કહી શકાય.

'તાળું મારેલું ઘર' (1969ના આનંદ વિકડનમાં). મને કાવ્ય, નાટક અને લલિત નિબંધની રીતે એક નાની વાર્તા લખવાની વારંવાર ઇચ્છા થતી

હતી. એટલે તે લક્ષમાં રાખીને ટૂંકી વાર્તાઓની કલા ન બગડે તે રીતે મેં કેટલીક ટૂંકી વાર્તાઓ લખી છે. આ નોંધપાત્ર વાર્તા મારા મનમાં ઉદ્ભવેલ એકાંકી નાટકનો એકમાત્ર અહેવાલ છે.

'ક્રૉસ' (1958). સામ્યવાદી પક્ષના 'તામરૈ' નામના સામયિકમાં પ્રગટ થઈ છે.

'હું શું કરું, કહો' (1968ના આનંદ વિકડનમાં). તામિલ પ્રજાના સામાજિક જીવનમાં એક ચેપી રોગ થઈ બધાને સંડોવતી, જુગારી તત્ત્વ કહી શકાય તેવી સરકારી લૉટરીના મોહમાં આકર્ષાઈને દીન દશાનો ભોગ બનતા લોકો પર તોળાતા ભયને ધ્યાનમાં રાખીને કરેલી એક કલ્પના છે આ.

'નવાં પગરખાં ડંખે' (1971ના આનંદ વિકડનમાં).

'નિક્કી' (1969ના કલૈમગલ દિવાળી અંકમાં). મેં પાળેલાં પ્રાણીઓના આધારે ઘણી વાર્તાઓ લખી છે. મને પ્રાણીઓનો સહવાસ ગમતો નથી, પરંતુ મારા અંતરમાં તેમના પ્રત્યે કેટલી મમતા છે, તેઓમાં મને કેટલો રસ છે તે ભાવનું મને દર્શન કરાવનાર આ વાર્તા છે.

આ વાર્તાઓના સાહિત્યિક મૂલ્ય વિશે હું ન બોલી શકું. દરેક વાર્તાની પાછળ આ વાર્તાઓના લેખક અને વાચકવર્ગ વચ્ચેનો સંબંધ પણ એક વાર્તા જ છે. તે અંગે વાત કરવી એ પ્રસ્તાવનાનું ધ્યેય નથી. તેનો ખ્યાલ રાખીને જ અહીં મેં કહેવાનું કહ્યું છે. ખાસ કરીને મારું નામ, પ્રશંસા અને વિશિષ્ટતાઓ ઉપરાંત સાધારણ જનતાના વિશિષ્ટ ભાવો અન્ય ભાષાઓમાં પણ પ્રવેશ કરશે તો મને ખૂબ આનંદ થશે.

હું જાણતો નથી એવી ભાષાઓમાં મારો પરિચય કરાવવાની એક ઉચ્ચ જવાબદારી સ્વીકારી, મને અને મારી ભાષાને ગૌરવ આપનાર નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાનો, તેના વ્યવસ્થાપકોનો હું સદા આભારી છું.

મદ્રાસ 31
12-2-73

ત. જયકાન્તન્

અનુક્રમ

1. અગ્નિપ્રવેશ

બપોરથી રહી રહીને વરસાદ પડે છે....

સાંજે કૉલેજના બસ-સ્ટૅન્ડ પર મેઘધનુષના રંગ જેવા વિવિધ પોશાકમાં વિદ્યાર્થિનીઓ બસની રાહ જોતી લાઇનમાં ઊભી છે. કારની સગવડવાળી કેટલીક વિદ્યાર્થિનીઓ તે લાઇનની નજીક કાર ઊભી રાખીને પોતપોતાની નિકટની બહેનપણીઓને કારમાં બેસાડીને લઈ જાય છે. નિયમ મુજબ કૉલેજની બસમાં જતી વિદ્યાર્થિનીઓ બસમાં બેસી જાય કે રાખોડી રંગની 'વેણુ' બસ ઝડપથી ઊપડી જાય છે. અડધા કલાકથી વાગતા હૉર્નના અવાજ અને ઠંડીમાં ધ્રૂજતી વિદ્યાર્થિનીઓના બોલવાના અને હસવાના મધુર અવાજ સાથે વરસાદનો ભારે અવાજ ભળી જઈ ગુંજે છે. સાડા પાંચ થઈ ગયા છે. ત્યાં ઊભેલી પંદર-વીસ વિદ્યાર્થિનીઓ બસ-સ્ટૅન્ડ પાસેના એક ઝાડની નીચે વરસતા વરસાદમાં ટોળે વળી દસ-બાર છત્રીઓની નીચે એકબીજાને બાથ ભીડીને ઊભી છે.

શહેરની વચમાં પણ લોકોની અવરજવર વધુ ન હોય એવી જગ્યાએ ગીચ વૃક્ષો અને બંગલાઓની છાયાવાળા રસ્તાઓ પર, વરસાદથી બચવાની ક્યાંય જગા નથી. પોતાની સાડીનો પાલવ ઓઢીને અને પુસ્તકો વરસાદમાં પલળે નહીં તે માટે છાતીસરસાં દાબીને, ઘૂંટણમાં સાડી દબાવીને વિદ્યાર્થિની-ઓ પોતપોતાની બસની રાહ જોતી ઊભી છે.

ત્યાં તો રસ્તાના સામે છેડેથી બસ આવવાનો અવાજ સંભળાય છે.

'અરે...બસ આવે છે!' એકીસાથે ઘણા અવાજ સંભળાય છે.

રસ્તા પર એકઠા થયેલા વરસાદના પાણીને બે ભાગમાં વહેંચી નાખતી તે 'અસભ્ય' બસ આવીને ઊભી રહે છે.

'બાય...બાય...'

'સીયુ...'

'સિયર યુ...'

— કંડક્ટરની સીટીનો અવાજ.

તે ટોળામાંની અડધી વિદ્યાર્થિનીઓને પોતાની અંદર સમાવી દઈને ઓડકાર ખાતી હોય એવા અવાજ સાથે તે બસ ઊપડી જાય છે.

બસ-સ્ટેન્ડ પર ફક્ત આઠ-દસ વિદ્યાર્થિનીઓ ઊભી છે.

ચોમાસું હોવાથી અંધારું વહેલું થઈ જાય છે.

રેનકોટ પહેરેલો એક સાઇકલ રિક્ષાવાળો રસ્તાની વચ્ચમાં બેપરવાઈથી ઊભા રહેલા માલિક વગરના ઢોરને આઘું ખસેડવા માટે બેસી ગયેલા ગળાના સાદ જેવી બોદી ઘંટડી વગાડતો ઝડપથી આવે છે, પણ ઢોર આઘું નથી ખસતું એટલે ત્યાં ઊભેલી છોકરીઓની હાજરીની દરકાર કર્યા વગર અસભ્ય ગાળો દેતો ચાલ્યો જાય છે. એ દૂર ગયા પછી છોકરીઓ એની અસભ્ય ગાળોને યાદ કરીને અંદરોઅંદર મજાક-મશ્કરી કરે છે.

ત્યાર પછી ઘણા સમય સુધી ત્યાં કોઈ રસપ્રદ બનાવ બન્યો નથી. કંટાળાજનક શાંતિથી કંટાળી ગયેલી છોકરીઓના પગ ભેજવાળી જગામાં ઊભા રહેવાથી અકડાઈ ગયા છે.

એક બસ દેખાઈ !

પણ માલિક વગરનું પેલું ઢોર હજી પણ રસ્તાની વચ્ચમાં ઊભું છે. તે એક બળદ છે, ઘરડો છે. તેનું એક શિંગડું તેના કપાળ પર લબડી ગયેલું છે. વરસાદનું પાણી તેની પીઠ પર પડીને મોતીની જેમ રેલાતું પીળાશ પડતા પેટની બંને બાજુએ કાળી લીટી દોરતું વહી રહ્યું છે. તેના શરીરનો એકાદ ભાગ— મોટે ભાગે જમણા પગનો ઉપરનો ભાગ વારંવાર ઠંડીથી ધ્રૂજે છે અને રૂંવાડાં ઊભાં થઈ જાય એવું દુ:ખ અનુભવે છે.

આ ઘરડા બળદને ક્યાં સુધી રસપૂર્વક જોઈ શકાય? તે ટોળામાં બધાંથી અલિપ્ત ઊભી રહેલી એક છોકરી નિ:સાસો મૂકીને માથું ઊંચું કરીને જુએ છે.

ત્યાં તો રસ્તાના સામા છેડેથી બસ આવવાનો અવાજ સંભળાય છે.

બસને ઊભા રહેવાની જગા આપવા માટે તે બળદ ખસીને છોકરીઓ ઊભી છે તે જગાએ આવીને પોતાને ઊભા રહેવા માટે જગા માગતો હોય તેમ ઊભો રહે છે.

'હેય...ઇટ ઇઝ માય બસ...'—તે ટોળામાંની સૌથી મોટી છોકરી નાના બાળકની જેમ કૂદે છે.

'બાય...બાય...'

'ટા ટા!'

ટોળાને લઈને તે બસ જાય છે. બસ-સ્ટૅન્ડ પર ફક્ત બે જ વિદ્યાર્થિનીઓ ઊભી છે. એ બે વિદ્યાર્થિનીઓમાંની એક નાની ઢીંગલી જેવી છોકરી છે જ્યારે બીજી મોટી છે—આજકાલની મોટા ભાગની કૉલેજની કન્યા જેવી છે. એની પાસે છત્રી છે. પેલી છોકરી એની દયા હેઠળ રહેવા નથી ઇચ્છતી. એ આઘી ખસીને ઊભી રહે છે. દેખાવ પરથી એ છોકરી કૉલેજમાં ભણતી હોય તેમ લાગતું નથી; હાઈસ્કૂલની વિદ્યાર્થિની હોય તેવી લાગે છે. એના દેખાવ પરથી એ સુખી કુટુંબની છોકરી નથી એમ કહી શકાય. એણે લીલા રંગનો ચણિયો અને કયો રંગ છે તે ન કહી શકાય તેવા ઊડી ગયેલા રંગની ઓઢણી પહેર્યાં છે. ગળામાં દોરાથી પરોવેલાં 'પ્રેસ બટન' અને ડોકમાં કાળા મણિની એક માળા છે. કાનમાં ફુલ્લીના આકારનાં, જાણે તેલ ઊતરવા માટે જ બનાવ્યાં હોય તેવા નંગવાળાં બુટિયાં છે. તેમાંય એક નંગ ગુમ થઈ ગયો છે...'આ ચહેરાને જાણે નંગની જરૂર જ નથી' એવું સૂચવતી ચમકદાર તેની આંખો...

એને જોનાર સૌ કોઈને, સામાન્ય ગરીબાઈમાં જન્મેલી, દુનિયાની અમૂલ્ય વસ્તુઓમાં ન હોય તેવા સૌંદર્યની જેમ નવાં તાજાં ખીલેલાં પુષ્પો યાદ આવી જાય. વરસાદમાં પલળીને ભીંજાયેલી જગાએ ઊભા રહેવાથી હાથીદાંત જેવા તેના પગ સંકોચાઈ ગયા છે. વાદળી રંગનો કબજો ને જૂના કપડાની ઓઢણી શરીર સાથે ચોંટી જઈ તેના નાનાસરખા રૂપમાં એક અનોખી છટા ઉત્પન્ન કરે છે અને ટાઢમાં સંકોચાઈ ગયેલી એક માતાની મૂર્તિની જેમ ઊભેલી એ છોકરીને ઊંચકી લઈએ તેવો વિચાર મનમાં ઉત્પન્ન કરે છે...

'બસ ન આવી... કેટલા વાગ્યા?' છત્રી પકડીને ઊભી રહેલી સ્ત્રીને માથું ઊંચું કરીને પેલી છોકરી પૂછે છે.

'છ વાગી ગયા છે.' કાંડાઘડિયાળમાં જોઈને મોટી સ્ત્રી કંટાળાપૂર્વક કહે છે. પછી છત્રી બંધ કરતાં બોલે છે, 'લો, આ બસ આવી. જો તે મારી બસ હશે તો હું જતી રહીશ.'

'ઓ યસ ! વરસાદ અટકી ગયો છે. મારી બસ પણ આવશે. પોણા છ વાગ્યે ટર્મિનસથી એક બસ ઊપડે છે. આવતી બસ મારી હોય તો હું પણ જતી રહીશ.' જાણે કબૂલાત આપતી હોય તેવી એની બોલાવાની રીત છે. એનો અવાજ મીઠો છે. ભાષા બાળકના જેવી કાલી છે અને એ પોતે પણ બાળક જેવી દેખાય છે એટલે એના ગાલ પર ચીમટો ભરી... 'હોશિયારી અને સાવચેતીથી ઘેર જજે' કહી મોટી સ્ત્રી પોતાની આંગળી પર ચુંબન કરે છે.

બસ આવે છે... એક પછી એક એમ બે બસ આવે છે. પહેલી આવેલી બસમાં મોટી સ્ત્રી બેસી જાય છે.

'બાય...બાય...'

'થેંક્યૂ ! મારી બસ પણ આવી' કહી મોટી સ્ત્રીને વિદાય આપી પેલી છોકરી પાછળ આવેલ બસનો નંબર જોઈને નિરાશ થાય છે. એના ચહેરાના ભાવ પરથી 'આ બસ તેને માટે નથી' એમ ડ્રાઇવર સમજી ગયો અને બસ-સ્ટૅન્ડ પર બીજા માણસો ન હતા તેથી બસને ઊભી ન રાખતાં હંકારી મૂકે છે.

અવરજવર વગરના એ મોટા રસ્તા પર એ એકલી ઊભી છે. ત્યાં તેનો એકમાત્ર સાથીદાર પેલો ઘરડો બળદ ઊભો છે. સામેના કૉલેજના કંપાઉન્ડમાં ક્યારેક એકલદોકલ માણસ આવતો-જતો જણાય છે. જાણે એકાએક પડદો પડીને બધું ઢંકાઈ જાય તેમ અંધારું ઊતરી આવે છે. તેની સાથે સાથે પવનના એક સુસવાટાથી રસ્તા પર નમી પડેલી ઝાડની ડાળીઓમાંથી ટપક ટપક કરતાં ઠંડા પાણીનાં ટીપાં ટપકે છે. ઝાડને અઢેલીને એ ઊભી રહે છે. થોડી વાર પહેલાં અટકી ગયેલા વરસાદનું ઝાપટું એકાએક શરૂ થઈ જાય છે. વચમાં આવેલો રસ્તો ઓળંગીને કૉલેજની અંદર દોડી જવાના વિચારથી છોકરી રસ્તાની બંને બાજુએ નજર કરે છે. ત્યાં તો એક મોટી કાર તેના રસ્તાની વચમાં ઝડપથી આવીને, જાણે તેની ઉપર ધસી આવતી હોય તેમ એકાએક થંભી જાય છે. આંચકો લાગવાથી આખી કાર હાલી ઊઠે છે.

છોકરી તે સુંદર કારને આગળની ડ્રાઇવરની સીટથી પાછળ સુધી આશ્ચર્યભરી નજરે જુએ છે.

કારનો યુવાન ડ્રાઇવર મોહક સ્મિત સાથે પોતાની જમણી તરફ સરીને સહેજ આડો થઈને પાછળની સીટનું બારણું ઉઘાડે છે.

'યેસ...બેસી જાઓ. તમારા સ્થળ ઉપર તમને ઉતારી દઈશ.' બોલતાં પોતાની વિશાળ આંખોથી કારને નિહાળી રહેલી પેલી છોકરીને ડ્રાઇવર આશ્ચર્યપૂર્વક જોઈ રહે છે.

યુવકના ચહેરા પર છોકરીની નજર પડતાંની સાથે જ તેના કાનની બૂટ અને નાકની અણી લાલ થઈ જાય છે, 'નહીં... આભાર! થોડી વારમાં વરસાદ બંધ પડી જશે એટલે બસમાં જઈશ...'

'ઓહ! કંઈ વાંધો નહીં...તમે તમારે બેસી જાઓ,' બોલી તે ઝડપથી લાંબો થાય છે. વરસતા વરસાદમાં ઊભી રહેલી એ છોકરીનો હાથ પકડીને ખેંચવાનું જ તેણે બાકી રાખ્યું છે....

ફરી એક વખત છોકરી પાછળ ફરીને જુએ છે. વરસાદમાં આશરો લેવાના ઝાડની પાસે અત્યારે પેલો બળદ હઠીલો બનીને ઊભો છે.

એની આગળનું બારણું હજી પણ ખુલ્લું છે. પોતાને માટે ઉઘાડેલા તે બારણામાં થઈને વરસાદનું પાણી વાછટથી અંદર આવતું જોઈને એ છોકરી બારણું બંધ કરવા જાય છે ત્યારે તેના હાથ પર યુવકનો હાથ પડી જાય છે અને એ દબાવે છે. આથી ગભરાઈ જઈને છોકરી હાથ પાછો ખેંચી લે છે અને યુવકની સામે જુએ છે. યુવકનું સૌંદર્યથી ઊભરાતું મોહક હાસ્ય — કેટલું સુંદર, આકર્ષક હસે છે.

હવે એ યુવક પણ કારમાંથી બહાર આવીને પેલી છોકરી સાથે વરસાદમાં પલળતો ઊભો રહે છે....

'અરે બેસી જાઓ!'

આ વખતે એ આમંત્રણને નકારી શકતી નથી....

એ કારમાં ચડે છે તે સાથે જ જાણે તેને કેદ કરી લીધી હોય તેવા ઘમંડથી યુવક બારણું બંધ કરે છે. જાણે તરંગો પર તરતી હોય તેમ રસ્તા પર કાર ઝડપથી સરકે છે.

છોકરી કારની અંદર ચારે તરફ નજર નાખે છે. આંખોને ઠંડક આપે તેવો આછો વાદળી રંગ મધુર સ્વપ્ન જેવી જાદુઈ અસર કરે છે.

આટલા સમય સુધી વરસાદની ઠંડીમાં ઊભી રહેલી કાયાને કારની અંદર જે હૂંફ મળે છે તેથી તેનું મન સંતોષની લાગણી અનુભવે છે. કાર જમીન પર દોડતી જણાતી નથી; પરંતુ જમીનથી એક ફૂટ અધ્ધર તરતી હોય એમ લાગે છે....

'આ બધી બેઠકો કેટલી પહોળી છે! આરામથી સૂઈ શકાય!' છોકરીને વિચાર આવે છે. પુસ્તકોની થપ્પીને છાતીસરસી દબાવી એક ખૂણામાં

સંકોચાઈને બેસવાનું તેને ખૂબ અજુગતું લાગે છે. પુસ્તકોની થપ્પી અને નાનું લંચ બૉક્સ બેઠકની એક બાજુએ મૂકી, બરાબર ગોઠવાઈને ગંભીરતાપૂર્વક બેસે છે.

'આ કાર એક ઘર જેવી છે. આવી એક કાર હોય તો ઘરની જરૂર ન રહે. આને પણ ... અરે! આમને પણ એક ઘર હશે, નહીં? કાર આવી હોય તો કારના માલિકનું ઘર કેવું હશે? મોટું હશે! મહેલ જેવું હશે!... ત્યાં કોણ કોણ હશે?... આ કોણ છે તે હું જાણતી નથી... અરે! આ વચમાં શું છે? બે બેઠકની વચમાં મેજ જેવું લાગે છે. આની ઉપર પુસ્તકો મૂકીને વાંચી શકાય, લખી શકાય... એટલું જ નહીં, આ બાજુ એક અને પેલી બાજુએ બીજું કોઈ માથું મૂકીને આરામથી સૂઈ શકે. આ નાનો દીવો કેટલો મજાનો છે! પોયણી જેવો છે, નાના કુમુદ જેવો! આને ચાલુ કરી જોઉં... છી. એ ગુસ્સે થશે તો?'

'પેલી સ્વિચ દબાવો...' યુવક ચાલતી કારે આગળના અરીસામાં જોઈને સ્મિત કરતાં કહે છે.

એ સ્વિચ ચાલુ કરીને સળગતી બત્તીના સૌંદર્યને તલ્લીનતાથી જુએ છે. પછી 'પાવરનો નાહક બગાડ કરવો ન જોઈએ' એવો કરકસરનો વિચાર આવતાં બત્તી ઓલવી નાખે છે.

'અરે! કોઈ દિવસ નહીં ને આજે ગરીબાઈ જણાઈ આવે એવી ઓઢણી ઓઢીને આવી છું.' એવી હતાશાની લાગણી સાથે છોકરી ઓઢણીના પાલવને નિચોવવા જાય છે, ત્યાં તો યુવક ડાબા હાથ તરફ સ્ટિયરિંગની બાજુમાં પેટી જેવા એક ખાનાનું બારણું ઉઘાડે છે. બારણું ઊઘડવાનો અવાજ થતાં છોકરી માથું ઊંચું કરીને જુએ છે. અરે, બારણું ઊઘડતાંની સાથે જ અંદરનો લાલ બલ્બ સળગે છે! યુવક એક ટરકીશ ટુવાલ બહાર કાઢીને છોકરી તરફ લંબાવે છે.

'આભાર!' ટુવાલ લઈને તેનાથી માથું અને કોણી સુધીના હાથ લૂછતાં આગળ બોલે છે, 'અરે! કેવી સરસ સુવાસ!' અને મોં પર ટુવાલ દબાવે છે.

એક વળાંક આવતાં કાર વળે છે. તેના આંચકાથી છોકરીના મોંમાંથી 'ઓ મા' ચીસ નીકળી પડે છે. સીટ પરથી પુસ્તકો એક તરફ પડે છે અને બીજી તરફ તેનું નાનું લંચ બૉક્સ.

'સોરી !' સ્મિત કરી યુવક એક વાર પાછળ ફરી છોકરીને જુએ છે, કાર ધીમી પાડે છે. છોકરીનો ભય ઓછો થતાં શરમાળ સ્મિત કરીને સીટ પરથી નીચે ખસી પુસ્તકો એકઠાં કરી ફરી સીટ પર બેસે છે.

તેણે બારીના કાચમાંથી બહાર જોયું તો કંઈ દેખાયું નહીં. ધુમાડાની જેમ પાણીનું એક પડ કાચ પર લાગી ગયેલું. એણે પોતાની ઓઢણીના પાલવથી કાચ લૂછીને બહાર જોયું.

રસ્તા પર દીવા થઈ ગયા છે. પ્રકાશના ઝગઝગાટમાં રસ્તામાં ભરાયેલા પાણીમાં પડતાં દુકાનોનાં પ્રતિબિંબ આંખોને આકર્ષે છે. આ ધરતી જાણે એક બીજી જ દુનિયા છે....

'શું કાર આ ગલીમાં જાય છે? પણ મારું તો ત્યાં ઘર છે.' છોકરીના હોઠ ધીરેથી ફફડે છે.

'હશે, કોણ ના પાડે છે.' ગણગણીને યુવક છોકરીને જોઈને હાસ્ય કરે છે.

'અરે, આ કેવી મુસીબત?' બબડતાં પોતાનો હાથ મસળતી હોવા છતાં પોતાને જોઈ રહેલા યુવકને સંતોષ આપવા તે સ્મિત કરે છે.

કાર ચાલુ છે.

લોકોની વધુ અવરજવરવાળું નગરનું મુખ્ય બજાર વટાવી, મોટી મોટી ઇમારતોવાળી અને પહોળી સડકો વટાવી, સુંદર બંગલા અને ઉદ્યાનોવાળા ઍવન્યૂમાં પ્રવેશી શહેરના ઘોંઘાટ વગરના એક ટ્રંક રોડ પરથી કાર જઈ રહી છે.

આ વરસાદમાં આવી એક કારમાં મુસાફરી કરવાનો આ તેનો નવો અનુભવ હોવાથી તેનું મન આનંદથી પુલકિત છે. છતાં કોઈ એક અમંગળ ભયની લાગણી તેના હૃદયમાં અકારણ ઉત્પન્ન થાય છે અને તેના મનને અવ્યક્ત વ્યથાથી ભરી દે છે.

એક નાના બાળકની જેમ વારેઘડીએ 'ઘેર જવું છે' કહી યુવકને તકલીફ આપતાં તેને ડર લાગે છે.

પોતાને તે બસ-સ્ટૅન્ડ પર એકલી મૂકીને ગયેલી પેલી સ્ત્રી તેને યાદ આવે છે. તેણે પોતાના ગાલ પર ચીમટી ભરી કહેલા શબ્દો પણ યાદ આવે છે, 'હોશિયારી અને સાવચેતીથી ઘેર જજે.'

'શું હું અત્યારે મૂર્ખ બની છું? આમ એક અજાણ્યા સાથે એકલા કારમાં બેસવું તે ભૂલ નથી? દેખાવ પરથી તો તે ખરાબ જણાતો નથી....

ગમે તેમ પણ મારે આવવું જોઈતું ન હતું... હવે શું કરું? મને રડવું આવી જાય છે, અરે રડ નહીં ... રડીશ તો તે ગુસ્સે થશે. અહીં ઉતારી મૂકીને જતો રહેશે તો? કેવી રીતે ઘેર જઈશ? મને રસ્તાની પણ ખબર નથી. આવતી કાલે ભૂગોળની નોંધો પણ આપી દેવાની છે. કામ ઘણું છે....'

તેની નજર સામેના અરીસા પર પડે છે. તેમાં તેના જેવી તરફડતી એક સ્ત્રી પોતાની તરફ જોતી હોય એમ તેને લાગે છે. છેવટે હિંમત સાથે પરંતુ ફફડતા હૃદયે તે સવાલ પૂછી બેસે છે:

'હવે આપણે ક્યાં જઈએ છીએ?'

'ક્યાંય નહીં.' યુવક સાહજિકતાથી જવાબ આપે છે, 'ફરવા જઈએ છીએ....'

'મોડું થયું છે. ઘેર મા મને શોધતી હશે.'

'ઓ યેસ...ત્યારે પાછાં ફરીએ.'

કાર પાછી ફરે છે.

ટ્રંક રોડ વટાવી, રેતીના પટ પર પ્રવેશી, ક્યાંય સુધી આગળ જઈને કાર ઊભી રહે છે. નજર પહોંચે ત્યાં સુધી દૂર દૂર વરસાદ અને અંધકારે એક સીમા ઊભી કરી દીધી છે. વેરાન જંગલમાં દેડકાંઓનો કર્કશ અવાજ સંભળાય છે. પહેલાં કરતાં વરસાદ વધુ મુશળધાર અને ગાજવીજ સાથે પડે છે. સાથે સુસવાટાભેર પવન પણ ફૂંકાય છે.

કારની અંદર બંનેને એકબીજાનું મોં દેખાતું નથી.

એકાએક કારને થોભી ગયેલી જોઈને છોકરીએ ભયમિશ્રિત અવાજે પૂછ્યું, 'કેમ કાર ઊભી રાખી? બગડી ગઈ છે?'

યુવક જવાબ આપવાને બદલે ખડખડાટ હસે છે. પછી તેનું મોં જોવા માટે કારની અંદરના રેડિયોનું બટન દબાવે છે. રેડિયોમાંથી પહેલાં સાધારણ પ્રકાશ અને તેની સાથે સંગીત પણ રેલાય છે.

તે ઝાંખા પ્રકાશમાં છોકરી તેને કાંઈ પૂછતી હોય તેમ ભવાં ચડાવીને જુએ છે. યુવક પણ સ્મિતપૂર્વક તેની પાસેથી કાંઇક યાચી રહ્યો હોય તેવી દૃષ્ટિએ તેના તરફ નમ્રતાથી જુએ છે.

તે વખતે રેડિયોમાંથી ટ્રમ્પેટનો લાંબો, ડૂસકાંભર્યો અવાજ સંભળાય છે. તેની સાથે નાડીઓના ધબકારાની જેમ ધ્રૂજતા તરંગો જેવો કાંગો ડ્રમનો તાલ. . . તેની આંગળીઓ તાલ આપતી હોય તેમ તે સંગીતની ગતિ સાથે

ગતિ કરી આનંદના અનુભવ સાથે તેની તરફ જોઈ અંગ્રેજીમાં પૂછે છે, 'તને ગમે છે?'

હોઠ ખોલ્યા વગર, સ્મિત કરીને છોકરી હકારમાં જવાબ આપે છે.

રેડિયોની બાજુની પેટી ઉઘાડીને તેમાંથી કેડબરીની બે ચૉકલેટ કાઢીને તેમાંની એક છોકરીને આપે છે. પછી ચૉકલેટની ઉપરનો કાગળ એક બાજુએથી ખોલીને એક એક ટુકડો કાપીને ચાવતો જાય છે અને સાથે સાથે પગ પર પગ ચડાવીને બેસી, એક હાથથી કારની બેઠકની બાજુએથી રેડિયોમાંથી આવતા સંગીતને ધ્યાનથી સાંભળે છે. છોકરી તેને સંપૂર્ણપણે માપતી હોય તેવી રીતે તેની સામે જોઈ રહે છે.

યુવક સુંદર છે. શરીરને અનુરૂપ જાંબલી રંગનો પોશાક છે. તેનો ઊંચો, પાતળો દેહ આછા પ્રકાશમાં શોભતો હોય એવો લાગે છે.

એક ભયંકર સાપની ગંભીર સુંદરતા તે છોકરીને યાદ આવે છે. પાછળથી જોતાં તે સ્થિતિમાં, સામાન્ય દેખાતો તેની ડાબી આંખની કીકીનો પ્રકાશ ચમકે છે. ગમે તેવા વંટોળિયામાં પણ ન વીખરાય તેવી રીતે આડા ઓળેલ માથાના વાળ અને કાનની બાજુના વધુ લાંબા થોભિયા પણ આછા પ્રકાશમાં ઝબકારા મારે છે. બાજુએથી જોવાથી, તે તેજસ્વી ચહેરા પર એક નાની-આછી મૂછ હોત તો તે વધુ દીપી ઊઠત, એમ એક પળ માટે થઈ આવે છે. તેનાં ભવાં કેટલાં નિશ્ચિત, ગીચ અને મરોડદાર છે! — જોતાંની સાથે જ ભય ઉપજાવે છે. તે જે બેઠક પર બેઠી છે તે બેઠક તરફ લંબાવેલા તેના ડાબા હાથ પરની સોનાની ચેનવાળી ઘડિયાળમાં સાત વાગ્યા છે. તેની લાંબી આંગળીઓ સંગીતમાં તાલ આપે છે. તેના પંજાની પાછળના ભાગમાં ઊગેલા વાળની રુવાંટી ઠંડા પવનથી ઊભી થઈ જાય છે.

'અરે! સાત થઈ ગયા!' ચૉકલેટ ખાતાં ખાતાં શાંતિથી તેની રમત જોતાં જોતાં છોકરી કહે છે. તેનો ગંભીર અવાજ એકાએક સાંભળીને યુવક તેની કાંડાઘડિયાળમાં જુએ છે.

કારનું આગળનું બારણું જરા ઉઘાડીને યુવક બહાર જુએ છે તે સાથે વરસાદનો અવાજ સંભળાય છે. એક પળમાં તે બારણું ઉઘાડીને નીચે ઊતરી જાય છે.

'ક્યાં?'... ગભરાટ સાથે છોકરી પૂછે છે. બારણું બંધ કર્યા પછી જ બહાર ઊભેલા યુવકના કાનમાં આછો અવાજ સંભળાય છે, 'ક્યાં જાઓ છો?'

'ક્યાંય જતો નથી...અહીં આવું છું.' યુવક અંગ્રેજીમાં બોલે છે અને થોડી વારમાં પલળેલી હાલતમાં પાછળની સીટનું બારણું ઉઘાડીને અંદર આવે છે.

યુવક તેની પાસે બેસે છે. થોડા સમય પહેલાં ભીંજાયેલું શરીર લૂછવા માટે પોતે તે છોકરીને આપેલો ટુવાલ લઈને તે પોતાનું મોં અને ડોક લૂછે છે. પછી હાથમાંથી ચૉકલેટના કાગળનો ડૂચો વાળીને બહાર ફેંકે છે. છોકરી હજી પણ ચૉકલેટનો સ્વાદ માણી રહી છે. યુવક શર્ટના ખીસામાંથી એક નાનું પૅકેટ બહાર કાઢે છે. તેમાંથી પિપરમીટ જેવી ચીજ બહાર કાઢીને એક પોતાના મોમાં મૂકે છે અને બીજી તેને આપે છે.

'આ શું છે?'

'ચુઇંગમ.'

'અરે, મારે નથી જોઈતી!'

'ખાઈ તો જો. તને પસંદ પડશે.'

છોકરી જલદી જલદી ચૉકલેટ ખાઈ જાય છે. યુવકે લંબાવેલો હાથ નકારવાની તેની ઇચ્છા ન હોવાથી લેવા હાથ લાંબો કરે છે.

'નહીં!' યુવક તેના હાથમાં તે ન આપતાં તેના મોં પાસે લઈ જઈ તેના હોઠ પર મૂકવા જતાં તેને સહેજ સ્પર્શ કરે છે.

યુવકના સ્પર્શથી તેનું મન ઉત્તેજિત થઈ જાય છે.... શરીરમાં ધ્રુજારી પસાર થઈ જાય છે અને એક સુખદ લાગણી અનુભવે છે. તે થોડી પાછળ ખસી જાય છે અને તેના હાથમાંથી લઈને કહે છે, 'આભાર!'

યુવક તેની આંખો સામે ટગર ટગર જોઈ રહે છે. છોકરી પોતાની નજર ઊંચી કરીને તેની આંખોને જોઈ ન શકવાના કારણે શરમથી નીચી નજરે જોઈ રહી હૃદયમાં ક્ષોભ અનુભવે છે. યુવક બંને ગોઠણ સરકાવતો બેઠક પર ખસતો ખસતો તેની પાસે જાય છે. આ હકીકત છોકરીની નીચી નજરથી અજાણી રહેતી નથી.

છોકરી કાચમાંથી બહાર જુએ છે. બહાર અંધારામાં વરસાદ અને પવન સુસવાટાભેર ફૂંકાઈ રહ્યા છે. છોકરી બારણાને અઢેલીને બેસે છે. યુવક પણ અદબ વાળીને ખૂબ જ ગૌરવપૂર્વક ખસીને બેસે છે અને તેના દિલમાં ઊંડે ઊતરીને તેનું હૃદય જાણવા ઉત્સુકતાથી તેનો અભ્યાસ કરે છે.

'આ કાર તને ગમે છે?' યુવક અંગ્રેજીમાં પૂછે છે. તેનો મંત્રમુગ્ધ મોહક અવાજ ખ્યાલ બહાર જ છોકરીના કાન વાટે તેના હૃદયમાં પ્રવેશીને તેના

હૃદયને હચમચાવી મૂકે છે.

પોતાની જાતને સંભાળી લઈને પોતાના હૃદયની મનોદશા વ્યક્ત ન કરતાં સસ્મિત તે જવાબ આપે છે:

'ખરેખર...સરસ છે!'

યુવક ઊંડા વિચારમાં હોય એમ એક નિશ્વાસ નાખી માથું નીચું કરી અંગ્રેજીમાં કહે છે, 'તને ગમે છે? આ કાર બે વરસથી દરરોજ તારી પાછળ ફર્યા કરે છે, તું જાણે છે?' આ પ્રશ્ન સાથે તેણે મોં ઊંચું કરીને યુવતીને જોઈ ત્યારે જાણે પોતાને સુવર્ણ મુગટ મળ્યો ન હોય તેમ એક પળ માટે તે પોતાની જાતને ભૂલી જાય છે.

'ખરેખર?'

'ખરેખર!'

છોકરીની ગરદન પર તેના ઉષ્ણ શ્વાસનો સ્પર્શ થાય છે. તેનો મંત્રમુગ્ધ કરી દેતો મધુર સ્વર તેના હૃદયમાં કોમળ લાગણી પેદા કરે છે. યુવક પૂછે છે, 'હું તને ગમું છું?'

'હું' — ખસવાની જગા ન હોવાથી છોકરી સહેજ સંકોચાય છે.

આ જોઈને યુવક હજી થોડો વધુ ખસે છે.

બહાર વરસાદ વરસે છે. રેડિયોમાં પેલા ડ્રમનું સંગીત નવા નવા લયમાં ફેરફાર સાથે વાગી રહ્યું છે....

'સરસ છે, નહીં?' આ વાતાવરણમાં તે કઈ નવી લાગણી અનુભવી રહી છે તે જાણવા માટે યુવક પૂછે છે.

'સરસ છે...પણ ડર લાગે છે....'

'ડર...શા માટે ડર લાગે છે?' યુવક તેને આશ્વાસન આપવા માટે તેનો ખભો પકડે છે.

જાણે પોતાના શરીરમાંથી સ્ત્રીત્વની એક સંવેદના વીખરાઈ જતી હોય તેમ તે વ્યથિત થઈ જાય છે, 'મને ડર લાગે છે. મને આ બધું નવું હોઈ...'

'આ બધાં સર્ટિફિકેટ શા માટે?' મનમાં બબડતો અને આ વખતે પાછા નહીં હટવાના નિશ્ચય સાથે ફરી યુવક તેની પાસે આવે છે:

'મે આય કિસ યુ? — હું તને ચુંબન આપું?'

આનો શો જવાબ આપવો તેની વિમાસણમાં છોકરી પડી જાય છે. તે ઠંડીમાં પણ તેને મોં પર પરસેવો વળી જાય છે અને શરીર ધ્રૂજે છે.

એકાએક છોકરીના કાન, ગાલ અને હોઠને અગ્નિએ સ્પર્શ કર્યો હોય તેમ યુવકના હાથમાં એ તરફડે છે અને આવેશપૂર્વક 'પ્લીઝ...પ્લીઝ...' ચિત્કાર કરતી તેને બાથમાં ભીડીને...

છોકરીનું આક્રંદભર્યું રુદન ધીમું, આછું અને શાંત પડે છે. જાણે તે તેના પર વેર લેતી હોય તેમ અત્યારે તેના હાથ તેની ગરદન પર વળગી પડ્યા છે....

બહાર...

આકાશ ફાટી ગયું છે. વીજળીના કડાકા સંભળાયા.

અરે! તે વીજળી ક્યાંક પડી હોવી જોઈએ.

'મારે ઘેર જવું છે, ભાઈ! મારી મા શોધવા...'

કારનું બારણું ઉઘાડીને પાછળની બેઠકમાંથી યુવક ઊતરે છે. મેદાનના ચીકણા કાદવ પર તેના બૂટવાળા પગ પડે છે. પગ ઊંચા થતાં કાદવના છાંટા કાર પર પડે છે. ઉઘાડા બારણામાં થઈને કાદવના એકાદ-બે છાંટા કારની અંદર બેઠેલી છોકરી પર પણ પડે છે.

મનને કોરી રહેલા હૃદયની વ્યથા ઊભરાઈ જાય છે અને આંસુને રોકી ન શકવાથી તે છૂપી રીતે રુદન કરી રહી છે.

યુવક આગળનું બારણું ઉઘાડી ડ્રાઇવરની બેઠક પર બેસીને કાદવથી ખરડાયેલા બૂટ કાઢીને બહાર ફેંકે છે. પછી રેડિયાની પાસેની પેટી ખોલીને તેમાંથી એક સિગારેટ લે છે. પછી સળગાવીને ધુમાડાના ગોટેગોટા કાઢતો તે ચુઇંગમ ચાવે છે.

આ પળે પોતે ઘેર રહેવું જોઈએ, માના ખોળામાં માથું મૂકીને રડવું જોઈએ અને પોતાના પર થયેલ આ અત્યાચાર બદલ આશ્વાસન મેળવવું જોઈએ, આ લાગણી તેના મનમાં ઊભરાઈ આવતાં તે ધ્રૂજી ઊઠે છે.

યુવક લિજ્જતથી સિગારેટના ધુમાડા કાઢતો બેઠો છે. તે જોઈને છોકરીના મનમાં ઘૃણા ઉત્પન્ન થાય છે. ડુંગરના પથ્થરોની વચ્ચે આવેલી કોઈ એક ઊંડી અંધારી ગુફામાં ભયની લાગણી ઉત્પન્ન થાય એના જેવી ભયની લાગણી કારની અંદર બેઠેલી છોકરી એક વખત અનુભવે છે, તો બીજી વખત સહન ન થઈ શકે એવી સિગારેટના ધુમાડાથી પોતાને ઊલટી થશે એવી લાગણી અનુભવે છે, તો ત્રીજી વખત મેદાનનો બધો કાદવ જાણે પોતાના પર પડ્યો હોય તેમ આખા શરીર પર ચીકાશ અનુભવે છે....

શિયાળવાંની લાળી જેવું રેડિયોમાંથી સંભળાતું તે ડ્રમનું સંગીત જાણે તેના કાનના પડદા ફાડી રહ્યું હોય તેમ ગાંડુંતૂર બનીને ભયંકર અવાજ કરે છે...

તે પોતાના પરનો કાબૂ ગુમાવી બેસે છે અને આવેશમાં આવી જઈને રડમસ અવાજે પૂછે છે, 'મને ઘેર મૂકી જશો કે નહીં?'

યુવક રેડિયો બંધ કરે છે.

'આવું ન કર.' યુવક ગુસ્સે થઈને ઊંચા સાદે તેને ધમકી આપે છે, 'બૂમ ન પાડ.'

છોકરી તેના તરફ જોઈ બે હાથ જોડી દયામણા સાદે વિનંતી કરે છે, 'મારી મા શોધશે...મને ઘેર મૂકી જશો તો તમને લાખ લાખ પુણ્ય મળશે.'

છોકરી મોઢેથી તો આ પ્રમાણે બોલે છે, પરંતુ મનમાં તો પોતાની થઈ ગયેલી આ ભૂલ બદલ પોતાની જાતને ઠપકો આપે છે, 'તારી બુદ્ધિને ચંપલ માર. તારે આમ આવવું જોઈતું ન હતું. ન થવાનું તો ઘણું ઘણું થઈ ગયું છે.' મનમાં આમ બબડતી તે માથું પછાડી પછાડીને પોતાનો પ્રાણ કાઢવાનો મનસૂબો કરે છે અને આવેશમાં આવીને દાંત કચકચાવે છે. તેનો દેખાવ જોઈને યુવક ધ્રૂજી જાય છે.

'હવે મહેરબાની કરીને નખરાં ન કર.' યુવક તિરસ્કારપૂર્વક કાર વાળે છે અને તેને ચેતવણી આપે છે.

અંધકારમય રસ્તામાં આંખો અંજાઈ જાય તેવો પ્રકાશ ફેંકતી કાર આગળ વધી રહી છે.

'છટ્! આ કેવી બલા! નહોતું ગમતું તો પહેલેથી કહેવું હતું ને? સુંદર સલૂણી સંધ્યા નકામી વેડફાઈ ગઈ. બિચારી! આ કૉલેજમાં ભણીને શું ઉકાળવાની છે? હજી પણ રડે છે!'

એ છોકરી તરફ ફરીને માફી માગે છે, 'હું દિલગીર છું. તારી લાગણી મેં દૂભવી હોય તો મહેરબાની કરીને મને માફ કર.'

એના સ્થાન પર એને ઉતારીને પોતે નિરાંતનો શ્વાસ લેશે એમ વિચારી એ પૂરઝડપે કાર દોડાવે છે.

હજી પણ વરસાદ વરસે છે.

ભીડ અને શોરબકોર વગરનો ટ્રંક રોડ વટાવી, સુંદર બંગલા અને બગીચાવાળા ઍવન્યૂમાં પ્રવેશી, મોટી મોટી ઇમારતોવાળી પહોળી સડકો વટાવીને લોકોની ભીડવાળા મુખ્ય બજારમાં થઈ તે કાર એક પહોળો રસ્તો વટાવી તેના ઘર તરફ જઈ રહી છે.

'અહીં ઊભી રાખો, હું ઊતરી જઈશ,' એમ એ કહેશે, એમ વિચારીને એનું ઘર નજીક આવતાં યુવક કાર ધીમી ચલાવે છે. પણ 'તે આટલી વાત પણ સમજી શકે તેવી નથી' એમ માનીને યુવક એક જગાએ કાર ઊભી રાખીને કહે છે, 'હું ઠેઠ ઘેર મૂકવા નહીં આવું. તું અહીં ઊતરી જા.'

છોકરીને જોઈ ને તેને દુઃખ થાય છે અને તેના મનમાં છોકરી પ્રત્યે દયા ઊપજે છે. કોઈ ગુનાની લાગણી કે પછી દેવું ચૂકવ્યું હોય તેવી રાહતની લાગણીથી તેની આંખમાં ઊભરાયેલું અસ્થિર પાણી ચમકે છે....

એ એક નોકરની માફક કારનું બારણું ઉઘાડીને વરસતા વરસાદમાં ઊભો રહ્યો. જાણે ચેતન હણાઈ ગયું હોય તેવી સ્થિતિમાં, પોતાનાં પુસ્તકો એકઠાં કરી અને નીચે પડેલું લંચ બોક્સ શોધીને છોકરી રસ્તા પર ઊતરે છે. યુવકનું મોં જોઈ ન શકવાથી એ નીચા મોંએ ઊભી છે.

રાતનો અને એમાંય વળી વરસાદનો સમય હોવાથી એ નાનો રસ્તો લોકોની અવરજવર વગરનો છે. દૂર સળગી રહેલા રસ્તાના દીવાના ઝાંખા પ્રકાશમાં *ઠીંગણા* બાળકની જેમ ઊભી રહેલી તેને જોઈ ને યુવક મનમાં વ્યથા અનુભવે છે. પોતાની અસીમિત સ્વતંત્રતાએ પોતાનું કેટલું પતન કર્યું છે તેનો તે વિચાર કરે છે.

'હા, પતન થયું છે. ઉચ્ચ ભાવનાઓનો આ પતનમાં નાશ થયો છે.' એવી લાગણી તે અંતરમાં અનુભવે છે. તે ધીમેથી છોકરીને કહે છે, 'હું દિલગીર છું...'

છોકરી ઊંચું મોં કરી તે યુવકનું મોં જુએ છે...ઓહ! તે નજર!

યુવકના હોઠ તેને કંઈક પૂછવા માટે આતુર થાય છે. 'શું...?' પણ આ એક શબ્દ સાથે તેનો અવાજ અટકી જાય છે.

'કાંઈ નહીં,' કહી છોકરી ચાલવા માંડે છે.

તેની આગળથી ઝડપથી જઈ રહેલી કારનો પાછળનો લાલ પ્રકાશ દોડી જઈ ને અંધારામાં અદૃશ્ય થઈ જાય છે.

પડાળીમાં લટકાવેલું ફાનસ પવનથી ઓલવાઈ ગયું હતું. રસોડામાં મા ઢાંકોઢૂંબો કરતી હતી. પડાળીમાં અંધારું જોઈ ને ઓલવાઈ ગયેલું ફાનસ મા લઈ ગઈ અને સળગાવીને પાછું પડાળીમાં લટકાવ્યું. તે વખતે પડાળીની

ઘડિયાળમાં સાડા સાત વાગ્યા. એનાથી એને એકાએક ફફડાટ થયો અને તે પાછું વાળીને જુએ છે ત્યાં છોકરી પગથિયાં ચડતી હતી.

વરસાદમાં પલળીને તેનું માથું અને કપડાં અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. તેની આવી હાલત જોઈને માના મનમાં ફાળ પડી. તેણે પૂછ્યું, 'આ શું, આવી અસ્તવ્યસ્ત કેમ?'

છોકરી પરાણે પડાળીમાં આવી અને ફાનસના પ્રકાશમાં એક મૂર્તિની જેમ ઊભી રહી. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. આવેશમાં આવીને માના ખભા પર માથું મૂકીને જોરથી બાથ ભીડીને તે ધ્રૂજતાં ધ્રૂજતાં રડી પડી!

માના મનમાં કંઈ અમંગળ બન્યું હોવાની આશંકા ઊભી થઈ.

'શું થયું છે? કેમ આટલું મોડું? રડ્યા વગર કહે.' પોતાને બાથ ભીડી, ખભા પર માથું મૂકી ઇયળની જેમ તરફડતી પોતાની દીકરીના દુઃખનું કારણ જાણતી ન હોવા છતાં કંઈક ન બનવાકાળ બની ગયું છે એવી આશંકાથી પોતાના પાલવથી દીકરીનાં આંસુ લૂછ્યાં. પછી તેની પીઠ થાબડતાં અને આશ્વાસન આપતાં કહ્યું, 'શું થયું? આમ રડ્યા વગર કહે.'

માના મોં સામે જોવાની હિંમત ન હોવાથી છોકરીએ ખભા પર જ માથું રાખી ફક્ત તેના કાનમાં જ સંભળાય એવા ધીમા અવાજે, રડવાનું બંધ કરીને બોલવું શરૂ કર્યું, તે સાથે જ માએ પોતાને ચોંટીને ઊભેલી દીકરીને અળગી કરી અને પોતે ખસી ગઈ. જાણે શાપિત કલંકિત છોકરીને જોતી ન હોય તેમ એના તરફ ઘૃણાની નજર કરતી મા ઊભી રહી.

એ બિચારી છોકરીએ કહ્યું, 'વરસાદ વરસતો હતો...બસ આવી નહીં... તેથી જ કારમાં બેઠી...તે પછી ક્યાંક જંગલ જેવા એક નિર્જન સ્થળે... અંધારું. ચાલુ વરસાદમાં પણ દોડી આવત. પણ હું રસ્તો જાણતી ન હતી. હું શું કરું...પછી...પછી...અરે મા...એ મને...'

છોકરી તેનું કહેવું પૂરું કરે તે પહેલાં તેની નજર સામે ઊડતા આગિયાઓએ જાણે તેના કાનમાં, કપાળ અને લમણામાં આગ મૂકી હોય તેમ તે પડાળીમાં ગબડી પડી. તેના હાથમાંની ચોપડીઓ ચારે બાજુ વીખરાઈ ગઈ અને લંચ બૉક્સ ખનનન અવાજ કરતું નીચે ગબડી પડ્યું.

'અરે પાપી! મારા માથામાં આગ મૂકી....' આટલું બોલતાં બોલતાંમાં તો ગભરાટના માર્યા તેનું મોં ખુલ્લું જ રહી ગયું.

તે ચાર કુટુંબોવાળું ઘર હતું. આ શોરબકોર સાંભળીને પાછળના ભાગમાં રહેતા કેટલાક ત્યાં દોડી આવ્યા.

'શું છે? શી વાત છે?' પોતાના ભીના હાથ પાલવથી લૂછતાં લૂછતાં પડાળીમાં આવીને મામી ઊભાં રહ્યાં.

'કાંઈ નથી. આવા વરસાદમાં...ઘર બરબાદ થાય એવું શું બને? ખૂબ પલળીને આવી છે. પૈસા ખરચીને ભણાવીએ અને પરીક્ષા પાસે આવે ત્યારે બીમાર પડે તો શું કરવું? તેના ભાઈ નથી; જો તે હોત તો અત્યારે આનું ચામડું ઉતારી નાખત.' માએ જૂઠું નાટક રચત કહ્યું.

'ઠીક ઠીક. હવે રહેવા દો. આટલા માટે કોઈ છોડીને મારતું હશે?' કહેતાં પાછળના ભાગમાંથી આવેલી સ્ત્રીને આ વાતમાં રસ ન પડતાં તે જતી રહી.

માએ બારણું અને પડાળીની બારીઓ ખેંચીને બંધ કરી. એક ઓરડામાં બિલાડીના બચ્ચાની જેમ છોકરી પડી હતી. તે મારથી જરા પણ ગભરાતી ન હતી. 'હજી વધુ માર શા માટે નથી મારતા? જીવ જાય ત્યાં સુધી મને માર મારીને અધમૂઈ કેમ નથી કરી નાખતા?' આવા આવા વિચાર કરતી પડી રહેલી છોકરીને જાણે બાળી મૂકતી હોય એવી ઘૃણાભરી નજરે જોતી મા....

'આ છોકરીને શું કરવું?...એક આબરૂદાર કુટુંબને કલંકિત કર્યું છે... હે પ્રભુ, હું શું કરું?' બોલતાં માએ પાછળ જોયું....

માની પાછળ રસોડામાં, ચૂલામાં સળગતા લાકડાની જ્વાળાઓ ચૂલાની બહાર નીકળતી હતી...

'આ જ હાલતમાં એક સૂપડામાં દેવતા લાવીને તેના માથામાં નાખું તો?' માને વિચાર આવી ગયો.

માની નજર સમક્ષ અગ્નિમાં પડેલી ઇયળની જેમ તરફડી તરફડીને મરતી છોકરીનું દશ્ય ખડું થઈ ગયું. 'પછી? આ પ્રમાણે તેને મારી નાખવાથી શું આ કલંક ભૂંસાઈ જશે? અરે! દીકરી, મારા હાથે જ તને રહેંસી નાખ્યા પછી હું શું જીવું?...હું પણ મારો પ્રાણ ત્યજીશ!'

'હં...પછી? આમ મારો પ્રાણ ત્યજીશ તેથી શું કલંક ભૂંસાઈ જશે?'– માને કાંઈ સમજાતું નથી. મા તેના વાળ પકડીને જોરથી ખેંચીને ઊભી કરે છે.

પડાળીની વચ્ચે ફાનસ લટકતું હતું. તેની દિવેટ ઊંચી કરીને માએ દીવો મોટો કર્યો. પછી ફાનસ લઈને દીકરી પાસે આવી માએ તેને માથાથી તે પગ સુધી તેના એકેએક અંગને વેધક દૃષ્ટિએ જોયું. આ વેધક દૃષ્ટિ સહન ન થઈ શકવાથી છોકરીએ મોં ઢાંકીને દીવાલ તરફ મોં ફેરવીને રડતાં કહ્યું, 'અરે મા, મને આમ જોઈશ નહીં...'

'હે પ્રભુ! એ પાપીને તું જ સજા કરજે...' મા બોલી. છોકરાનું મોં કેવું છે તે જાણતી ન હોવા છતાં માએ તેને અંતરથી શાપ આપ્યો. દીકરીને અડતાં પણ તેને સંકોચ થતો હતો, છતાં પણ 'જો પોતે તેનો તિરસ્કાર કરશે તો તે બીજે આશરો લેવા ક્યાં જશે?' આ વિચાર આવતાં માએ દીકરીની પીઠ પર હેતભર્યો હાથ ફેરવ્યો. પછી એક નિઃશ્વાસ મૂકીને મનમાં બોલી, 'જેવું મારું નસીબ. તેના પર ગુસ્સે થવાથી કે તેને શિક્ષા કરવાથી થયું ન થયું થવાનું નથી.' આવો વિચાર કરીને તેણે પોતાના એક હાથમાં તેનો હાથ લીધો અને બીજા હાથમાં ફાનસ લીધું. પછી તેણે નાવણિયા તરફ ચાલવા માંડયું.

'હવે શું કરવું?...તે કોણ છે તે શોધી કાઢીએ તો?...આને તેને વળગાડી દઈએ તો?...હે પ્રભુ... આવા જંગલી પશુ સાથે છોકરીનું આખું જીવન કેમ જશે? આના કરતાં આને કેમ મારી ન નાખવી?...શું કરું?' આવા વિચારોથી માનું મન વ્યથિત થઈ ગયું...

નાવણિયામાં પાણીની કૂંડી પાસે માએ તેને ઊભી રાખી. પછી તેણે ફાનસ બાજુએ મૂકયું અને પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને નિર્દોષ બાળા પર લાગેલા ડાઘને ભૂંસી નાખી તેનું કલંક ભૂંસી નાખવા પ્રાર્થના કરી.

ઠંડીથી ધ્રૂજતી હોય તેમ છોકરી છાતી પર હાથ મૂકી, વાંકી વળીને સંકોચપૂર્વક ઊભી રહી.

આંખો મીંચીને મૂર્તિની જેમ સ્થિર ઊભેલી દીકરીને એક પણ શબ્દ કહ્યા વગર માએ તેનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. પછી તેણે કમરથી પણ નીચે સુધી લટકતા તેના વાળના ચોટલાને છોડી નાખી, તેની સફેદ પીઠ પર ઢંકાઈ જાય તેવી રીતે વીખેરી નાખ્યા. ઘૂંટણ વાળીને યંત્રવત્ સંકોચાઈને બેઠેલી છોકરીના માથા પર તેણે કૂંડીમાંથી ઘડેઘડા પાણી ભરીને રેડવા માંડયું. પછી માથામાં શિકાકાઈની ભૂકી નાખીને માથું ચોળતાં ચોળતાં માએ તેને પૂછયું, 'તું એને ઓળખે છે?'

'ના.'

'સત્યાનાશ જાય એનું, એને શું કરું તો મનને શાંતિ વળે?'

દાંત કચકચાવીને શિકાકાઈ ચોળતાં ચોળતાં તેની આંગળીઓ વાઘના પંજાની જેમ ઊંચી થઈ ગઈ. તેની આંખોમાં ખુન્નસ વ્યાપી ગયું. તેના ચહેરાનો દેખાવ ભયંકર થઈ ગયો. તે ટટાર થઈ ઊભી રહી.

'કેળના હાલવાથી કેળને જ નુકસાન છે; કાંટાના હાલવાથી પણ કેળને

જ નુકસાન છે.' – ઊભરાઈ આવેલા ગુસ્સાને શાંત પાડીને જાણે સ્ત્રીના નસીબને ભૂંસી નાખતી હોય તેમ એક બીજી મૂઠી શિકાકાઈ લઈને તેણે તેનું માથું જોરથી ચોળવા માંડ્યું.

કોણ જાણે કેમ તેને તેના ગુજરી ગયેલા પતિ યાદ આવી ગયા. પતિની યાદ આવતાં જ તે રડી પડી. તે તેની દીકરીને બે વરસની નાની બાળકી મૂકીને ગુજરી ગયા હતા. જો તે આજે જીવતા હોત તો — એ ભાગ્યશાળી હતા તેથી જ આ ખરાબી જોયા વગર ચાલ્યા ગયા ને?

'આની કોઈને ખબર પડવી જોઈએ નહીં. જો ખબર પડશે તો આખું કુટુંબ બદનામ થઈ જશે. જો પોતાની જ દીકરીનું આવું થયું હોય તો પોતે શું કરત એવો કોઈ ક્યારેય વિચાર નહીં કરે. તેઓ તો વારસાગત મળેલા દ્વેષને દૃષ્ટિ સમક્ષ રાખીને આખા કુળનો નાશ કરે છે...હું બીજાની વાત શા માટે કરું? હું પણ વખત આવ્યે બીજાને માટે આવું જ કહું ને!' રડતાં રડતાં એમ બોલતી વળગણીએથી ટુવાલ લઈને તેણે દીકરીનું માથું લૂછ્યું. માથું લૂછ્યા પછી તેણે માથું ઊંચું કરીને જોયું. ચિનાઈ માટી જેવી જુવાનીને એકેય ડાઘ લાગ્યો ન હોય એવી દીકરીનું મોં થોડી વાર ધ્યાનથી જોઈને તેના લલાટમાં પ્રેમપૂર્વક — આદરપૂર્વક ચુંબન કર્યું. 'દીકરી, હવે તું શુદ્ધ થઈ ગઈ. તારા માથા પર નાખ્યું હતું તે પાણી નથી....પાણી નથી... પણ તે અગ્નિ છે એમ સમજ. તારા પર હવે ડાઘ રહ્યો નથી. તું આરસ જેવી સ્વચ્છ છે. મનથી કરેલા પાપને જ પાપ કહેવાય. તારા અંતરને હું જાણું છું — ઓળખું છું. તારા અંતરને દુનિયા ક્યાં ઓળખે છે? એટલે જ હું કહું છું, આ વાતની દુનિયાને ખબર પડવી જોઈએ નહીં. આમ શું જુએ છે? દુનિયાને ખબર પડી જશે તો તું શું કરીશ તે વિચાર કરે છે? દુનિયાને ખબર જ ક્યાંથી પડવાની છે? કોઈની સાથે તું કારમાં આવી એટલી જ ખબર પડશે ને? આ સિવાય બીજી કોઈ પણ નજરે જોયાની કોઈ વાત કરશે તો હું તેને ચીરી નહીં નાખું?...કાંઈ જ બન્યું નથી...કંઈ જ બન્યું નથી. તને કારમાં બેસીને આવેલી જોઈને લોકો શું વાત ઊપજાવી કાઢશે? આમ જોઈએ તો ગામના લોકોની વાત ઉપજાવી કાઢનારા પંચાતિયા તો હોય છે જ...તેમની વાત તું રહેવા દે...હું તારા સારા માટે જ આ કહું છું: તારા મનમાં કોઈ પાપ નથી. તું શુદ્ધ છે એવો વિશ્વાસ તું તારી જાત પર રાખ....તું શુદ્ધ થઈ ગઈ છે...હું કહું છું તે સત્ય છે. હા, તું શુદ્ધ થઈ ગઈ છે. હા...રસ્તે ચાલતાં

કેટલીય વાર આપણો પગ કૂંડાળામાં પડે છે. તેથી કાંઈ આપણે આપણો પગ કાપી નાખીએ છીએ? પગ ધોઈને આપણે પૂજાઘરમાં જઈએ છીએ. ભગવાન આપણને "તું આવીશ નહીં" કહી શું આપણને કાઢી મૂકે છે?... આ બધાનું કારણ મન છે. મન સ્વચ્છ — શુદ્ધ હોવું જોઈએ. તું અહલ્યાની વાત જાણે છે? રામની પદરજથી તે પવિત્ર થઈ હતી, એમ કહેવાય છે.... પરંતુ એ મનથી મલિન ન હતી, તેથી જ રામની પદરજ તેના પર પડી હતી. આ હું કેમ કહું છું...નાહક તારું મન ચંચળ ન બને તે માટે...એક દુઃસ્વપ્નની જેમ આ ભૂલી જા. તને કાંઈ જ થયું નથી....'

વળગણી પર ધોઈને સૂકવેલાં કપડાં લઈ આવીને માએ તેને પહેરી લેવા કહ્યું.

'મોંમાં શું છે તે બચ બચ ચાવે છે?'

'ચુઇંગમ.'

'થૂંકી નાખ...છી! થૂંકી નાખ. એક વાર મોં સાફ કરી કોગળા કરીને આવજે.' કહેતી મા પૂજાઘરમાં ગઈ.

ભગવાનની છબી આગળ નમ્રતાથી મા થોડી વાર ધ્યાનમગ્ન ઊભી રહી. પછી પોતાની બાજુમાં આવીને ઊભી રહેલી દીકરીને કહ્યું, 'દીકરી, પ્રભુ તને સારું જીવન આપે એવી પ્રાર્થના કરજે — આ બધું થવાના કારણરૂપ હું જ છું. ઉંમરલાયક થયેલી છોકરીને બહાર મોકલી, પણ દુનિયા ખરાબ છે તેનો મને ખ્યાલ આવ્યો ખરો? મારી દીકરી કૉલેજમાં જાય છે તેના આનંદમાં મને કાંઈ જ ખબર પડી નહીં...તેમ છતાં તું તો હજી પણ મારી દીકરી જ છે! આ ભૂલી જા...શું ભૂલી જવાનું કહ્યું? તેને ભૂલીને જ હવેથી ચાલજે. કોઈને પણ આ અંગે વાત કરીશ નહીં. આ એક જ વાત અંગે બધા આપણા જ છે કે આપણા નિકટના સ્નેહી છે તેમ માનીશ નહીં. કોઈને આ વાત કહીશ નહીં એવું મને વચન આપ.... !'

જાણે પોતાના કોઈ એક રહસ્યને છૂપું રાખવા માટે વચન આપતી હોય તેમ સામે હાથ લાંબો કરીને ઊભેલી માના હાથમાં પોતાનો હાથ મૂકી, માનો હાથ જોરથી પકડીને કહ્યું, 'સાચે જ... કોઈને આ વાત કરીશ નહીં...'

'પરીક્ષામાં ખૂબ સારા માર્ક લાવે છે ને.... હોશિયાર છે, ખૂબ હોશિયાર છે તેમ માનીને ચાલજે.' માએ એક હાથે દીકરીનું મોં ઊંચું કરીને બીજા હાથે તેના કપાળ પર ભસ્મ ચોપડી.

એ બિચારીની આંખોમાં પૂજાઘરમાં સળગતી દીવીની જ્યોતની પ્રતિભા ઝબકીને પ્રકાશી. તે માત્ર દીવીની જ્યોત ન હતી, પરંતુ તેમાં પૂર્ણ વિકસ્યું ન હોય એવા સ્ત્રીત્વના થોડાક અંશનો પ્રકાશ તેની માએ જોયો.

તે હજી પણ કૉલેજ જાય છે. તે જે રસ્તે થઈને જાય છે તે રસ્તેથી સેંકડોની સંખ્યામાં ઝગઝગારા મારતી કારો જાય છે, પરંતુ તે એકેયની સામે નજર સરખી કરતી નથી! તે ક્વચિત જ જુએ છે. તે નજરમાં — પોતે તે કારને અથડાઈ ન પડે અગર તે કાર પોતાને અથડાઈ ન પડે તે માટેની સાવચેતી હોય છે.

2. બગીચાનો ફકીર

દૂરથી જોતાં તે એક બગીચા જેવું જણાય છે; પરંતુ ખરેખર તે એક બગીચો નથી. કબ્રસ્તાન છે.

ચારે બાજુએથી લીલા વેલાઓથી છવાયેલ કંપાઉન્ડવાળા એ કબ્રસ્તાનની પશ્ચિમે તાડનાં પાંદડાંના છાપરાવાળી એક નાનીસરખી ઝૂંપડી છે.

તેમાં જ ફકીર રહે છે. ઝૂંપડીની આગળ લીમડાની ડાળીએ બાંધેલા ખોયામાં તેનો દીકરો 'ઇરુલન' નિરાંતે ઊંઘે છે.

તેની પત્ની 'મુરુકાયી' બહારના ભાગમાં લાકડાં વીણે છે.

હા, ફકીરને પત્ની અને પુત્ર છે. ફકીરનું નામ છે ફક્ત ફકીર...એ રહે છે તે જગાને દૂરથી જોવાથી તે બગીચા જેવી લાગે છે.

ફકીર એક પસાયતો છે. તે કબ્રસ્તાનમાં રહે છે. કબ્રસ્તાનમાં આવતાં મડદાંઓ માટે ઘોર ખોદવી એ તેનું કામ છે. આ કામ માટે મ્યુનિસિપાલિટી તેને માસિક રૂપિયા સાત પગાર આપે છે. તે ઉપરાંત કબ્રસ્તાનમાં રહેવા માટે એક ઝૂંપડી પણ આપી છે.

ફકીર એક જાણવા લાયક માણસ છે. એ પાગલ નથી. આનંદ શું છે એ ન જાણનારા લોકો તેને હંમેશાં આનંદથી ગાતો જોઈને 'તેને એક અજબ તાસીરના માણસ' તરીકે ઓળખે છે. તેના શરીરના દેખાવ ઉપરથી તે કામથી કંટાળે એવો કે આળસુ લાગતો નથી. એને ચાળીસ વરસ થયાં છે; પરંતુ તે વીસ વરસના યુવાન જેવો સ્ફૂર્તિલો લાગે છે.

એ જે ગીત ગાય છે તેનો અર્થ એ પોતે સમજતો હોય કે નહીં, પણ હંમેશાં એ એક જ ગીત ગાતો નજરે પડે છે.

'બગીચાના એક ફકીરે —
ચારછ માસ સુધી કુંભારને વીનવ્યો :

તેની પાસેથી એક નાનો ઘડો લાવ્યો,
પછી નાચતાં-કૂદતાં એને ફોડી નાખ્યો....'

ઘોર ખોદવાનું કામ ન હોય ત્યારે એ બગીચાનું કામ કરે છે. એના પરિશ્રમને લીધે જ તે કબ્રસ્તાન બગીચા જેવું લાગે છે. શોક નામની વસ્તુને તો એ ઓળખતો જ નથી.

છોડવાઓને પાણી પાતો હોય કે મડદાં માટે ઘોર ખોદતો હોય પણ સહજ ભાવે મોટા અવાજે ગળાની નસો ફુલાવીને એ તેના બેસૂરા રાગથી ગાતો હોય છે.

તે ગીતના અર્થ સાથે એને કાંઈ લેવાદેવા નથી. એને તો આદત પડી ગઈ હતી ગાવાની.

આ મડદાં દાટવા માટેની જગામાં સામાન્ય રીતે બાળકોનાં મડદાં આવે છે.

ત્રણ ફૂટ લાંબી અને ત્રણ ફૂટ ઊંડી ઘોર ખોદવી તે ફકીરને માટે ખાસ મહેનતનું કામ નથી.

માથે ખેંચીને બાંધેલો ફેંટો, કછોટો મારેલું ધોતિયું અને બે પગ પહોળા કરીને તે ઊભો રહેતો. તેના હાથમાંનો પાવડો સરળતાથી જમીનમાં પડીને ઉપર આવે છે. એકેએક પાવડાના ઘાએ ભીની માટી બહાર નીકળે છે. આ કામ માટે જાણે જમીન જ તેને સહાયરૂપ થતી હતી.

'...તેની પાસેથી એક નાનો ઘડો લાવ્યો,
પછી નાચતાં-કૂદતાં એને ફોડી નાખ્યો.'

તે 'નાચતાં-કૂદતાં' શબ્દ ભાર દઈને બોલતો અને જમીનની છાતી ચીરતો ત્યારે તેને જોનાર હરકોઈ તે આ ગીતનો અર્થ સમજીને જ ગીત ગાય છે એવું માનતા.

ખરેખર, તે ગીતના સાચા અર્થની તેને ખબર જ ન હતી.

તે ગીત એ ક્યાંથી અને ક્યારે શીખ્યો તેની પણ તેને ખબર નથી.

આપણો પરિચિત પ્રત્યેક શબ્દ આપણે ક્યાંથી અને ક્યારે શીખ્યા અને પહેલવહેલા તે ક્યારે બોલ્યા તે કહી શકીએ તેમ છીએ ખરા?

ફકીરે તે ગીત પહેલવહેલું ક્યાંથી અને ક્યારે સાંભળ્યું? એ જરા સ્મરણશક્તિ કસે તો જરૂર કહી શકે.

એક દિવસ સવારે, કાથીના ખાટલા પરથી ફકીર જાગીને બેઠો થયો. એણે આંખો ચોળ્યા પછી જે દૃશ્ય જોયું તેથી એને આશ્ચર્ય ઊપજ્યું.

ઝૂંપડીના આંગણામાં, નીચે ફાટેલી સાદડી પર મુરુકાયી નિયમ વિરુદ્ધ હજી પણ આંખો મીંચીને પડી છે.

એ પોતે ઊઠે ત્યાં સુધી મુરુકાયી આમ સૂઈ રહી હોય તેવું એણે એમના લગ્નજીવનનાં પંદર વરસ દરમિયાન એક દિવસ પણ જોયું નથી.

'એ મુરુકાયી...!' ફકીરે તેને બોલાવી.

એ ઊઠી નહીં; પડખાભેર પડી રહી.

કાથીના ખાટલા પરથી ઊભો થઈને એ એની પાસે આવીને બેઠો.

'તાવ હશે' વિચારી એણે એના કપાળ પર હાથ મૂકયો. એને તાવ નહોતો આવ્યો.

'મુરુકાયી...' ફકીરે એને ફરી ઢંઢોળી.

મૂર્છિત અને ખેંચાઈ ગઈ હોય તેવી સ્થિતિમાં મુરુકાયીએ આંખો ઉઘાડી. સામે પોતાના ધણીને બેઠેલો જોઈને એ બેઠી થઈ અને બાવરી બનીને જોવા લાગી.

'શું મુરુકાયી... શું થયું છે?' ગભરાતાં ફકીરે પૂછ્યું.

'કાંઈ નહીં...હાથ તૂટે છે. મૂઢ માર પડયો હોય તેમ આખું શરીર કળે છે અને માથામાં ચક્કર આવે છે....' કહી એણે એની કાળી પાંપણો પટપટાવી.

'મેં એક સપનું જોયું.'

'સપનામાં શું જોયું?'

મુરુકાયીએ આંખો ચોળી અને બગાસું ખાધું.

'સપનામાં એક જીવડું...કાળું...નાનું...' એનું શરીર એક વખત ધ્રૂજી જાય છે.

'પછી?'

'બોલતાંની સાથે જ શરીરનાં રૂંવાડાં ખડાં થઈ જાય છે, મચ્યાન...તે કાળું જીવડું ખસતું ખસતું આવીને મારા હાથ પર ચડયું...ચડતાંની સાથે જ તેનો રંગ પીળો થઈ ગયો. ઊંહૂં—ના, પીળો રંગ નહીં...સોનેરી રંગ...કેવો એક ઝબકારો થયો...તે મારા હાથ પર બેસીને "મને ખાઈ જા, મને ખાઈ જા", એમ બોલ્યું.

'હું, પછી ?'

'ખાઈ જા, ખાઈ જા, બોલી મારા હાથને ડંખવાની શરૂઆત કરી. એની વેદનાથી જાણે મારી બુદ્ધિ બહેર મારી ગઈ હોય એવું મને લાગ્યું. આ નાનકડું જીવડું, આપણી પાસે હિંમતથી આવીને "ખાઈ જા, ખાઈ જા," કહે છે, જોયું ? હું તેને ખાઈશ નહીં એટલે જ તો ?...'

એનું મોં લાલચોળ થઈ ગયું.

'આખું શરીર તૂટે છે...જીવડાને બે આંગળીથી પકડી મોંમાં મૂકીને કચકચાવીને ચાવી ગઈ...ઓ !'

— તેનું કહેવાનું પૂરું થયું ન થયું ત્યાં તો તેના આંતરડામાં આંટી પડી અને એને ઊબકો આવ્યો. તેની સાથે જ એને ગરદન પર અસર થઈ હોય તેમ ગળાની નસો ફૂલી ગઈ. માથું ભારે લાગવા માંડયું. શ્વાસ રૂંધાઈ ગયો અને આંખો લાલઘૂમ થઈ ગઈ.

'...ઓ...'

'મચ્ચાન...મચ્ચાન...એ જીવડું પેટમાં દોડે છે. મચ્ચાન...'

ફરી એક વખત જોરથી ઊબકો આવ્યો. પેટ દબાવતી-મસળતી માથું નીચું કરીને બેઠી થઈ. એને ઊલટી થઈ.

'મચ્ચાન...પેટમાં જીવડું...'

— ફકીર સમજી ગયો. તેના શરીરના અણુએ અણુમાં આનંદની લાગણી વ્યાપી ગઈ.

પંદર વરસમાં ન મળ્યું તે...

કેટલાય સમય સુધી તેણે ખૂબ વિચાર કરી જોયો, નિરાશ થયો, અને છેવટે હારીને એક નિર્ણય પર પહોંચ્યો કે હવે...હવે નહીં...એને ભૂલી ગયો...પણ તેને ભૂલી ગયા પછી...

— શરીર ધ્રૂજ્યું, આંતરડાં ઊંચાં થઈ ગયાં, ઊબકો આવ્યો...મુરુકાયી ઊલટી કરવા લાગી.

— 'હા...તે જ ! હાહા...મુરુકાયી તે જ...હાહા' ફકીરે સ્મિત કર્યું.

'ઓઉ...'

— એકી નજરે, માથું નીચું કરીને બેઠેલી મુરુકાયીના શરીરને બાથ ભીડીને ફકીર હસ્યો.

'હાહા, હાહા... તે જ જીવ, તે જ...'

હાસ્ય સાથે જોરથી આવેલા ઊબકાને મુરુકાયી સહન ન કરી શકી અને હાંફવા લાગી.

'મચ્ચાન, પેટમાં ગરબડ થાય છે. સહન થતું નથી, અરે....' મુરુકાયી ગભરાઈ ગઈ.

'અરે, શાંત રહે મુરુકાયી, વડિવેલુ વૈદની પાસે જઈને દવા લઈ આવું છું.' બોલતો ફકીર બેસ ખંખેરીને ખભા પર મૂકતો નીકળી પડ્યો.

મુરુકાયી હસી.

'એ રહેવા દે મચ્ચાન, કોઈ હસશે.'

'તારું દુ:ખ મારાથી જોવાતું નથી, મુરુકાયી...'

'તો શા માટે જુએ છે? આઘો જઈને ઊભો રહે ને...'

ફકીર આનંદની ઊર્મિઓ સાથે કબ્રસ્તાનના ઝાંપા પાસે ઊભો રહ્યો.

બરાબર તે જ વખતે એ રસ્તા પર ભગવા કપડાંધારી એક સાધુ ભાન ભૂલીને તાલ અને લયમાં પેલું જ ગીત ગાતો જતો હતો :

'બગીચાના એક ફકીરે...
ચારછ માસ સુધી કુંભારને વીનવ્યો :
તેની પાસેથી એક નાનો ઘડો લાવ્યો,
પછી નાચતાં-કૂદતાં એને ફોડી નાખ્યો.'

અત્યાર સુધી નહીં અનુભવેલી એક નવી લાગણી અને આનંદમાં તન્મય થઈ ભાન ભૂલી ઊભેલા ફકીરના મનમાં તાલ અને લય ચૂક્યા વગર તે સંગીતના એકએક શબ્દ દોડી આવીને ઊંડે ઊતરી ગયા.

જાણે તેનો રાગ અને તાલ બેસાડતો હોય તેમ તે સાધુ એ ચાર લીટીઓ ઉથલાવી ઉથલાવીને ગાતો જતો હતો.

તે દિવસથી ફકીર પણ બેધ્યાનપણે તે ગીત ગાતો જતો અને નાચતો જતો.

'બગીચાના એક ફકીરે...'

*

હજારોની સંખ્યામાં જે કબ્રસ્તાનમાં માનવ-મડદાં દટાયેલાં તે કબ્રસ્તાનમાં એક માનવ-જીવનો જન્મ થયો.

ફકીરને ત્યાં એક છોકરો જન્મ્યો.

માના ગર્ભમાં પિંડ બંધાવો શરૂ થયો તે દિવસથી ઉત્પન્ન થયેલો આનંદ તે ફકીર ક્યારેય ભૂલ્યો નહીં.

આખો દિવસ પોતાના વહાલસોયા દીકરાને તેડીને એ નાચ્યા કરતો.

સેંકડોની સંખ્યામાં બાળકોનાં મડદાં માટે ઘોર ખોદતા આ ફકીરના હાથ પોતાના વહાલસોયા દીકરાને છાતીસરસા દબાવી વહાલ કરવા લાગ્યા.

પોતાના દીકરાને ફકીર જે હાથથી છાતીએ લગાડતો હતો તે જ હાથથી તેણે લોકોનાં બાળકો માટે ઘોર ખોદી હતી.

લોકોના પુત્રનો શોક તેને સ્પર્શતો નથી.

ગુલાબના છોડની કલમ રોપતા નાના બાળકની જેમ તે ગીત ગાતો ખાડો ખોદતો હતો.

પાસે પડેલા તે કુમળા બાળકના મડદાને જોવા છતાંય — તેની બાજુમાં રુદનને ખાળીને ઊભેલા તેના બાપને જોવા છતાંય તેને દુઃખ નથી થતું કે દયા નથી આવતી — એટલું જ નહીં એ તો ગાયા જ કરે છે...

છી...છી... આ તે વળી માણસ છે!... તેથી જ તો એને બધા 'એક અજબ તાસીરના માણસ' તરીકે ઓળખે છે.

ઘોર ખોદવાનું કામ પતી ગયા પછી સીધો તે પોતાની ઝૂંપડીમાં દોડી જાય છે. પારણામાં સૂઈ રહેલા ઇરુલનને ઊંચકીને વહાલ કરતો કૂદકા મારે છે.

એ હર્ષ, આનંદ, ગીત, કૂદકા — એ બધાંનું કારણ ઇરુલન જ છે ને?

બે વરસ વીત્યા પછી...

કેટલાંય માબાપોનાં આનંદ અને સ્વપ્નોને દાટતી ઘોરોથી ભરેલા એ કબ્રસ્તાનમાં મરણના દુઃખને ભૂલી જઈ જન્મના વિચારોમાં તલ્લીન થઈ ગયેલા ફકીરને....ફકીરને....

— માટે કહેવું જ શું?

વરસો સુધી રાહ જોયા પછી, બાધાઆખડી રાખી રાખીને નિરાશ થયા પછી, સમય વીત્યા પછી એક દિવસે અચાનક — આશા પણ મૂકી દીધી હતી એવા સમયે, આવ્યો ન આવ્યો કરીને, આશા બંધાવી, રમત રમી, દિલના અરમાનો વધારીને એકાએક અચાનક બે દિવસની માંદગીમાં તે આવ્યો હતો તેવો જ જતો રહ્યો.

આશાઓ અને અરમાનો ગુમાવી બેઠેલી મુરુકાયી છાતી કૂટી કૂટીને આળોટતી આળોટતી રડતી હતી.

કેટલાંય દુઃખશોક દટાઈ જવાથી ખાડાટેકરાવાળી બનેલી એ કબ્રસ્તાનની જમીનમાં પોતાના લાડલાના ભાગ માટે એ મા છાજિયાં લઈ ને રડી પડી.

લીમડે બાંધેલા ખાલી ખોયા પાસે ફકીર ઘૂંટણે માથું મૂકીને બેઠો છે.

આંખો શૂન્યમાં જોઈ રહી છે...વિવિધ દૃશ્યો...બધું જોયેલું... હવે ન જોઈ શકાય તેવું....

પેલો ઇરુલન ! —

વાડની પાસે ઘૂંટણિયાં ભરતો...ખોયામાં ઊંઘમાંથી જાગી જઈ માથું બહાર લટકાવી ગાલમાં ખાડા પડે તેવું હસતો, 'બાપા' કહીને બોલાવતો ત્યારે....

છોડવાઓને પાણી પાઈ રહ્યો હોય ત્યારે તેને ખબર ન પડે તેમ પાછળથી આવી અચાનક પીઠ પકડીને તે ખડખડાટ હસતો ત્યારે....

સામે પડેલી થાળીમાંના ભાતમાં, ઝડપથી ઘૂંટણિયાં ભરતો આવી, પોતાના કોમળ હાથથી ઝપટ મારી, આંગળીની વચ્ચે આવી ગયેલા એકાદ બે દાણાને મોંમાં મૂકીને ગેલમાં આવી જઈ તાળીઓ પાડતો હસી, આનંદ મેળવતો....

દિવસ-રાત જોયા વગર આખો દિવસ તેની છાતી પર માથું મૂકી સૂઈ જતો....

ભ્રમ હતો ?... સ્વપ્ન હતું ?··· આભાસ હતો ?... ગાંડપણ હતું ?...

ફકીર જાણે ચિત્તભ્રમ થયો હોય તેમ પથ્થરની જેમ બેસી રહ્યો હતો.

ઇરુલને જે જમીન પર ઘૂંટણિયાં ભર્યાં હતાં તે જમીન, તેનાં રમવાનાં રમકડાં અને તેના કાલાઘેલા શબ્દો — આ બધું ફકીરની સ્મૃતિ સમક્ષ ખડું થઈ જતું અને તેના મનમાં દુઃખ ઉત્પન્ન કરતું.

પેલી ઝૂંપડીમાં એ નાના બાળકનું મડદું ફૂલી જઈને પડેલું છે. મોં અને આંખો ઉપર માખીઓ બેઠી છે. કપાળમાં સાન્દુપોટ્ટુ*...અને કાળા પડી ગયેલા હોઠની વચ્ચે દૂધિયા દાંત ચળકતા દેખાય છે. હાથપગ પહોળા કરીને....

— ગાઢ નિદ્રા ?

'ના, એ મરી ગયો છે.'

મુરુકાયીએ તેના હાથ ભેગા કરીને છાતી પર મૂક્યા. મોં અને આંખો પર બેઠેલી માખીઓ ઉડાડી. શબની ઉપર એક કકડો ઓઢાડ્યો.

છેવટે....

*નજર ન લાગે તે માટે કરેલું કાળું ટપકું.

ફરજ નામની એક વસ્તુ હોય છે ને ?

*

ફકીરે રાતી આંખોએ આંસુની ધારાઓ વહેવડાવી. માથા પરથી અંગૂછો લઈ કેડે બાંધ્યો. પછી ખૂણામાં પડેલો પાવડો લઈને ખભે લટકાવ્યો. હળદર નાખીને ભીના કરી રાખેલા કપડામાં ઇરુલનને વીંટીને ખભે ઊંચકી ફકીર ચાલી નીકળ્યો.

'હે...મારા રાજા!' એક રાડ — મુરુકાયીએ રાડ નાખીને જમીન પર પછડાટ ખાધી. ફકીરના પગ પકડીને તેને જતો અટકાવ્યો.

હાથમાં શોક છે, હૃદયમાં શોક છે, પગને પકડી રાખેલ એક મોટો શોક છે....

અરે, હવે એ શું કરશે? ઊભેલી સ્થિતિમાં જ એ મૂંઝાવા લાગ્યો. બધા જ શોકને દાટવા માટે ઘોર ખોદવા ખભે લટકાવેલો પાવડો...એનાથી બની શકશે?...

એક હાથમાં મડદાને પકડયું છે અને બીજા હાથથી પાવડાના હાથાને મજબૂત પકડયો છે.

'મુરુકાયી...રડ નહીં મુરુકાયી...' કહી એ પણ રડી પડયો.

મુરુકાયી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

એની પકડમાંથી પોતાને છોડાવીને ફકીર ચાલ્યો.

એ આટલા દિવસ સુધી મડદાને જ ઓળખતો હતો. એ મડદાની પાછળ આટલો બધો શોક પણ હોય છે?...

અરે...?

*

તે દિવસે એ બગીચાને કેવો આનંદ થયો હશે...

વૃક્ષો, છોડવાઓ અને નવાં વૃક્ષોની કલમોને એણે કબ્રસ્તાનની જમીનમાં ઠેર ઠેર વાવ્યાં હતાં.

ફકીર પોતાનાં નષ્ટ થયેલા અરમાનોને હાથમા ઊંચકીને ચાલ્યો.

'પેલા ગુલાબના છોડ નીચે ઇરુલન માટે ઘોર ખોદવી જોઈએ. એ છોડ હંમેશાં એની ઉપર પોતાનાં સુગંધિત પુષ્પો વેર્યા કરશે.'

એણે છોકરાનું મડદું જમીન પર મૂકયું. પછી ખભા પરથી પાવડો લઈને ઝાડની જેમ ઊભો રહ્યો.

એની આંખો શૂન્યાકાર આકાશને એકીટશે જોઈ રહી હતી. એકીટશે જોઈ રહેલી એની આંખોએ આંસુ સાર્યાં. અસહ્ય દુ:ખને લીધે નાક અને હોઠ ધ્રૂજવા લાગ્યાં. ગળું રૂંધાઈ ગયું. એણે મનને પથ્થર જેવું કરી પાવડો ઊંચો કર્યો. ઊંચો થયેલો હાથ ધ્રૂજી ગયો. પગ જમીન પર સ્થિર ન રહ્યા. લથડી ગયા.

ઊંચો કરેલો પાવડો આઘો ફેંકી દઈને 'દીકરા' બોલી વિલાપ કરતો એ મડદા પર પડ્યો અને પોકેપોક મૂકીને રડ્યો. રડી રડીને થાકી ગયો.

હવે જોવા નહીં પામે એવા પોતાના લાડકા લાલના વદનને એકીટશે જોતો બેસી રહ્યો. પરસેવાનાં ટીપાં તેના કપાળ પર બાઝી ગયાં.

મન કાઠું કરીને એણે હાથમાં પાવડો લીધો. પગ પહોળા કરીને આંખો મીંચી જોરથી પાવડાનો ઘા કર્યો. જમીનમાં ખાડો થયો.

'બગીચાના એક ફકીરે !'

તે ગીત!... તે ગાઈ શક્યો નહીં.

ગામનાં મડદાં માટે ઘોર ખોદતી વખતે તેના મનમાં કોઈ પણ દુ:ખ કે લાગણી વગર નાચતું-કૂદતું વહી આવતું તે ગીત...

'કોણ ગાતું હતું?...'

ફરી એક વખત પાવડો ઊંચો થયો, જમીન પર પડ્યો.

'બગીચાના એક ફકીરે...'

ફરીથી તે જ અવાજ.

'કોણ એ?...'

સમસ્ત ઇન્દ્રિયો દબાવી દઈને તેણે પાવડાથી ફરી જમીન પર ઘા કર્યા.

ફરીથી તે જ અવાજ.

'બગીચાના એક ફકીરે...

ચારછ માસ સુધી કુંભારને વીનવ્યો:

તેની પાસેથી એક નાનો ઘડો લાવ્યો

પછી નાચતાં-કૂદતાં એને ફોડી નાખ્યો.'

અવાજ એક હતો. તેમાંથી અનેક થયા અને પછી પાછા બધા અવાજ એક થઈને સંભળાયા.

એ કબ્રસ્તાનની ભૂમિમાં કેટલાય સમય પહેલાં દટાયેલા પ્રથમ બાળકથી માંડીને ગઈ કાલ સુધી દટાયેલા છેલ્લામાં છેલ્લા બાળક સુધીનાં બધાં જ બાળકો જીવતાં થઈ, દેહ ધારણ કરી, એકત્રિત થઈ હીબકાભર્યા અવાજે તેમની

કાલીઘેલી બોલીમાં ગાતાં અને તાળીઓ પાડતાં તેની ચોતરફ ઘેરી વળ્યાં, નાચવા-કૂદવા લાગ્યાં. તેઓ શૂન્યાકાશમાં સ્વચ્છંદ'રીતે આમતેમ દોડવા લાગ્યાં.

ફકીર ભાન ભૂલીને ખડખડાટ હસ્યો.

પેલો ઇરુલન પણ એ બાળકોની વચ્ચે ઊભો રહીને નાચેકૂદે છે; અને તાલ આપે છે.

પેલું ગીત ગાય છે.

કયું ગીત ખબર છે?

'બગીચાના એક ફકીરે...'

એકબીજાને પકડીને દોડતાં બાળકોના મહાસાગરમાં પોતાના ઇરુલનને બાથમાં લેવા માટે તે દોડ્યો...

ઇરુલન દેખાતો નથી...એ શોધે છે પણ દેખાતો નથી...દેખાતો નથી. એક ઇરુલન જ શોધવા છતાં દેખાતો નથી...

એને બધાં બાળકો એકસરખાં જણાતાં હતાં.

આ મારું છે, આ બીજાનું છે, આ પેલું છે, તે બાળક, આ બાળક — એમ ભેદ ન પાડી શકાય તેવા સમૂહમાંથી એક ઇરુલનને જ કેવી રીતે ઓળખી શકાય...

ફકીર મૂંઝાયો!

અરે કેવી મૂંઝવણ...કેવી મૂંઝવણ.

*

ગુલાબના છોડ નીચે, બાળકના મડદા પર મોં મૂકીને પડેલા ફકીરને જોઈને તેની સ્ત્રી મુરુકાયી ગાભરી ગાભરી દોડી આવી.

એનું માથું પોતાના ખોળામાં લઈ મુરુકાયી જોર જોરથી રડવા લાગી.

એણે ધીરેથી આંખો ઉઘાડી.

'હે અલ્લાતાલા! એ જીવે છે...મરી ગયો નથી!'

હજી પણ એ એ જ બાગમાં રહે છે; પરંતુ પહેલાંની જેમ ગાતો નથી. જ્યારે જ્યારે મડદું આવતું જુએ છે ત્યારે ત્યારે તે 'હાય હાય' કરીને રડે છે. લોકોના શોકમાં તે ભાગ લે છે; છતાં પણ લોકો તેને 'એક અજબ તાસીરનો માણસ' જ કહે છે.

૩. મન પવિત્ર છે

'એક મિનિટ થોભો; હું બોલાવું છું.... તમે કોણ છો?' પુછાયેલા આ સવાલના જવાબમાં તેણે કહ્યું, 'હું — તેમનો દીકરો, વેણુ!'

થોડા સમય પછી તેના બાપુજીનો અવાજ ફોનમાં સંભળાયો, 'હેલ્લાવ... હું સુંદરમ્....'

અત્યાર સુધી રહેલી હિંમત, ગુસ્સો, ઘૃણા—બધું ક્યાંય ચાલ્યું ગયું અને ગભરાટથી વેણુના હોઠ અને હૃદય ફફડવા લાગ્યાં. બોલતાં બોલતાં તેની જીભ થોથવાવા લાગી, પરંતુ મનને સ્વસ્થ કરીને વેણુ બોલ્યો, 'હું વેણુ બોલું છું....મારે તમારી સાથે વાત કરવી છે....હં. ..એકાંતમાં વાત કરવી છે.'

'ઠીક....થોડી વારમાં જ હું ઘેર આવું છું.'

'નહીં....તે અંગે...ઘરમાં વાત કરવાની મારી ઇચ્છા નથી...તમે ત્યાં જ રોકાવાના હો તો હમણાં દસ મિનિટમાં જ હું ત્યાં આવું છું...'

'હં, સમજ્યો! ભલે...આવ...'

'થેંક્સ....'

રિસીવર મૂકીને કપાળ પર બાઝેલો પરસેવો વેણુએ લૂછ્યો. હજી પણ તેનું હૃદય ધડકતું હતું. જાણે પોતે કોઈ મહત્ત્વનું કામ કરવા તૈયાર થયો હોય તેમ લમણે આંગળી ટેકવી તેમની સાથે કઈ કઈ વાતો કરવી તે વિશે વિચાર કરવા લાગ્યો.

'હં...આ મારું કર્તવ્ય છે! આ કુટુંબને બરબાદ થતું બચાવવું એ મારું કર્તવ્ય છે! એક છોકરો — પોતાનો છોકરો પોતાને ઠપકો આપે એટલી હદે તેમનું પોતાનું વર્તન બગડ્યું છે, તે તેમણે જાણવું જોઈએ ને! આબરૂ જાય તેવી વાત છે!....ગુસ્સે થયા વગર, વિવેકપૂર્વક સૌ પ્રથમ તેમની આ ગુપ્ત વાત મારે તેમને જણાવવી જોઈએ...."આવું કાંઈ નથી" એમ કહીને તે

મારી વાત ઉડાવશે...નહીં! તેમના મેજના ખાનામાં પડેલો એ પ્રેમપત્ર... કેવી કમનસીબી...એ પ્રેમપત્ર — એ પત્ર યાદ રાખીને લઈ લેવો છે... "મારા મેજનું ખાનું ડુપ્લીકેટ ચાવી બનાવડાવીને શા માટે ખોલ્યું?" તે ગુસ્સે પણ થાય.

'તેમણે કરેલો આ ગુપ્ત પ્રેમ પકડી પાડવા માટે મેં કરેલી આ ચોરી તે કાંઈ ખોટું કામ નથી...પરમ દિવસે રાતે એ સ્ત્રી સાથે સિનેમાના બીજા શોમાં ગયેલા. તે જોયા પછી જ આ સંબંધમાં ખરી હકીકત શી છે તે જાણવા માટે મેં તેમના ઓરડાની તપાસ કરી!...'

વેણુ જલદી જલદી કપડાં પહેરી બહાર નીકળતો હતો ત્યાં લેડીઝ ક્લબમાં જવા માટે નીકળેલાં તેનાં મા રમણી અમ્મા સામે મળ્યાં.

થોડા દિવસથી વેણુની રીતભાતમાં કાંઈ ફેરફાર થયો છે એમ તેની માને લાગ્યું.

અત્યારે તેને એકાએક જોઈને તેમ જ તેના દેખાવ પરથી તેની માને કંઈક ચિંતા થઈ.

'એ બરાબર ખાતો કે ઊંઘતો નહીં હોય?' વેણુનો કરમાયેલો ચહેરો જોઈને માને શંકા ઊપજી. વેણુ દૂબળો અને કાળો પડી ગયો હતો. તેણે દાઢી નહીં બનાવી હોવાથી તેના ઉપલા હોઠની ઉપર, દાઢી અને ગાલ પર નાના નાના વાળ સારા પ્રમાણમાં જણાતા હતા. તેનો ગ્લાનિયુક્ત ચહેરો, ભીની આંખમાં દેખાતો થાક અને પાંપણના નીચેના ભાગ પરની કાળાશ માએ જોયાં.

'એ ઉંમરલાયક છે. એના કોઈ અંગત સવાલો હશે. એની વાતમાં પોતે માથું મારે તે બરાબર નથી,' એવો વિચાર કરી રમણી અમ્મા તેની પાસે આવ્યાં.

'કેમ વેણુ...ક્યાં જાય છે?' જાણે સાંત્વન આપતાં હોય તેમ તેના ખભા પર હાથ મૂકતાં રમણી અમ્માએ પૂછ્યું. વેણુનું હૃદય પુલકિત થઈ ગયું.

'જરા કામ છે.' વેણુએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

'તને શું થયું છે? ઠીક...ગમે તે થયું હોય — હું તને મદદ કરી શકું તેમ લાગતું હોય તો કહે...' અંગ્રેજીમાં રમણી અમ્માએ કહ્યું.

'થેંક્સ!'

વેણુએ જવા માંડયું પણ રમણી અમ્માએ તેને રોક્યો.

'જા...જઈને...રસોઇયણે કંઈક ખાસ વાનગી બનાવી છે...તે ખાઈને જા.'

મમતાભર્યા શબ્દોમાં આગ્રહપૂર્વક કહેતી હોય તેમ કહીને જાણે પોતાનો સમય થઈ ગયો હોય તેમ પોતાની કાંડાઘડિયાળમાં જોઈને રમણી અમ્મા બહાર નીકળ્યાં.

વેણુ એક પળ માટે માથું નમાવી કંઈક વિચાર કરતો ઊભો રહ્યો.

'આ ભોળી માને બાપુજી કેવી રીતે છેતરીને તેની સાથે દગો રમી શકતા હશે?' વેણુને વિચાર આવ્યો. ત્યાર પછી આ ઉંમરે માએ સજેલો શૃંગાર, ફેસ પાઉડર, લિપસ્ટિક, ટૂંકી બાંયનું બ્લાઉઝ વગેરે અને ચીપી ચીપીને બોલાયેલું તેનું અંગ્રેજી સાંભળીને વેણુને એક તરફ ગુસ્સાનો તો બીજી તરફ અણગમાનો ભાવ ઊપજ્યો.

તે વખતે કોન્વેન્ટમાંથી આવેલાં તેનાં બે ભાઈ અને છ વરસની બહેનને સોફામાં બેસીને બૂટમોજાં કાઢતાં તેણે જોયાં. તેમને જોઈને વેણુના દિલમાં દુઃખની સાથે વાત્સલ્યભાવ ઊભરાઈ આવ્યો.

'આ નખરાળી મા અને દુરાચારી બાપ આ બાળકોનાં ભાવિનું સત્યા-નાશ વાળી રહ્યાં છે.' વેણુને વિચાર આવ્યો....અને પોતે આ માટે શું કરી શકે તેમ છે તેનો વિચાર કરતાં તેનું મન ઉદ્વિગ્ન થઈ ગયું.

'આ માટે મારે કાંઈક કરવું જોઈએ. એ મારી ફરજ છે...શું હું હજી પણ નાનો કીકો છું? મને એકવીસ વરસ થયાં છે...સદ્‌ભાગ્યે હું પુખ્ત ઉંમરનો છું.'

એકાએક એને પોતાને ઉછેરનાર દાદા અને દાદી યાદ આવી ગયાં.

'સારું થયું! આ કલુષિત વાતાવરણમાં મારો ઉછેર ન થયો!...'

વેણુના બાપુજી સુંદરમ અને મા રમણી અમ્મા, બંને પચીસ વરસ પહેલાં કોલેજમાં ભણતાં હતાં ત્યારે પ્રેમમાં પડયાં હતાં અને તેમણે લગ્ન કર્યાં હતાં. બંને જુદી જુદી જાતિનાં હોવાથી માબાપની વિરુદ્ધ જઈને સુંદરમે તેની સાથે લગ્ન કર્યાં હતાં.

રમણી અમ્મા નાનપણથી કોન્વેન્ટમાં ભણીને પાશ્ચાત્ય રહેણીકરણીમાં ઊછરી હતી. તેનું કુટુંબ પાશ્ચાત્ય સંસ્કૃતિથી રંગાયેલું હતું. એ વખતે સુંદરમે તેની સાથે લગ્ન કર્યાં તેનું કારણ કદાચ આ પણ હોઈ શકે.

આ આંતરજાતીય લગ્નનો સુંદરમનાં માતાપિતાએ વિરોધ કર્યો હતો તેથી સુંદરમે બે વરસ સુધી તેમની સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખ્યો ન હતો. બે વરસ પછી વેણુનો જન્મ થયો.

પુત્રવાત્સલ્ય ત્યજી દીધેલા સુંદરમના બાપુજી ગણપતિ પિલ્લૈ અને તેમનાં પત્ની વિશાલમ પૌત્રને જોવા માટે અધીરાં બની ગયાં અને રેલગાડીમાં ગામડેથી શહેરમાં દોડી આવ્યાં. નવજાત પૌત્ર વેણુ સુંદરમ અને તેનાં માતા-પિતા વચ્ચે પડેલું અંતર દૂર કરવા માટે પુલ જેવો બન્યો.

વેણુ છ વરસનો થયો ત્યારે ગણપતિ પિલ્લૈએ વેણુને પોતાની સાથે લઈ જવાનો વિચાર સુંદરમને જણાવ્યો. ગમે ત્યાંથી આવેલી આચારવિચાર વગરની એક સ્ત્રીની સાથે સંબંધ જોડવાને કારણે ગણપતિ પિલ્લૈએ પુત્રનો ત્યાગ કર્યો હતો; પરંતુ તેમનું હૃદય પુત્રવાત્સલ્ય માટે તલસતું હતું. આથી તેમણે પુત્રનો સ્વીકાર કર્યો. વેણુ દાદાને ત્યાં રહીને ઊછર્યો અને ભણ્યો. તેનાં માબાપનું ઘર તેને માટે રજાઓમાં રહેવા પૂરતું જાણે એક સગાનું ઘર હતું.

સુંદરમના બાપુજી ગણપતિ પિલ્લૈ ચુસ્ત શાકાહારી હતા. તમિળના વિદ્વાન હતા, શિવના ભક્ત હતા. તેમની પત્ની વિશાલમ ગઈ પેઢીની તમિળ સ્ત્રીના છેલ્લા પ્રતિનિધિ જેવી હતી. એ પુરુષ સામે બેસીને ક્યારેય વાત કરતી નહીં.

વેણુ ક્યારેક રજાઓમાં બાપને ત્યાં આવતો ત્યારે તેમની રહેણીકરણી અને આચારવિચાર વગેરે પરથી તેઓ પરાયાં હોય તેમ તેને લાગતું અને પોતે તેમનો દીકરો નથી તેવી લાગણી અનુભવતો. નાની ઉંમરમાં એ પોતાનાં માબાપને ત્યાં જતો અને ત્યાં તેને જે જોવા-સાંભળવા મળતું તે બધું દાદા-દાદીને ત્યાં ગયા પછી તેમને વિગતવાર સમજાવતો અને હાસ્યવિનોદ મેળવતો. એ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ દાદા-દાદી સાથે માબાપની સરખામણી કરવા લાગ્યો. એને મન દાદા અને દાદી સંનિષ્ઠ અને સંસ્કૃતિનાં એક આદર્શ પ્રતીક જેવાં હતાં.

તેનાં માબાપ તેના પ્રત્યે ગમે તેટલો વાત્સલ્યભાવ દાખવતાં છતાં વેણુના દિલમાં તેમના પ્રત્યે આદરભાવ ઊપજ્યો નહીં.

વેણુ માધ્યમિક શાળાનો અભ્યાસ પૂરો કરીને નજીકના શહેર ચિદમ્બરની કૉલેજમાં દાખલ થયો. તેનું શિક્ષણ ગમે તેટલી નવી પ્રણાલિકાનું હતું, પરંતુ તેની અસર તેના જીવન પર જણાઈ નહીં.

હવે કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી તેને મદ્રાસ આવ્યાને થોડા જ મહિના થયા હતા.

દાદા અને દાદીથી જુદા પડીને આવવાનું તેનાથી બની શકે તેમ ન હતું

મારે નોકરી કરવી નથી...ભણેલા બધા શહેરમાં નોકરી કરવા માટે જાય છે તેથી જ આપણા દેશની આ દશા છે. હું અહીં રહીને ખેતી સંભાળીશ. એણે એના દાદાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એનો આ વિચાર દાદીને તો ગમી ગયો.

ઘણા સમયથી આંખો મીંચીને આરામખુરશીમાં બેઠેલા દાદાએ દાદીને જવાબ આપ્યો, 'તું પણ ક્યાં એને સાથ આપે છે? આપણા છોકરાને એનાં માબાપને ઘેર મોકલીએ તે માટે તારું મન માનતું નથી ને? આવું જ તેનાં માબાપને થતું હશે. ભણવાના બહાના હેઠળ આટલો સમય આપણે એને રાખ્યો. હવે એ એનાં માબાપને ત્યાં રહે તે જ બરાબર છે.'

'હું ત્યાં ન જાઉં તો મારે માટે ત્યાં દુ:ખી થાય એવું કોઈ નથી.' વેણુએ સામે કહ્યું.

'તું અમારી સાથે રહે તો તારા કરતાં વધુ આનંદ અમને થાય, એમાં કાંઈ કહેવાનું હોય ખરું કે? હમણાં થોડા દિવસ તું ત્યાં જઈ આવ. પછી આગળ ઉપર જોયું જશે...તારા ગયા પછી હું અને તારી દાદી અહીં કેવી રીતે દિવસો વિતાવશું?...એટલે તું રજાઓમાં જતો હતો તેમ થોડા દિવસ ત્યાં જઈને રહે...મેં શું કહ્યું?'

દાદાએ એને ઘણું ઘણું સમજાવ્યો તે પછી જ એ મદ્રાસ જવા સંમત થયો.

આ પહેલાં રજાના દિવસોમાં બે મહિના માબાપ સાથે રહીને તેણે જેટલો કંટાળો અનુભવ્યો ન હતો તેટલો કંટાળો આ વખતે બે જ અઠવાડિયાંમાં તેણે અનુભવ્યો. આ વખતે ત્યાં એને જરાય રુચ્યું નહીં.

તેનાં માબાપ જમવાના ટેબલ પર સામસામે બેસીને જમતાં, સવારે આઠ વાગ્યા સુધી મા પથારીમાં પડી રહેતી, બાપુજી દોડાદોડી કરી માની સેવાચાકરી કરતા — આ બધા પ્રત્યે તેને નફરત થઈ ગઈ હતી.

તેની નજર સમક્ષ સાઠ વરસનાં થયાં હોવા છતાં વહેલી સવારે ઊઠી, નહાઈ, કંકુહળદરવાળો દાદીનો ચહેરો તેની નજર સમક્ષ ખડો થતો હતો. આ ઉંમરે પણ દાદી દાદાની જે સેવાચાકરી કરતી તેની મહત્તા અંગે તે વિચાર કરતો અને માબાપના વર્તનની દાદા-દાદીના વર્તન સાથે સરખામણી કરતો.

'આ બાપા ખરેખર સ્ત્રીના ગુલામ છે!' તેને લાગ્યું. 'મા સિનેમામાં જાય છે. લેડીઝ કલબમાં જાય છે અને આ માટે તે બાપુજીને કાંઈ પૂછતાં

નથી. મા પણ બાપુજી પ્રત્યે બેદરકારી બતાવે છે. અરે! આ કેવો સંબંધ? આ તે કેવું જીવન…' તેને વિચાર આવતો.

'ઠીક! આમાં મારું શું જાય છે…દાદાનું માન રાખવા ખાતર થોડા દિવસ રહીને પાછો ગામડે જતો રહીશ.'

ત્યાં તો ગયે અઠવાડિયે એક બનાવ બની ગયો. આથી તેના મનમાં ધ્રાસકો પડ્યો, એ ગુસ્સે પણ થયો અને એને કંટાળો પણ આવ્યો.

રાતના આઠ વાગ્યા હતા. ટેલિફોનની ઘંટડી વાગી. તે વખતે સુંદરમ ઉપલા માળે હતા. વેણુએ રિસીવર ઉપાડયું.

'હલ્લો!' વેણુએ ફોનનો નંબર કહ્યો.

'હું વત્સલા બોલું છું…કૉલેજમાં મળવા આવી હતી પણ તમે નીકળી ગયા હતા…."સાઉન્ડ ઑફ મ્યુઝિક"નો આજે છેલ્લો દિવસ છે…રાતના શોમાં જઈશું ને?…કેમ કાંઈ બોલતા નથી?'

આમાં વેણુને કાંઈ સમજ પડી નહીં. ખોટો નંબર જોડાયો હશે તેવી પહેલાં શંકા થઈ હતી, પરંતુ કૉલેજમાં મળવા આવી હતી તે કહેવા પરથી નંબર ખોટો હોવાની શંકા દૂર થઈ ગઈ. શું કરવું તે ન સૂઝયું એટલે એણે રિસીવર ટેલિફોન પર પાછું મૂકી દીધું અને ઓરડાની બહાર દોડી આવ્યો. બાજુના ઓરડામાં જઈને બેઠો. એના મનમાં વિચારોનું ઘમસાણ શરૂ થઈ ગયું.

'એક બાપુજી સિવાય મોટી ઉંમરના પુરુષ જેવો અવાજ બીજા કોઈનો હોઈ શકે નહીં,' એવી માન્યતાથી નિયમ મુજબ વાત કરનાર આ વત્સલા નામની કોઈ સ્ત્રી હશે, તેવી તેને ખાતરી થઈ ગઈ.

થોડી વાર પછી ફરી ઘંટડી વાગી. વાગ્યા જ કરી. વેણુ પોતાની જગાએથી ખસ્યો નહીં

ઉપલા માળેથી નીચે આવીને સુંદરમે ફોનનું રિસીવર ઉપાડયું.

'હલ્લો?' સુંદરમે ટેલિફોનનો નંબર કહ્યો.

વેણુ ધીરેથી ઊભો થયો. ટેલિફોનવાળો ઓરડો અને તે પોતે હતો એ ઓરડાની વચ્ચે આવેલા એક પાટિયા પાસે જઈને કાન માંડી તે વાત સાંભળવા લાગ્યો. હં, અવાજ સંભળાયો, એના બાપુજી અંગ્રેજીમાં બોલતા હતા.

'નહીં, હું ઉપલા માળે હતો…અરરર…'

'……'

'ઇટ ઇઝ ઑલ રાઇટ.'

‘......’

‘કદાચ મારો મોટો દીકરો હશે...હા! એ ગામડે હતો...’

‘...હમણાં જ...હા...’

‘......’

‘વેણુ સિવાય બીજું કોઈ ‘એડલ્ટ’ નથી!’

‘......’

‘ઠીક...હું સંભાળી લઈશ...ઓ...કે!’

‘......’

‘નાઇન થર્ટી...યસ...ઓ. કે.!’

‘......’

ડૉન્ટ વરી!’

‘......’

‘અરે...વૉટ આર યુ ટૉકિંગ...’

‘......’

‘બાય....’

વાત પૂરી થઈ કે તરત વેણુ ત્યાંથી સરકીને બહાર જતો રહ્યો.

એ બનાવ બન્યો ત્યારથી આજ સુધી વેણુ એમની નજરે પડ્યો નહીં. એક જ ઘરમાં રહેતા હોવા છતાં એમની નજરે પડે નહીં તેવી રીતે એ દૂર ને દૂર રહેતો હતો.

થોડા દિવસ પહેલાં, ઘરમાં કોઈ નહોતું ત્યારે એ ઉપલે માળે એના બાપુજીના ખાનગી ઓરડામાં એકલો ગયો. પોતાનો વહેમ ખરો છે કે કેમ તેની ખાતરી કરવા માટે તેને થોડી વધુ વિગતોની જરૂર હતી.

એક ચોરની જેમ આ રીતે વર્તવામાં તેને નાનમ લાગી નહીં. આ તપાસમાં એને જે આઘાતજનક વિગતો મળી તે પરથી પોતાનું આ કામ બરાબર છે એમ તેને લાગ્યું

‘ભૂલ કરનાર બાપુજીની સંમુખ ઊભા રહેવાનો પ્રસંગ આવે તેમાં મારે શા માટે મોં સંતાડવું જોઈએ?...તેમની ભૂલ મારે તેમને સમજાવવી જોઈએ અને તેમને સુધારવા જોઈએ....આ મારી ફરજ છે....આ અંગે મારે તેમની સાથે ક્યાં અને કેવી રીતે વાત કરવી?...જો ઘરમાં વાત કરું છું તો માને આ વાતની ખબર પડી જાય!...તેમને બહાર ક્યાંક મળીને વાત કરવી જોઈએ...

મારી વાત તેઓ નહીં માને તો ?...તો એ અંગે પછી જોઈ લઈશું. પહેલાં હિંમતપૂર્વક આ વિશે તેમની સાથે સ્પષ્ટ વાત કરવી જોઈએ...' આવા વિચારો તેને રાત-દિવસ આવતા હતા. આ અંગે શું કરવું તે સ્પષ્ટ ન સમજાતાં તે દ્વિધામાં પડી ગયો હતો. પણ કાલ રાતે જ તે એક નિશ્ચય પર આવ્યો હતો.

'કોઈ પણ રીતે કાલે તેમને રૂબરૂમાં સ્પષ્ટ વાત કરવી. આમાં મારે ડરવા જેવું શું છે? શું હું નાનો કીકલો છું ? હું ઉંમરલાયક છું.'

દરિયાકિનારે નવા બનાવેલા અંદરના ભાગના રસ્તા પર સુંદરમે પોતાની મોરિસ માઇનર ઊભી રાખી. તેમની બાજુમાં બેઠેલો વેણુ બારણું ઉઘાડી પહેલાં નીચે ઊતર્યો. તેની નજર દૂર દૂર સમુદ્ર તરફ શૂન્યભાવે જોઈ રહી હતી. પવનથી ઊડતા ધોતિયાને તેણે ઉપર તરફ વાળીને બાંધ્યું. પછી થોડો આગળ જઈને રેતીમાં ઊભો રહ્યો. દસ મિનિટ વીતી ગઈ. પોતે કૉલેજમાંથી અહીં આવ્યો ત્યારથી માંડીને અત્યાર સુધીની વાત બાપુજીને કેવી રીતે કહેવી તેની મૂંઝવણમાં હતો. બાપુજીએ ગમે તેવી ભૂલ કરી હોય તોપણ એક દીકરા તરીકે મર્યાદામાં રહીને ખૂબ શાંતિથી તેમની સાથે વાત કરવી જોઈએ.

કારમાંથી ઊતરીને સુંદરમે પોતાનો કોટ કાઢી વાળીને કારની બેઠક પર મૂક્યો. પછી કાચ ઊંચા કરીને કારના બારણાને તાળું મારીને આવ્યા.

તેની બાજુમાં આવી ઊભા રહી કાંડાઘડિયાળમાં જોઈ એ સાંભળે એ રીતે સુંદરમ બોલ્યા, 'પાંચ જ વાગ્યા છે.'

'તેથી જ ગિરદી જણાતી નથી.' પરાણે હસીને વેણુ બોલ્યો.

દરિયાકિનારાની રેતીમાં હજી પણ છાયા ઊતરી ન હતી.

તેઓ બંને એકાએક ચૂપચાપ રેતીમાં દરિયા તરફ ચાલ્યા. એ બંનેને જોઈને તેઓ બાપદીકરા છે એવું કોઈને લાગે નહીં. બંને ભાઈઓ જેવા કે શિક્ષક-વિદ્યાર્થી જેવા જણાતા હતા. બંનેના ચહેરાનો દેખાવ એકસરખો હતો. વેણુ તેના બાપના જેટલો જ ઊંચો હતો; પણ એનું શરીર તેમના જેવું ભરાવદાર ન હોવાથી એ તેમના કરતાં દૂબળો અને ઊંચો જણાતો હતો.

એ નીચું માથું કરીને ચાલતો હતો ત્યારે રેતીમાં દબાતા પોતાના પગને જોતો હતો.

તેના મનનો ભાર પળે પળે વધતો જાય છે. મનમાં ઊભરાતો ગુસ્સાનો ભાવ એકાએક ગળામાં આવીને રૂંધાઈ જાય છે. તેનું મોં રાતુંચોળ થઈ જાય છે. એ ખૂબ જોરથી હોઠ પીસે છે.

એ માથું ઊંચું કરીને સમુદ્રમાં દૂર દૂર મોજાંને જુએ છે ત્યારે એની આંખોની પાંપણના બંને છેડે એકત્રિત થયેલાં આંસુ પવનમાં ઠંડાં પડી પાંપણોમાં પ્રસરી જાય છે.

એમણે વેણુ તરફ વાત્સલ્યભરી નજરે જોયું. એક વખત ખોંખારો ખાધો. વેણુએ તેમની તરફ ફરીને જોયું ત્યારે તેમણે આશ્વાસન આપતા હોય તેમ સ્મિત કર્યું. વેણુના હોઠ ફફડયા.

'અહીં બેસીશું?' સુંદરમે પૂછ્યું.

વેણુ જવાબ આપ્યા વગર બેસી ગયો.

'શરૂઆત કેવી રીતે કરવી?'

વેણુએ સુંદરમના મોં તરફ સંકોચપૂર્વક જોયું. પછી માથું નીચું કરી જાણે કોઈ વિચાર કરતો હોય તેમ રેતીમાં આંગળીથી લીટા દોરવામાં થોડો સમય પસાર કર્યો....

વેણુ પોતાની સાથે કઈ વાત કરવા એકાંતમાં આવ્યો છે તે સુંદરમ જાણતા હતા. ટેલિફોન પર થયેલ વાતચીતના બનાવ પછી, પોતે એને એક આખા અઠવાડિયા દરમિયાન જોયો નથી, તેનો તેમને ખ્યાલ હતો. તેનું મન દુભાયું હતું. છતાં તે ઉંમરલાયક હોવાથી પોતાને મળતાં તેને સંકોચ થતો હતો, તે એ જાણતા હતા.

આમ છતાં આ અંગે તેમની સાથે વિગતવાર વાત કરવા એ જે રીતે તૈયાર થઈને આવ્યો હતો તે રીત એમને બરાબર લાગી નહીં, પરંતુ આમ મળવાની ના પાડવી તે પણ બરાબર નથી એમ લાગવાથી તેઓ અત્યારે તેની સામે ઊભા હતા.

તેમ છતાં સુંદરમ પોતે જ વાતની શરૂઆત કરવા માગતા ન હતા.

વેણુ જાણે પોતાને જ કહેતો હોય તેમ બબડતાં અંગ્રેજીમાં બોલ્યો, 'હું દિલગીર છું! આ બહુ જ શરમજનક વાત છે.' અને બોલવાનું ચાલુ રાખતાં પૂછ્યું, 'હું કઈ બાબત અંગે તમારી સાથે વાત કરવા માગું છું તે તમને ખબર છે?'

સુંદરમે જરા પણ ગભરાટ વગર હકારમાં માથું હલાવ્યું.

તેમનો ગભરાટ વગરનો સ્વસ્થ ચહેરો જોઈને વેણુને ગુસ્સો આવી ગયો.

'તમે આ પ્રકારના માણસ હશો તેની મને કલ્પના પણ ન હતી...' વેણુ લાગણીવશ થઈ હાથની મૂઠી મસળવા લાગ્યો. પવનથી માથાના વાળ વીખરાઈને ઊડતા હતા. છાતી ઊંચીનીચી થતી હતી. તેણે જોરથી ચાલતા શ્વાસને બહાર કાઢ્યો.

'વેણુ! તું મૂર્ખામી ન કર. શું તું હજી પણ નાનો કીકો છે? સ્વસ્થ ચિત્તે વિચાર કર.' સુંદરમે વેણુની પીઠ થાબડતાં કહ્યું.

'યસ... યસ... આય એમ એન ઍડલ્ટ...' દાંત પીસતાં વેણુ અંગ્રેજીમાં જ બોલતો ગયો. આવી બાબતો પરભાષામાં જ સારી રીતે ચર્ચી શકાશે એવો વિચાર તેણે કર્યો હોવો જોઈએ.

'તમને પેલો ટેલિફોનનો પ્રસંગ યાદ છે ને? તે દિવસથી હું તમારું નિરીક્ષણ કરતો આવ્યો છું... મારા પિતા આવી રીતે એક સ્ત્રીની પાછળ ભટકતા હશે એવું મેં માન્યું ન હતું. આ આપણા કુટુંબની આબરૂનો સવાલ નથી?... શું આ કામ તમારી ઉંમરના અને સ્થિતિના માણસને શોભે છે? મારી મા તો ભોળી છે! તમે આખી જિંદગી દગો રમતા આવ્યા છો...'

વેણુ બોલતો હતો ત્યારે સુંદરમ વચમાં ન બોલતાં સિગારેટના ધુમાડા કાઢતા હતા. પરંતુ વેણુએ જેવી તેની માની વાત કાઢી ત્યાં તેમણે કહ્યું:

'મહેરબાની કરીને તારી માને આ બાબતમાં સંડોવીશ નહીં, મારે માટેની તારી માન્યતા ગમે તેવી હોય તે તું જરૂર કહે. હું સાંભળીશ...તારી માને આમાં લાવીશ નહીં! તારા કરતાં હું તેને વધુ જાણું છું. તું મને જાણે છે તેના કરતાં તારી મા મને વધુ જાણે છે. અમે પચીસ વરસથી દાંપત્ય જીવન ગાળીએ છીએ. છેવટ સુધી અમે ભેગાં જ જીવન ગુજારીશું...તું આગળ કહે!'

'તમે માની સાથે દગો રમી પ્રપંચી જીવન જીવી શકશો! પરંતુ તમે મારી સાથે દગો નહીં રમી...'

'તારી સાથે દગો રમવાની મારે જરૂર નથી.' બોલતાં સુંદરમે સ્મિત કર્યું.

'ફક્ત એ ફોનના બનાવ પરથી જ હું આ નિર્ણય પર આવ્યો નથી... બીજી વખત તમે ફોનમાં વાત કરતા હતા તે વાત મેં સાંભળી છે...તે પછી રાતે નવ પછી કાર લઈને તમે ગયા હતા...તમને બંનેને થિયેટરમાં જોયાં હતાં. ફક્ત આ બનાવ પરથી જ કોઈને શંકાની નજરે કાંઈ જોવાય?...

તેથી જ તમારા ઓરડામાં દાખલ થઈ તમારા મેજનું ખાનું, કબાટ, બધું જ મેં તપાસી જોયું છે...તમારા પ્રેમપત્રો એક ફાઇલમાં હતા...તેમાંનો આ એક પત્ર છે!' ગુસ્સાથી ખીસામાંથી એક પત્ર કાઢીને વેણુએ તેમના પર નાખ્યો.

પછી તેણે બીજી તરફ ફરીને આંસુ સાર્યાં. તેનું ગળું રૂંધાઈ ગયું.

દરિયાકિનારાના રસ્તા પર ભૂરા દીવા થવા શરૂ થયા હતા. રેતીના મેદાનમાં લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં...એક નાનું ટોળું તેમની તરફ આવતું હતું. તે ટોળું તેમની પાસેથી પસાર થઈ જાય ત્યાં સુધી તેઓ ચુપકીદીથી બેસી રહ્યા. ટોળું તેમની પાસેથી પસાર થઈ ગયું તે પછી વેણુએ બોલવું શરૂ કર્યું:

'તમે મારા જન્મદાતા બાપ છો. મારે તમને આ બધું કહેવું પડે છે તે માટે મને દુ:ખ થાય છે...તમારે તમારી ભૂલો સુધારવી જોઈએ તે માટે જ કહું છું...'

પછી આગળ શું બોલવું તે ન સમજાવાથી વેણુ ચૂપ રહ્યો. સુંદરમે ચૂપચાપ એક નિ:શ્વાસ નાખી આકાશ તરફ જોયું...તેની સાથે આ અંગે શું બોલવું તેના કરતાં શું ન બોલવું તેનો તેમને ખ્યાલ હતો.

વેણુએ એકાએક તેમની તરફ જોઈને પૂછ્યું,

'દાદા કહે છે: તમે મા સાથે પ્રેમલગ્ન કર્યાં છે...આ પ્રેમના બધા વ્યવહારનું છેવટે પરિણામ આ જ આવ્યું?' ટોણો મારતો હોય તેમ વેણુએ વ્યંગમાં પૂછ્યું અને તેમના તરફ જોયું.

સુંદરમે સિગારેટના ધુમાડા કાઢતાં સહેજ માથું નીચું કરી વિચાર કર્યો. એક નિ:શ્વાસ સાથે તેમણે મોં ઊંચું કરી વેણુ તરફ જોયું. 'ઉંમર એ એક વસ્તુ છે અને અનુભવ એ બીજી વસ્તુ છે. અને એમાંથી મળેલી પરિપક્વતા એ પણ જુદી વસ્તુ છે.' એમ તેમને લાગવાથી તેઓ તેને જે વાત સમજાવવા માગતા હતા તે વાત ન કરતાં બીજી વાત કરી.

'ઠીક, આમાં તને દુ:ખ થાય તેવી કઈ વાત છે?'

તેમની આ વાત સાંભળીને એક તરફ એને ગુસ્સો આવ્યો અને બીજી તરફ 'આ માણસ કેટલા અધમ થઈ ગયા છે' તેનું દુ:ખ થયું. પરંતુ સહેજ સ્મિત કરી કહ્યું,

'બાપુજી! તમે એક પ્રોફેસર છો. એક ખાનદાન કુટુંબમાં જન્મ થયો છે. ચાર છોકરાંના બાપ છો. આટલી ઉંમરે એક ચારિત્ર્યહીનની જેમ

રખડવાથી તમારા કુટુંબની આબરૂ અને સામાજિક માનમરતબો વેરવિખેર થઈ જશે — આ માટે તમારા ઉંમરલાયક દીકરાને દુઃખ થાય તે શું વાજબી નથી? આ બાબત સાથે તેને કાંઈ લેવાદેવા નથી એમ તમે માનો છો?'

વેણુ બોલતો હતો ત્યારે સુંદરમ દીકરાના મોં સામે જોઈ રહ્યા હતા. તેના મોંની એક બાજુ અજવાળું અને બીજી બાજુ અંધારું છવાયેલું હતું. પરંતુ પોતાના મોં પર એક તરફ છવાયેલું અજવાળું અને બીજી બાજુ છવાયેલું અંધારું તે જોઈ શકે તેમ ન હતો. એ ચારે તરફ નજર ફેરવતો હતો તે તેમના ધ્યાન બહાર રહ્યું નહીં.

'વેણુ...તું ઉંમરલાયક થયો છે એમ કહે છે. તારી આ વાત ખરી છે; પરંતુ તારામાં ઠરેલપણું જણાતું નથી. પહેલાં તો એક બાપ તરીકે મારી અંગત તેમ જ ખાનગી બાબતોની મારે તારી સાથે ચર્ચા કરવાની જરૂર છે એમ મને લાગતું નથી. તું મારી સામાજિક અને કૌટુંબિક આબરૂ વગેરેની ચિંતા કરે છે એમ કહે છે તે ઘણું સારું છે. પરંતુ મારી આબરૂને – પ્રતિષ્ઠાને ધક્કો લાગશે નહીં. તેને બચાવવાની મને તારા કરતાં વધુ પડી છે. તેને આંચ આવે એમ મને લાગે ત્યારે તેનો સામનો કરી તેને બચાવવાની શક્તિ મારામાં છે તે તને કેવી રીતે પુરવાર કરી બતાવું? અને હું શા માટે પુરવાર કરું?...'

તેમનો અવાજ મક્કમ અને દૃઢ હતો. તેઓ જરા પણ ખચકાટ, ગુનાની લાગણી કે દ્વેષભાવ વગર જે રીતે પોતાની સાથે વાત કરતા હતા તેથી પોતે ભૂલ તો કરતો નથીને એવો સહજ ડર તેના હૃદયમાં ઉદ્ભવ્યો. સાથે સાથે આ ઉંમરે એક સ્ત્રી સાથે સંબંધ હોવા છતાં આટલી હલકટતાથી કેવું વાક્ચાતુર્ય બતાવે છે. આ વિચાર આવતાંની સાથે તે ગુસ્સે થયો.

'મારે શા માટે પુરવાર કરવું જોઈએ એમ કહો છો?...હું તમારી પત્નીનો દીકરો છું. તમે મારી માનો દ્રોહ કર્યો છે.' વેણુએ દાંત પીસીને અંગ્રેજીમાં કહ્યું.

'હં...તેણે મારે અંગે તારી પાસે રાવ નાખી છે, એમ?' સુંદરમે શાંતિથી પૂછ્યું.

'ના...'

'તો પછી તું અમારા દાંપત્ય જીવનમાં આટલી હદ સુધી શા માટે માથું મારે છે?.'

'હું તમારો દીકરો છું!...આ મારી ફરજ છે.'

'ના, આ તારી ફરજ નથી! આમાં માથું મારવાનો દીકરાને અધિકાર નથી, સમજ્યોને દીકરા!'

વેણુએ હોઠ પીસ્યા. એને રડવું આવ્યું...તેમને ફાવે તેમ ઠપકો આપી તેમની સાથેનો સંબંધ તોડી નાખી, તેમને ફરી જોવાનો પ્રસંગ ન આવે તે સારુ દૂર જતા રહેવાનો તેને વિચાર આવ્યો.

વેણુના ફફડાટ અને તેના મનની મથામણને જોઈને સુંદરમને દુઃખ થયું. પોતાને કાંઈ લેવાદેવા ન હોય તેમ જ પોતે સહન ન કરી શકે તેવી બાબતો બદલ મનમાં દુઃખ લગાડે છે તેનું કારણ તેનું નિર્મળ, કુમળું હૃદય છે એમ વિચારીને તેમણે દયાની લાગણી સાથે તેનો હાથ પકડ્યો.

'વેણુ...'

એક નાના બાળકની જેમ વેણુએ ગુસ્સામાં તેમનો હાથ તરછોડી નાખ્યો. એને રડવું આવી ગયું. રડવું અટકાવીને દયામણા સાદે તેણે કહ્યું,

'બાપુજી...મને આ બાબત ખૂબ આઘાતજનક લાગે છે. તમારે...શા માટે...આવી રીતે વર્તવું જોઈએ...'

સુંદરમે મનમાં સ્મિત કર્યું.

'મારા દીકરા! ઉંમરલાયક દીકરાથી આવું પુછાય? તારી શુભ લાગણી હું સમજું છું. તને મારી ભૂલ જણાતી હોય તો તે મનમાં દાબી રાખજે. સમય જતાં શું સારું છે, શું ખોટું છે અને કેટલી હદ સુધી સારું કે ખરાબ છે, તેની તને ધીરે ધીરે ખબર પડશે. તેં જે કાંઈ પ્રયત્નો કર્યા છે તે બધા માટે તારા પ્રેમાળ બાપ તરીકે હું તને માફ કરું છું. તું વિચાર કરી જો...બાપની અંગત વાતો જાણવા માટે, તેમની ખાનગી બાબતોની તપાસ કરવા માટે એક દીકરો ચોરી-ચુપકીદીથી તેમના અંગત ઓરડામાં દાખલ થાય તે ઘણું જ ખરાબ નથી?...હું તારો દીકરો હોત તો આવું કરવા માટે જિંદગીભર હું શરમાત...'

સુંદરમે તેને માફી આપી અને તેણે કરેલા ગુના બદલ તેણે શરમાવું જોઈએ એવું જે કહ્યું તે વેણુ સમજી શક્યો નહીં. વળી ભવિષ્યમાં આ વાત કરીને તેમને સુધારવા કે તેમની પાસે તેમની ભૂલ કબૂલ કરાવવી તે તેની શક્તિની બહારની વાત છે એમ તેને લાગ્યું.

'મા !'

તેમનાં સંતાનોમાંથી રમણી અમ્માને મા અને સુંદરમને બાપુજી કહીને જો કોઈ બોલાવતું હોય તો તે એક વેણુ જ હતો. બાકીનાં બધાં તેમને 'મમ્મી' અને 'ડેડી' કહીને બોલાવતા હતા.

ઉપલા માળના વરંડામાં આવીને વેણુએ માને બૂમ પાડી ત્યારે રમણી અમ્મા આરામથી ઇઝીચેરમાં બેસીને 'જૂલિયન હકસલી'ના પુસ્તકનું પાનું ઉથલાવી રસપૂર્વક એક ફકરો વાંચતાં હતાં.

વેણુએ તે પુસ્તકના પૂંઠા પર ધ્યાનથી જોઈને મનમાં વાચ્યું:

'જ્ઞાન, નીતિ અને નસીબ !'

'મા, તું વાંચે છે તેમાં ખલેલ પાડવા તો હું આવ્યો નથીને ?'

'છી...છી...!' આ તો ઔપચારિકતા કહેવાય ! આવ...અહીં બેસ...' સ્નેહનીતરતા ભાવે રમણી અમ્માએ કહ્યું.

વેણુ વરંડામાં પડેલી એક ખુરશી ખેંચી લાવીને બેઠો. કેવી રીતે વાત શરૂ કરવી તે તેને સમજાયું નહીં. રમણી અમ્માએ વાત્સલ્યપૂર્વક તેના તરફ જોયું. પોતાનો દીકરો આટલો મોટો છે, તેની જાણે અત્યારે એકાએક ખબર પડી હોય તેમ નવાઈ પામતી સાનંદ તેને જોઈ રહી. વેણુ આંગળીનો નખ કરડતો, નીચું માથું કરીને કંઈક વિચારતો હતો.

આટલા દિવસ પછી તેના મનમાં ખટકી રહેલી કોઈ એક અંગત વાત અંગે ઉદ્ભવેલી સમસ્યા વિશે ચર્ચા કરવા અને તે માટે સલાહ લેવા વેણુ આવ્યો છે તે વિચાર આવતાં રમણી અમ્મા આનંદિત થઈ અને તે માટે પોતાની તૈયારી બતાવી....

તેમ છતાં તેને વાત કરતાં ખચકાતો જોઈને રમણી અમ્માએ વાત શરૂ કરી,

'કેમ વેણુ...અહીં તને ખૂબ કંટાળો આવે છે ?'

'હં...' માથું ઊંચું કરી વેણુએ કહ્યું, 'કંટાળો આવે છે એવું નથી... મને અહીં ગમતું નથી. ગમે તેમ પણ હું અહીં પરાયો જ છું ને ? તમારું અતિ સભ્યતાવાળું આ આધુનિક જીવન જીવવાની રીત મને માફક આવતી નથી...' બોલી ફરી માથું નીચું કરી એ હથેળીમાં આંગળી વડે ચિત્ર દોરવા લાગ્યો.

'તારી મૂંઝવણ શી છે તે હું બરાબર સમજી શકતી નથી. આટલાં વરસો સુધી અમે જે રીતે જીવન જીવ્યાં છીએ તે જ રીતે અત્યારે પણ જીવીએ છીએ એમ હું માનું છું. નવી સભ્યતાવાળું જીવન કાંઈ હમણાં જ નવું નવું આવ્યું છે તેમ મને લાગતું નથી...તારા મનમાં શું છે તે સ્પષ્ટ કહે તો જ મને સમજ પડે ને...'

રમણી અમ્માએ આમ કહ્યું તો ખરું, પરંતુ તે સાથે એના મનમાં વિચાર આવ્યો. એના મનમાં કશુંક છુપાવીને આમ મૂંઝાતો હશે? અને આ વાત કઈ છે તે સમજવા માટે તે પ્રયત્ન કરવા લાગ્યાં.

'હું અહીં શા માટે આવ્યો છું...જાણે હું કોઈ પરાયા ઘરમાં રહેતો હોઉં એવું મને લાગે છે. તમારો સંબંધ અને સ્નેહ જાણે બાહ્ય આડંબર છે. તમે બનાવટી જીવન જીવી રહ્યાં છો, એવું મને લાગે છે. હું પાછો દાદાને ત્યાં જતો રહું એમ મને થાય છે...'

વેણુએ અટકી અટકીને સ્પષ્ટ કહેલી આ વાત રમણી અમ્માએ ખૂબ શાંતિથી સાંભળી.

પછી બંને જણ થોડો સમય શાંત રહ્યાં. તે વખતે બપોરનો સમય હતો. ઘરમાં શાંતિ હતી. નીચે રસોડામાં રસોઇયણ ઊંઘી ગઈ હતી. ઘરમાં અને બહાર રસ્તા પર નીરવતા હતી.

'વેણુ...એકાએક આ પ્રશ્ન પૂછવાનું કાંઈ કારણ...? દાદાના ઘરની રહેણીકરણી અને અમારા ઘરની રહેણીકરણીમાં ઘણો તફાવત છે તે હું સમજું છું. ખરેખર તને આ જીવનનો કંટાળો આવે છે તેનું કારણ તારી આ ઉંમર જ છે...પરંતુ આ જ તારું ઘર છે. તને તારી રીતે જીવતાં અહીં કોણ રોકે છે? એકની સ્વતંત્રતામાં બીજો માથું મારે કે વચ્ચે આડો આવે કે હેરાન કરે એવું અહીં આપણે ત્યાં બનતું નથી...તને યાદ છે? તારાં દાદાદાદી અહીં આવીને પાછાં ગયાં ત્યારે તેમની સાથે જવા માટે તેં હઠ પકડી હતી. તને સાથે લઈ જવાની તેમની ઇચ્છા પણ હતી. અમારો મોકલવાનો વિચાર ન હતો; પરંતુ તારી જવાની ઇચ્છા હતી માટે જ મેં તને મોકલ્યો હતો. આ ઘરમાં આટલી હદ સુધી બાળકોની ઇચ્છાને માન આપવામાં આવે છે. તને અહીં તારી ઇચ્છા હોય ત્યાં સુધી રહેવામાં શો વાંધો છે?...હં, બોલ વેણુ?'

રમણી અમ્માએ વેણુના મોં તરફ જોયું. વેણુએ પણ તેના તરફ શૂન્ય ભાવે જોયું.

'તારે ગામ પાછા જવાનું બીજું કોઈ કારણ છે એમ મને લાગે છે... કેમ બરાબર ને?' મૃદુ હાસ્ય સાથે રમણી અમ્માએ પૂછ્યું.

'હા...બીજું કારણ છે...' મનમાં ખટકી રહેલી બાપુજીની સાચી વાતો કયા શબ્દોમાં વ્યક્ત કરવી તે ન સમજાવાથી વેણુ મૂંઝાયો.

'વેણુ! તું કેવી કેવી વાતો કરે છે! બાહ્ય જીવન અને બનાવટી જીવન એવું કંઈક તેં કહ્યું હતું તે શું છે? એવી તે કઈ બાબત હતી કે જેથી તું અમારાં આ જીવન માટે ઉતાવળે આ નિર્ણય પર આવ્યો...તું કોને બાહ્ય જીવન કહે છે? દરેકના જીવનમાં કોઈ એક બાબત અમુક હદ સુધી બાહ્ય જીવન જેવી હોય છે. તું કઈ બાબત વિશે કહે છે? તારી લાગણી અતિશય દુભાવાથી જ તારા મોંમાંથી આવા શબ્દો નીકળ્યા છે એમ મને લાગે છે. જે બન્યું હોય તે કહે...'

વેણુએ શર્ટના ખીસામાંથી રૂમાલ કાઢ્યો. તેણે મોં અને આંખો ઘસીને લૂછ્યાં. તેનું મોં રાતુંચોળ થઈ ગયું હતું. મૂંઝવણભર્યા ભાવ તેના ચહેરા પર હતા.

'મા...મને બાપુજીનું વર્તન ગમતું નથી...' વેણુએ આકાશ તરફ શૂન્ય-ભાવે નજર કરીને કહ્યું. રમણી અમ્માએ જવાબ આપ્યો નહીં. વેણુએ હિંમતથી મોં ફેરવીને જોયા વગર આગળ વાત કરી,

'તમને અને બાપુજીને મનદુ:ખ થાય, મારે લીધે તમારા કુટુંબની શાંતિનો નાશ થાય તેવા વિચારથી હું આટલા દિવસ સુધી મૂંઝવણમાં રહ્યો. પરંતુ બરબાદ થતા એક કુટુંબમાં શાંતિ પણ કેટલા દિવસ ટકી શકે?...મા, બાપુજી તમારો દ્રોહ કરે છે. આ વાતની મને જાણ થઈ હોવા છતાં જો આ વાત હું તમારાથી છુપાવું તો મેં તમારો દ્રોહ કર્યો કહેવાય. આ કુટુંબની બેઇજ્જતી થાય તે મારાથી સહન થઈ શકતું નથી....હું તેમને સુધારી નહીં શકું...જો તમારાથી બની શકે તો સુધારજો. આ તમારી બાબત છે...હું જાઉં છું.' વેણુ એકદમ ઝડપથી બોલી ગયો. પછી માના મોં તરફ જોવાની તેનામાં હિંમત ન હોવાથી તે દોડી જવા આતુર થઈ ગયો.

મા રડશે, ગુસ્સામાં આવીને મા મારી પાસેથી ગમે તે રીતે તેમના અંગેની વાત કઢાવશે અને આવેશમાં બેવફા પતિને ગાળો ભાંડશે, એક આબરૂને ખાતર પોતે કેટલાય સમય સુધી મનમાં દાબી રાખેલી પોતાના પતિની વાત પોતાના દીકરા સુધી પહોંચી ગઈ તે વિચાર અને અપમાનથી

છોભીલી પડી જશે તેવી બીકથી વેણુ એક ગુનેગારની જેમ તેનાથી બચવા માટે દોડી જવા માગતો હતો.

'વેણુ!' શાંતિથી લાગણીભર્યા ભાવથી મા બોલી.

વેણુએ માના મોં તરફ જોયું. જે ભાવ તે માના ચહેરા પર જોવાની આશા રાખતો હતો તે ભાવ ચહેરા પર જણાતો ન હતો. માએ વાત્સલ્યપૂર્ણ હાસ્ય કરતાં કહ્યું, 'બેસ.'

ખુરશી પરથી ઊભો થયેલો વેણુ ફરીથી બેસી ગયો.

'તું તારી કોઈ વાત કરવા આવ્યો છે એમ હું સમજતી હતી. પણ તું તો તારા બાપુજી અંગે વાત કરવા આવ્યો છે!...ખૂબ શરમજનક કહેવાય!' એ ભારપૂર્વક હસી.

'એટલે તમને આ બધી વાતની પહેલેથી ખબર છે?' જાણે બબડતો હોય તેમ વેણુએ પૂછ્યું.

'હું આ અંગે જાણવા ઇચ્છતી નહોતી, વેણુ...' જાણે ઊંડા વિચારમાં હોય તેમ રમણી અમ્માએ કહ્યું.

તેમણે આગળ બોલવાનું ચાલુ રાખતાં કહ્યું,

'સાંભળ, તેઓ તારા બાપુજી છે એ વાત જેટલી સત્ય છે તેટલી જ સત્ય વાત એ મારા પતિ છે તે છે, તેટલી જ સત્ય વાત એ પ્રોફેસર છે તે છે. એ એક મોટા વિદ્વાન છે, સમાજમાં સારો મોભો ધરાવે છે...બરાબર કે નહીં?'

વેણુએ કાંઈ જવાબ આપ્યો નહીં.

રમણી અમ્માએ કહ્યું, 'તારે તારા બાપુજીની આ બધી બાબતો માટે ગૌરવ લેવું જોઈએ. તેને બદલે તું જે વાત પૂરેપૂરી જાણતો નથી તેવી તેમની અંગત બાબતોમાંથી ગમે તે એકાદ શોધી કાઢી દુ:ખી થાય છે અને આઘાત સહન કરે છે તે શું તને બરાબર લાગે છે?'

વેણુ એકદમ ઊકળી જઈને બોલ્યો, 'પૂરેપૂરી જાણ્યા પછી જ વાત કરું છું....મારી પાસે સાબિતીઓ છે. હું સાબિત કરી શકું તેમ છું. તેમના પરનો ફોન... તેમણે કરેલી વાતો મેં મારા સગા કાને સાંભળી છે...તે દિવસે રાતે તેઓ થિયેટરમાં ગયા તે મેં મારી સગી આંખે જોયું છે...તેમના ઓરડાના ખાનામાં તેમના પર આવેલા પ્રેમપત્રોની ફાઇલ છે... તેમના મોં પર મેં તે ફેંક્યો ત્યારે તેઓ ના પાડી શક્યા નહીં. મા! તેઓ સહેજ પણ વિરોધ કરી શક્યા નહીં.'

'અરે એ તારે માટે શરમજનક વાત છે. તારી પાસે સાબિતીઓ છે એમ ને! મોટી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓને બદનામ કરવાનો ધંધો થોડાક પીળાં છાપાંવાળાઓ લઈ બેઠા છે. તેમની પાસે પણ બધી સાબિતીઓ હશે. છતાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમની પરવા કરે છે? એક વ્યક્તિની પ્રતિષ્ઠા, માનમરતબો વગેરે બાબતોને ન જોતાં ફક્ત તેની આંતરિક નિર્બળતાની જ વાત કરવી તે સમાજને માટે હિતાવહ નથી. તેથી આપણે પીળી પત્રિકાઓ પ્રત્યે અણગમો બતાવીને તેને સહેજ પણ મહત્ત્વ આપ્યા વગર એક બાજુએ રહેવા દઈએ છીએ... તેઓ જે કરે છે અને તેં આ જે કાંઈ કર્યું છે તેમાં શો ફેર છે? તારી પાસે પણ તેઓની જેમ સાબિતીઓ છે એમ ને...વેણુ ...મને તારો વિચાર કરતાં ખૂબ દુઃખ થાય છે...શરમ...આ તારે માટે શરમજનક છે!' રમણી અમ્માએ કાન આડે હાથ દીધા.

'તું સાચે જ આ બધું કરી રહ્યો છે?...વેણુ! આટલી ઊંચી વ્યક્તિ સાથે તેં કેટલો નીચ વ્યવહાર કર્યો છે!' એટલું બોલતાં જાણે તેમનું મન વ્યથા અનુભવતું હોય તેમ તે રડવા જેવાં થઈ ગયાં.

આ તે કેવી સ્ત્રી છે? આ તે કેવી પત્ની છે? સમજ ન પડવાથી વેણુ મનમાં મૂંઝાયો.

માના મનની હાલત જોઈને વેણુએ માના મનનું સમાધાન કરવા ખાતર કહ્યું, 'મા, મને મારી ભૂલ લાગતી હોવા છતાં પણ તમારા અને આ કુટુંબના ભલા માટે જ મેં તેમની સાથે આવો વર્તાવ કર્યો છે.'

'વેણુ, મને ખૂબ દુઃખ થાય છે. મને તેમનો વિચાર કરીને દુઃખ થતું નથી...તારે આવું કરવું જોઈએ? એક બાપ સાથે દીકરો...અરે! આની તો હું કલ્પના જ કરી શકતી નથી, વેણુ!'

'તેઓ તમારો દ્રોહ કરે છે તે જણાતાં...'

'તે મારો સવાલ છે!' રમણી અમ્માએ તેને રોકતાં મોટા અવાજે કહ્યું, 'આ મારે જોવાનું છે!...તને અમારા દાંપત્ય જીવનની અંગત બાબતોમાં માથું મારવાનો શો હક છે?' આવેશથી તેનું શરીર ધ્રૂજી ઊઠ્યું.

'હું કહું છું તે સાંભળ. અમે પચીસ વરસથી શાંતિથી રહીએ છીએ. છેવટની ઘડી સુધી અમે આમ જ રહીશું...તે શાંતિ કે તે આનંદનો નાશ થાય તેવું કોઈ કામ હું કરવા માગતી નથી. મને થોડીઘણી માહિતી મળી છે...તેથી શું? મારા કરતાં વધુ સારો સાથી તેમને બીજો કોઈ હોઈ શકે

નહીં...તું કહે છે તે અંગે મને મનમાં ખૂબ ઊંડું દુઃખ છે' – આ વાત કહેતાંની સાથે જ રમણી અમ્માએ તેમના મનમાં પથ્થરના જેવું દબાવી રાખેલું ભારે વજનદાર દુઃખ પીગળીને આંસુ વાટે બહાર આવ્યું. ચશ્માં કાઢી આંસુ લૂછવા એક મિનિટ માટે તે ઊભાં થયાં અને વરંડામાં જઈ પોતાનું મન મક્કમ કરી તે પાછાં આવી દીકરા સામે બેઠાં.

'વેણુ! તું ધારે છે તેવું જીવન સરળ નથી... એ તો ખૂબ આંટીઘૂંટીવાળું અને મૂંઝવણભરેલું છે. તે આંટીઘૂંટી અને મૂંઝવણની વચ્ચે શાંતિ અને આનંદમાં કેવી રીતે રહેવું તે જીવન જીવવાની એક કલા છે. શાંતિ અને સહનશીલતા જો ન હોય તો પ્રેમ જેવી કોઈ વસ્તુ સાંપડી શકે નહીં. તારી જેમ હું વર્તી હોત તો આ ઘરની શાંતિ અને તેમની પ્રતિષ્ઠાનો નાશ થવાનું હું નિમિત્ત બની હોત... મારા સ્વાર્થ ખાતર... મારા સ્વાર્થ ખાતર... તેઓ મારા કાબૂમાં રહે તે માટે આ ઘરની શાંતિ, તેમનું ગૌરવ, મારાં બાળકોનું ભાવિ બધું ગુમાવું તેટલી હદ સુધી હું સ્વાર્થી નથી, અણસમજુ નથી...આ બધું હું કહી રહી છું તે પરથી હું કોઈ દુઃખી જીવન જીવી રહી છું એવું તું માનીશ નહીં. મારા મનમાં તે માટે નાનુંસરખું પણ દુઃખ નથી એવું માનીશ નહીં. સંપૂર્ણ આનંદમય જીવન એ શું એટલું સરળ છે?...

'વાત કરવાનો મને હક છે કે નહીં, આ સવાલ ઊભો થતો જ નથી...પણ તેનાથી શો ફાયદો થશે એ વિચાર કરવો જોઈએ નહીં. અત્યારે તેનાથી શું નુકસાન થાય છે તે વિચારું છું...હું તે અંગે કાંઈ જ ન બોલું તેમાં મારી મોટપ છે. વેણુ...હા, એક વ્યક્તિને આપણે માન આપીએ છીએ તેનો અર્થ શો? તેમની અંગત બાબતો જાણવા માટે ઉપરવટ જઈને માથું ન મારવું તે. એક વ્યક્તિ પર પ્રેમ રાખીએ એટલે શું? તેની આંતરિક નબળાઈ જાણવા છતાં તેના બીજા સદ્‌ગુણો, મોટાઈ અને લાયકાતોનો નાશ ન કરીએ. તેનો તેની નબળાઈઓ સાથે જ સ્વીકાર કરીએ....

'અરે! માણસનું મન કેટલું બધું પવિત્ર હોય છે! ઇટ ઇઝ સમથિંગ સેક્રેડ, વેણુ, તેમાં બીજી કોઈ વ્યક્તિ -- પછી ભલેને તે વ્યકિત ગમે તે હોય — ડોકિયું કરે તો તે જંગલીપણું કહેવાય, તિરસ્કારભર્યું કહેવાય.'

'મા... તમે તેમની પત્ની છો!'

'તેથી શું થઈ ગયું? જો હું મારા પત્ની તરીકેના હકનો દુરુપયોગ કરું તો તે હક હું કદાચ ગુમાવી બેસું ને?'

'આ બાબતમાં એ પણ એવા હશે?'

'હશે એમ પૂછ્યું? છે. વેણુ...એક પુરુષ પોતાની પત્નીને કે એક પત્ની પોતાના પતિને શંકાની નજરે જુએ અને તેથી એકબીજાની ખાનગી બાબતોમાં મર્યાદા ઓળંગીને તપાસ કરવાથી કંઈ નથી વળતું. હા, એક કારણ હોઈ શકે અને તે એ કે એ માનતાં હોય કે આમ કરવાનો એમને હક છે!

'પતિ...પત્ની...દીકરો...બાપા આ બધાં એક જાતના સંબંધથી સંકળાયેલાં છે. પરંતુ તે દરેકને અલાયદું ...સ્વતંત્ર...જુદું એકમ જ છે ને? દરેક વ્યક્તિને પોતાનું અંગત જીવન હોય છે. તેનું ગૌરવ જળવાવું જોઈએ ... જેમને આપણે બહુ માન આપતા હોઈએ તેમની ખાનગી બાબતો અંગે ખૂબ સાવચેત રહી તેમનું સ્વમાન જાળવવું જોઈએ...તારા બાપુજીને તું શું સમજી બેઠો છે?... તેં મને પ્રશ્ન કર્યો તે પ્રમાણે હું તેમને પૂછી શકું ખરી? હું તેમ કરવાનો વિચાર પણ કરી શકું તેમ નથી... તેં આ શું કર્યું?

'કાંઈ વાંધો નહીં, તારા બાપુજી ખૂબ ઉદાર મનના છે. એ આ સહન કરી લેશે... તેઓ પોતાની નબળાઈઓ પાર કરી જશે... જરૂર પાર કરી જશે... જરૂર પાર કરી જશે... જીવન ખૂબ અટપટું છે. જીવનને બરાબર સમજી લેવું જોઈએ. તું આ પુસ્તક વાંચજે. તે તને વિચારો અને વિશાળ દૃષ્ટિ આપશે!'

વેણુ મૂંઝવણમાં પડી ગયો. એ ફક્ત તેના દાદા અને દાદીને જ આદર્શ દંપતી સમજતો હતો. આ બધી વાતમાં તેને કાંઈ સમજ પડી નહીં. તેઓ દાદા અને દાદીની જેમ લગ્ન કરીને તેમના જેવું દામ્પત્ય જીવન જીવતાં નથી તેમ તેને લાગ્યું.

થોડાક દિવસ પછી એક સાંજે કૉલેજમાંથી આવીને સુંદરમ કપડાં બદલતા હતા. તે વખતે રમણી અમ્માએ, વેણુ જે બે દિવસ પહેલાં કોઈને કહ્યા-કારવ્યા વગર ઘર છોડીને પાછો જતો રહ્યો હતો તેનો આવેલો પત્ર સુંદરમને આપ્યો.

તે પત્રમાં અગત્યની છેલ્લી લીટીઓ આ પ્રમાણે હતી:

'હું દાદાના પૌત્ર તરીકે રહેવાને લાયક છું. હું અહીં ચાલ્યો આવ્યો છું. તમારા જીવનની રીતની મને ખબર ન હોવાથી મેં ભૂલ કરી હોય તો મને માફ કરજો.

વેણુ'

પત્ર વાંચી રહ્યા પછી તેમણે બંનેએ એકમેકને અર્થસૂચક દૃષ્ટિએ જોયાં...

'જુનવાણી અને રૂઢિચુસ્ત સિત્તેર વરસ ઉપરના જ હોય છે એવું નથી, વીસ વરસના પણ હોઈ શકે. હસતાં હસતાં સુંદરમે કહ્યું.

રમણી અમ્મા થોડી વાર તેમના મોંને નિરાશાના ભાવથી જોઈ રહી... એને ઝળઝળિયાં આવી ગયાં.

રમણી અમ્માએ મનના આ આઘાતને, દુઃખને દામ્પત્ય જીવન તરફ ફેરવી તેમને પ્રશ્ન કર્યો, 'હવે...તમે...તમે...'

સુંદરમે તેના ફફડતા હોઠ પોતાના ગાલ પર ચંપાય તેવી રીતે તેને બાથમાં લીધી.

ત્યાર પછી બનેલી વાત તેમની અંગત વાત હતી.

4. અંધકારની શોધમાં

દસ વરસ પછી શહેરના કોલાહલભર્યા વાતાવરણમાં, થોડી વાર પહેલાં અચાનક ભેટી ગયેલાં પદ્દુ અને રુકકુ હોટલના ફૅમિલી રૂમમાં ગયાં. કૉફી પીવા અને થોડી વાર બેસી દિલ ખોલી વાત કરવા માટે તે જગા અનુકૂળ હતી.

જીવનના બજારમાં બે જણનો મેળાપ થવો એ જેટલી સામાન્ય, સહજ બાબત છે તેટલી જ સામાન્ય બાબત બે જણાં જુદા પડે એ પણ છે...

આ દસ વરસના ગાળામાં બંનેને કેટલાય પ્રકારની અને જાતજાતની બહેનપણીઓ મળી હશે! તેમના જીવનની રહેણીકરણીમાં ઘણો ફેરફાર થયો હશે. વિખૂટા પડેલા મિત્રોની યાદ ધીમે ધીમે ભૂંસાઈ જાય છે અથવા જીવનના અવનવા ફેરફારોથી પરિચય ઓછો પણ થઈ જાય છે. જીવનના બજારમાં કોલાહલભર્યા વાતાવરણમાં આ પહેલાં ન જોયેલા કેટલાય નવા ચહેરાઓ પળે પળે મોજાંની જેમ નજર સમક્ષ આવીને અદૃશ્ય થઈ જાય છે તેમ જ યંત્રવત્ સામે આવતી અથડામણને નિવારવા સામસામે એકબીજાનો મેળાપ થાય છે....

યંત્રની જેમ ગતિ મેળવવાથી માણસ પણ યંત્ર બની શકે ખરો...?

આમ અણધારી થઈ ગયેલી મુલાકાતને નિવારવાના આશયથી, જાણે ન જોઈ હોય તેમ પદ્દુએ તેનું મોં ફેરવી લીધું. એ પળ-અડધી પળ માટે મૂંઝવણમાં પડી ગઈ. પણ તરત તેણે પોતાની જાતને સંભાળી લીધી. આ અણધાર્યા મેળાપથી એ રાજી રાજી થઈ ગઈ. શરૂઆતમાં એ અચકાઈ હતી તે બદલ એને દુઃખ થયું.

પરંતુ પદ્દુને થયેલી આ પ્રક્રિયા અણધારી થયેલી મુલાકાતના આનંદને જ આભારી છે, એમ રુકકુએ માન્યું. આ પળ તે જ સત્ય...

બંનેમાંથી કોઈને બોલવા માટે શબ્દો ન જડયા. બંનેએ સ્નેહભાવથી એકબીજાના હાથ પકડી લીધા.

'પદ્રુ...' 'રુકકુ...' બંનેનાં મોંમાંથી શબ્દો સરી પડ્યા. બંનેનાં વદન પર પ્રસન્નતા છવાઈ ગઈ. તેમના ભેગા થયેલા હાથની પકડ ધીરે ધીરે મજબૂત થવા લાગી.

ભીડમાંથી બહાર આવી એક બાજુએ થોડી વાર ઊભા રહી તેઓએ એકબીજાના ખબરઅંતર પૂછ્યા. બંનેને ખાસ કામ નહોતું, એટલે વાતો કરવાની અનુકૂળતાવાળી જગા શોધતાં તેઓ એક હોટલમાં ગયાં.

હોટલના ફૅમિલી રૂમમાં સામસામે બેઠાં. ઉતાવળ ન હોવાથી બંનેએ નિરાંતે શાંતિથી વાતો કરી. સાથે અરીસામાં દેખાતું પોતાનું પ્રતિબિંબ પણ જોયું.

એકાએક બંને જણાં એકમેકને જોઈને ખડખડાટ હસ્યાં. હાસ્ય પૂરું થયું ત્યારે બંનેના ચહેરા પર અંતરનું દુઃખ વ્યક્ત થયું.

બંનેને રાજી થવા જેવું કાંઈ ન હતું. રુકકુએ સાડલાનો છેડો ખેંચીને ગળું ઢંકાય તેવી રીતે નાખ્યો હતો. તેનું ગળું ખાલી દેખાયું. પદ્રુના ગળામાં સામાન્ય મોતીની માળા હતી, રુકકુના કપાળમાં કોરા કંકુનો ચાંલ્લો હતો, જ્યારે પદ્રુના કપાળમાં ગુંદરિયા કંકુનો ચાંલ્લો હતો. બંનેએ પહેરેલો સાડલો સામાન્ય વાયલનો હતો. પરંતુ બંનેની પહેરવાની રીતમાં કેટલો ફેર છે! રંગ ઊડી ગયેલો વાદળી સાડલો જાણે શરીર ઢાંક્યું હોય તેવી રીતે રુકકુએ પહેર્યો હતો. તેણે કમરે ખોસેલો છેડો કાઢીને તેનાથી ગરદન અને ગળા પર વળેલો પરસેવો લૂછ્યો. પછી તેણે પોતાના હાથમાંનો ગોળ વીંટેલો કાગળ મેજ પર મૂક્યો. માથા પર ફરતા વીજળીના પંખાનો પવન ખાધો. તેનું મોં સફેદ પૂણી જેવું ફિક્કું હતું; તેજ ન હતું.

પદ્રુએ મોં પર પાઉડરના થપેડા કરેલા હોવાથી ત્યાં પરસેવાનાં ટીપાં જામ્યાં હતાં. તેના મોં પર સફેદ ડાઘા જણાતા હતા. તેણે પહેરેલા કાળા સાડલામાં ભરેલાં સફેદ ફૂલો ચમકતાં હતાં. પદ્રુના માથાનો શૃંગાર રુકકુના ચોટલા જેવો શોભતો ન હતો. વાળ વીખરાયેલા જણાય તે રીતે તેણે માથું ઓળ્યું હતું. કાનની બાજુમાં તેણે કાળજીપૂર્વક વાળની લટ કાઢી હતી. નીચા ગળાનો કબજો તેણે પહેર્યો હતો. પેટ અને દૂંટી દેખાય તેવી રીતે તેણે સાડલો પહેર્યો હતો.

આટલો તો બંને જણામાં દેખાતો ફેર હતો.

ગમે તેટલાં થાકેલાં હોવા છતાં સહેજ પણ ન બદલાયો હોય તેવો સુવર્ણ જેવો રંગ, પચીસ વરસની ઉંમર હોય તેવો ચહેરાનો દેખાવ, ફૂલ જેવી આંખો, કાળા ભમ્મર વાળ — બંનેમાં આ સામ્ય હતું.

પટ્ટુની વિશેષતા હતી તેની લાંબી હડપચી, સુંદર પાતળી કાયા ! રુકકુના ગોળ સુંદર અધરો, મોહક હાસ્ય, મૂર્તિ જેવી કંડારેલી કાયા – ઉપરાંત એક યુવાન વિધવા જેવી સાદાઈ– આ જ રુકકુનો શણગાર હતો.

ઘણી ઘણી વાતો કરવાની હોવાથી, કઈ વાત કરવી તેની મૂંઝવણમાં બંને બોલ્યા વગર એકબીજાને માપતાં હોય, એકબીજાની સરખામણી કરતાં હોય તેમ જોઈ રહ્યાં હતાં.

રુકકુએ પ્રેમ ઊભરાઈને વહી જતો હોય એવા ભાવ સાથે વાત શરૂ કરી, 'દાદી...' એ શબ્દ લંબાવીને બોલી ત્યાં તો પટ્ટુ ખભા ઊંચા કરી હોઠ પીસીને બોલી, 'બે વરસ થયાં.'

'તો તું એકલી જ અહીં રહે છે?... તું ક્યારે, કોની સાથે મદ્રાસ આવી?' એકદમ રુકકુએ પૂછ્યું.

'દાદી મરી ગયા પછી ત્યાં ગામમાં મારું કોણ છે?...આપણા વડના ઘરવાળી* મને તેમને ત્યાં લઈ ગઈ અને રાખી...મીઠી મધ જેવી વાતો કરી, પરસેવે રેબઝેબ થઈ જવાય એટલું કામ કરાવવામાં તે હોશિયાર છે. પણ એમાં શું, એમ માની હું ત્યાં રહી...બે ટંક પેટ ભરવા અને કપડાં માટે હું ત્યાં નહોતી રહી...આબરૂભેર કુટુંબ સાથે રહેવું જોઈએ તેથી ત્યાં રહી હતી... પરંતુ તેની પણ પરિસ્થિતિ બદલાઈ ગઈ. મામા કોઈના જામીન થયા. પેલા માણસે દગો દીધો. તેમનું બધું સાફ થઈ ગયું. પછી મામીના કોઈ સગાએ આવીને કહ્યું, "છોકરીને મારી સાથે મોકલો. હું ફિલ્મ કંપનીમાં કામ અપાવીશ." અને સાથે લઈ ગયો. પણ કાંઈ કામ મળ્યું નહીં. હમણાં હું મારી બહેનપણી સાથે એકલી રહું છું.' તેની વાત કરવાની રીત જાણે કોઈના પર રોષ કાઢતી હોય એવી હતી.

પટ્ટુની બોલવાની રીત અને જે રીતે અટકી અટકીને બોલતી હતી તે પરથી તે જૂઠું બોલે છે એવું રુકકુને લાગ્યું.

* તમિળનાડુમાં ગામનાં મોટાં કુટુંબોનો નિર્દેશ તેમના મકાનની સ્થિતિ અનુસાર કરવામાં આવે છે. જેમ કે વચલા ઘરવાળા, ખૂણાવાળા ઘરવાળા વગેરે.

'અત્યારે જે બહેનપણી સાથે રહે છે તે કોણ છે?'

'તને ખબર નહીં પડે.' અને પછી જરા વધુ સ્પષ્ટતા કરતાં પટ્ટુએ કહ્યું, 'તારે જાણવા જેવું નથી.'

'આ દસ વરસમાં હું જાણતી ન હોઉં તેવી સાથે મારા કરતાં વધુ નિકટનાં બહેનપણાં થઈ ગયાં હશે! ઠીક, પણ એથી શું? મારે કંઈ એને વિશે વધુ નથી જાણવું, પણ હું તો રુકકુ વિશે પૂછું છું...મને મળવાથી શું તેને આનંદ નહીં થયો હોય?' આવા વિચાર રુકકુ કરતી હતી...

ત્યાં તો પટ્ટુએ પૂછ્યું, 'તારા બાપુજીની તબિયત કેમ છે?...તેમનાં દવાદારૂ માટે તમે બંને ગામ છોડીને અહીં આવ્યાં છો?'

પોતાની આટલી બધી વાત યાદ રાખીને ખબર પૂછનાર પટ્ટુને પોતે એક ક્ષણ પહેલાં કેવી ધારી હતી તે બદલ રુકકુને દુઃખ થયું, છતાં બીજી ક્ષણે પટ્ટુના વદન પરનો મલકાટ જોઈને રુકકુને લાગ્યું, 'આ છોકરી ક્યાં તો બે વ્યક્તિત્વવાળી છે કે પછી વ્યક્તિત્વ વગરની છે...'

છતાં તેના સવાલના જવાબમાં રુકકુએ કહ્યું, 'હા, એટલે જ...પણ આવ્યાને થોડા દિવસમાં બાપુજી મરી...'

તે વખતે હોટલનો બેરર ફેમિલી રૂમના બારણાની ઉપરથી ડોકિયું કરીને અંદર આવ્યો.

'શું ખાઈશું?...' રુકકુએ પૂછ્યું.

'ફક્ત કૉફી જ...'

'રાખ રાખ...હવે...આટલા દિવસ પછી આપણે મળ્યાં છીએ' – પછી આનંદપૂર્વક હસીને બેરર તરફ જોઈ કહ્યું, 'બે પ્લેટ સ્પેશિયલ મીઠાઈ લાવ.'

રુકકુ નોકરને ઑર્ડર આપતી હતી તે થોડા સમય દરમિયાન પટ્ટુ માથું નીચું કરીને પોતાના વિચારમાં ખોવાઈ ગઈ. બેરરના ગયા પછી પટ્ટુની દુખદ સ્થિતિનો ખ્યાલ ન આવવાથી રુકકુએ તેની સામે શૂન્યભાવે જોયું.

એકાએક પટ્ટુએ ઊંચું જોયું. રુકકુને જોઈને તેણે ફરી બનાવટી હાસ્ય કર્યું. પછી મોં પર એક બનાવટી ભાવ લાવીને પૂછ્યું, 'હં...તું હજી ત્યાં જ...તે સગાને ત્યાં જ રહે છે?'

'હા, તે સગાના ઘરમાં જ રહું છું...પણ જુદી રહું છું.'

'જુદી રહે છે? ત્યારે તો તું કોઈ નોકરી કરે છે એમ ને?' પૂછતાં પટ્ટુએ રુક્કુના હાથની પાસે મેજ ઉપર લાંબો ગોળ વીંટેલો કાગળ લઈને પૂછ્યું, 'જોઈ શકું?'

સહેજ માથું હલાવી રુક્કુએ હા પાડી. પછી પટ્ટુને અંદરથી અને બહારથી માપતી હોય તેમ તાકીને જોઈ રહી.

તે વખતે બેરરે બે પ્લેટ મીઠાઈ લાવીને મૂકી. રુક્કુએ કૉફી અને ફૂલવડીનો ઑર્ડર આપી તેને વિદાય કર્યો. પછી પટ્ટુએ ગોળ વીંટેલા કાગળને ઉઘાડીને જોયો. તિરસ્કારપૂર્વક અને મોં મચકોડીને એણે હાથમાં ખોલેલા લાંબા કાગળ ઉપરથી નજર ખસેડી.

રુક્કુ શાંતિથી હસી.

તે વખતે ત્યાં પગરવ સંભળાવાથી પટ્ટુએ જલદી જલદી તે કાગળ વીંટવા માંડ્યો. ચોરની જેમ પટ્ટુ ગભરાઈને તે અડધા વીંટેલા કાગળને જોતી હતી તે જ વખતે બેરરે આવીને નાસ્તાની પ્લેટો મેજ પર મૂકી અને બહાર નીકળી ગયો.

એ દેખાતો બંધ થતાં અકળાતા અવાજે તે બોલી, 'આ કેટલું બેહૂદું છે?'

તેને જોઈને રુક્કુએ ઉદારતાપૂર્વક હસીને કહ્યું, 'આ બેહૂદું તો તુ અને હું – આખી દુનિયા બેહૂદી જ છે... બરાબર ધ્યાનથી જો... જોઈને ગભરાય છે!...સાફ દિલ — નિર્મળ દૃષ્ટિથી જો...'

પટ્ટુએ ફરી મોં મચકોડી, ભમર ઊંચી કરીને તે ચિત્ર ઉઘાડીને જોયું.

ચિત્રમાં એક નગ્ન સ્ત્રી પગ ઊંચા વાળીને એક તરફ ઝૂકીને બેઠી હતી.

આવું ન જોવાને ટેવાયેલી આંખોને પહેલી વખત તે ચિત્ર મનની મલિનતાને કારણે અઘટિત લાગ્યું હતું. તે જ ચિત્ર અત્યારે ઉદારતાની નજરે જોવાથી — બેસવાની રીત, ડાબી તરફ વાળી લાંબા કરેલા ઢીંચણની પિંડીઓનું નિર્માણ, કમરનો વળાંક, જમણો હાથ જમીન પર ટેકવીને જમણી તરફ ડોક ફેરવીને ખભા ઉપર મોં મૂકીને દબાવેલી હડપચી, પેટ, છાતી અને છાતીના નીચેના ભાગમાં પડેલા સળ અને તેની છાયા — ચિત્રની અપૂર્વતા અને સુંદરતા સિવાયનો બધો દેખાવ સામે બેઠેલી રુક્કુનો જ છે એવું પટ્ટુને લાગ્યું. પટ્ટુએ બે વખત તે ચિત્રની સ્ત્રીના વદનનું રૂપ રુક્કુના વદન સાથે સરખાવી જોયું.

'આ તું જ છે ને!' પદ્દુના મોંમાંથી શબ્દો સરી પડ્યા.

રુકકુએ આનંદ સાથે માથું હલાવ્યું.

'આ દોરનાર પુરુષ છે કે સ્ત્રી?'

રુકકુએ મોં મલકાવ્યું, 'ચીતરનાર એક આર્ટિસ્ટ છે; આટલું કહેવાથી તને સંતોષ નહીં થાય ને?' અને સ્મિત કરતાં કહ્યું, 'પુરુષ જ.'

'આ માટે તને પૈસા આપશે?'

'હં...આપશે. તેં મને નોકરી વિશે પૂછ્યું હતું ને? આ જ નોકરી છે.'

રુકકુ આ કહી રહી હતી ત્યારે પદ્દુ રુકકુને એકીનજરે જોઈ રહી હતી. તેણે પીઠ પાછળના અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોયું. 'પોતાના કરતાં વધુ ગરીબ અને સારા ગુણોવાળી રુકકુ બહાર જતી ત્યારે ગળું અને પીઠ સરખી રીતે ઢાંકીને જતી, તે જ રુકકુ પેટને ખાતર કોઈની આગળ નિર્વસ્ત્ર ઊભા રહે છે!' આ વિચારથી પદ્દુની આંખ ભરાઈ આવી.

'અને... તું શું કરે છે? તારી બહેનપણી શી નોકરી કરે છે તે હું જાણી શકું છું?' રુકકુએ પૂછ્યું.

રુકકુનો આ સવાલ સાંભળીને પદ્દુનું દુઃખ તેના ગળામાં આવીને અટકી ગયું. તે રડવા જેવી થઈ ગઈ.

તેઓ મળ્યાં ત્યારે શરૂઆતમાં રુકકુ પોતાના જેવી નહીં હોય પણ મોભાવાળું — આદરભર્યું જીવન વિતાવતી હશે એવું પદ્દુએ માન્યું હતું. અને તેથી જ પોતે તેની આગળ હલકી પડી ન જાય તે માટે ગુપ્ત વાતોથી તેને અજાણ રાખી હતી. પણ પોતાની જેમ તે પણ બેઇજ્જતભર્યું જીવન વિતાવી રહી છે તે જાણ્યા પછી પદ્દુના મનનો ક્ષોભ ઓછો થઈ ગયો. તેનું મન રુકકુની નજીક આવ્યું. તેઓ બંને વિખૂટાં પડ્યાં ત્યારે તેમની વચ્ચે સારો સંબંધ હતો. અને જ્યારે આટલા લાંબા સમય પછી તેઓ બંને મળ્યાં ત્યારે આવી તુચ્છ મનોદશામાં મળ્યાં, તે બદલ તેના મનમાં ઘૃણાની લાગણી ઉત્પન્ન થઈ. એક આધાર વગરની, પોતાને પણ શરમ ઉપજાવે તેવો ધંધો કરતી બહેનપણી સાથેના જૂના મૈત્રીસંબંધને તાજો કરતાં તેણે ગૌરવ અને હર્ષની લાગણી અનુભવી.

'તોપણ તું કરે છે શું?' રુકકુએ પૂછ્યું.

આ સવાલનો શો જવાબ આપવો તે વિચારતાં પદ્દુએ અપમાનથી નીચું જોયું.

'પટ્ટુ ! દુઃખ થાય છે? તને દુઃખ થાય એવું હું કાંઈ નહીં પૂછું. મારાથી જો થઈ શકે તેમ હોય તો મદદ કરવા માટે મેં પૂછ્યું હતું. મારી સામે જો તો !...'

અને પછી મેજ પર હાથ લાંબો કરીને પટ્ટુની સુંદરતામાં રસ લેતાં રુકકુએ પટ્ટુએ નીચા કરેલા મોંને, તેની લાંબી સુંદર હડપચી પકડીને ઊંચું કર્યું. પટ્ટુની કાજળ આંજેલી, લાલ થઈ ગયેલી આંખોમાં આંસુ ઊભરાયાં અને તેની પાંપણો ભીની થઈ ગઈ.

પટ્ટુ એકદમ મોં ઢાંકીને રડી પડી. રુકકુને તેની આખી પરિસ્થિતિનો બરાબર ખ્યાલ આવી ગયો. મોઢું લૂછીને બેઠા પછી પટ્ટુએ કહ્યું, 'મેં મારા વિશેની જે વાત તને કહી છે તે ખોટી છે. ખરી વાત મેં છુપાવી છે. કોઈ એક કુટુંબ સાથે આવી છું એ ખોટું કહ્યું છે. આપણા ગામના એક જણના વિશ્વાસે સિનેમામાં કામ કરવા માટે હું વડવાળા ઘરની મામીને કહ્યા વગર નાસી આવી છું. તે વિશ્વાસઘાતની સજા મેં આ એક વરસમાં ભોગવી છે. હું શો ધંધો કરીને જીવું છું તે કહેતાં મારી જીભ ઊપડતી નથી. પ્રતિપળે તે જગામાંથી નાસી જવાનું મન થાય છે. પણ સવાલ છે, જવું ક્યાં? કહું છું...હું...નસીબની વાત છે, બહેન, નસીબની...' આગળ બોલી ન શકવાથી પટ્ટુએ નિશ્વાસ નાખ્યો.

રુકકુ કંઈ બોલ્યા વગર કોઈ વિચારમાં પડી ગઈ અને પ્લેટમાંથી ખાવા લાગી. તેણે પટ્ટુને કહ્યું, 'એઈ...ખાને...'

બંનેએ બોલ્યા વગર નાસ્તો કર્યો.

એકાએક રુકકુએ કહ્યું, 'હા...નસીબની જ વાત છે. તેને કોણ શું કરી શકે? નસીબે આપણને ગરીબાઈમાં જન્મ આપી દીધો છે. આપણને અનાથ બનાવી દીધાં છે. એક ટંક ખાવા માટે, એક સારા સાડલા માટે આપણે કોઈ આધાર નથી. નસીબને કારણે એક સ્ત્રી સાદાઈથી રહી શકે; પણ એણે હલકું જીવન જીવવું ન જોઈએ. નસીબને દોષ દઈને ગમે તેમ જીવવું ન જોઈએ. તું નસીબને જ ગરીબાઈનું કારણ માને છે ને? પણ તું હલકું જીવન જીવે છે તેનું કારણ નસીબ નથી; તું પોતે જ છે.'

રુકકુનું આ સ્પષ્ટ મંતવ્ય સાંભળીને પટ્ટુએ હોઠ ચાવતાં નીચું જોયું.

રુકકુનું કથન ચાલુ હતું, 'ગરીબીમાં જ મક્કમતા જોઈએ. મનથી નિર્બળ થવાથી, શરીરમાં રોગનાં જંતુઓ દાખલ થઈ આક્રમણ કરતાં હોય તેમ બધા દુર્ગુણો આપણામાં આવી જશે. ગરીબાઈમાં મન મક્કમ રાખવું જોઈએ. દુઃખ આવી પડવાથી ખોટા રસ્તે જઈને જીવન બગાડવાથી શું આપણું દુઃખ ઓછું થઈ જશે ? આ પ્રમાણે બગડી જવું એ નાલાયકી છે. હું આવું કેમ કહું છું ? આવી પરિસ્થિતિમાં હું પણ...' તે કંઈક બોલવા જતી હતી ત્યાં તો બેરર આવીને ઊભો રહી ગયો.

'હવે કોફી જ ને ?' ફેમિલી રૂમના બારણા પાસે ઊભા રહીને બેરરે પૂછ્યું.

રુકકુએ માથું હલાવી હા પાડી.

તે વખતે પટ્ટુએ વિચાર્યું, 'એક સ્ત્રી સાદાઈથી રહી શકે, પરંતુ તેણે અઘટિત જીવન જીવવું ન જોઈએ, એવી નીતિની વાતો તો રુકકુ કરે છે; પણ તેણે જે કામ અપનાવ્યું છે તેય અઘટિત જ છે ને ?' આ વિચાર આવતાંની સાથે વીંટેલું તે ચિત્ર જરાક ઉઘાડીને પટ્ટુએ તેના પર આછડતી નજર કરી.

તેના હોઠ મલકાયા એ રુકકુએ જોયું.

તે ચિત્રને શૂન્ય નજરે જોતાં પટ્ટુએ ઘૃણિત ભાવ સાથે કહ્યું, 'તું હંમેશાં કોઈ પણ બાબત શાંતિથી વિચારે છે. વળી તું વિનયી અને સંયમી પણ છે. મારી જેમ તડફડ કરનારી તું નથી. પરંતુ આ બધી નીતિ અને મર્યાદાની વાતો કરનારી તારી સ્થિતિ પણ આવી જ થઈ ગઈ છે ને ?'

પટ્ટુએ ગુસ્સા અને દુઃખની લાગણી સાથે માથું ઊંચું કરીને રુકકુ સામે જોયું.

પટ્ટુની અણસમજ માટે દુઃખી થતી હોય અને તેના કથનને નકારતી હોય તેમ રુકકુએ માથું હલાવ્યું.

'હું અઘટિત જીવન જીવું છું એમ તું કહે છે તે બદલ મને દુઃખ થાય છે. શા માટે, જાણે છે ? મેં પણ શરૂઆતમાં આને વિશે તારી જેમ જ માન્યું હતું. કોઈ પણ સામાન્ય માણસ શરૂઆતમાં આવું જ માને...'

ત્યાં બેરર મેજ પર કોફી મૂકીને ચાલ્યો ગયો.

પોતાનો ધંધો હલકો – અઘટિત નથી; પરંતુ મોભાવાળો છે — પોતાની એ નક્કર માન્યતાને પટ્ટુને સારી રીતે સમજાવવાની પોતાનામાં આવડત નથી

એમ રુકકુને લાગ્યું. આ વાત તેને સમજાવવા માટે શબ્દો શોધવા શાંત રુકકુએ ડાબા હાથે થોડી પળ માટે ભમર અને આંખને ઢાંકી દીધાં.

રુકકુ રડે છે એવી આશંકાની લાગણી સાથે પટ્ટુ તેની તરફ જોઈ રહી. પરંતુ થોડી વારમાં રુકકુએ સસ્મિત કહ્યું, 'તેં તારી ખરી હકીકત છુપાવીને મને વાતો કરી હતી, એમ તેં જ કહ્યું ને? તું જૂઠ્ઠું બોલી એવું પણ તેં જ મને કહ્યું ને? પરંતુ મેં તારાથી કાંઈ જ છુપાવ્યું નથી. હું કરું છું તે ધંધાને હું જો હલકો ગણતી હોત તો, આ ચિત્ર જોવાની તને મેં સંમતિ જ આપી ન હોત. આ વ્યક્તિ હું જ છું તે પણ કબૂલ ન કરત. હું આદરભર્યું જીવન જીવું છું, પરંતુ શરૂઆતમાં હું...આ વિશે સાંભળીને મારું આખું શરીર ધ્રૂજી ગયું હતું. હું શરમની મારી કોકડું વળી ગઈ હતી. રડવું જ આવી ગયું હતું' બોલતાં બોલતાં રુકકુનો અવાજ ભરાઈ ગયો અને જીભ થોથવાઈ ગઈ.

થોડી વાર શાંત રહીને કોફી ઠંડી કરી એક ઘૂંટડો ભરી સ્પષ્ટ અવાજે બોલવા લાગી,

'બાપુજીના મર્યા પછી હું પણ તારી જેમ અનાથ થઈ ગઈ. "ગામડે જઈ ઓળખીતાને ત્યાં કામ કરીને તારું પેટ ભર. મદ્રાસમાં તારું શું છે?" એમ પેલા ઘરવાળા મેંણાંટોણાં મારવા લાગ્યા. એ ગામમાં મારું કશું જ નથી તેની મને ત્યારે જ ખબર પડી. તરત જ આઠમા ધોરણથી ભણતર મૂકી દીધું. પોતાની જાતમહેનતથી કમાણી કરીને ન ખાઈ શકનાર એક અનાથ ઉંમરલાયક સ્ત્રીને તેં અપનાવ્યો છે તે એક જ ધંધામાં વખત આવ્યે આખી દુનિયા છૂપી રીતે મદદ કરવા દોડી આવે છે. એક વખત એક પ્રદર્શનમાં એક સ્ટૉલ પર કામ કરવા ગઈ. રોજના બે રૂપિયા પગાર સાંભળી હું રાજી રાજી થઈ ગઈ. મારે ત્યાં કાંઈ ખાસ કામ કરવાનું ન હતું. ત્યાં આવનારાઓના આવશ્યક અને અનાવશ્યક સવાલોના માત્ર હસતે મોંએ જવાબ આપવાના હતા.

'હું જ્યાં કામે ગઈ તે પાઉડર અને સ્નોની કંપની હતી. કામે ચડી તેના બીજે દિવસે સેલ્સ મૅનેજરે મને બોલાવીને કહ્યું, "આપણે સ્નો અને પાઉડરનો ઉપયોગ કરવાનું બીજાઓને કહીએ તે પહેલાં આપણે ઉપયોગ કરવો જોઈએ." તેથી મેં તેનો ઉપયોગ કર્યો. આ જોઈને મારા સગાઓએ મારી ખોટી વાતો કરી. પરિણામે તે મકાનના માલિકને વાત કરીને તેમાં એક રૂમ ભાડે રાખવાનો મેં નિર્ણય કર્યો.

'પ્રદર્શન બે મહિના ચાલ્યું ત્યાં સુધી મારું જીવન મુશ્કેલી વગર નભ્યું. પ્રદર્શન પૂરું થવાના આગલા દિવસે સેલ્સ મૅનેજરે મારી પાસે આવી મારા વિશે લાગણીપૂર્વક પૂછપરછ કરી. ઉંમરે તે મારા બાપુજી જેવડા હોવાથી મેં તેમને મારી નિરાધાર સ્થિતિની વાત કરી. તેમણે એક સરનામું આપી બીજે દિવસે ત્યાં જવાનું કહ્યું. બીજે દિવસે હું ત્યાં ગઈ. હું શું કહું? તું અત્યારે જે કરે છે તે જ ધંધો એ માણસે મને ચીંધ્યો. મેં વિચાર કર્યો, આ જ રસ્તો...આ એક જ રસ્તો...જીવવા માટે બીજો કોઈ રસ્તો જ નથી! ભૂખે મરી જવું કે અનાથ શબ તરીકે મરી જવું બહેતર છે, પણ આ ધંધો મારે કબૂલ નથી, જણાવીને હું આવતી રહી.' કહી પ્યાલામાંની ઠંડી પડી ગયેલી કૉફી રુક્કુ ગટગટાવી ગઈ.

'હું રહું છું તે ઘરના મેડા પર એક ભાઈ રહેતા હતા.' કહેતાં રુક્કુના અવાજમાં ફરક પડયો. તેના ચહેરા પર સંતોષની ઝલક હતી અને આંખો ભરાઈ આવી હતી તે પટ્ટુએ જોયું.

'દુ:ખી અને નિરાધાર સ્થિતિમાં હું ભાંગી પડી હતી ત્યારે મારા સગાઓ મને કટુ શબ્દોથી આઘાત પહોંચાડતા હતા. એ વખતે એ ભાઈ જે નજરે મને જોતા હતા તેમાં એક જાતનો દયાભાવ હતો. એ મને મદદ કરી શકશે અને કરશે, એમ મને લાગ્યું. તે દિવસે સેલ્સ મૅનેજરને મળીને ભાંગેલા મને પાછી ફરતી હતી ત્યારે મેં એમને રસ્તામાં જોયા...મારી માન્યતા સાચી પડી. એ મને મદદ કરવા આગળ આવ્યા. એમણે કહ્યું, "તમે કયાં જઈને આવો છે તેની મને ખબર છે."

'ઓ પ્રભુ! મારે વિશે કોઈ ખોટી રીતે વિચારે તેવો પ્રસંગ બની ગયો છે તે જાણતાં મને રડવું આવી ગયું.

'પરંતુ તેમણે હસીને કહ્યું, "તેમાં કાંઈ ખોટું નથી. તમને ખબર ન હતી તેથી જ તમે ત્યાં ગયાં હતાં. તમને ન ગમવાથી પાછાં આવતાં રહ્યાં છો તે જાણું છું. હવે પછી શું કરવાનાં છો?"

'મારે માટે આટલી બધી જહેમત ઉઠાવીને મારા પર ધ્યાન રાખે છે તે જાણીને "તમે કહેશો તે કરીશ" કહેવાનું મને મન થઈ આવ્યું; પરંતુ હું બોલી શકી નહીં. ચુપચાપ ઊભી રહી.

'તેમણે કહ્યું, "તમને, તમારા મનને અને બુદ્ધિને હું સારી રીતે સમજું છું એમ કહીશ તો તમને આશ્ચર્ય થશે. તમે મને ખોટી રીતે નહીં સમજો તેમ

હું માનું છું. કાલે સવારે મારી સાથે આવશો તો તમને એક સારી જગ્યાએ લઈ જવાની ઇચ્છા છે."

'તેમનું આ કથન સાંભળીને મારા જીવનનું પરોઢ ઊગી રહ્યું હોય તેવો આનંદ થયો.' કહી ફેફસાં ફાટી જાય એટલો દીર્ઘ શ્વાસ રુક્કુએ લીધો. તે વખતે ફરી બેરરે આવીને ડોકિયું કર્યું. રુક્કુએ પૂછ્યું, 'કેમ પટ્ટુ, બીજી કૉફી પીશું?'

'મારે પીવી નથી.' પટ્ટુએ કહ્યું.

'પીવા ખાતર નહીં...હજી પણ થોડો સમય વાતો કરી શકાશે...વળી પહેલી કૉફી ખૂબ ઠંડી પડી ગઈ હતી — એક કૉફી અડધી અડધી પીશું...' અને પછી બેરરને કહ્યું, 'હં...એક કૉફી લાવ.'

'બીજે દિવસે તે મને એમની સાથે લઈ ગયા...ત્યાં સુધી તેઓ એક મોટા આર્ટિસ્ટ છે તે હું જાણતી ન હતી. તે સ્થળ જ પવિત્ર મંદિર જેવું હતું. ચિત્ર, શિલ્પકલા એવું તેં સાંભળ્યું છે ને?...હું ત્યાં જ ગઈ હતી. બહાર વરંડામાં દસ-વીસ વિદ્યાર્થીઓ મીણની મૂર્તિ બનાવતા હતા...અંદર હૉલમાં વર્ગ ચાલતો હતો. એ મને મેડા ઉપર લઈ ગયા. ત્યાં દીવાલ પર ટાંગેલાં ચિત્રો જોઈને હું શરમની મારી કોકડું થઈ ગઈ....

"...આ બધું જુઓ" કહી એ નીચે ચાલ્યા ગયા. તે હૉલમાં બધે ફરીને મેં જોયું...હૉલની વચમાં એક મોટા સ્ટેજ જેવું હતું. ઉપર ચારે બાજુએ લાઇટો હતી. ચારે તરફ ફેરવી શકાય તેવું સ્ટેજ હતું. તેની ફરતે સ્ટેન્ડો અને તેની બાજુમાં સ્ટૂલ ઉપર ચિત્રો દોરવા માટેનાં રંગો, પેન્સિલ, પીંછીઓ વગેરે હતાં. એ બધાં ચિત્રો અત્યારે તેં જોયું તેના કરતાં મોટાં, રંગ પૂરેલાં કે સ્કેચ કરેલાં સ્ત્રીપુરુષોનાં નિર્વસ્ત્ર ચિત્રો હતાં...ત્યારે મને અજુગતું લાગ્યું હતું. પણ એ મારો ભ્રમ હતો, એમ મને અત્યારે લાગે છે. તે વખતે હું કાંઈ સમજતી ન હતી. તે ચિત્રોની નીચે એક બાજુએ 'રુદ્રા' લખેલું હતું. હા, એ જ એમનું નામ હતું...

'થોડી વારમાં જ બે હાથમાં તરતા બરફવાળા કોલ્ડ્રિંકસના પ્યાલા લઈને, મને જોઈને હસતા હસતા એ આવ્યા. હું તેમને ખોટી કે ઘૃણાની નજરે જોઈ શકી નહીં.

'તેમણે મારા હાથમાં એક પ્યાલો મૂક્યો અને પોતાના હાથમાંનો પ્યાલો મોંએ માંડતાં ત્યાંનાં ચિત્રો ધ્યાનથી જોવા લાગ્યા..."અહીં બધી જ તમારા

જેવી આબરૂદાર વ્યક્તિઓ છે.''...મેં જવાબ જ આપ્યો નહીં...તેમણે કહ્યું, ''આ એક મંદિર જેવું છે. અહીં સુંદરતા — સૌંદર્ય જ ભગવાન છે. કુદરતી સૌંદર્ય, સુંદર ગાય, મોર, સાંઢ કે હરણને કપડાં પહેરાવો તો તે કેટલું અજુગતું લાગે તેની કલ્પના કરી જુઓ.''

''માણસની સુંદરતા તેણે પહેરેલાં કપડાંથી...જતી રહી છે!...કપડાંની સુંદરતા અલગ વસ્તુ છે...અહીં તેને માટે એક વર્ગ ચાલે છે. તેમાં ડિઝાઇન, એન્ગ્રેવિંગ બધું શીખવવામાં આવે છે. માણસનું સૌંદર્ય એ કપડાંનું સૌંદર્ય નથી. એથી આગળ વધીને કહું તો કપડાં, ઘરેણાં, દરદાગીના અને શણગાર એ બધાં ભ્રામક છે. સૌંદર્યને બગાડનારનું નામ જ આભાસ. આ હું કહું છું તે પરથી તમારે એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ. આ બધાં નિર્માણો કલાદેવીની આગળ છે...તેઓ આ હૉલની પવિત્રતાથી વેગળાં ન હોવાં જોઈએ અને જવું પણ ન જોઈએ.

''કલાકારનું હૃદય પવિત્ર હોય છે. દુનિયાના હૃદયમાં કપટ, મેલ અને જૂઠાણું ભરેલું હોય છે. આ સૌંદર્યનું તેજ તે આંખો જીરવી નહીં શકે. આવા કપટી મનવાળા સૌંદર્યને ઓળખી શકશે નહીં. અહીં આરાધના માટે જ સૌંદર્યની જરૂર છે — ત્યાં જરૂર હોય તો બધી અયોગ્ય ચીજો અને જરૂર હોય તો બધું જ સુંદર બની જાય છે. સારી રીતે વિચાર કરો. નિર્વસ્ત્ર હોવું એ શું અઘટિત છે? વિચાર કરી જુઓ, તમારા શરીરનું સૌંદર્ય તમે અનુભવ્યું નથી — એકાંતમાં? તે અનુભવમાં તમને કાંઈ અજુગતું લાગ્યું? નહીં ને...તે એકાંત સ્થિતિમાં તમને ભુલાવામાં નાખીને કલાકાર ઐક્ય સાધી લે છે. તે પછી 'હું' 'તું'નો ભેદભાવ રહેતો નથી. નાશવંત અને જૂઠા સૌંદર્યમાંથી સનાતન પ્રતિમાના સૌંદર્યનું સર્જન કરવા માટે જ કલાકાર સૌંદર્યની આરાધના કરે છે. સનાતન લાગતું તમારા આ શરીરનું સૌંદર્ય જૂઠું છે. તમે ભગવાનની સૃષ્ટિ છો — સર્જન છો. પરંતુ ભગવાનથી એક જૂઠાણાની રચના કરી શકાય. તેમાંથી સત્યને વિકસાવનાર હાથ માણસના જ છે. માણસે સર્જેલ કલા જ સત્ય છે...આવી ઉચ્ચ આરાધનામાં તુચ્છ વિચારોને સ્થાન જ નથી. ક્ષુદ્ર વિચારો તેની આગળ કાંઈ વિસાતમાં નથી. આ બધાં અગ્નિમાં પડેલા સૂકા ઘાસ જેવાં છે.

''આ સ્ટેજ પર પગ મૂકતાંની સાથે જ તમે કુદરતના અંશ જેવા બની જાઓ છો. તે વખતે તમારા શરીર પર કપડાંનું આવરણ હોય કે ન હોય તે

મહત્ત્વનું નથી. અહીં સૌંદર્ય જ એક આવરણ છે. તેની ઇચ્છા રાખવી એ કલાકારની ફરજ નથી. અસત્યમાંથી સત્યની રચના કરવી તે જ તેની ફરજ છે. તે વખતે જાતીય ભેદનું અસ્તિત્વ હોતું નથી. તમે એક નિર્દોષ બાળકની જેમ બેસી કે સૂઈ રહ્યાં હશો. બાળક નિર્વસ્ત્ર જ હોય. બાળક એ ભગ્ન નથી. તમારું ચિત્ર દોરનાર કલાકારોમાં કદાચ એકાદ સંપૂર્ણ કલાકાર ન હોય અને તેથી કદાચ ચંચળ મનનો પણ હોય; પણ તેથી શું થયું? દુનિયાના કયા ક્ષેત્રમાં ખોટું થતું નથી? વિકારી મનવાળો બાળકને જોઈને પણ ખોટા વિચારમાં પડી જાય છે. તેમાં બાળકનો દોષ નથી. કોઈ પણ સંજોગોમાં બાળકનો દોષ તો કઢાય જ નહીં. જે કાંઈ ભૂલ છે તે જોનારની છે...."

'— આમ ઘણા કલાકો સુધી ઘણી બાબતો અંગે તેમણે મને સમજ પાડી. હું કાંઈ બોલી નહીં. પરંતુ આવતાંની સાથે જ આ ચિત્રો જોવામાં મને જે સંકોચ થયો હતો તે જતો રહ્યો. તે સૌંદર્ય મને સમજાયું.

'છેવટે તેમણે મને કહ્યું, "આ એક ધંધો નથી...આ એક પ્રકારની ઉચ્ચ કલાસાધના છે. તેથી જ આવા ઉચ્ચ કાર્યમાં તમે જોડાઓ તો સારું એવો મેં વિચાર કર્યો. તેને માટે અમે જે પૈસા આપીએ છીએ તે કલાકારને અપાતું સંમાન છે. તેને માટેની કિંમત કે પગાર નથી. આ સમજીને તમારે એક મૉડલ તરીકે રહેવું હોય તો રહી શકો છો. નહિતર અહીં બીજા કોઈ કામ પર તમને ગોઠવી દઈશ. તમે અત્યારે ના પાડો તોપણ થોડા દિવસ પછી આ કલાને સમજો ત્યારે તેને મદદ કરી શકશો," એમ તેમણે કહ્યું તે ક્ષણે જ એક પણ પળ ગુમાવ્યા સિવાય આ કલાને જો હું મદદરૂપ થઈ શકું તો તેને હું મારું ગૌરવ માનીશ, કહી એક મૉડલ તરીકે રહેવાની મેં સંમતિ આપી.'

— તે વખતે કૉફી આવી. કૉફી મેજ પર મૂકીને બેરરે પહેલાં લાવેલું બિલ સુધારીને મૂક્યું. રુક્કુ જૂના ખ્યાલો વિશે જુસ્સાથી બોલતી હતી, તેથી તેના મોં પર પરસેવો વળ્યો હતો. તેણે કૉફી ઠંડી કરીને અડધી પટ્ટુને પ્યાલામાં આપી અને પોતે વાડકામાં લીધી.

આમાનું કાંઈ પણ ન સમજી હોય તેમ આશ્ચર્યચકિત થઈ પટ્ટુ ઊંડા વિચારમાં બેઠી હતી. તેના મનમાં સંઘરાયેલી સાચી અને પવિત્ર હકીકતો ભારેખમ થવાથી તેણે બોલવાની શક્તિ ગુમાવી દીધી હતી. પોતાની જેમ રુક્કુને પણ હલકી માનીને જે કાંઈ કહ્યું હતું તેનો અને પોતે તેને ગમે

તેવા શબ્દો કહ્યા છતાં પણ પોતાની ઉપર જરા પણ રોષે ન ભરાનાર રુકકુની મોટાઈનો વિચાર કરીને તે આશ્ચર્ય પામી. આ ઉપરાંત તેની પોતાની મુશ્કેલીઓ પણ તેના મનમાં ઘોળાયા કરતી હતી. આને મળ્યા પછી ફરી પાછા તે અંધકારમય ઓરડામાં પાછા જવાના વિચારથી જ એને પોતાના નસીબ પર રડવાનું મન થયું. આ લાગણીઓને દબાવવાથી તેનું મોં લાલચોળ થઈ ગયું, ગળાની નસો ફૂલી ગઈ અને આંખો ભરાઈ આવી.

કૉફી પીતાં પીતાં રુકકુએ કહ્યું, 'કોઈ એક પવિત્ર લાગણીને વશ થઈને મેં હા તો પાડી દીધી, પરંતુ પહેલે દિવસે દસ-પંદર કલાકારોની વચ્ચે સ્ટેજ પર જઈ બત્તી કર્યા પછી કપડાં ઉતારવાનું કહ્યું ત્યારે મારા શરીર પરથી ધ્રુજારી પસાર થઈ ગઈ. દોડીને આવતા રહેવાનું મને મન થયું; પરંતુ તેમ કરી શકી નહીં. પગ જ ઊપડ્યા નહીં...તે વખતે તેમણે કહેલા શબ્દો યાદ આવ્યા,

'...અહીં સુંદરતા જ એક આભૂષણ છે. એક મહાન કાર્ય આગળ હલકા–તુચ્છ વિચારોને સ્થાન જ નથી. હલકા વિચારોનું અહીં કાંઈ પણ મહત્ત્વ નથી. તે દેવતામાં પડેલા સૂકા ઘાસ જેવા છે. અહીં આ સ્ટેજ પર ચડતાંની સાથે જ તમે કુદરતના એક અંશ બની જાઓ છો!' આ શબ્દોનું મનમાં રટણ કરતાંની સાથે જ શરીરમાંથી ધ્રુજારી ઓછી થઈ ગઈ. મને મારા આ કાર્યમાં શરમ કે અપમાન જેવું કાંઈ લાગતું નથી. તેમનું કહેવું સાચું છે. આ હલકો ધંધો નથી. ઉચ્ચ કલાની આરાધના છે.'

રુકકુ બોલતાં બોલતાં જરા અટકી. આગળ શું બોલવું તેનો વિચાર કર્યો.

અત્યાર સુધી ચૂપ રહેલી પટ્ટુ 'ચરર' અવાજ સાથે નવું કપડું ફાડતી હોય તેમ એક વાકય બોલી. એ હાડોહાડ વાગી જાય એવું હતું. 'છેવટે આ બધું પેટને ખાતર જ છે ને? કલા, આ-તે, આમ-તેમ, એવું એવું તું ગમે તે કહે, પરંતુ પેટે જ તને ત્યાં લઈ જઈને નિર્વસ્ત્ર ઊભી રખાવીને? હા...તું તેને મોભાવાળું કહે છે. તે જ કારણોથી હું પણ...' બાકીના શબ્દો પટ્ટુ ગળી ગઈ.

'હા, તું અંધકારમાં ઊભી રહેજે! હું અજવાળામાં ઊભી રહું છું!... અંધકાર અને અજવાળામાં ફેર છે એમ કહું તો બસ છે ને? આ પરથી જ શું તે સંપૂર્ણ વિરોધાભાસી નથી? તેથી જ એક ગૌરવયુક્ત છે, બીજું હલકું છે. તે ઠીક. બધું પેટ ભરવા માટે છે એમ તું સમજી ન લેતી. કલાકાર પેટ ન ભરે અને ધારે તો કલા મારફતે કરોડો રૂપિયા કમાઈ શકે.

પરંતુ એ કલાની ઉપાસના પૈસા માટે કરતો નથી. મને કોઈ આ કામ કરવા માટે દબાણ કરતું નથી. તેમ જ હું કોઈને રાજી રાખવા માટે પણ કરતી નથી. તેમ કરી પણ ન શકાય. કલાના આત્માને જાણવો જોઈએ. ત્યારે જ શક્ય બને.

'આજે પણ હું ત્યાં જ નોકરી કરું છું. હજી પણ મૉડલ તરીકે ઊભા રહેવામાં મને એક પ્રકારનો સંતોષ મળે છે. તે સંતોષ કાયમ રહેશે. કારમાં આવી મૉડલ તરીકે ઊભા રહેનાર મોટા માણસો પણ છે. તારે માટે પેટનો પ્રશ્ન હોય તો કલા તારું પેટ ભરશે; પરંતુ કલાની નીતિ કલાકારનું પેટ ભરતી નથી....'

રુક્કુ બોલી રહી હતી ત્યારે પટ્ટુની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. પટ્ટુએ રુક્કુનો હાથ પકડી લઈ એકદમ નરમ પડી જઈને કહ્યું, 'મને શી ખબર? રુક્કુ, અજાણતાં, ભૂલમાં મેં કાંઈ ખોટું કહ્યું હોય તો મને માફ કરજે.'

રુક્કુએ તેનો હાથ મજબૂત પકડીને દબાયેલા અવાજે હસતાં કહ્યું, 'અરે પગલી! આ તું શું બોલે છે? આ વાત તને બરાબર સારી રીતે સમજાય એટલા માટે આટલા વિસ્તારપૂર્વક મેં તને સમજાવ્યું છે. મને તારી પર ગુસ્સો થોડો જ આવ્યો છે?'

'તેં લગ્નનો વિચાર નથી કર્યો?' પટ્ટુએ વાત ફેરવતાં કહ્યું.

'ના, એવા એકે પુરુષનો હજી મને મેળાપ થયો નથી.' એક પળ વિચાર કરી રુક્કુએ કહ્યું. રુક્કુની વાતો અને તેની સ્થિતિ જોઈને પટ્ટુ મનમાં ખુશી થઈ.

'ઠીક, તું મારી સાથે આવીને રહે. આ નોકરીને તું બરાબર સમજી લે તો કાલે જ હું તને ત્યાં લઈ જઈશ. મંજૂર છે ને?' રુક્કુએ પૂછ્યું.

પતન પામેલી સ્ત્રીની સંમુખ પુરુષની ક્યારેય ઇચ્છા કરી નથી એવી સ્ત્રીત્વની જ્યોત સમી રુક્કુએ ઊભાં થઈને મદદ માટે હાથ લાંબો કરી આપેલા આવકારને પટ્ટુ નકારી શકી નહીં.

પુનિત અને ઊર્ધ્વગામી એવા ચિત્રશિલ્પના કલાધરના મેડા ઉપર આવેલા એ વિશાળ હૉલમાં ડરથી સંકોચાઈને નત મસ્તકે પટ્ટુ આગળ વધી.

ધોળા વાળવાળા, જાડી ફ્રેમનાં ચશ્માંવાળા અને લાંબો ઝભ્ભો પહેરેલા પ્રોફેસર રુદ્રા ઊઠીને આગળ આવ્યા. પદ્દુને સસ્મિત આવકાર આપી હૉલમાં લઈ ગયા.

ત્યાં સ્ટેજની પાછળના પડદાની આડમાં જઈને પહેરેલાં કપડાં કાઢી નાખી લાંબો કુરતો પહેરી લેવો જોઈએ, આ વાત રુક્કુએ તેને સમજાવી હતી.

તે પ્રમાણે પદ્દુ પડદાની પાછળ અદશ્ય થઈ કે તરત બહાર ઘંટ વાગ્યો.

વિદ્યાર્થીઓનો દાદરો ચડવાનો ધડ ધડ અવાજ સંભળાયો.

પડદાની પાછળ ઊભેલી પદ્દુએ માથું ઊંચું કરી દીવાલ પર ટાંગેલાં થોડાંક ચિત્રો જોયાં. તેની આંખમાં ચમક આવી ગઈ. ચિત્રોમાંની આકૃતિઓ જેવી તે સુંદર દેખાતી હોવા છતાં તેમના જેવી સુંદરતા અને લાયકાત પોતાના શરીરમાં નથી એવી લઘુગ્રંથિથી પીડાવાથી તેનું મન દુઃખી થયું. ત્યાં તેને રુક્કુની યાદ આવી ગઈ. તેની પુનિત કાયાનો તેને જે ગર્વ છે તે પોતાને નથી એવી અકારણ ચિંતાથી પદ્દુનું મન દુઃખી થયું.

તે વખતે એમણે પડદાવાળું બારણું ધીમેથી ખખડાવ્યું.

પદ્દુ પોતાનાં વસ્ત્રો કાઢી લાંબો કુરતો પહેરતી હતી ત્યારે સ્ટેજની બાજુની બત્તીઓ પ્રકાશી ઊઠી! પ્રકાશમાં આવરણ મૂકીને પડછાયો અને પ્રકાશ બંને સ્ટેજ પર પડે તેવી રચના કરવામાં આવી હતી.

'અરે! આટલો બધો પ્રકાશ?' આ કહેતાં પદ્દુ હેબતાઈને ઊભી રહી. તેણે આંખ ઝીણી કરીને પડદાની તિરાડમાંથી બહાર નજર કરી. વીસથી વધારે પુરુષો ત્યાં બેઠા હતા.

પદ્દુના શરીરની ધ્રુજારી અને મનનો ડર એકદમ વધી ગયાં. પોતાનાથી આ પ્રમાણે ઊભા નહીં રહેવાય. ઊભા રહેવાની શક્તિ પોતાનામાં નથી તેની તેને ખાતરી થઈ ગઈ. પ્રકાશ ફેંકતી બત્તીઓ ચાલુ કર્યા પછી તેમણે એક વાર ફરી બારણું ખખડાવ્યું.

તે બહાર આવી....

અંદર ગઈ ત્યારે તેણે જે કપડાં પહેર્યાં હતાં તે જ કપડાં ફરીથી પહેરીને નત મસ્તકે બહાર આવી.

'મને માફ કરો, મારાથી...' કોઈને સમજણ ન પડે એવું અસ્પષ્ટ બબડતી તે સડસડાટ વર્ગની બહાર નીકળીને દાદરો ઊતરી ગઈ.

તે વખતે નીચે ઊભેલી રુકકુએ પટ્ટુને જોઈ. રુકકુએ દોડી આવતાં બૂમ પાડી, 'પટ્ટુ...પટ્ટુ...'

'મને માફ કર, રુકકુ!...હું જઈશ...મારાથી ન બન્યું...ખૂબ જ પ્રકાશ છે.' બોલતી પટ્ટુ દોડી ગઈ.

રુકકુએ તેને રોકવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'અરે! ન બને તો કાંઈ નહીં, પણ અત્યારે તું જાય છે ક્યાં?'

'હું જાઉં છું...જેવું મારું નસીબ.' બોલતી પટ્ટુ રુકકુના જવાબની રાહ ન જોતાં કંપાઉન્ડની બહાર નીકળી રસ્તા પર દોડવા લાગી.

તેની પાછળ જવા તૈયાર થયેલી રુકકુની સામે એ – રુદ્ર – આવ્યા.

'પ્લીઝ હેલ્પ...! ત્યાં બધા વિદ્યાર્થીઓ રાહ જોતા બેઠા છે – તમે જ આવો.'

તેમના બોલાવવાથી રુકકુ ઉપર ગઈ.

થોડી વારમાં જ સૌંદર્યના આત્મા સમી, બંને બાજુએથી ફેંકાતા પ્રકાશમાં, કલાના સાંનિધ્યમાં, સુંદરતાનું આવરણ ધારણ કરીને સૌંદર્યના ઉપાસકોની સમક્ષ પોતાની કાયાના સૌંદર્યની જ્યોત ધરીને ઊભી રહી રુકકુ.

તે સમયે અંધકારની શોધમાં અંધારપિછોડી ઓઢીને કોઈના પડખામાં પોતાને છુપાવી દેવા શહેરના એક અંધારિયા ભાગ તરફ દોડી રહી હતી પટ્ટુ...

5. ગુરુપીઠ

એ રસ્તે ચાલતો હતો ત્યારે રસ્તો ગંધાઈ ઊઠતો. એનો દેખાવ પણ ઘૃણા ઊપજે એવો હતો. તેથી એ ભીખ માગવા માટે કે તમાશો જોવા માટે બજારમાં રખડતો હોય ત્યારે લોકો એને નસાડી મૂકતા. એને આમ નસાડી મૂકવો તે પાપ છે એમ માનનારા થોડાક લોકો એને ભીખ આપતા.

એ જેલમાંથી આવ્યો છે એમ થોડાક માણસો કહેતા હતા અને કેટલાક, એ ગાંડાની હૉસ્પિટલમાંથી આવ્યો છે એમ કહેતા હતા.

પરંતુ એને જોનાર બધાં અત્યારે એ રોગિષ્ઠ કે ગાંડો નથી તે જાણી શકતા હતા. અને તે રોગિષ્ઠ કે ગાંડો ન હતો તે વાત પણ સાચી હતી. પરંતુ એ જે સ્થિતિમાં રહેતો હતો તે સ્થિતિ ખરાબ છે તેમ તેને લાગતું ન હોવાથી તેનામાં આળસ અને મંદતા વધી ગયાં હતાં અને તેને લીધે જ તે આમ રખડતો હતો. એને ભૂખ લાગી હોય કે ન લાગી હોય છતાં ખાવાનું તેના હાથમાં હોય કે બીજાના હાથમાં, તોપણ એ ખાવા માટે તેનું મન આતુર બનતું. એની આ આતુરતા તેની આંખોમાં વ્યક્ત થતી હતી. કોઈ છોકરાને એ ખાતો જુએ તોપણ એક કૂતરાની જેમ ઊભો રહી જઈને જોયા કરતો. લોકો કૂતરાને હાંકી કાઢતા હોય તે રીતે એને ભગાડતા. એને ભગાડનાર લોકો એનાથી આઘા જતા કે તરત એ તેમની ખાવાની વસ્તુ એઠી કરીને ભાગી જતો. એ હંમેશાં કાંઈ ને કાંઈ ચાવ્યા જ કરતો. એણે ખાધેલી વસ્તુઓ એની દાઢ અને દાંત પર ચોંટેલી દેખાતી. કોઈને બીડી કે સિગરેટ પીતાં જુએ કે તરત એ તેમના તરફ હાથ લાંબો કરતો. તેઓ બીડી પીને તેનું ઠૂંઠું ફેંકી દે ત્યાં સુધી તે રાહ જોતો. તેમણે ફેંકેલાં ઠૂંઠાં એ વીણી લેતો અને જાણે તેમને અપમાનિત કરતો હોય તેમ આનંદથી પીતો.

અઠવાડિયે ભરાતી બજારમાં આવતી ગામડાની સ્ત્રીઓ બાળકોને ધવડાવતી ત્યારે તેમ જ વાંકી વળીને ઊભી થતી વખતે તેમનાં કપડાં ખસી જતાં એ વખતે એ તેમની તરફ કામાતુર નજરે બેશરમ બનીને જોઈ રહેતો અને આનંદ મેળવતો.

તેનું શરીર સશક્ત અને તંદુરસ્ત હતું. છતાં પોતે રોગિષ્ઠ હોય એવો કાયમ ઢોંગ કરવાની તેને ટેવ પડી ગઈ હતી. એની ઉંમર ચાળીસની અંદર જ હશે. એનું જીવન સખત પરિશ્રમ વગરનું તેમ જ તેને કોઈ ચિંતા ન હોવાથી મંદિરના બળદ જેવું હૃષ્ટપુષ્ટ થઈ ગયું હતું. તેને કુદરતી રીતે મળેલું આરોગ્યપ્રદ અને સશક્ત શરીર જાણે શાપરૂપ હોય તેમ ઉકરડો ફેંદતા ભૂંડની જેમ એ રખડયા કરતો હતો.

એનો નવરાશનો સમય બજાર અને સ્ટેશનની વચ્ચે આવેલા તળાવ પાસેની ધર્મશાળામાં બેઠા બેઠા ત્યાં નહાતી સ્ત્રીઓને બેશરમની જેમ જોઈ રહેવામાં પસાર કરતો હતો. છતાં પોતાને નહાવું જોઈએ એવો વિચાર તેને એક દિવસ પણ આવ્યો ન હતો. બાકીના સમયે તે ઓટલા પર ખૂબ કઢંગી હાલતમાં સૂઈ રહેતો હતો. કોક વખત દિવસના સમયે પણ તે ઊંઘતો હોય એવો ઢોંગ કરી પોતાનાં કપડાં અસ્તવ્યસ્ત રાખતો અને ત્યાંથી પસાર થતા લોકોને છોભીલા પડી જતા જોઈને મનોમન આનંદ મેળવતો.

એ દિવસ પહેલાં ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો ત્યારે રાતે એક ભિખારણ તે ધર્મશાળાના ઓટલા પર આવીને સૂઈ ગઈ હતી. તેણે ભિખારણને ગમે તેમ કરીને લલચાવી ફોસલાવી છેવટે તેના પર બળાત્કાર કર્યો હતો. ત્યાર પછી આનો બદલો લેતી હોય તેમ ભિખારણે તેની ગળી ગયેલી આંગળીઓ બતાવી પોતે એક રોગી છે એમ હસતાં હસતાં જણાવ્યું હતું. પણ તે છતાં એણે ભિખારણ પ્રત્યે ઘૃણાની લાગણી વ્યક્ત નહોતી કરી, ફક્ત બેદરકારી બતાવી હતી. એ જોઈને પેલી સ્ત્રી તેનાથી ડરી ગઈ અને બે દિવસથી આ તરફ ફરકી જ નહીં. એ તો તેની શોધમાં ગઈ આખી રાત સિનેમાની પાસે, દુકાનો પરના રસ્તે, બજાર ભરાતું હતું ત્યાં, ગામની ગલીકૂંચીઓમાં ભાદરવા માસમાં કૂતરો રખડે છે તેમ રખડતો ફર્યો હતો.

માનવ-અવતાર મળ્યા છતાં ઘૃણા ઊપજે એટલી હદ સુધી કામાતુર કૂતરાની જેમ એ ચારે બાજુ ભટકતો ફરે છે. પેટની ભૂખ અને શરીરની ભૂખ

જેવા વિકારની ઉલઝનમાં ફસાઈને, મનને વિકારના દોરમાં છૂટો મૂકી દીધા પછી છેવટે તે ધર્મશાળાના ઓટલા પર આવીને સૂઈ જતો.

સવારનો સમય છે. બજારમાં જતા લોકો અને રેલવેની નજીકના ગામની નિશાળમાં ભણવા જતા વિદ્યાર્થીઓથી રસ્તાઓ ઊભરાય છે. સૂર્યનો તડકો નીકળવા માંડ્યો છે. કમરે વીંટાળેલું ગંદું અને ચીંથરેહાલ ધોતિયું કાઢી નાખીને એણે પગથી તે માથા સુધી ઓઢ્યું છે. ઓઢેલા ધોતિયાની અંદર ગર્ભના પિંડના જેવી હાલતમાં, પોતાનાં ઢીંચણ વાળીને બંને હાથને પગની વચ્ચે મૂકીને એ સૂતો છે. એના મોંમાંથી લાળ દદડે છે અને માખીઓ બણબણે છે. છતાં એ બેશુદ્ધની જેમ સૂઈ રહ્યો છે. તે વખતે ગલીમાં થયેલા શોરબકોરથી તેની ઊંઘમાં ખલેલ પડી. બેઠા થવાની ઇચ્છા ન હોવાથી એ પડ્યો રહ્યો.

આ જ આળસ છે. ઊંઘ શરીરને જરૂરી છે, પરંતુ બિનજરૂરી અને વધુ પડતી ઊંઘ તે આળસ છે. આ પ્રમાદીપણાને સુખ માનવું તે મંદતા છે.

ઝડપથી ઉપર આવતા સૂર્યનાં કિરણો ધીમે ધીમે તેના પર પડ્યાં. તે રસ્તા તરફ પીઠ કરીને દીવાલ તરફ મોં કરીને સૂઈ રહ્યો હતો. ધર્મશાળાની ભીંતનો પડછાયો નાનો થવા લાગ્યો. સૂર્યનાં કિરણો પહેલાં તેની પીઠ અને ઓટલાની ફરસ વચ્ચે પ્રવેશ્યાં. આની ખબર તેના પ્રમાદી શરીરને ધીમે ધીમે પડી. તેના શરીર પર સૂર્યનાં કિરણો પડતાં તે પર્વતના સાપની જેમ સળવળ્યો. એક સૂતરનો તાંતણો ખસે છે તે પ્રમાણે તે ગરમીમાંથી — સૂર્યનાં કિરણોમાંથી બાજુએ ખસીને પડ્યો રહ્યો. થોડા સમય પછી તેને સખત તાપ લાગ્યો. અકળાઈને ઊંઘમાંથી જાગ્યો. હજી પણ થોડો વધુ ખસીને એ ભીંતની અડોઅડ સૂઈ ગયો.

સામેની ચાની હોટલમાં ચાને ઠંડી કરવા માટે એક ગ્લાસમાંથી બીજા ગ્લાસમાં રેડવાનો અવાજ આવ્યો. તે અવાજ પરથી ચા જાણે પોતે પીતો હોય તેવું તેને લાગ્યું.

ફરી તેને વધુ તાપ લાગવા માંડ્યો. પણ હવે ભીંત આડી આવતી હતી. વધુ ખસાય એમ નહોતું. તેની એક તરફ ભીંત અને બીજી તરફ તાપ — એ બંનેની વચ્ચે ગુસ્સે થતો એ ઊઠીને બેઠો થયો. એની આંખો

અજવાળામાં અંજાઈ ગઈ. એક આંખ ઊઘડી શકી નહીં, પીયાને લીધે ચોંટી ગઈ હતી.

એણે એક હાથે આંખ મસળી અને બીજા હાથે માથા તરફ મૂકેલાં બીડીઓનાં ઠૂંઠાંઓમાંથી એક લીધું. બીડી સળગાવીને ધુમાડા કાઢવા માંડયા. તેની અડધી ખૂલેલી આંખની બરાબર સામે કોઈ એકને હાથ જોડીને અદબ-પૂર્વક ઊભેલો તેણે જોયો. ધુમાડો ઓછો થતાં તેણે આંખ ઉઘાડી.

તે કોને પગે લાગતો હશે! પોતાની પાછળ કોઈ ભગવાનની મૂર્તિ હશે કે ભીંત પર કોઈ ચિત્ર દોરેલું હશે એવી શંકાથી એ પાછળ જોઈને સહેજ ખસીને બેઠો. આ ખસવાની ક્રિયા તેણે એવી તો અદાથી કરી કે તેમાં કોઈ સંકેત રહ્યો છે એવું આવનાર વ્યક્તિને લાગ્યું. એ વ્યક્તિ ભાવભરી રોમાંચક લાગણી સાથે ઊભી રહી.

એની ઉંમર વીસની અંદર હશે. એના ચહેરા પર આછી દાઢીમૂછ ફૂટી હતી. ગરદન સુધી લાંબા તેના વાળ હતા. તેજસ્વી આંખો...ઉઘાડું બદન... કમરે વીંટેલો એક કટકો...ભસ્મ ચોળેલા યુવાન ભક્ત જેવો જણાતો હતો.

'એ શા માટે મને નમસ્કાર કરતો ઊભો છે — શું ગાંડો હશે?' વિચારીને મનમાં હસતાં ઓટલા પર બેઠેલા ભિખારીએ કહ્યું :

'કેમ ભાઈ, અહીં આવી નમસ્કાર કરે છે? આ મંદિર નથી — ધર્મશાળા છે. શું તું મને સાધુ સમજી બેઠો છે? હું ભિખારી...'

'હું!...મંદિર જેવું કાંઈ નથી...બધું જ ધર્મશાળા છે! સંન્યાસીઓ પણ કોઈ નથી — બધા ભિખારીઓ જ છે!' રસ્તા પર ઊભેલા માણસે કહ્યું.

'ઠીક, ઠીક! આ ખરેખર ગાંડો છે.' ઓટલા પર બેઠેલાએ વિચાર કર્યો.

રસ્તા પર ઊભેલો જાણે તેને કાંઈક વિનંતી કરતો હોય એવા ભાવપૂર્વક બોલ્યો, 'સ્વામીજી...'

એનું હસવું માતું ન હતું. આવતા હાસ્યને પરાણે રોકીને તેણે સ્મિત કર્યું.

'મને આપના શિષ્ય તરીકે સ્વીકારો. મને તમારી સેવાચાકરી કરવાની તક આપવાની કૃપા કરો.'

ઓટલા પર બેઠેલાને તે શું કહેવા માગે છે તે સમજાયું નહીં. તેણે કહ્યું, 'ઠીક, અત્યારે મારે માટે એક ચા લાવ.'

આ આજ્ઞાથી જાણે પોતાનો શિષ્ય તરીકે સ્વીકાર કરી લીધો છે એમ સમજીને આનંદની લાગણી સાથે આવનાર માણસે પોતાની કમરે વીંટેલ કકડામાં બાંધેલું પરચૂરણ કાઢીને દોટ મૂકી. તેના હાથમાંના પૈસાની ગણતરી કરીને ગુરુએ દોડેલી વ્યક્તિને તાળી પાડી બૂમ મારીને કહ્યું, 'સાથે બીડી પણ લેતો આવજે.'

એ ચાની હોટલમાં ગયો. દેખાતો બંધ થયો. આ મારા શિષ્ય તરીકે મળ્યો છે તે નસીબની બલિહારી છે, એમ વિચારીને ગુરુ ખડખડાટ હસ્યો. 'ઠીક છોકરો મળી ગયો છે. એ જતો ન રહે તેનું મારે ધ્યાન રાખવું પડશે. ઓટલા પરથી ઊતર્યા વગર આનંદથી અહીં રહી શકીશ. ભીખ માટે હવે મારે રખડવાની જરૂર નથી. તે માટે આ શિષ્ય છે જ ને...જે કાંઈ લાવવાનું કહીશ તે તે લાવી આપશે. શક્ય હશે તો કમાણી પણ કરી આપશે... નહિતર ભીખ માગીને લાવશે...મારું નસીબ કેવું તેજ છે...' ગુરુ રાજી થઈ ગયો.

થોડી વારમાં શિષ્ય ચા અને બીડી લઈ આવી જાણે નૈવેદ્ય ધરાવતો હોય તેમ બે હાથ લાંબા કરી ગુરુની સામે ઊભો રહ્યો.

ગુરુ તેને જોઈને ખંધું હસ્યો. તેના હાથમાંની ચા અને બીડી 'જાણે પોતાની હોય અને હવેથી આ વસ્તુની માગણી કરવાની જરૂર નથી' એવી હકની લાગણીથી તેના તરફ પહેલવહેલી વખત નજર કરી. તે લેવાની તેણે જરા પણ ઉતાવળ કરી નહીં. પોતાના શિષ્યને જાણે પોતે રમાડી રહ્યો છે અને પોતે તેની સાથે હોશિયારીપૂર્વક વર્તી રહ્યો હોય તે રીતે અગમચેતી રાખીને ગુરુએ વાત કરી,

'તેં મને આજે જ ઓળખ્યો છે. તું ખરેખર શિષ્ય થવાને લાયક છે. તેં મને રાતે સ્વપ્નામાં જોયો છે. પરંતુ હું તને કેટલાય દિવસથી જોઈ રહ્યો છું. હું તને કેટલાક સવાલ પૂછીશ. આ બધાના તું જવાબ આપજે. તેની મને કાંઈ જ ખબર નથી એમ ન માની લેતો. હું બધું જાણું છું! જાણતા હોઈએ તોપણ કેટલીક બાબતો પૂછીને ખાતરી કરવાની હોય છે.'

આ સાંભળીને, બંને હાથમાં ચા અને બીડી હોવાથી શિષ્ય હાથ જોડી તેને નમન કરી શકે તેમ ન હતો. આથી તેણે નજર અને મોંના ભાવથી નમ્રતા વ્યક્ત કરી.

'તું કોણ છે? કયા ગામનો છે? શું નામ છે? તું ક્યાંથી આવે છે? હું જ ગુરુ છું તે તને કેવી રીતે ખબર પડી?. . . ચા ઠંડી થઈ ગઈ ને? લાવ.' ગુરુએ કહ્યું અને પછી ચા પીતાં પીતાં પોતાના સવાલોનો શો જવાબ શિષ્ય આપે છે તે માથું હલાવતાં સાંભળવા લાગ્યો.

'ગુરુજી. . . હું એક અનાથ છું. પેલું મુરુગનનું* મંદિર છે ને ત્યાં એક મઠ છે. ત્યાં પાણી ભરવાનું કામ કરું છું. મઠમાં રહેતા બ્રાહ્મણો ત્રણ વખત ખાવાનું અને હાથખર્ચી માટે દરરોજના ચાર આના આપે છે. મને જીવન ભારરૂપ લાગે છે. આમ જીવવાનો કાંઈ અર્થ નથી સહન થતું નથી. દુઃખનું મૂળ કારણ આશા — લાલસા છે, એમ બધા કહે છે. પરંતુ મને કોઈ આશા નથી છતાં હું દુઃખી છું. . .આમાંથી કઈ રીતે છુટકારો મળશે તે હું જાણતો નથી. . . . . .કાલ રાતે સ્વપ્નમાં તમે પ્રસન્ન થઈ મને કહ્યું હતું, 'આ ધર્મશાળા જ ગુરુનું સ્થાનક છે. ત્યાં આવજે.' આજ્ઞા કરતાં તમે મને કહ્યું હતું. તમે આ બધું પૂછો છો એટલે કહું છું. તમારાથી કાંઈ અજાણ્યું છે? સવારથી ધર્મશાળામાં રાહ જોઉં છું. મારા સારા નસીબે તમારાં દર્શન થયાં. . .'

'હં. . . હં. . .' કહી મૂછ મરડતાં મરડતાં શિષ્યની વાત સાંભળતાં ખાલી કરેલો કપ ગુરુએ તેની તરફ લંબાવ્યો.

શિષ્ય ખાલી કપ ચાની હોટલે આપવા ગયો. 'ભગવાન ખરેખર આ છોકરાની પરીક્ષા કરી રહ્યા છે.' વિચારી જાણે તેના પર દયા કરતો હોય તેમ ગુરુ હસ્યો. 'હં. . .પણ તેથી મારે શું? મને એક શિષ્ય મળે છે.' અને આ સાથે તેણે એક પ્રકારની તૃપ્તિ અનુભવી.

શિષ્ય પાછો આવ્યા પછી ગુરુએ તેનું નામ પૂછ્યું. એ નામ કહે તે પહેલાં પોતે જાણતો હતો તે બધાં નામો યાદ કરીને ગુરુ એકાએક હસી પડ્યો. એ પોતાનું નામ કહે તે પહેલાં જ જો પોતે તેનું નામ કહી દે તો આ ભજવાતા નાટકમાં શિષ્ય પર ગુરુનો કેટલો બધો પ્રભાવ પડે તે વિચારથી ગુરુ હસ્યો. આ હાસ્યને લીધે શિષ્ય જવાબ આપતાં જરા અટકી ગયો.

એ દરમિયાન ગુરુ બોલ્યો, 'એમાં નામ શું પૂછવું? — પ્રત્યેક માણસ જુદું જુદું નામ બતાવતો હોય છે, તે જાણે છે ને? એક સવાલના કેટલા

* મુરુગન=કાર્તિકેય. શિવના નાના દીકરા.

જવાબ!' એવો ગહન ફિલસૂફી વિચાર કરીને બોલતો હોય તેમ એ બબડ્યો.

'ઠીક, તારું નામ શું છે તે તું કહીશ નહીં. હું ગુરુ છું. તું શિષ્ય છે... મારું નામ ગુરુ. તારું નામ શિષ્ય... તું તારે મને 'ગુરુજી' કહીને બોલાવજે. હું તને 'શિષ્ય' કહીને બોલાવીશ...કેમ બરાબરને?' ગુરુએ કહ્યું, 'નામ માત્ર એક જ છે ને?'

આ વાક્યમાં કાંઈ સમજ્યો હોય તેમ શિષ્યની આંખ ચમકી ઊઠી.

'હું આ બધું શું બોલી રહ્યો છું...' જાણે પોતાની વાત પર જ નવાઈ પામતો હોય તેમ એકાએક ગુરુ હસ્યો.

આવી રહસ્યમય વાતો એમણે કરી!

મઠમાં રહેનારાઓ પાસેથી પોતાને સવારે અને સાંજે મળતું પુળિયોદરૈ* સક્કરૈપોંગલ+ વગેરે ખાવાનું લાવીને તે શિષ્ય ભક્તિ અને આદરભાવ સાથે ગુરુને આપતો. ગુરુએ આવો સ્વાદિષ્ટ અને શુદ્ધ ખોરાક તેમ જ આવો પ્રેમ અને સેવા આખી જિંદગી દરમિયાન ક્યારેય જોયાં ન હતાં.

ખાવાને ખૂબ અધીરો થઈ રહ્યો હતો તેથી અત્યાર સુધી પોતે જે નાટક કરી રહ્યો છે તે ભૂલીને ગુરુએ ઉતાવળે ઉતાવળે ખાવાનું શરૂ કર્યું. શિષ્ય તેને પ્રેમપૂર્વક જોઈ રહ્યો.

આ જોઈને ગુરુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. શિષ્યે ગુરુને પાણી લાવીને આપ્યું.

બીજે દિવસે સવારે તે પ્રમાણે ઓટલા નીચે આવીને રાહ જોતો શિષ્ય ઊભો રહ્યો. ગુરુ માટે ચા અને બીડી લઈ આવ્યો. પછી તેને નદીએ લઈ જઈ તેનાં કપડાં ધોઈ આપ્યાં અને તેને પણ નવડાવવા નદીમાં લઈ ગયો.

બપોર થઈ ત્યાં સુધી — ગુરુને ભૂખ લાગી ત્યાં સુધી — તેઓ નદીમાં અને નહાયા.

'નહાવાનું સુખકર લાગે છે. પરંતુ...નહાવાનો કાંઈ અર્થ ખરો?...જેમ જેમ નહાતા જઈએ છીએ તેમ તેમ શરીર પર મેલ જામતો જાય છે ને? તેનું પણ એમ જ છે. ભૂખ લાગે છે...ખાઈએ છીએ...તે પછી ફરીથી

---

* આમલીનું પાણી ખૂબ ઉકાળી દાળ જેવું બનાવી તેમાં નાખેલા ભાતનું મિશ્રણ.
+ શેરડીનો રસ, ખાંડ કે ગોળના પાણીમાં રાંધેલો ભાત.

ભૂખ લાગે છે. . .નાહીએ છીએ તેમ શરીરે મેલ ચોંટે છે. શરીર પર મેલ જામવા-થી નહાવું પડે છે. જેમ જેમ ભૂખ લાગે છે તેમ તેમ ખાઈએ છીએ... ખાઈએ છીએ તેમ તેમ ભૂખ લાગે છે. આ કેવું વિચિત્ર કહેવાય ?' બોલી ગુરુ હસ્યો. હસતાં હસતાં 'હું આ બધું શું બોલી રહ્યો છું?' એવો વિચાર આવતાં ડરનો માર્યો તે એકાએક બોલતો બંધ થઈ ગયો.

શિષ્ય અદબ વાળીને ગુરુ જે કાંઈ કહે તે સાંભળી રહેતો.

તે દિવસે, તેના બીજા દિવસે, ત્યાર પછી દરરોજ તે પ્રમાણે શિષ્ય સવારે ચા અને બીડી લાવી આપતો. બપોરે નદીએ લઈ જઈ કપડાં ધોઈ આપતો, નવડાવતો અને બપોરે ખાવાનું આપતો. ગુરુ રસ્તામાં ન ભટકે તે સારુ શિષ્ય તેને વીલો મૂકતો ન હતો. હંમેશાં તેની સાથે જ રહેતો હતો.

ગુરુ જે કાંઈ કહેતો તે બધી વાતોમાં શિષ્યને નવા નવા ગૂઢ અર્થો જણાતા અને તેથી તે ગુરુ પર વધુ ને વધુ ખુશ થતો હતો. બજારમાં આવતા લોકો આરામ કરવા માટે ધર્મશાળાના ઓટલા પર બેસતા હતા. તેઓ ગુરુ-શિષ્યના આ બધા પ્રસંગોને એક તમાશાની જેમ જોતા હતા.

આ લોકોમાંના થોડાક ગુરુને ઓળખી જઈ 'આ એક ગાંડો છે' એ સમજી જશે અને 'એક વખત હું ફાટેલાં કપડાં સાથે મેલીઘેલી હાલતમાં, એઠું વીણતો રખડતો ફરતો હતો' તે મારી વાત જે આ શિષ્ય જાણતો નથી, તેને જણાવશે તો ?

લોકો જે વાત મર્મમાં કરતા હતા તે સમજવા માટે શિષ્ય પરિપક્વ હોવો જોઈએ અને તે પરિપક્વ છે તેમ માનીને લોકો તેની પ્રશંસા કરતા હતા.

આમાંના થોડાકે આ ગુરુની મહત્તા જાણતા ન હોવાથી તેને ગાંડો ગણીને હડધૂત કરી ભગાડ્યો હતો. તેઓ હવે તેના પ્રાયશ્ચિત્ત તરીકે ભક્તિ-ભાવ અને આદરપૂર્વક પગે પડી તેની માફી માગતા હતા.

હવે તો ગુરુને આ એક જ શિષ્ય ન હતો. તેના ભક્તોની સંખ્યા દરરોજ વધતી જતી હતી. બજારમાં આવતા વેપારીઓ અને બીજાઓ આને એક વિનોદ સમજી ત્યાં ઊભા રહેતા અને તેને ચા, બીડી તથા ફળો આપતા.

તે ખાતો ત્યારે તેનો ભાવ, ફળોનાં છોડાં કાઢીને ફેંકવાની તેની છટા, બીડી પીવાની તેની લાક્ષણિકતા, તે કોઈ પણ ક્રિયા ન કરતો હોય ત્યારે એક યોગીની જેમ પડ્યા રહેવાની તેની અવસ્થા, આંખો ઉઘાડીને જોવાની તેની રીત અને આંખો મીંચીને બેસી રહેતો તે વખતની તેની સ્થિતપ્રજ્ઞતા વગેરે જેવા અભિનયો પર લોકો મુગ્ધ થતા અને તેના પર પ્રશંસાનાં ફૂલો વેરતાં થાકતા નહીં.

શરૂઆતમાં તો ગુરુને આ બધું સારું લાગતું. અને તેથી તેને સંતોષ પણ હતો. પરંતુ થોડા દિવસ પછી તેને ન સમજાય એવો એક કોયડો ઊભો થયો. દિવસો જતાં આ કોયડો સ્પષ્ટ થતો ગયો અને તેને વધુ સમજાવા લાગ્યો.

એક દિવસ રાતે ગુરુને ઊંઘ આવી નહીં. એને એક વિચાર આવ્યા કરતો હતો. તેને લીધે તે પોતાના શિષ્ય સાથે વાત કરતો હોય તેમ મનમાં બોલતો હતો.

તારાઓ વિશે, પોતાના પૂર્વજન્મ વિશે, મૃત્યુ વિશે અને આવતા જન્મ વિશે, આ બધી બાબતો પર તે અસ્પષ્ટ વિચાર કરતો હતો, પણ એકે વિશે નિર્ણય લઈ શકતો ન હતો.

તેણે જાગ્રતાવસ્થામાં કોઈ એક સ્વપ્ન જોયું. તેમાં તેણે પોતાનો અવાજ, શિષ્યનો અવાજ કે બજારમાં રખડનારા, તેને પ્રણામ કરનારાઓમાંથી કોઈનો અવાજ જાણે ખૂબ મોટેથી સંભળાતા હતા.

'તારા શિષ્ય તરીકે જે આવ્યો છે તે જ ખરી રીતે ગુરુ છે!... શિષ્ય તરીકે આવી તને વિદ્યા આપે છે... આમ કરવાથી જ તું સુધરી જઈશ એમ જાણીને શિષ્ય આવ્યો છે. તે ગમે તે મડનો હોય એમાં શું? જે વિદ્યા આપે તે ગુરુ, જે વિદ્યા ગ્રહણ કરે તે શિષ્ય. પરમેશ્વરના ખોળામાં બેસીને મુરુગને તેમને વિદ્યા નહોતી આપી? ત્યાં શિષ્યનો ખોળો ગુરુપીઠ કહેવાય. તેને પ્રમાણુ...'

બજારમાં ઝાડની બખોલમાંથી પોતાની પાંખો ફફડાવી કલરવ કરી આનંદથી પક્ષીઓ ઊડે તેમ પો ફાટવાના સમયે ગુરુએ પોતાનાં નેત્રો ખોલ્યાં.

દરરોજ શિષ્ય પ્રણામ કરવાની રાહ જોતો હતો. તે માનસિક રીતે ગુરુને પ્રણામ કરતો, પરંતુ આજે તે આવે કે તરત જ તેના પગમાં પડી સાષ્ટાંગ નમસ્કાર કરવાનો ગુરુએ વિચાર કર્યો.

પરંતુ આજે એ શિષ્ય આવ્યો ન હતો. આ ગુરુ પોતાને સન્માર્ગે લાવનાર શિષ્યની શોધમાં મઠ તરફ દોડ્યો.

મઠમાં રહેનારાઓએ તેને પ્રણામ કરી આવકાર આપી બેસાડ્યો અને તેની આગતાસ્વાગતા કરી.

ગુરુ શિષ્યનું નામ જાણતો ન હતો. તેથી કેવી રીતે તેની તપાસ કરવી તે તેને સમજાયું નહીં. તેણે પૂછી નાખ્યું, 'મારો શિષ્ય ક્યાં છે?'

આ કયા શિષ્યની વાત કરે છે, તે ન સમજાતાં તેઓ નવાઈ પામ્યા. ગુરુએ શિષ્યની માહિતી આપી. મઠમાં રહેનારાઓએ ખૂબ બેપરવાઈથી જણાવ્યું, 'એ તો ગઈ કાલનો ક્યાંક ચાલ્યો ગયો છે.'

'એ જ આપણા બધાનો ગુરુ છે.' ગુરુએ કહ્યું.

'એમ છે?' તેઓ બધા આશ્ચર્યમાં પડી ગયા.

એ વિગતવાર માહિતીની રાહ જોતો ઊભો રહ્યો, પરંતુ તેઓએ કાંઈ માહિતી આપી નહીં. એટલે કાંઈ પણ બોલ્યા વગર ગુરુ ત્યાંથી ઊઠીને ચાલ્યો આવ્યો.

જે પોતાનો શિષ્ય બનીને આવેલો તે ગુરુને શોધવા માટે ગુરુ બજારમાં અને ગામની ગલીઓમાં રખડ્યો. શિષ્ય ક્યાંય દેખાયો નહીં! ગુરુ હસ્યો. તેણે શોધવાનું માંડી વાળ્યું.

હવે ફાટેલાં અને મેલાંઘેલાં કપડાં પહેરી ગુરુ કાંઈ શોધતો હોય તેમ બજારમાં આવનાર સૌ કોઈના ચહેરા તરફ ઝીણવટભરી નજરે જોઈ રહે છે. હવે તેને કોઈ નસાડતું નથી. સ્ત્રીઓ અને પુરુષો પ્રણામ કરીને જે કાંઈ તેને આપે છે તે એ લે છે. તેઓ તેની સાથે સારી રીતે વર્તે છે.

પેલા શિષ્ય પાસેથી જે શીખ્યો છે તે બધું બધામાં અને બધી વસ્તુઓમાં જોતો હોય તેમ તે પૂર્ણ મને હસતો હસતો રખડી રહ્યો છે.

6. હું જીવું છું

ધર્મશાળાના દરવાજાને બારણે તાળું મારેલું છે. તાળા પર એક પેઢીથી કાટ ચડેલો છે. બારણાની તડમાંથી જોવાથી અંદરની દીવાલોને ફાડીને ગૌરવભેર ઊભેલો પીપળો અને જંગલની જેમ ઊગેલા આકડા દેખાતા હતા. ધર્મશાળાની સામે ચારે તરફનાં પગથિયાંવાળું એક છીછરું તળાવ છે. તળાવની પેલી બાજુએ અને તેની આસપાસ ફળદ્રુપ ખેતરો છે. ખેતરોમાંના ક્યારાઓની વચ્ચેની પાળી પર ચાલીને જઈએ તો થોડે દૂર રેલવે લાઇનની જમીન છે. રેલવે લાઇનની બીજી તરફ — આ તરફ ખૂબ સારા પ્રમાણમાં ઊગેલા ડૂંડાંવાળા છોડ ડૂંડાંના ભારથી ડોલતા હતા. આ બધી ઉન્નતિ – આબાદી મારે લીધે જ છે એવું ગૌરવ વ્યક્ત કરતું જળાશય દૂર દૂર નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલું હતું.

ત્યાર પછી કાંઈ ન હતું. ફક્ત પાણી જ પાણી હતું. પાણી પછી છેવટે આકાશ હતું. પાણી અને આકાશ જ્યાં એકબીજાને ભેટતાં હતાં તે જગાએ પૂર્ણ ચંદ્રનો ઝાંખો પ્રકાશ જળાશયના પાણીમાં પડીને તરતો હતો...ચંદ્ર જેમ જેમ ઊંચે આકાશમાં ચડતો ગયો તેમ તેમ તે નાનો થઈને સંકોચાતો ગયો અને કિરણો ફેલાવવા લાગ્યો. એક છેડે રેલવે લાઇનની ટેકરી તરફ ચંદ્રનો પ્રકાશ પથરાયેલો હતો તો બીજે છેડે ધર્મશાળાના ઓટલા પર બેઠેલા એક રોગિષ્ઠ ભિખારીના નવા ખરીદેલા ટિનના ડબલા પર ચંદ્રનો પ્રકાશ પડવાથી તે ચળકતું હતું અને તેનું પ્રતિબિંબ એના ચહેરા પર પડતું હતું.

ઓટલા પર એના સિવાય બીજું કોઈ ન હતું. એ એકલવાયો હતો, છતાં ટિનના ડબલામાં પડી રહેલાં રસમ અને ભાત ખાવામાં પોતાની જાતને ભૂલી જઈ, આનંદમાં તન્મય બની એ ગાતો ગાતો કોળિયા ભરતો હતો. એની નજર ચંદ્ર પર સ્થિર હતી. મોંમાં ભાત હોવાથી તેના ગાવાનો અવાજ સ્પષ્ટ

સંભળાતો ન હતો. ત્યાં સાંભળવા માટે એક એના સિવાય બીજું હોય પણ કોણ?

ટિનના ડબ્બલામાંથી ખાતી વખતે ત્યાં નીચે પડેલા એંઠવાડને વીણી વીણીને ખાઈ ગયો. એની આંગળીઓ ગળી ગયેલી હતી. તેથી એણે ટિનનું ડબ્બલું બંને હાથે પકડયું. પછી રસ્તો ઓળંગી તળાવ તરફ ચાલ્યો. પગની આંગળીઓ જમીન પર બરાબર ટેકવી શકાય તેમ ન હોવાથી પગની એડી પર ડોલતો ડોલતો ચાલી શકતો હતો. પહેરેલા કૅન્વાસના બૂટ પલળે નહીં તેવી રીતે એ તળાવના ઉપલા પગથિયા પર ઊભો રહ્યો. એણે ટિનનું ડબ્બલું ધોયું. પછી ડબ્બલું ભરીને પાણી પીધું. એ ઉતાવળે પાણી પીતો હતો તેથી મોંમાંથી અને ડબ્બલામાંથી, એમ બંને બાજુએથી પાણી પડયું અને એના કોટનો કૉલર ભીંજાયો. તેણે તે ઝડપથી ખંખેરી નાખ્યો અને કોટના છાતીના ભાગના ગજવામાંથી બીડી અને માચીસ કાઢીને બીજા ગજવામાં મૂકયાં. પગથિયાં ચડીને ઉપર આવ્યા પછી ટિનનું ડબ્બલું નીચે મૂકી તેણે બીડી સળગાવી. ધુમાડા કાઢવાની સાથે સાથે સંતોષનો ઓડકાર ખાતો ખાતો એ બબડતો હતો.

'સારું લાગે છે...' એ બબડયો ત્યારે એના મનમાં પ્રશ્ન ઊઠયો, 'શું સારું છે?'

'બધું જ. જો આ ચંદ્ર, આ તળાવ.... ફૂંકાતો પવન, પીવાનું પાણી... ભૂખ, ભાત, ઊંઘ — બધું જ...જીવન ખૂબ સારું છે... એક બીડીનું સુખ મળે તો બસ!'

તણખા ઊડે તે રીતે બીડીનો કસ ખેંચી તેણે મોંમાં ધુમાડો ભરી બહાર કાઢયો. કંઈક વિચાર આવતાં એ ધર્મશાળાના ઓટલા પર આવ્યો અને એક ખૂણામાં ટિનનું ડબ્બલું ઊંધું મૂકયું. પછી દીવાલની બાજુમાં પડેલા ચીંથરાના કકડાથી ઓટલો સાફ કરીને બેઠો.

'દુનિયા કેટલી સુંદર છે. આને જોઈને મારું મન આનંદ અનુભવે છે. હા, બધી વસ્તુઓ જોઈને મન આનંદ પામે છે. ત્યારે હું... હું? મને જોતાંની સાથે જ દરેકના ચહેરાનો ભાવ બદલાતો દેખાય છે. તે દિવસે એણે એક ઘરની આગળ ઊભા રહી કહ્યું હતું, 'મા...મા... ભૂખ લાગી છે.' તે વખતે એક છોકરી એઠું પાંદડું બહાર નાખવા આવી હતી. મને જોઈને જાણે તેને ઊલટી થતી હોય એવું કટાણું મોં કરીને તે અંદર જતી રહી. ત્યાં તો એક છોકરાએ બહાર આવી મને જોઈને કહ્યું: 'મા, બહાર

કોઈ ગરીબ ઊભો છે. તેને કંઈક આપીને કાઢ. આવાઓ શા માટે જીવતા હશે? આ અસહ્ય રોગ સાથે...'

એ શબ્દો સાંભળ્યા પછી હું ત્યાં ઊભો રહી શક્યો નહીં. હું પાછો ફર્યો. ત્યાં તો 'આ લે પરદેશી' પ્રેમભર્યા શબ્દો બોલી કોઈએ મને બોલાવ્યો. એ શબ્દોમાં આશ્વાસનનો ભાવ છલોછલ ભરેલો હતો. આથી મને જીવવાનું મન થયું. રામલિંગમ* સ્વામીની જેમ કાનની બૂટ ઢંકાય એ રીતે માથે કપડું નાખીને તેના અંતે છેડા ખોસની, ભાતવાળા હાથ સાથે મારી સામે આવીને માએ કહ્યું, 'મારા છોકરાની જીભ વધુ પડતી લાંબી છે. મરવું અને જીવવું એ કાંઈ આપણા હાથની વાત છે?' અને પછી મારા ડબલામાં ભાત નાખ્યો. હું એ માના ચહેરાને જોતો ઊભો રહી ગયો.

તે દિવસ પછી એ કદી દિવસે ભીખ માગવા નહોતો જતો. અંધારું થયા પછી, કોઈની નજર ન પડે તેટલા સારુ માથા પર કપડું નાખીને જતો. એક વખત માગી લાવેલી ભીખ ત્રણ ટંક ચલાવતો. કોક દિવસ ભીખ વધુ મળતી તો બીજા દિવસે પણ તેનાથી નિભાવી લેતો.

ભિખારી થાંભલાને ટેકો દઈને બેઠો હતો. પેટ પર હાથ ફેરવતો બોલ્યો, 'જરા વધારે ખવાઈ ગયું.' પછી ઓડકાર ખાઈ 'મુરુગન' બોલતો તે ઊઠ્યો. જમીન પર પાથરેલું ફાટેલું કપડું ફેંટાની જેમ બાંધ્યું. ખૂણામાં પડેલી લાકડી હાથમાં લઈને જળાશય તરફ ચાલ્યો.

'હં... શરીરમાં રોગ હોય તો શું? પણ જીવ તો સારો જ છે. જીભને ખાવાનું સુખ છે. આંખને હરિયાળી જોવાનું સુખ છે. કાનને મધુર કર્ણપ્રિય શબ્દો સાંભળવાનું સુખ છે... રોગ હોય તો શું આ બધાં બગડી જાય છે?'

જળાશયની એક તરફ આવેલી રેલવે લાઇનના ટેકરાના ઢોળાવ પર લાકડીના ટેકે બેસીને ભિખારી બીડીના ધુમાડા કાઢવા લાગ્યો.

'અરે! ખાધા પછી પેટમાં આ કેવું દરદ થાય છે! ખાવામાં શી મજા છે? ખાવાનું પૂરું કરવામાં જ સુખ છે. શરીરમાં બધું ભેગું કરવાનું સુખ છે? શરીરમાંથી બધું જતું કરવું તે જ સુખ. શરીરને જ જતું કરીએ તો?... સુખ જ! પરંતુ શરીરની લાગણીઓનો નાશ થાય તો સુખ ક્યાંથી મળે?'

ઢીંચણ સુધીના પાણીમાં ઊભા રહી આકાશ તરફ માથું ઊંચું કરી તેણે જોયું. તેની નજરને ચંદ્ર અને તારાઓ અતિ સુંદર જણાયા.

* રામલિંગમ્ સ્વામી એક સંત હતા.

'હું... અરે... પેલું સપ્તર્ષિનું ઝૂમખું છે. ચાર તારાઓ ચોરસ આકારના છે. તેની બાજુમાં ત્રણ તારાઓ પૂંછડી જેવા દેખાય છે ને? પેલા ત્રણ તારાની વચ્ચે દેખાય છે તે આછા પ્રકાશવાળો...તે જ અરુંધતી તારો છે.... એ આપણને દીર્ઘ આયુષ્ય આપે છે! અરુંધતી દેખાય છે.... એટલી સહેલાઈથી શું તે બધાને દેખાય છે? જરા લખીને ભૂંસી નાખ્યું હોય તેમ... ટપકું આકાશમાં છે કે આપણી આંખોમાં?' પછી આંખને ચોળતો કહે છે, 'ક્યાંય નથી. ઘણા કહે છે... અરુંધતીને જોનાર છ મહિના સુધી મરતો નથી એમ કહેવાય છે....'

ચંદ્રના અજવાળાથી ચળક ચળક થતા પાણીમાં નાહીને વાતો પવન આ રોગીના શરીરને સ્પર્શે છે તો ખરો. પાણીની લહરીઓ, નાના નાના પગમાં ઝાંઝર પહેરીને ચાલવાથી થતો સુમધુર અવાજ તેના કાને પડ્યો. કિનારે ખીચોખીચ ઊગેલાં જંગલી ફૂલોની તીવ્ર માદક સુગંધ તેના નાકને સ્પર્શી ગઈ...એ જીવવાની આશા રાખે તો એમાં ખોટું શું છે?

ઘણા સમય પછી એ પાણીમાંથી નીકળીને કિનારે આવ્યો. ત્યાં કાઢેલા કૅન્વાસના બૂટ લઈ વાંકા વળીને તેણે પગમાં પહેર્યા. પછી માથું ઊંચું કર્યું ત્યારે... સામે....

લાંબે દૂર સુધી પથરાયેલા રેલવેના પાટા પર એક વળાંકવાળી જગાએ દૂર નજર પહોંચે ત્યાં અજવાળું જણાયું...પ્રકાશનો એક લિસોટો જ હતો. પ્રકાશના કિરણથી જમીન પરના રેલવેના પાટા અને ઉપર તારનાં દોરડાંમાં સહેજ ઝબકારો થયો અને જાણે ધીરે ધીરે આગળ જતો હોય તેમ જણાયું. દૂરથી રેલગાડી આવવાનો સાધારણ અવાજ સંભળાયો.

'અરે ભાઈ, મેલ આવે છે. બાર થઈ ગયા છે?' રેલના પાટા ઓળંગવા માટે રોગી લાકડીના ટેકે ટેકરા પર ચડતો હતો ત્યારે દૂરથી....

રેલના પાટા વળાંક લેતા હતા તે તરફ તેણે પાછળ ફરીને જોયું તો બે ફૂટ ઊંચું સફેદ આકાર જેવું કંઈક હાલી રહ્યું છે. 'પાણી હશે કે....'

ઘૂંટણીએ ખસતી ખસતી એક વ્યક્તિ રેલના પાટાની વચમાં આવ્યા પછી ઊભી રહી. એક વાર તેણે ચારે તરફ જોયું. પછી પોતાની પાછળ આવતા ભિખારીની દિશામાં જોઈ પાછો ફરતો હતો ત્યારે ઊભો રહી શક્યો નહીં. એના પગ ધ્રૂજવા લાગ્યા. પોતાના હાથ જમીન પર ટેકવીને એ ધીરેથી પાટા પર બેઠો. પછી હિંમતપૂર્વક એ પાટા પર લાંબો થઈને સૂઈ ગયો.

'અરે, એ માણુસ જ જણાય છે. જીવનથી કંટાળી ગયેલો લાગે છે. ભાઈ! તમારી બધાની બુદ્ધિ આમ કેમ ચાલતી હશે? અજવાળું ઝડપથી આવે છે!' ગભરાટમાં ભિખારી બોલ્યો. પછી આંગળી વગરના પગની રક્ષા માટે પહેરેલા કૅન્વાસના બૂટને ઘસડતો ને કૂદકા મારતો એ દોડ્યો. ત્યાં તો તેણે દૂરથી આવતી રેલગાડીનો અવાજ સાંભળ્યો.

રેલગાડીનો અવાજ પાસે આવ્યો. જે ઝડપથી ભિખારી દોડતો હતો તે જ ઝડપથી તેણે રેલના પાટાની વચ્ચે લાંબા થઈને સૂઈ ગયેલાને, કેડ તળે લાકડી મૂકીને, જેમ સ્મશાનમાં મડદાને ફેરવે છે તેમ જોરથી ધકેલ્યો. ધક્કો મારતાંની સાથે તેણે બે હાથે પકડેલી લાકડી ઊછળીને આઘી પડી. પાટા પરથી ગબડી ગયેલો એ યુવાન શું બની ગયું છે તે ન સમજાવાથી પોતાની સામે ઊભેલી વ્યક્તિને શૂન્ય આંખે જોઈ રહ્યો. પોતાને ધક્કો મારીને તે યુવાન ફરીથી રેલગાડીના પાટા પર પડતું મેલશે એ ભયથી ભિખારીએ પોતાના બંને હાથ પહોળા કરી તેને રોકતાં નમ્રતાથી કહ્યું, 'ના, ભાઈ ના, જીવ જશે તો પાછો નહીં આવે...'

ભિખારીની સામે એ યુવાન લથડતા પગે ઊભો હતો, તેનું શરીર ધ્રૂજતું હતું.

બરાબર તે જ વખતે મોટા ખડખડાટ સાથે આવીને મેલગાડી તે બંને પર પોતાનો પડછાયો નાખીને પસાર થઈ ગઈ. ગાડી પસાર થતી હતી ત્યારે એ બંને ગભરાયેલી હાલતમાં ઊભા હતા. ગાડી પસાર થઈ ગયા પછી તેઓ તેને પાછળથી જોઈ રહ્યા. લાલ દીવો દોડી દોડીને દૂર જઈને અદૃશ્ય થઈ ગયો. ઊભેલા યુવાનના પગ સ્થિર રહી ન શકવાથી એ બેસી પડ્યો. હાથમાંથી ઊછળીને દૂર જઈ પડેલી લાકડીને શોધીને રોગી લઈ આવ્યો.

'અરે! તને કહેવાનો કાંઈ અર્થ નથી. ભાઈ....આ જગા જ ગોઝારી છે. હા, આ જગા જ ભોગ માગે છે. એક, બે અને તને ગણતાં ત્રણ થયા. સવાર પડવા દે. બે લીંબુ લાવીને રાખવાં પડશે. પરમ દિવસે આવી રીતે જ — જળાશયના કિનારે કોઈ એક પતિપત્ની પોતાના બાળકને મૂકીને ભાથાની પોટલી છોડીને ખાતાં હતાં ત્યારે... તેમને શી ખબર — બિચારું કુમળું બાળક ચાલતું ચાલતું આવીને પાટા ઉપર ચડ્યું... પછી મેં જોયું...બીજું કોઈ આસપાસ નહોતું. આવી આફતના સમયે તેને અડવું પાપ નથી એમ માનીને મેં તેને ઊંચકી લીધું.' એક પળ માટે એ અટક્યો. પછી થોડો વિચાર કરી એક

દીર્ઘ નિઃશ્વાસ નાખીને બોલ્યો, '... ન હોય... એક જન્મદાતા જ જાણી શકે છે બાળકનો પ્રેમ.' જાણે પોતાના મનનું સમાધાન કરતો હોય તેમ તે બોલ્યો, 'આ બધું હું શા માટે કહું છું? આ જગા જ ગોઝારી છે. આજ સવારે એક ભેંસ... આફતમાં માણસની બુદ્ધિ બહેર મારી જાય છે. ભેંસથી શું થઈ શકે તેમ હતું? માલગાડી આવી. ડ્રાઇવરે સીટી પર સીટી વગાડી. પરંતુ આ ભેંસ પાટા પરથી ખસવાને બદલે ગાડીની સામે દોડી. આટલી ઝડપે દોડતી ગાડીને કાંઈ એકદમ બ્રેક લાગે ખરી?...ગાડી દોડતી હતી. ભેંસ પણ સામે દોડતી હતી. મેં પણ એક બાજુએ દોડતાં દોડતાં ભેંસને પથ્થર મારવા માંડયા. પછી તો ભેંસ માથાના એક વાળ જેટલી બચી ગઈ એમ માની લો ને.'

યુવાન માથું નીચું કરીને ચુપચાપ બેઠો હતો. રોગીએ એક બીડી લઈને સળગાવી. 'હું એક જ આ તરફ ફરતો રહું છું. મને થયું કે કોક બકરું હશે; તેથી હું દોડતો આવ્યો... શુભ ચોઘડિયું; એક માણસને મૃત્યુના મોંમાંથી બચાવી લીધો...પણ...શું આપણે બચાવીએ છીએ?...તારે હજી જીવવાનું છે... કોણ જાણે જેણે બચાવવાનું તેણે બચાવી લીધું... તારે હજી જીવવાનું છે...નહીંતર માણસના બચાવવાથી કાંઈ આવેલું મોત પાછું જાય ખરું કે?'

પછી મોંમાંથી બીડીના ધુમાડા કાઢતાં તેણે ખભા પર પડેલા કકડાને લઈને માથે ફેંટાની જેમ વીંટયો. પછી માથું નીચું ઘાલીને જમીન પર પલાંઠી વાળીને બેઠેલા યુવાન તરફ તેણે શાંતિથી જોયું. એ સુંદર હતો, રૂપાળો હતો. માથાના કાળા વાળ ચંદ્રના પ્રકાશમાં ચમકતા હતા. તેણે ખમીસ અને ચાર વારનું ધોતિયું પહેર્યું હતું. તે પોતાના જેવો જ ખૂબ ગરીબ હતો, પરંતુ ભિખારી કે રોગિષ્ઠ જણાતો ન હતો. દુઃખ કે ભૂખની તીક્ષ્ણતા તે યુવાનમાં દેખાતી ન હતી. 'તો તે આપઘાત કરવા શા માટે આવ્યો હતો?' — આ જાણવા માટે રોગી આતુર હતો.

'ઠીક, ભાઈ ઊભો થા, ચાલ! જો. . .પણે ધર્મશાળાના ઓટલા પર જઈને બેસીએ. . .એ ધર્મશાળા છે. . .' કહી ભિખારી ચાલતો થયો. તેણે ચાલતાં ચાલતાં પાછળ જોયું તો પેલો હજીયે ઊભો થયો ન હતો. બેસી રહ્યો હતો. રોગીએ દૂરથી જોયું.

'કેમ ભાઈ, બેસી જ રહ્યો છે? હવે પછીની બીજી ગાડી સવારના ૭ વાગ્યે ઉત્તર તરફ જતી માલગાડી છે. ચાલ જઈએ. આ દુનિયામાં માનવ-જીવનમાં સુખ અને દુઃખ સાથે જ લખાયેલાં છે. જો દુઃખથી કંટાળીને મરી જઈશું તો સુખ ભોગવશે કોણ? દુઃખ જોઈને રાજી થવું જોઈએ, ભાઈ, કારણ કે દુઃખ આવે છે ત્યારે એનો અર્થ એવો કરવો જોઈએ કે તેની પાછળ જ સુખ આવવાની રાહ જોઈ રહ્યું છે. ચાલ ઊભો થા, જઈએ...' ભિખારીએ ઉત્સાહપૂર્વક કહ્યું.

ઝળઝળિયાંવાળી આંખે યુવાને નજર ઊંચી કરી તો ભિખારીના ચહેરા પર દયાની લાગણીનો ભાવ ઊભરાતો હતો. તેણે યુવાનને ઊભા થવા માટે મદદ કરવા સારુ હાથ લંબાવ્યા.

'ઓ ભગવાન!...આને હાથ પકડીને ઊભો કરું?' ભિખારી યુવાનની પાસે આવ્યો. યુવાન તેના હાથનો ટેકો લઈને ગમેતેમ કરીને ઊભો થયો. પછી સંભાળીને કાળજીપૂર્વક પોતાનો પગ સ્થિર મૂકીને બીજો પગ મૂકવા જતો હતો ત્યાં પાછો લથડી ગયો. પરંતુ તેણે પડતાં પડતાં ભિખારીનો ખભો પકડી લીધો. ભિખારી પોતાની જાત ન સંભાળી શકવાથી તે પણ લથડી ગયો; પરંતુ તેણે પોતાને તો સાચવી લીધો. તે વખતે તેણે યુવાનના પગ તરફ જોયું. એ યુવાન આમ તો સ્વસ્થ જણાતો હતો, પણ તેના ઢીંચણ અને જાંઘના સાંધા અશક્ત જણાયા. ઢીંચણની નીચેનો ભાગ ચારે તરફ ફેરવી શકાય તેવો અશક્ત, નિર્બળ અને પાતળો હતો.

થોડી વાર પહેલાં પોતે દૂરથી જોયેલો એ કૂટનો અને સંકોચાયેલો આકાર ભિખારીને યાદ આવ્યો. યુવાન ચાલી શકતો ન હતો, તેથી ઢીંચણે ઘસડાતો હતો. ભિખારીએ તેને લાકડી આપતાં પૂછ્યું, 'જો ભાઈ, આ લાકડીના ટેકે તું ચાલી શકીશ?'

'ઊંહ...ના, ભાઈ ના, હું આમ જ ચાલીશ. તું ચાલ. હું તારી પાછળ આવીશ.' લંગડાએ કહ્યું.

રોગીએ સહેજ હસીને કહ્યું, 'લાકડી વગર તો હું પણ ચાલી શકતો નથી...છતાં સંભાળીને ચાલીશ એવું વિચારીને મેં તને લાકડી આપી હતી... જો હાથમાં લાકડી હોય તો હું તને ટેકો આપીને ચાલી શકું... ચાલ જઈએ.'

લાકડીના ટેકે ભિખારી લથડિયાં ખાતો જતો હતો. તેની પાછળ ખભો પકડીને નબળા પગે ઘસડાતો ઘસડાતો, ઠેકડા મારતો હોય તેમ લંગડો ચાલતો હતો.

'ભાઈ...'

'હં...'

'બહુ ભારરૂપ લાગું છું?...મને તને જોઈને...'

'એવું કાંઈ નથી...ડર્યા વગર આવ...'

'આવી રીતે બધાને ભારરૂપ થવા કરતાં...થવા કરતાં...' રડમસ અવાજે લંગડો બોલ્યો.

'—આપઘાત કરવાનો વિચાર કર્યો હતો ને? કેમ ભાઈ, જ્યારે ને ત્યારે તું તારા એકનો જ વિચાર કરે છે?'

'આ બધું દુઃખ મારાથી...'

બંનેએ લથડિયાં ખાતાં ચાલવા માડયું.

લંગડો અને રોગી ચંદ્રના પથરાતા પ્રકાશમાં ઓટલા પર આડા પડ્યા હતા. રોગી અર્ધ જાગ્રતાવસ્થામાં, થાંભલાને ટેકવીને પગ લાંબા કરી બીડીના ધુમાડા કાઢતો હતો.

'બીડી પીવી છે, ભાઈ?'

'ના, હું પીતો નથી...' ઊંધા સૂઈ રહેલા લંગડાએ જવાબ આપ્યો. પછી એકાએક ઊંધું મોં પાછળ ફેરવીને તેણે રોગીને પૂછ્યુ, 'દુઃખ પછી જ સુખ આવે છે...હમણાં એમ કહ્યું હતું ને? પણ સુખ આવનું નથી તે જાણ્યા પછી શા માટે મારે જીવવું જોઈએ?'

'સુખ નહીં આવે એમ કહેનાર તું કોણ? દુઃખ આવવાનું છે એમ પહેલાં તેં જ કહ્યું હતું ને? જેમ એકાએક દુઃખ આવ્યું તેમ સુખ નહીં આવે?...' અને પછી આકાશ તરફ જોઈ ધુમાડા કાઢતાં ભિખારીએ કહ્યું, 'આ બધું એક "એના" જ તરફ જોઈને કહેવું જોઈએ.'

રોગીએ કહેલી આ વાત આશ્વાસન આપવા પૂરતી જ કરી હતી એવું લંગડાને લાગ્યું.

રોગીએ કહ્યું, 'મરવું ન જોઈએ, ભાઈ. . .આમ એક દિવસ બધાએ મરવાનું જ છે ને? તો પછી જીવીને જ શા માટે ન મરવું?. . .' અને પછી જાણે તેને સમજાવતો હોય એમ કહ્યું, 'તું તારી જાતે મરવા આવ્યો હતો?. . . તારે મા, બાપ, ઘરબાર કાંઈ નથી? મારા જેવો અનાથ છે?'

'મા. . .' એક નિઃશ્વાસ નાખીને લંગડો ઊઠીને બેઠો થયો. થોડી વાર સુધી તે બોલ્યા વગર માથું નીચું કરીને ડૂસકે ડૂસકે રડયો.

'દુઃખી ન થા ભાઈ. . .' ભિખારીએ આશ્વાસન આપતાં કહ્યું.

'તે દેખાય છે ને,' રેલના પાટાની સામે દેખાતાં થોડાંક ઘરોની પાછળનો ભાગ બતાવીને લંગડાએ કહ્યું, 'ત્યાં જ મારું ઘર છે. મા છે, નાનો ભાઈ છે. ભાઈનાં લગ્ન થયાં છે અને તે બાળબચ્ચરવાળો છે. હું કોઈને મદદરૂપ કે આનંદરૂપ થઈ શકતો નથી. હું માના ગર્ભમાં હતો ત્યારથી જ તે મારો ભાર ઊંચકી રહી છે. માને એક વિશ્વાસ છે: મારા પગ સારા થશે જ. . .જ્યારે જુઓ ત્યારે 'દાક્તરને બતાવવું છે, ફલાણા દાક્તરને બતાવવું છે,' કહી ભાઈ પાસેથી પૈસા લે છે. ભાઈ બિચારો શું કરે? દિવસો વીતતાં ભાઈ સંસારી બન્યો અને છૈયાં-છોકરાંવાળો થયો. છતાં હું તેને ભારરૂપ રહું? મારે માટે માને ભાઈ સાથે દરરોજ ઝઘડા થાય છે . .ભાઈએ ગુસ્સામાં આવીને મને લંગડો કહ્યો. મને લંગડો કહ્યો તેથી મા રડી પડી.' લંગડો આ વાત કરતો હતો તે વખતે રોગીની નજર સમક્ષ 'પરદેશી' કહીને બોલાવનાર રામલિંગમ્ સ્વામીની જેમ કાન ઢંકાય તેવી રીતે માથે કકડો નાખેલી પેલી સ્ત્રીનો ચહેરો ખડો થઈ ગયો. લાંબા કરેલા પગના ઢીંચણના સાંધાને મસળતાં લંગડો બોલ્યો, 'એક વૈદ આ પ્રકારની બધી ખામીઓ દૂર કરે છે, એવું કોઈકે ગઈ કાલે કહ્યું હતું. પાઈ પાઈ કરીને ભેગા કરેલા પૈસા મા પાલવના છેડે બાંધીને મને પરાણે લઈ જાય એમાં હું શું કરું? માના ખભે ટેકો દઈને હું ગયો. તે વૈદનું સ્થળ ચાર માઈલ દૂર હતું. . .બસમાં જ જવાય એમ હતું. . .અમે ગયાં. . .માની આશા ધીમે ધીમે નહીં, એક જ ક્ષણમાં નિરાશામાં ફેરવાઈ ગઈ. . .મારો પગ જોયા પછી 'આ સારો નહીં થાય' એમ વૈદે કહી દીધું. 'આ કંઈ સારો વૈદ નથી. . .ગામને છેતરે છે' એમ એક ઘડીમાં કહીને તેણે ઘણા દિવસોથી મેળવેલી વૈદની ખ્યાતિ પર ફિટકાર વરસાવ્યો અને મને "ચાલ" કહીને તેડી લીધો. અમે બસસ્ટૅન્ડ પર આવ્યાં. . .બસમાં ખૂબ ગિરદી હતી. . .'

લંગડો બોલતો અટકી ગયો. તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે ક્યાંક જોતો હોય તેવી સૂની નજરે જોઈ રહ્યો. પછી ગળામાં રૂંધાઈ ગયેલા દુઃખને જાણે ગળી જતો હોય તેમ તે એક મિનિટ મૌન રહ્યો. જે પ્રસંગે પોતાને મૃત્યુના મુખમાં ધકેલી દીધો હતો તે પ્રસંગ તેના મન સમક્ષ ખડો થઈ ગયો. તે પ્રસંગને જાણે પોતાની નજર સમક્ષ જોઈ રહ્યો હોય તેમ લંગડો વિગતવાર વર્ણવવા લાગ્યો.

તે દૃશ્ય—

માએ સફેદ સાડી પહેરી હતી. માથે ઓઢ્યું હતું. વૃદ્ધ માનો ખભો પકડીને હું ચાલતો હતો. મારી શરમનો બધો ભાર તેના પર નાખીને જાણે મને સંભળાવતી હોય તેમ મા બોલી, 'એની ઠાઠડી બંધાય. બધાંના કહેવા પર વિશ્વાસ મૂકીને હું આવી. આ તે કંઈ વૈદ છે! ભૂવો છે ભૂવો. . . તું ચિંતા ન કરીશ મારા દીકરા! હું તને આવતા મહિને વેલૂર મિશનના દવાખાને લઈ જઈશ. . .'

આગળ બોલતી માને અટકાવીને તેના ખભા પર જાણે પોતાનું કપાળ ઘસતો હોય એવો દેખાવ કરીને આંસુ લૂછતાં રડતા અવાજે લંગડાએ કહ્યું,

'મારે પગ નથી, એમ કહીને તું ચિંતા ન કર. તું મારે માટે જે કાંઈ મહેનત ઉઠાવી રહી છે તે જોઈને. . .' બોલતો હું તેના ખભા પર કપાળ ઘસતો હતો ત્યાં તો બસ આવી.

'દીકરા, બરાબર પકડજે. . .સંભાળજે. બરાબર ધ્યાન રાખ' કહેતી મા છોકરાને ખેંચકી લઈને ચડતી હતી ત્યારે બસમાં આગળના ભાગમાં ટિકિટ ફાડતાં ફાડતાં કંડક્ટર ઉતાવળ કરતાં બોલ્યો, 'ચડી ગયા? કેટલી વાર?' ગમે તેમ કરીને મા બસમાં ચડી ગઈ. સામેની બે માણસની સીટમાં દીકરાને બેસાડીને મા તેની બાજુમાં બેઠી.

બસ ચાલુ થઈ. મા સાડલાના છેડે બાંધેલું પરચૂરણ કાઢતી હતી તે વખતે એકાએક તેણે પાછળ જોયું તો તેઓ બેઠાં હતાં તે સીટની ઉપર 'સ્ત્રીઓ માટે' લખેલું લખાણ તેની નજરે પડયું. તે વખતે સ્ટેન્ડ આવતાં બસ ઊભી રહી. ત્યાંથી એક સુંદર યુવતી બસમાં ચડી. તેની પાસે કંડક્ટર આવ્યો. લંગડાએ એક પળમાં યુવતીને જોઈ. સ્ત્રીની જગા પર પોતે બેઠો છે તેની જાણ થતાં તેનું પૌરુષત્વ ઘવાયું. બરાબર તે સમયે આ વાતનો બહાર પડઘો પડતો હોય તેમ કંડક્ટરનો અવાજ સંભળાયો, 'અરે ભાઈ! સ્ત્રી ઊભી છે ને!'

તે લંગડો જાણે પગ હોય તેમ એકદમ ઊભો થઈ ગયો. જેવો તે ઊઠ્યો કે તરત યુવતી તેની જગા પર બેસી ગઈ. ઊભા થયેલા લંગડાના પગ ધ્રૂજી ગયા. . .

'અરે ભાઈ. . .ભાઈ !. . .' મા દયામણા અવાજે બોલી.

તેનો આ કારુણ્યભર્યો સાદ કંડક્ટર, યુવતી અને બસમાંના બીજા મુસાફરોને સ્પર્શી ગયો. બીજા બોલે તો સહન ન થાય તેવા શબ્દો બોલવાની તેની માને ફરજ પડી. . . 'અરે ભાઈ! એ લંગડો છે. ઊભો રહી શકે તેમ. . .' બોલતાં બોલતાં આંખમાંથી વહેતાં આંસુ સાથે ઊભા થઈ પોતાની જગા બતાવતાં કહ્યું,

'દીકરા, અહીં બેસી જા.'

દીકરો પડી જવાની તૈયારીમાં હતો. તેણે માનો ખભો પકડીને કહ્યું, 'નહીં મા, હું ઊભો રહીશ.'

'તારાથી ઊભા નહીં રહેવાય, દીકરા.' કહી દીકરાને યુવતીની બાજુમાં બેસાડીને મા પાછી ફરી. યુવતી ઊભા થઈને જાણે તેની માફી માગતી હોય તેમ વિનંતી કરતાં બોલી, 'તમે બેસો, માજી.'

કંડક્ટરનું મોં વીલું પડી ગયું. તેણે લંગડાની પાસે આવીને કહ્યું, 'ભાઈ, માફ કરો. મને ખબર ન હતી.'

લંગડાએ કાંઈ જવાબ આપ્યો નહીં. કોઈના તરફ જોયા વગર, બાજુમાં ઊભેલી માની પાછળ એક બાળકની જેમ મોં સંતાડીને રડતો, તેના ખભા પર કપાળ ઘસતો ઊભો રહ્યો.

બસ ચાલુ હતી. બસમાં બેઠેલા બધાની દયાજનક નજર તેના હૃદયને કોતરી રહી હોય એવું લાગ્યું.

લંગડો આ બધું કહી રહ્યો હતો ત્યારે રોગી શાંતિથી સાંભળી રહ્યો હતો અને પોતાને વિશે વિચારતો હતો.

'હજી આ યુવાન છે, આખું જીવન તેની સામે પડ્યું છે. . . તેને કાંઈ મુશ્કેલી પડે તો તેને મદદ કરનારા તેનાં સગાંસંબંધીઓ છે. આને જીવવાનું છે એવી આશા રાખનારી મા તો એને છે જ. . .એ લંગડો છે માટે તેના તરફ લોકો પ્રેમ અને દયા બતાવશે. તેના પ્રત્યે પ્રેમ બતાવનાર આખી દુનિયા છે. . .તે શા માટે મરે?' તેને આવા આવા વિચારો આવતા હતા ત્યારે. . .

'મારું કોણ છે? મારા દુઃખે દુઃખી થવા માટે, મને મદદ કરવા માટે મારું કોઈ સગું છે? સગાંસંબંધીઓએ મને તજી દીધાને આજે કેટલો સમય થયો? જીવવાની આશા રાખનાર હું એક છું. મારા સિવાય બીજું કોઈ હશે? મારા પ્રત્યે પ્રેમ બતાવનાર, દયા બતાવનાર કોઈ છે? લોકો મને ઘૃણાની નજરે જુએ છે.' આવા બધા વિચારો કરતો રોગી મૌન ધારણ કરીને બેઠો હતો.

ઊંઘથી લંગડાની પાંપણો ભારે થઈ ગઈ. તેણે બગાસું ખાધું. બગાસું ખાવાનો અવાજ સાંભળી રોગીએ લંગડા તરફ જોયું, 'જો ભાઈ, તારે મરવાનું નથી. . . .તને કહી દીધું. તને પગ નથી એવા વિચારથી તું દુઃખી થાય છે અને બીજાઓને દુઃખી કરે છે.'

'હું કહું છું, મને પગ નથી તેથી હું બીજાઓને ભારરૂપ છું ને! મારી મા દવા માટે ભાઈ પાસે પૈસા માગે છે ને તેઓ બંને વચ્ચે મારે લીધે ઝઘડો થાય છે! કેટલું દુઃખ. . .'

લંગડાનું કથન ચાલુ હતું, પરંતુ વચમાં રોગી બોલ્યો:

'હા ભાઈ, તું હંમેશાં તારી માનો ખભો પકડીને લટકતો હોય છે ત્યારે જ આવો ઝઘડો થાય છે ને? પગ ન હોય તો શું થઈ ગયું? હાથથી આ દુનિયામાં ફરી શકાય! જીવવા માટે હાથપગની જરૂર નથી, ભાઈ, સાબૂત મનની જરૂર છે, બુદ્ધિની જરૂર છે. માણસની બુદ્ધિ હાથી અને સિંહ કરતાં વધુ શક્તિશાળી છે. "નથી" માનીને મરી જવાતું હોત તો આખી માનવજાત જડમૂળથી નાશ પામી હોત. "પગ નથી" તે ખામીને ભૂલી જાઈને કેવી રીતે જીવવું જોઈએ તેનો વિચાર તું કરવા માંડે તો પગવાળા કરતાં તું વધારે ઝડપી દોડી શકે.

'માણસને પાંખ હોત તો તે પણ ઊડતો હોત. પાંખો નથી માટે જ તે ખૂબ ઝડપથી વિમાનમાં ઊડે છે. હજી પણ આકાશમાં ક્યાંનો ક્યાં જઈ કંઈક ને કંઈક શોધખોળ કરી રહ્યો છે. નથી એથી શું કાંઈ મરી જવાય? જો તારી મા 'મારા દીકરાને પગ નથી તેથી શું થઈ ગયું? તે કેવાં કેવાં કામો કરી શકશે' એવો વિચાર કરે તો તેને તારા ભાઈ સાથે તકરારમાં ઊતરવું ન પડે ને? શું તું મારા જેવો અસાધ્ય રોગી છે? જો હું જીવવાની આશા રાખું છું તો તું શા માટે મરવાનો વિચાર કરે છે? . . .' બોલતાં બોલતાં રોગીનું હૃદય ભરાઈ આવ્યું.

રોગીની વાત કરવાની છટાની અસર લંગડા પર પડી. તેના હૃદયમાં જીવવાની પ્રબળ ઉત્કંઠા જાગ્રત થઈ અને પોતે જીવી શકશે એવો આત્મવિશ્વાસ તેના મનમાં પેદા થયો.

લંગડાએ એક નવી આશાના સંચાર સાથે માથું ઊંચું કરી રોગી તરફ જોયું.

રોગી આગળ બોલ્યો :

'તું શું કહેતો હતો?... બસમાં તને ઊભા થવા કહ્યું, અને પછી બેસવાનું કહ્યું...તેથી તને દુઃખ થાય તે બરાબર છે. તું મને જો. મને બસમાં કોઈ બેસવા દેશે ખરાં કે? તું મને દિવસે જુએ તો આમ મારી બાજુમાં બેસે નહીં... ચંદ્રના અજવાળામાં આ હાથ જો.' કહી તેણે પોતાના ગળી ગયેલા હાથ પરની કોટની બાંયો ઉપર ચડાવી. ચંદ્રના અજવાળામાં તેણે હાથ લાંબા કર્યા. 'આ હાથ થોડા દિવસ પહેલાં સારા હતા. તને પગ નથી — એટલું જ. મારી પાસે જે કાંઈ છે તે બધું ધીમે ધીમે નહીંવત્ થવા માંડયું છે...પરમ દિવસે આ હાથથી એક બાળકને ઊંચક્યું હતું. શું મેં બાળકને વહાલ કરવા ખાતર–લેવા ખાતર ઊંચક્યું હતું? છી! તેવો ઉમળકો મને શા માટે થવો જોઈએ? બાળક પાટા પર આવીને ઊભું છે અને ગાડીનો સમય થયો છે, તેથી ગભરાઈને મેં તેને ઊંચક્યું હતું. હું રોગી છું. મારા શરીરની લાગણીઓ નાશ પામી છે. છતાં પણ તે બાળકને ઊંચકતી વખતે મને મનમાં સંકોચ થયો હતો... પરંતુ... પરંતુ...એ કરવા બદલ તેનાં માબાપ મને મારવા આવ્યાં હતાં, સમજ્યો?... માણસનો જન્મ પામવા છતાં માણસ માટેનું સુખ અને હક ભોગવી ન શકનાર હું જીવું છું ને. એક ભૂતની જેમ એકલો બેસીને જીવવાનો વિચાર કરી મારી જાતને છેતરી રહ્યો છું.' બોલતાં તે ધીમાં ધીમાં ડૂસકાં ભરતો રોવા લાગ્યો.

થોડી વાર પછી રોગીએ આંખો લૂછી અને લૂખું હસીને આગળ બોલવું શરૂ કર્યું :

'હા, બાળક પ્રત્યેના વાત્સલ્યને એક માબાપ જ જાણે છે... મૃત્યુ કરતાં પણ આ રોગી કઠોર નથી? તેમના બાળકને શા માટે ઊંચક્યું હતું એ તેમને સમજાવ્યું ત્યારે તેમનું મન થોડું શાંત પડયું છતાં પણ એ સ્ત્રીએ મને કહ્યું : 'આવું હતું તો તારે અમને બૂમ પાડવી જોઈએ ને! તેં શા માટે ઊંચક્યો?' 'તમે કહો છો તે બરાબર છે. મારી ભૂલ થઈ ગઈ. મને માફ કરો.'

કહીને હું ત્યાંથી ચાલ્યો આવ્યો હતો...આ ભયંકર રોગ માણસને થવો ન જોઈએ. રોગ શરૂ થયો ત્યારે દવા કરી હોત તો મટી ગયો હોત. હવે તો રોગ ખૂબ વધી ગયો છે. હવે એ મટશે નહીં પણ વધુ ફેલાશે. બીજાઓએ મારાથી સાવચેત રહેવું જોઈએ. એક માને પોતાનું બાળક મરી જાય તો તેની એટલી પડી નથી હોતી; પણ આ રોગ થાય તે તો સહન જ ન કરી શકે.' તેને લાગી આવવાથી તે મનમાં બબડવા લાગ્યો.

મૌન રહેલા લંગડાએ ફરીથી બગાસું ખાધું.

'ઊંઘ આવે છે? ઊંઘી જા ભાઈ! ઊંઘ ખૂબ સુખદાયક છે. મરીશ તો ઊંઘી શકીશ નહીં. સાંભળી લે. સવાર થતાં જ તું તારી માને એક દીકરા તરીકે ભેટજે! હું આ તને છેલ્લી વાર કહું છું: પગ નથી માનીને તું કોઈને ભારરૂપ થઈશ નહીં. હમણાં કોઈની મદદ વગર મરવા આવ્યો હતો તેમ જ તું હવે જીવવા જજે. તેમાં કંઈ શરમાવા જેવું નથી. તને જોઈને તારી મા રાજી રાજી થઈ જશે....' કહી રોગીએ ઓલવાઈ ગયેલી બીડી ફરી સળગાવી.

લંગડો થોડી વારમાં ઊંઘી ગયો. રોગીને ઊંઘ ન આવવાથી, નીચે પડેલાં બીડીનાં ઠૂંઠાં વીણતો થાંભલાને અઢેલીને શૂન્ય ભાવે આકાશ તરફ જોતો બેસી રહ્યો.

'પેલું, ખૂબ દૂરથી ખસીને આવે છે તે સપ્તર્ષિનું ઝૂમખું છે....ચાર તારાઓ ચોરસ આકારના છે. તેની બાજુમાં ત્રણ તારાઓ પૂંછડીવાળા દેખાય છે ને તે ત્રણ તારાઓની વચ્ચે દેખાય છે તે આછા પ્રકાશવાળો તારો—હા, અરુંધતીનો તારો છે... અરુંધતીને જોનારનું મૃત્યુ છ મહિના પાછું ઠેલાય છે. તે પોતાને ટપકો આપે છે. શું હજી પણ તારે જીવવું છે!' રોગીએ વિરક્ત અને દુઃખી મને બબડતાં હાથમાંની બીડી જમીન પર દબાવીને બુઝાવી નાખી. તેની શૂન્ય દૃષ્ટિ સપ્તર્ષિના તારા તરફ સ્થિર હતી.

સવારના છ વાગ્યે ઉત્તર તરફ જતી માલગાડીનો અશુભ ખડખડાટ — અવાજ સાંભળીને, ધર્મશાળાના ઓટલા પર સૂતેલા લંગડાએ આંખો ઉઘાડી.

તેની બાજુમાં રોગીનાં ડાઘાવાળાં ફાટેલાં કપડાં અને ચકચકિત નવું ટિનનું ડબલું એકલાં પડ્યાં હતાં. ત્યાં માખીઓ બણબણતી હતી.

દૂર સુધીના લાંબા પાટાના વળાંકની જગાએ ધુમાડા કાઢતી માલગાડી રોતી ઊભી હતી! ત્યાં માણસો એકઠા થયા હતા.

'અહીં ફરતો હતો ને – પેલો મહારોગી, રેલના પાટાની આગળ જઈને પડ્યો...'

'તેણે મને જીવતાં શીખવ્યું; મેં તેને મરતાં શીખવ્યું. એ મને મળ્યો. પણ જો ન મળ્યો હોત તો?'–લંગડાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'આ જગા જ ગોઝારી છે. શું પોતાનું બલિદાન આપીને બીજાઓને બચાવવાનો આ તેનો પ્રયત્ન હશે? શું તેના શરીરનો રોગ ભયંકર ચેપી રોગ છે?... નહીં, મારા મનમાં વિચાર આવ્યો: આપઘાત કરવો, જીવનથી કંટાળવું તે જ ભયંકર રોગ છે... અને તેનો તે બલિ થયો.

એકાએક રેલ લાઇનની પેલી તરફ હારબંધ દેખાતાં ઘરોની પાછળના ભાગમાંથી બારણું ઉઘાડીને એક ડોસી દોડતી આવી અને ત્યાં ટોળે વળીને ઊભેલા લોકોની વચ્ચે આવીને આક્રંદ કરતી બોલી:

'અરે, મારો દીકરો.'

તેનું આક્રંદ રેલના પાટાની આ બાજુએ દૂર બેઠેલા લંગડાના હૃદયને સ્પર્શી ગયું.

'મા! હું જીવું છું...મા.' મોટા અવાજે બૂમો પાડતો ઘૂંટણીએ ઝડપથી દોડ્યો તે માનો દીકરો.

'દીકરા!...દીકરા!...'ની રાડો નાખતી રેલના પાટાના ઝાંપા પાસે પડીને રડતી માએ 'હું જીવું છું' એ અવાજ સાંભળી તેના તરફ જોયું; પરંતુ તેને કાંઈ ન સમજાતાં, પેટ પકડીને આંસુ સારતાં હસી. પછી ગાડીનાં પૈડાંને જોઈને આંસુ સારતી બોલી, 'કોનો દીકરો હશે!'

તેની પાસે આવી ગયેલો તેનો દીકરો તેના ખભા પર મોં મૂકીને કપાળ ઘસતાં, રડતો બોલ્યો, 'મા! હું જીવું છું....એ તારો દીકરો નથી... એ...એ માણસ...એ મરવો જોઈતો ન હતો, મા...આ...' લંગડો મોટા અવાજે પ્રલાપ કરી રડવા લાગ્યો.

7. આત્મનિરીક્ષણ

તે સાપ્તાહિકનો પોતે સહતંત્રી છે એમ શિવરામન બધાને ગૌરવપૂર્વક કહેતો હતો. પરંતુ દરરોજ આવીને ઢગલા થતી વાર્તાઓ મોકલનારાઓનાં સરનામાંની નોંધ રાખવી, અસ્વીકાર્ય વાર્તાઓ પર 'દિલગીર છીએ'નો સિક્કો મારી પાછી મોકલવી, સરનામાં કરવાં વગરે તેનું કામ હતું. આજે તેના નામનો એક પત્ર આવ્યો છે. તેના લાંબા કવર ઉપર 'શિવરામન, સહતંત્રી' લખેલું જોઈને તેણે સહેજ ગૌરવ અનુભવ્યું.

તે લાંબા કવરનો મોંનો ભાગ શિવરામને બે આંગળીઓથી પકડી વાળીને ફાડ્યો. તેમાં કાગળોની એક થોકડી હતી. તેની વચમાંથી એક પત્ર પોતાના અસ્તિત્વની જાહેરાત કરતો હોય તેમ સરકીને નીચે પડ્યો. તે કાગળ લઈને શિવરામન વાંચે છે :

ચિરંજીવી શિવરામનને ઘણા ઘણા આશીર્વાદ. ભગવાનની કૃપાથી તને સર્વસંપત્તિ પ્રાપ્ત થાઓ.

તમને બધાંને જણાવ્યા વગર, કહ્યા વગર જતો રહ્યો તેનું મને દુ:ખ છે...પરંતુ તેની ચિંતા કરશો નહીં. આપણો સ્નેહ અને સંબંધ જોતાં મોઢામોઢ વાત કરવાની આવશ્યકતા ન હતી, પરંતુ હું જાણી જોઈને કહ્યા વગર આવ્યો નથી.

મારા અનુભવ પરથી કરવું સહેલું લાગે છે અને બોલવું મુશ્કેલ લાગે છે...તેની જ મુશ્કેલી છે... બરાબર વિચાર કરી જોજે. તું વિચારવાન છે, વાર્તાકાર છે... સારાંનરસાં એવાં કેટલાંય કાર્ય આપણે કરી નાખીએ છીએ... તે બધાં કામ વિશે વિગતવાર જણાવવું તે કાંઈ શક્ય છે? જો મેં ભાગી આવવાનો નિર્ણય કર્યો હોત તો જરૂર કહીને આવત — છેવટે મન ન હોવા છતાં પણ ત્યાં બેસી રહ્યો હોત. મારા જવાથી તમે કોઈ રડવાના નથી, તે હું જાણું છું...પરંતુ હું રડીશ!...હું ત્યાં નથી એમ માનીને તારી પત્નીએ તને

જે કાંઈ કહ્યું હતું તે મેં સાંભળ્યું હતું. તેણે તને કહ્યું હતું —'હું બુદ્ધુ બ્રાહ્મણ છું.' તેનું આ કહેવું ખરું છે. ઠીક, હમણાં તો હું અહીં આવી ગયો છું. હું ક્યાં છું, શું કરું છું તે જાણવા માટે તું આતુર હોઈશ તે હું જાણું છું. આ પત્ર સાથે એક થોકડી કાગળ મોકલું છું....સમય મળે તો વખત પસાર કરવા માટે વાંચી જજે. એ પરથી તું મને અને મારા દિલને ઓળખી શકીશ. હું માનું છું કે તું મને ઓળખી શકીશ. છતાં તું મને ઓળખે કે ન ઓળખે તેની મને ચિંતા નથી. ખબર નહીં શા કારણે, પણ આ એક મહિનાથી તને પત્ર લખવાનું મન થતું હતું. મેં તને કાગળ લખ્યો ન હતો તે બદલ મારું મન ખટકતું હતું. ખરું કહું તો આ પત્ર નહીં, પણ કાગળની થોકડી મેં તારે માટે લખી નથી....હું આ જે લખું છું તે હું શા માટે લખું છું તે હું પોતે જાણતો ન હોવા છતાં લખવા ખાતર લખી રહ્યો છું ને હજી પણ લખું છું...હું આ મારી જાતને નજર સમક્ષ રાખીને લખી રહ્યો છું. આત્મપરિચય...ના આત્મનિરીક્ષણ! એકાએક વિચાર આવતાં, જેટલાં લખ્યાં હતાં તેટલાં પાનાં નોટમાંથી ફાડીને તને મોકલું છું. આ પણ એક જાતના બુદ્ધુવેડા જ ગણાય કે કેમ? પરંતુ એક વાત તારી પત્નીને કહેજે: બુદ્ધુ બ્રાહ્મણ ન હોવો જોઈએ. બુદ્ધુ હોય એ બ્રાહ્મણ નથી. બ્રાહ્મણ એટલે જ્ઞાનનો ભંડાર?...આ કુળમાં જન્મીને માબાપે પાડેલ નામ 'ગણપતિ' હું ગુમાવી બેઠો છું અને 'બુદ્ધુ શાસ્ત્રી' તથા 'પોપટિયા શાસ્ત્રી' તરીકે સાઠ વરસથી હું ઓળખાતો આવ્યો છું. વીતી ગયેલી વાત જવા દે. અત્યારે હું આનંદ અને ઇજ્જતપૂર્વક રહું છું—સાઠ વરસ પછી આજે હું આનંદમાં છું. જો પ્રારબ્ધમાં હશે તો આપણે ક્યાંક અને ક્યારેક મળીશું. તમે મને ભૂલી ગયા હશો; પણ મને તેનું કાંઈ દુઃખ નથી. હું તમને ભૂલી શકતો નથી.

તારા બાપુજી

ગણપતિ

અહીં કરેલી સહીમાં 'ગણપતિ શાસ્ત્રી' લખ્યા પછી શાસ્ત્રી શબ્દ છેકી નાખીને તે ન ઊકલે તે રીતે ઘૂંટ્યો છે.

જાણે પોતે એક પત્રિકાનો તંત્રી હોય એવા અભિમાનની લાગણીથી કવરમાંની કાગળની થોકડી હાથમાં લઈને કેટલાં પાનાંનું લખાણ છે તે

જાણવા માટે તેણે છેલ્લું પાનું કાઢીને જોયું. તેમાં પાનાનો નંબર લખ્યો ન હતો. તે કાગળની થોકડી નોટનાં પાનાંમાંથી હોવાથી તેના ખૂણા વળેલા હતા. તેમાં થોડાંક પાનાં પેન્સિલથી તો થોડાંક પાનાં શાહીથી લખેલાં હતાં. તે લખાણ ઘણા સમયનો પરિપાક હોવાથી ખૂબ જ સ્પષ્ટ લખાયું હોય એમ જણાતું હતું અને તેથી જ છેકાછેકી વગરનું હતું. એ બધું એકીસાથે વાંચી જવાની શિવરામનની આતુરતા હોવા છતાં, તે માટે તેને ઑફિસમાં સમય ન હતો. સામે ઢગલાબંધ કામ પડ્યું હતું. એટલે એ થોકડી વાળીને પોતાની બૅગમાં મૂકે છે... પરંતુ બૅગમાં મૂકતાં પહેલાં તે પત્ર ક્યાંથી આવ્યો છે તે જાણવાનું મન થયું. તેણે કવર અને પત્ર ઉલટાવી ઉલટાવીને જોયાં. મોકલનારનું સરનામું તેમાં ન હતું. તેના પરની પોસ્ટ ઑફિસની છાપ પરથી તે પત્ર નવી દિલ્હીથી આવ્યો છે તે જાણીને શિવરામન એક પળ માટે ગુનેગારની જેમ ગભરાટમાં અવાક બની ગયો.

'બાપુજી કઈ હિંમતથી કહ્યા-કારવ્યા વગર આટલે દૂર ચાલ્યા ગયા હશે?' આ વિચાર આવતાં શિવરામનને મનમાં થયું: નિષ્કપટ, નિર્દોષ મનવાળા બાપુજી આ જિંદગીમાં કેટલા બધા દુઃખી થયા હશે! મનમાં ઉદ્ભવેલી આ લાગણીથી તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

—તે પળે તેના બાપુજી તેની નજર સમક્ષ ખડા થઈ ગયા. એક વૃદ્ધ બ્રાહ્મણ! દાઢી ન કરવાથી વધી ગયેલા ગીચ સફેદ વાળ. આગળનો દાંત પડી ગયો છે. બળિયાનાં ઘણાંબધાં ચાઠાંવાળું મોં, એક આંખ અને કાળો ચહેરો.

2

ગણપતિ શાસ્ત્રી ગયા મહિનાની અમાસના બીજા દિવસે એકાએક ગુમ થઈ ગયા...

પહેલા બે દિવસ તેમના કુટુંબીઓએ — કુટુંબમાં બીજું કોણ હોય? તેમના બે દીકરાઓ શિવરામન અને મણિ — તેમની કાંઈ ખાસ ચિંતા કરી નહીં.

ચારપાંચ શાસ્ત્રીઓ સાથે તેઓ કાંજીપુરમ્ ગયા છે, એવું કોઈએ કહ્યું હતું. આ સાંભળીને શિવરામનની વહુ રાજમે તડ ને ફડ કરતાં કહ્યું હતું, 'જનારે ઘરમાં આવીને એક શબ્દ તો કહીને જવું જોઈએને? મન ફાવે ત્યારે આવવું અને મન ફાવે ત્યારે જવું...આ તે શું કાંઈ ધર્મશાળા છે?'

થોડા દિવસો પછી પેલા ચાર શાસ્ત્રીઓએ પાછા આવીને ગણપતિ શાસ્ત્રી તેમની સાથે ગયા નહોતા એમ કહ્યું ત્યારે રાજમ એક પળ માટે સ્થંભિત થઈ ગઈ. ત્યાર પછી ટપકાના શબ્દો બોલતી બંધ થઈ ગઈ.

'ક્યાં ગયા હશે? ક્યાં ગયા હશે?' એમ પોતાની જાતને પૂછતી રાજમ રડવા લાગી. તેમને આદર સાથે બોલાવીને તેમની સેવાચાકરી કરે એવી તેમની કોઈ દીકરી કે સગાસંબંધી કોઈ નથી. આવી તેમની અનાથ સ્થિતિનો વિચાર આવતાં તેનાથી એક નિઃશ્વાસ નખાઈ ગયો. શિવરામનને પણ તેનું દુઃખ થયું.

દરરોજ સાંજે ઑફિસેથી પાછા આવતી વખતે રસ્તામાં આવતા તેપ્પમ* તળાવની પાળ પર હારબંધ બેસી મોટા અવાજે વાદવિવાદ કરતા શાસ્ત્રીઓની સભામાં બાપુજી હશે, એવો વિચાર આવતાં શિવરામનની આંખો તેમને ત્યાં શોધતી અને તેમને ન જોતાં એ નિરાશા અનુભવતો.

તેને ક્યાં ખબર હતી કે તેના બાપુજી જ્યારે ગામમાં હતા ત્યારે પણ તેઓ આ શાસ્ત્રીઓથી આઘા રહેતા હતા...જોકે એ વાત પણ ખરી કે બુઢ્ઢા બ્રાહ્મણને પોતાની સાથે કોણ બેસાડે?

'બાપુજીને શું થયું હશે, ક્યાં હશે, તેમને કાંઈ થયું હશે તો...' દિવસો વીત્યા પછી તેને આવા વિચાર આવતા હતા અને મનમાં દબાવી રાખેલી આશા નિરાશા બની તેને ભારરૂપ લાગતી હતી. છતાં પણ તે ખુલ્લી રીતે તેમની તપાસ કરતાં કે વાત કરતાં શરમ અનુભવતો હતો. પોતાની પત્ની મેણાં મારીને તો નહીં બોલે ને કે 'લોકોને ન મળે એવા બાપ મળ્યા છે...એટલે જ તો આવા રઘવાયા થાઓ છો.' આ એક ડરથી તે એમની વાત કરતાં ખચકાતો હતો. અને મારો ભાઈ પણ 'એ વૃદ્ધ અબ્રાહ્મણ ક્યાંક કમોતે મરી ગયા હશે' એવી નિરાશા અનુભવતો હશે કે બેદરકારી સેવતો હશે તે ન સમજાતાં મનમાં ને મનમાં મૂંઝાતો હતો. જો ખરેખર તેણે આવી બેદરકારી બતાવી હોય તો તે મહાપાપી ગણાય.

---

* જે તળાવની વચમાં મંડપ હોય અને એ મંડપમાં જવા માટે પુલ કે કોઈ રસ્તો ન હોય, તેવા તળાવને તેપ્પમ તળાવ કહે છે. આમાં તરીને જ મંડપમાં જવું પડે છે.

નાની વયથી જ, અરે નાની વયથી જ શું...આ ઉંમરે પણ તેમને 'બાપુજી' કહીને બોલાવતાં એને અને એના ભાઈને શરમ આવતી હતી. તે બધા પ્રસંગો એને યાદ આવ્યા.

ગણપતિ શાસ્ત્રી જેવો કદરૂપો, કાળો અને કાણો એક બ્રાહ્મણ સામે આવીને ઊભો રહે તો તેના પ્રત્યે કોને માન ઊપજે? તેમને જોનાર થોડાકને તેમની દયા આવતી, તો કેટલાકને તે ઉપહાસને પાત્ર લાગતા. અને એમાંય વળી તે બોખલા મોંએ 'હી હી' કરી હસીને બાળકની જેમ કંઈ ને કંઈ ઢંગધડા વગરનું બોલતા. તેમની વાતમાં કદાચ કાંઈ તથ્ય હોય તોપણ તેની કોણ પરવા કરતું હતું?

પરિણામે તે ઘણાને ભારરૂપ લાગતા.

દયા અને હાસ્યને પાત્ર બની ગયેલ પિતાને પોતાના છોકરાઓ 'બાપુજી' કહી બોલાવવામાં શરમ અનુભવે છે, તે બરાબર છે, એમ ગણપતિ શાસ્ત્રી માનતા.

ટૂંકમાં ગણપતિ શાસ્ત્રીને ગામમાં કોઈ માન આપતું નહોતું; ઊલટું વખત આવે અપમાન પણ કરતા...

બીજા શાસ્ત્રીઓ તેમની પાસે ગમે તેવું અર્થ વગરનું કાંઈક ને કાંઈક બોલાવીને આનંદ મેળવતા. તેઓના આનંદ માટે એ બધાના સાધન જેવા હતા. તેમને લીધે ઘરમાં દીકરાઓ અપમાન અને શરમ અનુભવતા હતા. તેમની વહુને તેમના પ્રત્યે ઘૃણા હતી.

રાજમને તેમના પ્રત્યે જ ઘૃણા હતી એવું ન હતું. તેને કાયમ મોં ચડાવીને બોલવાની ટેવ હતી. એ મોં ચડાવીને બોલતી હોય ત્યારે ગણપતિ શાસ્ત્રી પોતે જ મોટે ભાગે તેના હાથમાં આવી જાય, તેમાં રાજમ શું કરે?

આવા કોઈને ન જોઈતા ગણપતિ શાસ્ત્રી ક્યાંક ચાલ્યા જાય તેથી કોને દુઃખ થવાનું હતું?

'આજે દસ દિવસ થયા...વીસ થયા...' તેઓ શા માટે દિવસો ગણતા હશે?

'આવી રીતે આપણા ઉપર જ દોષનો ટોપલો નાખવા માટે માણસો રાહ જોતા હશે. ગામલોકો તો મને જ કહેશે ને? મેં તેમને એક પણ અક્ષર કહ્યો છે?...તેઓ તો બાપુજી હતા ત્યારે પણ મારો જીવ ખાતા હતા અને

અત્યારે નથી ત્યારે પણ મારો જીવ ખાય છે.' આમ સવારથી સાંજ સુધી બોલતી રાજમને પણ પોતાના સ્વભાવ બદલ દુ:ખની લાગણી. . .

— એ હતા ત્યારે એક કડવો શબ્દ પણ મેં તેમને કહ્યો નથી, રાજમ વિચાર કરે છે.

ગયાને એક મહિનો થઈ ગયા પછી પોતાને છોડીને ગયેલા ગણપતિ શાસ્ત્રી જીવતા તો હશેને? આ જાણવાની આતુરતા તીવ્ર થવાથી તેમની પ્રત્યે તેમનાં કુટુંબીઓને પ્રેમભાવ જાગ્રત થયો. 'તેઓ આ રીતે અનાથની જેમ ચાલ્યા ગયા છે અને ક્યાંક વારસવિહોણા શબની જેમ પડ્યા હશે. ખરેખર આ પાપ માટે હું જ જવાબદાર છું.' એવા વિચાર કરતી રાજમ છૂપાં આંસુ સારતી હતી. આ વાતની શિવરામનને કે મણિને ખબર ન હતી.

દસ દિવસ પહેલાં ઑફિસેથી આવતો હતો ત્યારે શિવરામનની નજર તેપ્પમ તળાવના કિનારા પર ભેગા થયેલા શાસ્ત્રીઓના ટોળામાં બેઠી દડીના, કાળા કોલસા જેવા, બધાથી અલગ તરી આવે એવા તેના બાપુજીને શોધતી હતી ત્યારે તેની નજરે વેંગિટ્ટુ ઐયર પડ્યા. . .એ તેની પાછળ પાછળ બજાર સુધી આવ્યા. . . પછી પોતાની પાછળ કોઈ આવતું તો નથીને, એની આજુબાજુ જોઈને ખાતરી કરી લીધી. પછી તેમણે શિવરામનને બોલાવ્યો, 'કેમ અલ્યા શિવરામન. . .'

શિવરામને પાછળ જોયું.

'કેમ, તારા બાપાના કાંઈ સમાચાર મળ્યા કે?' પાસે આવીને વેંગિટ્ટુ ઐયરે પૂછ્યું. તે ગણપતિ શાસ્ત્રીના બચપણના મિત્ર હતા, સમાન વયના હતા.

શિવરામને જાણે પોતે મોટી ભૂલ કરી બેઠો હોય તેવી લાગણીથી માથું નીચું કરીને ગલ્લાંતલ્લાં કરતાં કહ્યું : 'કાંઈ સમાચાર નથી. . .ક્યાં ગયા છે તેની ખબર નથી. . .કેમ ગયા છે તેની પણ ખબર નથી. . .ઘરમાં પણ કાંઈ મનદુ:ખ થયું નથી. . .અમે તેમને કેવી રીતે રાખતા હતા તે તમે ક્યાં જાણતા નથી?' તેનું ગુનેગાર મન ડંખ. . .

'તે વાતની ખબર છે !' કહી વેંગિટ્ટુ ઐયરે આજુબાજુ જોયું. પછી ખૂબ ધીમા અવાજે 'આમ આવ' કહી તેને બજારની એક બાજુએ ભજનમંડળી પાસે લઈ ગયા.

ગણપતિ શાસ્ત્રી ગામ ત્યજીને ચાલ્યા ગયા તેના આગલા દિવસે તેપ્પમ તળાવ પર બનેલો બનાવ તેમણે યાદ કર્યો.

બંને એક બાજુએ આવીને ઊભા રહ્યા. વેંગિટ્ટુ ઐયરે કમરે ખોસેલું છીંકણીનું પડીકું કાઢીને ચપટી ભરી અને બોલ્યા, 'તેમનું મન ઘૃણાથી ભરાઈ ગયું હતું. તેમનું ખૂબ ખરાબ રીતે અપમાન કરવામાં આવ્યું હતું. . . બીજું કોણ હોય. . .સુંદર મહાશય જ. . .!' કહી ચપટીમાંની છીંકણી જોરથી ખેંચી. છીંકણી ખૂબ તેજ હોવાથી તેમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે શિવરામનને એકીટસે જોઈ રહ્યા હતા.

શિવરામનને આમાં કાંઈ સમજણ પડી નહીં. સુંદર મહાશયે ગણપતિ શાસ્ત્રીને અપમાનિત કર્યા હતા ?. . .શા માટે ?

શિવરામન અને તેના કુટુંબને સુંદર મહાશય માટે આદર અને ભક્તિભાવ હતો. ગણપતિ શાસ્ત્રીના તે ગુરુ હતા. તે જમાનામાં મહાપંડિત તરીકે પંકાયેલા ગણપતિ શાસ્ત્રીના બાપુજી પરમેશ્વર મહાશયના તે પટ્ટશિષ્ય હતા. આ એક કૌટું-બિક અભિમાન લેવા જેવી વાત હતી. તેમની પાસે જ ગણપતિ શાસ્ત્રી વેદ શીખ્યા હતા. 'પંચોતેર વરસની ઉંમર વટાવી ગયેલ આ પાકટ વયનાને જોનાર સૌ કોઈને નમન કરવાનું મન થાય એવા એ બિચારા મારા બાપુજીને અપમાનિત કરે ખરા કે ? જરા તેજ સ્વભાવના મહાશયે કાંઈ કહ્યું હોય ખરું, પરંતુ કોઈની નિંદા તરફ દુર્લક્ષ કરનાર "પરબ્રહ્મ" જેવા મારા બાપુજી શું આટલા માટે જ ગામ છોડીને જતા રહ્યા હશે ?' આવા બધા વિચાર કરીને શિવરામને વેંગિટ્ટુ ઐયરના મોં તરફ જોઈને કહ્યું, 'તમે શું કહો છો ?'

'હું જોયેલું જ કહું છું. મને શેનો ડર છે ? બધા તો એક પક્ષી જેવા છે. આ અન્યાય અંગે એક પણ શબ્દ બોલતા નથી....સુંદર મહાશય મહાનુભાવ છે. . .તેની હું ના પાડતો નથી. . .પરંતુ તેમણે આ ઉંમરે આવો ક્રોધ કરવો ન જોઈએ...શું માણસ આવું અસભ્ય બોલી શકે ? આ શોભા-સ્પદ છે ?' આવેશપૂર્વક વેંગિટ્ટુ ઐયર બોલ્યા. હવે આગળની વાત જાણવા માટે શિવરામન આતુરતા બતાવે છે કે નહીં તે જોવા તેઓ મૌન રહી તેના મોં તરફ તાકી રહ્યા.

'શું બન્યું. . . મને તો કશી જ ખબર નથી.' વ્યાકુળ ભાવે શિવરામને કહ્યું.

'મને ખબર ન હતી. . .હું તો મંદિરેથી આવતો હતો. તળાવના કિનારા પર અવાજો — શોરબકોર થતો હતો. જોયું તો તારા બાપુજી, ગણપતિ શરમિંદા બનીને ઊભા હતા. મહાશય મારતા હોય એમ હાથ ઊંચા કરી કરીને આવેશમાં કૂદતા હતા. તેમનામાં તારા બાપુજીને મારવાની લાયકાત છે, તેની હું ના પાડતો નથી. . . પરંતુ મન ફાવે તેમ — છી ! એક બ્રાહ્મણ આવું બોલી શકે ખરો ? મર્યાદા બહારની ગાળો ભાંડી. . . ગણપતિ શરમિંદા બનીને ઊભા હતા. . .છેવટે શું તે માણસ નથી ? મને જે લાગ્યું. . .તે જ તેણે પૂછ્યું; એમાં એક પણ ખોટી વાત કરી નથી. "અરે, આમ નીચ જેવું બોલો છો ! તમે એક બ્રાહ્મણ છો. એક માણસ ક્યાં સુધી ચૂપ રહે ?" લાગલું ગણપતિએ પૂછ્યું. . .એટલામાં તો વૃદ્ધ જોવા જેવા થઈ ગયા. . . ગણપતિના ગળામાંનો બેસ વળ ચડાવીને પકડી રાખ્યો. . .આવેશમાં આવીને ગાયત્રીનો મંત્ર મોટેથી બોલ્યા. . .'બોલ, આનો અર્થ બોલ. તું બ્રાહ્મણને ત્યાં જન્મ્યો છું એમ. . . પછી મને જોઈને પૂછ્યું, 'બ્રાહ્મણ છે ? આ બ્રાહ્મણ છે કે ? બધા પૂછો તો.' એમ કહીને તેમને હલકી ગાળો ભાંડી. . . લોકો ભેગા થઈ ગયા. મેં જઈને જુદા પાડ્યા. એ વૃદ્ધના બળની તો શી વાત કરું ? મને પકડીને એક ધક્કો માર્યો. હું જઈને પડ્યો તળાવના કિનારાની પાળી પર. ધક્કો મારીને બૂમ પાડી. . . માણસો ડરી ગયા ! "કાં તો મંત્રનો અર્થ કહે અને નહીં તો. . .હું બ્રાહ્મણ નથી એમ કબૂલ કર. . " મને પૂછ્યું, "છે હિંમત ? " તેમણે પકડેલો હોવાથી બિચારા ગણપતિનું શરીર ધ્રૂજતું હતું. અમે તેમની પાસે કાંઈ બોલી શક્યા નહીં.

વૃદ્ધ ઝનૂની બની ગયો હતો, તેથી અમે ગણપતિને સમજાવ્યો. . . 'કહી દેને. . .મંત્રનો અર્થ કહી દેને. . .જીદ કરીશ નહીં.' મેં તેની પાસે જઈને કહ્યું. ગણપતિએ મારા મોં તરફ ઘૃણાથી જોયું. જોતાંની સાથે જ બાળકની જેમ રડ્યો. . .

' "હું મંત્ર જાણું છું, અર્થ જાણતો નથી" એમ બોલીને તે રડ્યો. પચાસ વરસ પહેલાં હું અને એ સાથે ભણતા હતા તે મને યાદ આવતાં હું પણ રડી પડ્યો.

'એકાએક તારા બાપુજીએ મહાશયનો હાથ તરછોડી નાખ્યો. શું થશે એ ડરથી બધા મૂંઝવણમાં પડી ગયા. ગુસ્સાથી દાંત કચકચાવીને શરીર પરની જનોઈ ઝપટ મારીને તોડી નાખી મહાશયના મોં પર ફેંકીને ગણપતિએ કહ્યું, "જાઓ, હું બ્રાહ્મણ નથી, હું બ્રાહ્મણ નથી" એવી મોટેથી બૂમો પાડતો, નાસતો, ગલીઓમાં થઈને તે ભાગી ગયો હતો. તેનું શું થયું હશે, ક્યાં ગયો હશે તે અંગે હું તને પૂછવા આવતો હતો... પણ તું કહે છે કે આ બાબતમાં તું કાંઈ જાણતો નથી...' પોતાને અને બીજા બ્રાહ્મણોમાંથી કોઈને તે દિવસના બનાવ સાથે કોઈ સંબંધ ન હોય તે રીતે વેંગિટ્ટુ ઐયરે વિગતવાર વાત જણાવી.

વેંગિટ્ટુ ઐયરે કરેલી વિગતવાર વાત પરથી સમાજમાં હીણપતભર્યા ગણાય તેવા આ કઠોર પ્રસંગને લીધે શિવરામનનું મન ખૂબ વ્યથિત થઈ ગયું. તેમની વિદાય લીધા વગર જ, નીચું માથું કરીને ઝળઝળિયાં સાથે તે ઘર તરફ ચાલી નીકળ્યો.

ઘરે જઈને એક ખૂણામાં ઊંધા મોંએ રડીશ, એવો આખા રસ્તે વિચાર કરતો ચાલતો હતો.

પરંતુ તેણે ઘરે જઈને એવું કર્યું નહીં. બાપુના વિયોગથી મને રડતો જોઈને રાજમ ગુસ્સે થશે, એ સંકોચથી તેણે રડવાનો વિચાર છોડી દીધો.

હલકા કુળમાં જન્મેલો આવા અઘટિત વ્યવહારથી રડે તો તેનો કાંઇ અર્થ છે, દયા પણ ઉપજાવી શકે. ઊંચા કુળમાં જન્મ્યો હોવા છતાં કલિ ભગવાનની લીલાથી આવો કોઈ અનર્થ થાય તો તેના દુઃખ માટે રડી પણ કેમ શકાય? અને કોઈને દયા પણ કેમ ઊપજે?

આજે ઑફિસેથી આવતી વખતે રસ્તામાં આવતા તેપ્પમ તળાવના કિનારે ભેગા થયેલા શાસ્ત્રીઓના ટોળામાં શિવરામનની નજર કોઈને શોધતી ન હતી. ઘેર જતાં જ ટપાલમાં આવેલ પેલા કાગળની થોકડીમાં પેન્સિલ અને શાહીથી લખેલી વિગતો જાણવાની આતુરતાથી તે ચાલતો હતો. કાળના મારથી એક વૃદ્ધના હૃદયમાં સંઘરાયેલી વાતોમાં રહેલા ભાવને સમજી લેવો જોઈએ, તેવા વિચારથી તે ઝડપથી ચાલતો હતો. એટલે તેણે એ ટોળા તરફ ધ્યાન ન આપ્યું.

શિવરામન ઘેર આવ્યો ત્યારે રાજમ રસોડામાં હતી. મણિ હજી ઘેર આવ્યો ન હતો. માઉન્ટ રોડ પર આવેલી એક મોટી બૂટની દુકાનમાં સેલ્સમૅનની નોકરી કરતો હોવાથી રાતે આઠ વાગ્યે દુકાન બંધ થયા પછી તે ઘેર આવી શકતો...

પોતાના ખંડમાં જઈને કપડાં ઉતાર્યા પછી શિવરામન સૌથી પહેલું કામ બૅગ ઉઘાડીને લાંબા કવરમાંની કાગળની થોકડી લઈને છૂપી રીતે વાંચવાનું શરૂ કરે છે.

કાગળની પહેલી લીટી.

એક સુપ્રસિદ્ધ સાહિત્યિક કૃતિમાંથી ઉતારો ટાંકીને પત્રની શરૂઆત કરી હતી :

'આ ! મારી નજર સામે હજારોની સંખ્યામાં માણસો ભમી રહ્યા છે. પ્રત્યેક માણસ પોતપોતાની રીતે રહે છે. એકની રહેવાની રીત બીજાના જેવી નથી. હજારોની હજાર રીત છે! આ મેદાનમાં મારી આગળ અને પાછળ હજારો માણસો આવજા કરે છે...બચપણમાં એક વખત હું ચગડોળમાં બેઠો હતો. તે વખતે મારી આજુબાજુ માયાજાળ ખડી થઈ ગઈ હતી, તેમ અત્યારે મારી ચારે તરફ હજારો માણસો ફરતા હોય એવો ભાસ થાય છે. હું પણ મેળામાં ભૂલાં પડેલાં નાનાં બાળકોની જેમ આમતેમ જોઈ મદદ માટે ફાંફાં મારું છું. હજારો માણસોના ચહેરામાં એક પણ પરિચિત ચહેરો જોવા મળતો નથી અને મારી તરફ ધ્યાનથી જોનાર એક પણ ચહેરો આ ટોળામાં નથી, તે જાણીને હું ખૂબ રાહતની લાગણી અનુભવું છું.

'આ દિલ્હી છે ને ઘણું પુરાણું નગર છે. અશોક શું, બાદશાહો શું, ગોરાઓ શું — આ દેશનું કેટલાંય વરસોથી પાટનગર છે. આજની ઘડીએ પણ તે પાટનગર છે. કેટલીય પેઢીઓથી આ લોકો જોઈ રહ્યા છે. અત્યારે જીવતી મનુષ્યજાતિ પૈકી એક પણ વ્યક્તિ બસો વરસ ઉપરની નથી. બસો વરસ પહેલાં થઈ ગયેલા માણસ જેવો અત્યારે એક પણ માણસ નથી. તે પણ એક સમય હતો. આ પણ એક સમય છે. તે સમય ક્યારે અને કેવી રીતે ગયો અને આ સમય ક્યારે અને કેવી રીતે આવ્યો તે કોઈ કહી શકે તેમ છે? આ એક સત્ય છે. તે યુગ આખો વીતી ગયો અને આ આવ્યો. ઊંડાણથી જોવાથી આ દુનિયામાં આવેલા બધા વિચિત્ર જ જણાય છે. આ રીતે બસો વરસ પહેલાંના બધા જતા રહ્યા છે અને અત્યારના છે તે બધા

જ... આ એક આશ્ચર્ય ઉપજાવે તેવો પ્રશ્ન છે. તેઓ બધા ધીરે ધીરે ગયા અને આ ધીરે ધીરે આવ્યા. આ પ્રમાણે અવરજવર છે. ઈશ્વર આ કાર્ય નિયમ મુજબ રોકટોક વગર કર્યે જાય છે. માણસના નસીબનું ચક્ર આવી રીતે ચાલવું જોઈએ અને ચાલે છે. 'પ્રકૃતિમાં ગૂંચવાડો નથી. ગૂંચવાડો ન હોય તે કૃત્રિમ, અસ્વાભાવિક નથી. આવા એક કૃત્રિમ, અસ્વાભાવિક ગૂંચ-વાડામાં હું ફસાઈ ગયો હતો. આવા ગૂંચવાડામાં ફસાવું એટલે જ જીવન... ગૂંચવાડો ન ઉકેલાય તો તેને માટે આપણે જ જવાબદાર છીએ...'

આ કાગળમાં અહીં સુધીનું લખાણ પેન્સિલથી લખેલું છે. તે પછીનાં પાનાં શાહીથી લખેલાં છે. આ ફેરફારને એક પ્રકરણ પૂરું થયેલું માનીને શિવ-રામન પોતે વાંચેલી વિગત પર ખૂબ ધ્યાનપૂર્વક વિચાર કરવા લાગ્યો. તેના 'આ બુદ્ધુ — મૂર્ખ જેવા લાગતા બાપુજી આટલો બધો વિચાર કરે છે!' તેને નવાઈ લાગી.

આ પળે તેના બાપુજીનો — તે બુદ્ધુ બ્રાહ્મણ, હજામત ન કરવાને કારણે વધી ગયેલી દાઢીવાળો ચહેરો, આગલો દાંત પડી ગયેલો, બળિયાનાં ચાઠાં-વાળો, એક આંખે કાણો, કાળો ચહેરો કલ્પી પોતાની નજર સમક્ષ જુએ છે.

લેખનની પ્રવૃત્તિ પોતાના જીવનનિર્વાહનું સાધન છે એમ માનીને એક પત્રિકાના તંત્રી તરીકેની નોકરી પોતે સ્વીકારી છે. પરંતુ એને તો કદી આવા વિચારો ઉદ્ભવ્યા નહોતા અને આવા સુંદર સાહિત્યનું સર્જન કરી શકવાની કલા પ્રાપ્ત નહોતી. આખી જિંદગી બીજાઓની મશ્કરી અને અપમાન સહન કરનાર બાપુજી તે કેવી રીતે સાધ્ય કરી શક્યા? આ વિચારથી શિવરામનના શરીરમાંથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. તેણે આગળ વાંચવું શરૂ કર્યું:

'મારા બાપુજીનો ચહેરો પણ મને યાદ નથી. તે મરણ પામ્યા ત્યારે મારી ઉંમર નવ વરસની હતી. ખરું જોતાં તે મને યાદ હોવું જોઈએ. પરંતુ હું બુદ્ધુ છું ને તેથી તે ભૂલી ગયો...પરંતુ હું જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મારા બાપુજી વિશે લોકો જે વાતો કરતા હતા તે વાતો પરથી મેં તેમને વિશે ઘણી માહિતી મેળવી લીધી. તેઓ એક પ્રખર વિદ્વાન હતા. સંસ્કૃતના જેટલા જ તમિળના પણ વિદ્વાન હતા. સુંદર મહાશય જેવા વિદ્વાનો નસીબદાર કે તેમની પાસે ભણી શક્યા. હા, એક હું જ કમનસીબ હતો. મા કહેતી: બાપુજી જેવા મારે પણ મહાપંડિત થવું જોઈએ. આવી ઇચ્છા બાપુજીની પણ હતી. એ કાળે બ્રાહ્મણોનું ધ્યેય એક જ હતું: પોતાનો દીકરો

બ્રાહ્મણ ધર્મનો પ્રતિનિધિ હોવો જોઈએ. આ જમાનામાં એવો કોણ છે? મારે કેમ કોકને શોધવો જોઈએ? આવા વિદ્વાનને ત્યાં જન્મીને હું ક્યાં તેમના જેવો હતો?...

'મેં ઘણું કહ્યું હતું કે પગરખાંની દુકાને નોકરી કરવી નથી. આ મણિએ મારું ક્યાં માન્યું?... "તમને કાંઈ જ ખબર નથી આ નોકરી માટે મેં કેટલો પ્રયત્ન કર્યો છે. મહિને અઠ્ઠાસો રૂપિયા પગાર છે. ઉપરાંત વરસે ત્રણ મહિનાનું બોનસ. આ કામ શું ખોટું છે? ત્યાં કાંઈ ઢોર મારીને ચામડાં ઉતારી પગરખાં બનાવાતાં નથી. ખોખાંમાં આવતાં પગરખાં બતાવીને વેચવાનું કામ કરવાનું છે. તમને કાંઈ ખબર નથી. તમે જુનવાણી છો..." એમ કહીને મને બોલતો બંધ કરી તેણે નોકરી સ્વીકારી લીધી.

'આ તેની ભૂલ હતી? ના. મેં આના પર ખૂબ વિચાર કરી જોયો અને આ કળિયુગમાં બધું બરાબર છે એમ મને લાગ્યું. મારા દીકરા મારા જેવા લાંબા વાળ અને ચોટલી રાખી, ઉઘાડા શરીરે ફરે અને પગમાં પગરખાં ન પહેરે, આ જમાનામાં મશ્કરીને પાત્ર થાય એવા ટોળામાં તેમનો સમાવેશ થાય તેવી મારી ઇચ્છા ન હતી. આટલા માટે જ મેં તેઓને અંગ્રેજી ભણાવ્યું. લાંબા વાળ અને ચોટલી ન રાખતાં વાળ કપાવવાની મેં સંમતિ આપી. આનો અર્થ શો? હું જેવો બનવા માગતો હતો તેવો હું બની શક્યો નહીં; પરંતુ તેમને તેવા બનાવીને હું સંતોષ પામ્યો છું? હા, "આઘા જાઓ, આઘા જાઓ" એમ બોલીને હું જ આઘો જતો રહ્યો છું. એક જાતને હલકી માનવી એ જેટલું ખોટું છે તેટલું જ ખોટું એક જાતિને ઊંચી માનવી તે છે. આ વાત ક્યારે સમજાય છે? હલકી જાતિવાળા સાથે જેવી આભડછેટ રાખીએ છીએ તેવી આભડછેટનો અનુભવ ઉચ્ચ ગણાતી જાતિવાળાને થાય છે ત્યારે જ. મારા દીકરાઓ પોતે ઊંચા છે એમ કહેવા ખાતર જ કહેતા હોય તો તેઓ ભલે કહે, અને ગામને બતાવવા માટે તેઓ જનોઈ પહેરતા હોય તો તે પણ એક સારી વાત છે. મારા જેવાને નાત બહાર મૂક્યો જ નથી, પરંતુ તેમ કરવાને બદલે મને આઘો રાખ્યો છે. મને બાપુજી કહેતાં, અરે, તેમના સમવયસ્કોની સમક્ષ મને બાપુજી તરીકે ઓળખાવતાં તેઓ શરમ અનુભવતા હતા, એ મેં કેટલીય વાર મારી નજરે જોયું છે.

'હું...જેમનું મોં પણ મને યાદ નથી એ બાપુજીનો વિચાર કરીને હું ગૌરવ અનુભવું છું. જ્યારે પોતાની સામે ઊભેલા બાપાને જોઈને મારા દીકરા

શરમ અનુભવે છે! એ તો જાણે ઠીક. હું જ મારો વિચાર કરું છું ત્યારે મને પોતાને શરમ આવે છે. તો પછી તેઓ મારે માટે શરમ અનુભવે એમાં નવાઈ જેવું શું છે?'

—અહીં ફરીથી પેન્સિલનું લખાણ શરૂ થતું હતું. શિવરામનની આંખમાંથી પડેલાં આંસુએ તે લખાણને ઝાંખું કરી નાખ્યું. એણે થોડો વખત રૂમાલથી મોં ઢાંકી દીધું. શું તે રડતો હતો? પછી એક નિ:શ્વાસ નાખીને લાલ આંખ અને ફફડતા હોઠે વાંચવાનું શરૂ કર્યું.

'ભારતિયારે* ખૂબ ગુસ્સા સાથે કડક ભાષામાં કહ્યું છે : અર્થ સમજ્યા વગર મંત્ર બોલવા તેના કરતાં હજામત કરવી સારી. એક દસકા પહેલાં આ મેં ક્યાંક વાંચ્યું છે. હું જે મંત્રો બોલું છું તેનો અર્થ મને સમજાય છે? આ અંગે મેં વિચાર કર્યો. જેમનું મોં મને બરાબર યાદ નથી એવા મારા વિદ્વાન બાપુજીને — એ મહાવિદ્વાનને યાદ કરીને હું રડ્યો.

'એ મહાપંડિત પાસે, મારા બાપુજી પાસે ભણેલા સુંદર મહાશય પણ મોટા પંડિત છે. તેમની પાસે હું ભણ્યો છું, પરંતુ તેઓ મારા ગુરુ છે એવો તેમના પર ભક્તિભાવ જાગવાને બદલે તે મને મારશે, એવો ડર મને વધુ લાગતો હતો. એકની એક વાત તેમને ફરી પૂછીએ તો તે ગુસ્સે થઈ જતા. આ ડરને લીધે તેઓ જે કાંઈ એક વખત ભણાવે તે હું બરાબર સમજી શકતો નહીં. હું પોપટની જેમ વેદ ભણ્યો. તે વખતે મને ખબર ન હતી કે એ ખોટું છે.

'. . . મંત્રો દૈવી, શુદ્ધ અને પવિત્ર છે એવી શ્રદ્ધાથી મેં તે કંઠસ્થ કર્યા. માના ધાવણમાં કયાં કયાં વિટામિનો છે તે જાણીને શું બાળક દૂધ પીએ છે! અને શું તે જાણવું જરૂરી પણ છે? દરદીને તો દવાથી જ કામ છે. તે કયાં કયાં તત્ત્વોનું મિશ્રણ છે તેના જ્ઞાનની તેને જરૂર ખરી કે? મંત્રોનું તેવું જ છે : તમારે મંત્રની આવશ્યકતા છે. તેનો જપ કરવાથી જ તેનું ફળ તમને મળશે, એમ એક વિદ્વાન લખી ગયા છે. આ વાંચ્યા પછી મને જરા આશ્વાસન મળ્યું, પણ એ જ્ઞાનનો ઉપદેશ મને જરૂર પડી ત્યારે કામ ન આવ્યો. . .

'એક વખત વકીલ રાઘવન ઐયરને ત્યાં હું તર્પણ કરાવવા ગયો હતો. એ ખૂબ મોટા માણસ છે. તેમનો મારા બાપુજી પ્રત્યે જેટલો ભક્તિભાવ

---

* તામિલનાડુના એક રાષ્ટ્રીય કવિ.

હતો તેટલો જ ભક્તિભાવ, આ કામને અયોગ્ય હોવા છતાં મારા પર હતો. દસ વરસથી તેઓ મને જાણે છે. ગઈ સાલ એક દિવસે હું તેમને ત્યાં ગયો હતો ત્યારે તેમના જમાઈ વૈદ્યનાથ ઐયર આવ્યા હતા. તેમને પણ તે દિવસે તર્પણ કરવાનું હતું. તેઓ દેખાવે ગોરા જેવા હતા. તેમણે પહેરેલા જરીના ધોતિયા પરથી તેમને ધોતિયું પહેરવાની ટેવ નથી એ હું તરત કળી ગયો. ચાર આંગળની જરીની કિનારનું ધોતિયું અને જરીવાળા ટુવાલ સાથે તે મેડા પરથી ઊતરતા હતા ત્યારે પગમાં ચમકતાં સ્લીપર – શું કરે? સમય જ એવો છે!

'...મેં મોં ફુલાવીને કહ્યું, "તર્પણ કરાવવું હોય તો આ કાઢી નાખો." એ શરમાઈ ગયા અને પોતાને સ્લીપર કાઢી નાખવાનો ખ્યાલ ન રહ્યો તે જણાવતાં અંગ્રેજીમાં બોલ્યા, "હું દિલગીર છું." અને મેં પણ અંગ્રેજીમાં કહ્યું, "કાંઈ વાંધો નહીં...." હું પણ ઘણી વખત એકાદ-બે અંગ્રેજી વાક્યો બોલવામાં ગૌરવ અનુભવતો!... દુનિયા મને ધિક્કારતી હોય તોપણ તેની દરકાર ન કરતાં દોડી આવી સંબંધ બાંધે એવો તેમનો સ્વભાવ હતો...

'મારે તે દિવસે ઘણે ઠેકાણે જવાનું હતું. જલદી જલદી વિધિ પતાવીને મેં ઊભા થઈને જોયું તો દક્ષિણા ઓછી હતી. આ માણસને કાંઈ ખબર પડતી નથી એમ માનીને મેં બેદરકારીથી કહ્યું, "મારા સાહેબ, દક્ષિણા ઓછી છે." આથી તેમણે મારા તરફ જોઈ સ્મિત કરતાં કહ્યું, "મંત્રો પણ ઓછા હતા ને"... તેમના આ બોલ મને અપમાનજનક લાગ્યા. તે દિવસના જેવી અપમાનજનક પરિસ્થિતિ આ અગાઉ મારે માટે ક્યારેય ઊભી થઈ ન હતી. મને પાછળથી ખબર પડી કે તેઓ દિલ્હીમાં સંસ્કૃતના એક મોટા પ્રાધ્યાપક હતા...

'તેમણે મને કહ્યું, "બીજું કાંઈ નહીં તોપણ તમારે તમારા આસનનું તો માન જાળવવું જોઈએ ને? અર્થ સમજ્યા વગર મંત્ર બોલાય કે?' આના જવાબમાં મેં બચપણમાં વાંચ્યું હતું તે કહી દીધું કે "દવા ખાઈએ એટલે બસ; તબિયત સારી થઈ જાય. દવામાં શું શું છે તે જાણીએ તોય શું અને ન જાણીએ તોય શું?" તેમણે મારા તરફ જોઈને સ્મિત કરતાં કહ્યું, "દવા ખાનાર ન જાણે તો કાંઈ વાંધો નહીં. પણ દવા આપનારે તો જાણવું જોઈએ ને?"... એક પળ મેં વિચાર કરી જોયો. શું જવાબ આપવો તેની સમજણ પડી

નહીં. . .મેં હાથ જોડી નમસ્કાર કરીને કહ્યું, "માફ કરજો મારા સાહેબ !" અને પછી હું સાઇકલ પર બેસી ચાલી નીકળ્યો.

આઠ વાગ્યા છે. રાજમ રસોડામાંથી ઓરડામાં આવી શિવરામનની પીઠને અડીને ઊભી રહી. શિવરામન વાંચતો હતો તે કાગળ તેના ખભાની પાછળથી રાજમે જોયો. ઑફિસનો કોઈ કાગળ હશે તેમ માનીને તેણે તેના પ્રત્યે દુર્લક્ષ્ય કર્યું.

'હજી પણ વાંચી રહ્યા નથી ? જમવા આવો છો ને ?' આ અવાજ સાંભળીને શિવરામને પત્રમાંથી ધ્યાન ખસેડીને રાજમ તરફ જોયું

'મણિને આવવા દે.' ભય મિશ્રિત સ્મિત સાથે શિવરામને વિનંતી કરી.

'આ બધો કચરો ઑફિસ પૂરતો જ ન રખાય ?' મોં ચડાવીને રાજમ બોલી. પછી મેજ પર પડેલું એક સાપ્તાહિક લઈ ને ભીંતને અઢેલીને બેઠી.

શિવરામને પછીનું પાનું ફેરવ્યું.

'સાઠ વરસ અર્થ જાણ્યા વગર મંત્ર ગમેતેમ દીર્ઘે રાખીને હું જીવ્યો છું ! મારા જેવાને લીધે બ્રાહ્મણ ધર્મ અપમાનિત થયો છે. દરરોજ સવાર-સાંજ પૂજા-સંધ્યા કરું છું ત્યારે કંઈક ભૂલ કરતો હોઉં તેમ મને ખટકે છે. ખોટું જીવન જીવું છું એવી શંકા. . શાસ્ત્રો અને વેદોનું માન આ જમાનામાં નથી જ એવું હું કહેતો નથી. પણ ખરી વાત તો એ છે કે આપણે તેની મહત્તા અને ગૌરવ સમજી શકયા નથી. હું ખરેખર એક માણસ બન્યો છું તેવી પ્રતીતિ મને છેલ્લા એક મહિનાથી થઈ છે. આ પહેલાં નાટકનું પાત્ર બીજાનો લખેલો સંવાદ બોલી જાય તેમ હું આ મંત્રો સમજ્યા વગર હોઠ ફફડાવીને બોલી જતો હતો.

'. . .મને ઓળખનારાઓમાંથી કોઈ પણ અત્યારે મને જુએ ને હું તેમનો ઓળખીતો ગણપતિ શાસ્ત્રી છું, એમ હું પોતે કહું તોપણ તેઓ તે માનવા તૈયાર ન થાય. કયારેક એકાએક અરીસામાં મારું પ્રતિબિંબ જોઉં છું ત્યારે હું પણ મારી જાતને ઓળખી શકતો નથી. હા, મારા મનમાં રહેલો ચોટલીવાળો મારો દેખાવ અત્યારે નહીં જેવો. . .સાઠ સાઠ વરસની વિચારધારા કાંઈ આટલી ઝડપથી બદલાય. . .ફક્ત વિચારધારા જ. . .

'હવે હું બ્રાહ્મણ નથી, શાસ્ત્રી પણ નથી. અત્યારે તો હું મારા આત્માને ન છેતરનાર એક પ્રામાણિક માણસ છું! હું જન્મ્યો છું તે કુળનું મને ગૌરવ છે. ખૂબ મોટા માણસોએ કરવા જેવાં બધાં કાર્યો હું ખોટી રીતે કરતો આવ્યો છું. એ કાર્યો કરીને હું તેમનું બહુમાન કરતો નથી; પરંતુ અપમાનિત કરું છું, એમ લાગે છે. બધા મને 'મારો સ્ક્રૂ' ઢીલો થઈ ગયો છે એમ કહે છે. કહેવા દો ને. . .તે દિવસે તળાવકાંઠેથી જે સ્થિતિમાં હું આવ્યો હતો તે જોનાર બધાએ મને ગાંડો જ કહ્યો હશે. સુંદર મહાશય જેવા માટે આ પુરોહિતનું જીવન ગૌરવવાળું છે એમ કહી શકાય. તેઓએ મને ગમે તેટલો ઠપકો આપ્યો હશે છતાં તેઓ મારે મન વંદ્ય છે, ને તેમને હું પ્રણામ કરું છું. મારી આંખો ઉઘાડનાર ગુરુ તે જ છે. આ જગતે જ તેમના સ્વરૂપમાં આવીને મને ઢંઢોળીને મારું અંતરદ્વાર ઉઘાડતાં કહ્યું, 'બોલ, તું બ્રાહ્મણ છે. . . આ મંત્રનો અર્થ જાણતો નથી. . .શું તું બ્રાહ્મણ કહેવાય. . .' તેમણે જ મને બ્રહ્મોપદેશ આપી જનોઈ પહેરાવી હતી ને. . .તેમણે શીખવ્યા પ્રમાણે જ હું અત્યાર સુધી રટણ કર્યે જતો હતો. એ ભૂલભરેલું છે તે તેમણે જ કહી દીધું. ગમે તે રીતે જુઓ તોપણ એ મારા ગુરુ જ છે. હું તેમને લાખ લાખ પ્રણામ કરું છું.

'હવે મેં ચોટલી કાઢી નાખી છે. શર્ટ અને બૂટ પહેરું છું. આ બધું સારું લાગે છે. આનો વિચાર કરતાં મને હસવું આવે છે. શાસ્ત્રી લોકોથી બૂટ પહેરાય નહીં. . .પણ સાઇકલ પર બેસાય. મારી સાઇકલ ચાળીસ રૂપિયામાં શિવરામન ખરીદી લાવેલો. અને તે પણ કાઢિયું. . .અત્યારે તેનો ઉપયોગ કોણ કરતું હશે? શિવરામન? કે પછી મણિ?. . .ઘરડાઓ પણ કામ આવે છે મરતાં સુધી....'

પત્ર વાંચી રહેલા શિવરામને નજર ઊંચી કરી. તેણે વરંડામાં ભીંતે ટેકવીને મૂકેલી સાઇકલ તરફ જોયું. તેનું મોં જોઈ ને, તેની નજર સાથે રાજમે પણ મોં ફેરવીને વરંડામાં મૂકેલી ગણપતિ શાસ્ત્રીની સાઇકલ જોઈ. તેઓ બંનેએ એક પણ અક્ષર બોલ્યા વગર, મૌનની ભાષામાં જ મનની લાગણીઓની આપ-લે કરીને મનમાં ખટકી રહેલી વાત એકબીજાને કહી. એકાએક રાજમે એક ડૂસકું ભરીને તે મૌનનો ભંગ કર્યો.

'આ નફકરા બ્રાહ્મણ ક્યાં ગયા હશે? તેમના કાંઈ સમાચાર જ નથી. . . જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ મનની વ્યથા વધતી જાય છે. . .

હું તમારી સાથે અત્યારે ખુલ્લા દિલે વાત કરું છું. તેમના વગર જાણે ઘર મને ખાવા ધાતું હોય તેમ લાગે છે. તમારે તેમની સાથે કાંઈ બોલાચાલી થઈ હતી? આવા જુવાનજોધ બે દીકરા હોવા છતાં આ રીતે અનાથની જેમ ભટકવાનું જ શું તેમના નસીબમાં લખ્યું હતું?' અને રાજમ હાથમાંની પત્રિકા મોં પર ઢાંકીને રડે છે.

શિવરામન તેના બાપુજીને તદ્દન બુદ્ધુ માનતો હતો, પરંતુ આ પત્ર વાંચ્યા પછી તેમના પ્રત્યેની તેની માન્યતા ભૂલભરેલી હતી તેમ લાગ્યું. રાજમે તેમના પ્રત્યે દ્વેષભાવ વગર બીજી કોઈ લાગણી બતાવી નથી એમ એ માનતો હતો. પરંતુ રાજમના હૃદયમાં પણ તેમના પ્રત્યે કંઈક ઊંચી લાગણી છુપાયેલી છે તેવું તેને જણાયું. તેથી તેણે મેજ પર પડેલી કાગળની થોકડીમાંથી પોતે વાંચેલાં પાનાં લઈને બોલ્યા વગર તેની તરફ લંબાવ્યાં.

તે વખતે તેની આંખોમાંથી આંસુનાં બે ટીપાં સરી પડયાં!

'કોનો કાગળ છે?. . . તેમણે લખ્યો છે?' આતુરતાથી રાજને પૂછ્યું અને તેઓ ક્યાંક જીવતા છે, એવી રાહતની લાગણી સાથે તે પત્ર વાંચવા માંડી.

બરાબર આ જ પળે મણિ ઘરમાં દાખલ થયો. રાજમની અડધીપડધી વાત સાંભળીને તે મોટેથી બોલ્યો, 'કોણ બાપુજી? ક્યાં છે?'

અને તેણે રાજમની પાસે બેસી જઈને તેની સાથે પત્ર વાંચવા માંડ્યો.

નવ વાગ્યા છે. . . તેઓમાંથી કોઈએ હજી સુધી ખાધું નથી. કાગળની થોકડી અત્યારે પૂરી થાય તેમ લાગતું નથી.

પોતાને તજીને ક્યાંક જતા રહેલા ગણપતિ શાસ્ત્રીની પૂરી વિગત જાણવાની આતુરતાથી દરેક એક એક પાનું લઈને વાંચવા માંડે છે.

તે પત્રનું એક પાનું વાંચીને મણિ એકાએક મોટેથી બોલી ઊઠે છે, 'વેલ ડન. . .ફાધર. . .!'

પત્રમાંથી વ્યક્ત થતું તેમનું વ્યક્તિત્વ, તેમની જીવનકહાણી અને તેમાંથી ખડી થતી તેમની મૂર્તિ — આ બધું જોઈને આ વીસમી સદીમાં જીવવા માટે તલસતા શું ગણપતિ શાસ્ત્રી એકલા જ એવા બ્રાહ્મણ છે?

8. ભૂલો એ ગુના નથી...!

થેરેસાએ કહેલી વાતમાં સહેજ પણ કડવાશ ન હતી. તેમની સાથે વાત કરતી હતી ત્યારે તેના અવાજમાં જરા પણ ડંખ ન હતો.

મૃદુ સ્વભાવવાળી થેરેસાના મીઠા અવાજથી કહેવાયેલી એ વાતમાં હજી પણ નમ્રતા ટપકતી હતી. તેમને માટે થેરેસાને ખૂબ દુઃખ હતું; છતાં તેમને અપમાનિત કરવાનો કે તેમનો વિરોધ કરવાનો તેના ચહેરા પર ભાવ જણાતો ન હતો.

'છટ્' કહી એના મોં પર થૂંકી હોત કે 'યુ ડેમ બ્રટ' કહી બૂમબરાડા પાડીને અપમાનિત કર્યો હોત તોપણ એને કાંઈ વાંધો ન હતો, એમ નાગરાજન વિચારવા લાગ્યો. આ પ્રકારના અનુભવો તેને થઈ ગયા હતા.

આવા સંજોગોમાં પોતાને કેવી રીતે બચાવવો તે નાગરાજન જાણતો હતો. તેનો હોદ્દો, સંપત્તિ, આવડત, ઉંમર, સામાજિક મોભો — આ બધાં અથવા તેમાંના કોઈ પણ એકનો તેને સહારો હતો. પણ તેથી શું?

અપમાન તો થયું જ કહેવાયને? આટઆટલું થયું છતાં સાન ઠેકાણે આવી નથી, આમ તે પોતાને ઠપકો આપતો હતો ત્યારે તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. અપમાનથી તેમ જ પોતાની પ્રત્યે ઉદ્ભવેલી ઘૃણાથી તે માથું નીચું રાખીને બેઠો હતો અને પોતાને માટે કડવાશ અનુભવી રહ્યો હતો.

'છટ્! હું તે કેવો માણસ છું! પચાસ તો થયાં છે ઉંમરલાયક છોકરાઓ છે. કૉલેજમાં ભણતી છોકરી છે...જો તેઓનાં લગ્ન કર્યાં હોત તો અત્યારે હું ત્રણ પૌત્રોનો દાદા હોત!...છટ્! હું તે કેવો માણસ છું!' એણે દાંત પીસ્યા. અંતે હાથ કોટના ખીસામાં નાખીને આંગળીઓના ટચાકા ફોડ્યા. આંખો જોરથી મીંચીને, ખુરસીને ટેકવીને, બેધ્યાનમાં બબડતાં માથું

આમતેમ હલાવ્યું, 'કેવી શરમજનક વાત છે!' તેને શું કરવું તેની સૂઝ પડી નહીં.

થેરેસાનો ચહેરો તેની નજર સમક્ષ આવીને ઊભો રહ્યો.

થોડી વાર પહેલાં...

લોહી જેવા રાતા કપાળ પર વીખરાયેલા વાળ, લાલ આગ જેવા હોઠનો ફિક્કો પડી ગયેલો રંગ, ફફડતી આંખોમાંથી નીકળતાં ઝળઝળિયાં... 'પ્લીઝ! લીવ મી!... આઈ રિગ્રેટ!...' બોલી ખૂબ જોર કરીને એ તેની પકડમાંથી છટકી ગઈ. તેનું આખું શરીર ધ્રૂજતું હતું. એવો તેનો દેખાવ...

તેની આંખમાંથી મોટાં આંસુ ટપક્યાં. સ્કર્ટના ખીસામાંથી રૂમાલ કાઢીને લૂછે તે પહેલાં જ ટેબલના કાચ પર 'ટપ' કરતાં પડેલાં આંસુનાં બે ટીપાં હજી પણ સુકાયા વગર ફેલાયેલાં પડ્યાં હતાં...

તેમની સામે પોતે રડી પડી એ અસભ્ય વર્તન માટે દુઃખી થતી થેરેસા 'હું દિલગીર છું' કહી પોતાનો રૂમાલ કાઢી મોં ઢાંકીને ત્યાંથી પોતાના ઓરડામાં દોડી ગઈ. તેની સ્લીપરોનો અવાજ હમણાં જ સંભળાતો બંધ થયો હતો. એ ધડામ દઈને ખુરશીમાં ફસકાઈ પડી, તેનો અવાજ...

એના કાનમાં ફરી ફરીને થેરેસાના શબ્દો સંભળાતા હતા...અપમાનિત અને દુઃખી થઈને દોડી ગયેલી થેરેસાનો દેખાવ વારંવાર નજર સમક્ષ ખડો થતો હતો.

'થેરેસા કેટલી ખાનદાન છે! કેટલી સારા સ્વભાવની અને સમજુ છે,' એ વિચારથી તેનું દિલ ભરાઈ આવ્યું.

'હું તેની સાથે આવો વર્તાવ કરીશ એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય,' એવો વિચાર આવતાં જ નાગરાજનને પોતાના શરીરના બે ટુકડા કરી દેવાનું મન થયું.

એક ક્ષણમાં જ થયેલા પોતાના પતનનો વિચાર કરીને તેમણે હૃદયમાં વ્યથા અનુભવી.

'થેરેસાને કઈ રીતે સમજાવવી? આ કલંક કેવી રીતે ધોઈ નાખવું? પોતાની ગયેલી આબરૂ થેરેસાની આગળ ફરી કેવી રીતે ઊભી કરવી?

'હું...! બધું જ ખતમ થઈ ગયું! બધું જ ઢોળાઈ ગયું! ઓહ! કેટલું મોટું નુકસાન!'— નાગરાજન વિચાર કરતાં કરતાં એક મોટો નિઃશ્વાસ નાખે છે. કપાળે વળેલો પરસેવો લૂછે છે. ક્યાંક જઈને મોકળા મને રડવાની ઇચ્છા થઈ.

થોડા દિવસથી નાગરાજનના દિલમાં તેના પ્રત્યે લાલસા જાગેલી — થેરેસાની વર્તણૂક, સ્મિત, વ્યવહાર અને આ બધાં કરતાં વિશેષ પોતાની ઉંમર અને પોતે તેના પ્રત્યે દાખવેલું માયાળુ વર્તન વગેરેનો ખ્યાલ કરીને થેરેસા જાણે એક પિતાને જણાવતી હોય તેમ જીવનમાં અનુભવેલાં દુઃખો અને પોતાને થયેલા દગા વગેરેની વાતો કરી મનનો ભાર હળવો કરતી હતી. આ બધાંનો અર્થ તે મારા તરફ આકર્ષાઈ છે એવો કર્યો અને તેનો લાભ લઈ મેં તેના પ્રત્યે જે હલકું વર્તન દાખવ્યું તેનો વિચાર કરતાં એને આંતરડાં વલોવાઈ જતાં હોય એવું દુઃખ થાય છે.

આવા ખોટા ખ્યાલમાં જ, તે કાંઈ વાંધો નહીં લે એવી હિંમતથી તેમણે થેરેસા સાથે આવો વર્તાવ કર્યો હતો.

છેલ્લા દસ દિવસથી હંમેશ મુજબ ખાવાનું પીરસનારો કનૈયો કહ્યા વગર નાસી ગયો છે. તે દિવસથી દરરોજ લંચના સમયે થેરેસા અને નાગ-રાજન સાથે બેસી ખાય છે.

બપોરે ઑફિસમાં જમવાની પ્રથા દાખલ કરનાર કનૈયો જ હતો. એ આવ્યો તે પહેલાં, એટલે બે વરસથી એ લંચ માટે બપોરે ઘેર જતો હતો. પરંતુ ઘેર જઈ જમીને આવે...એટલામાં કાંઈ પતી જાય? જરા આરામ કરવો જોઈએ, આડા પડવું જોઈએ, જરા ઊંઘવું જોઈએ. પછી ઑફિસમાં આવતાં ચાર વાગે જ ને!

નાગરાજન ગમે તેટલા વાગ્યે ઑફિસમાં આવી શકતો, જઈ શકતો. તેને કોઈ કંઈ પૂછી શકતું નહીં. કંપનીમાં શેઠ પછી બીજું સ્થાન તેનું હતું. છતાં કેટલીક બાબતોમાં શેઠના કરતાં તેની જવાબદારી સહેજ વધુ હતી. શેઠનો એ ખૂબ વિશ્વાસુ માણસ હતો. ફરજપાલનમાં ખૂબ જ નિયમિત હોવાથી પચીસ વરસમાં આ મુખ્ય ઑફિસમાં બેઠાં બેઠાં જ એ આખા પ્રાંતમાં શાખાઓ ઊભી કરી શક્યો હતો અને આ કંપનીને આગળ લાવી શક્યો હતો.

તેમને ઘરે કનૈયો આવ્યા પછી કનૈયો પોતે ઑફિસમાં ખાવાનું લઈ ને આવતો અને જાતે તેમને ખવડાવ્યા પછી ઘરે પાછો જતો.

ઘેર ખાવા જવાનું મુખ્ય કારણ એ કે નાગરાજનને હાથે લઈ ને ખાવાની ટેવ ન હતી અને તે તેને ગમતું પણ ન હતું.

કનૈયો નાગરાજનના ઘરમાં કામ કરનારો કે રસોઇયો હતો એમ જ સૌ સમજતા હતા. એ તેની સગી ફોઈનો દીકરો છે તેમ જ તેઓ સરખી ઉંમરના મિત્રો છે એ વાતની ઘણાને ખબર ન હતી. અને એ વાત બીજા જાણી શકે તેવું તેનું વર્તન પણ ન હતું.

તેને કુટુંબ, બૈરીછોકરાં, ઘર, સગાંવહાલાં કોઈ કહેતાં કોઈ ન હતું.

પોતાના કહી શકાય એવા સંબંધવાળા ઘરમાં જ તે થોડા દિવસ રહેતો અને એ ઘરમાં રહે ત્યાં સુધી ઘરવાળાઓને સહાયરૂપ બનીને રહેતો. બાળકો માટે આયા બનીને અને બોલાવતાંની સાથે જ દોડી આવતો નોકર બનીને તે રહેતો. બગીચાની ક્યારીઓ ખોદતો, કપડાં ધોતો, દુકાને જતો, લાકડાં ફાડતો, મહેનતનું કામ કરતો તેમ જ મધુર વાણીમાં વાત કરતો.

'કહ્યા વગર જ ચાલ્યો ગયો બદમાશ...' નાગરાજને દાંત પીસ્યા અને થોડી વાર પહેલાં પોતે કરેલા કામની પણ જાણે તેની જવાબદારી હોય તેમ દોષનો ટોપલો તેના પર ઢોળવા પ્રયત્ન કર્યો.

'એ બદમાશ આવીને બરાબર પીરસતો હોત તો આ થેરેસા મારી આટલી નિકટ આવી ન હોત!' નાગરાજનને વિચાર કરતાં કરતાં કનૈયો યાદ આવ્યો...

બે વરસ પહેલાં એક દિવસે રાતે આઠ વાગ્યે ઘરે પાછા ફરી નાગરાજન કારને શેડમાં ઊભી રાખવા આવ્યો ત્યારે શેડના એક ખૂણામાં વધેલી દાઢી-મૂછવાળા અને અવ્યવસ્થિત વાળવાળાને ઊભેલો જોઈ, કારની બત્તી ઓલવ્યા વગર જ તેમણે કારમાંથી ડોકિયું કરીને ધમકીભર્યા અવાજે પૂછ્યું,

'કોણ છે ત્યાં...?'

એ પાસે દોડી આવ્યો—

'એ તો હું કનૈયો ... મને ન ઓળખ્યો જમાઈ?'* એ પોતાની ઓળખાણ આપતો હતો ત્યારે નાગરાજનને થોડું દુઃખ થયું.

'આવો કેવો તારો વેશ છે? આવ... આવ.' તેને બોલાવી જઈ ઘરમાં દરેક સાથે તેનો પરિચય કરાવ્યો. પછી તેને ત્યાં જ રહી જવાનું કહ્યું. થોડા દિવસમાં તેમના કુટુંબનો એ ખૂબ જ આવશ્યક માણસ બની ગયો.

એને ઘરમાં રાખવા બદલ શરૂઆતમાં બીજાં સંબંધીઓએ નાગરાજનને અને ઘરના બીજાઓને ખૂબ ચેતવણી આપી.

* દક્ષિણ ભારતમાં મામાફઈનાં છોકરાં પરસ્પર પરણે છે.

પરંતુ નાગરાજને તેઓના કહેવા તરફ ધ્યાન આપ્યું નહીં. ઊલટું એને પોતાને ત્યાં રાખવો તે પોતાની ફરજ છે એમ માન્યું. તેમ છતાં તેને પોતાને ત્યાં રાખ્યો હતો તેનાં કારણો અત્યાર સુધી તેણે કોઈને જણાવ્યાં નહોતાં.

બચપણના પ્રસંગોને યાદ કરીને તે એકલો હોય ત્યારે કનૈયાની સાથે તેની વાતો કરીને ખુશ થતો.

એ વખતે આ કનૈયો ખૂબ જ સરસ છોકરો હતો. એને કોઈ પણ જાતનું વ્યસન ન હતું. આવા વ્યસન વગરનાને બીડી તેમ જ પીવાનું વ્યસન પાડનાર નાગરાજન પોતે હતો. આ ઉપરાંત બીજી ઘણી કુટેવો તેને પાડી હતી એ વાત એ ભૂલ્યો નહીં. આ બધાં વ્યસનો માટે ઉંમર જ કારણરૂપ હતી, એવી દૃઢ માન્યતા પર આવ્યા પછી ધીરે ધીરે તે બધાં વ્યસનોમાંથી મુક્ત થયો. પરંતુ એને લીધે વ્યસનોમાં પડેલો કનૈયો તો તેમાં જ રચ્યોપચ્યો રહે છે, તે વાત સાંભળીને તેનું મન આ માટે પોતાને જવાબદાર ગણીને ડંખતું હતું.

નાગરાજનને લાગતુંવળગતું હતું ત્યાં સુધી આ બધી કુટેવો જ પાપવૃત્તિ ઉત્પન્ન કરનાર છે એમ તે માનતો હતો. નીતિની દૃષ્ટિએ કે કોઈ બીજા કારણસર તેને માટે કાંઈ ચિંતા થતી નહીં. પરંતુ આ ટેવોની ગુલામીથી જ એક વ્યક્તિની જિંદગીની બધી માનમર્યાદાઓનો નાશ થવાથી તે દયાને પાત્ર બને છે. આવી દયાની લાગણી કનૈયા માટે પણ નાગરાજનના દિલમાં ઉત્પન્ન થઈ.

હજી પણ નાગરાજન કોઈક વખત પાર્ટીઓમાં તો ક્યારેક ઘરમાં પણ દારૂ પીએ છે. આની કોઈને ખબર નથી. એ બીડી પીએ છે, સ્ત્રીઓને કામુક નજરે જુએ છે. બધી જ બાબતોને મર્યાદા હોય છે. જ્યારે તે મર્યાદા વટાવી જાય છે ત્યારે માણસ ઊંડી ગર્તામાં પડીને પતન પામે છે ને?

આવું પતન પામ્યો હતો કનૈયો. તેના પતન માટે દરેક રીતે નાગરાજન જ જવાબદાર હતો. આ વિચાર આવતાં તેનાથી એક મોટો નિઃશ્વાસ નંખાઈ જતો.

બીજાઓની દૃષ્ટિએ સમાજમાં પતન પામેલો હોવા છતાં પણ કનૈયો પોતાની સમકક્ષાનો છે એમ નાગરાજન માનતો હતો. અને તે પણ તે મર્યાદામાં રહીને હોશિયારીપૂર્વક તેની સાથે વર્તતો હતો.

ક્યારેક નાગરાજન દારૂ પીતો ત્યારે કનૈયાને પણ બોલાવીને આપતો. એ વખતે જાણે પોતાનો રાજ્યાભિષેક થયો હોય એમ માનીને તે ખુશ થતો. પણ તે વખતેય કનૈયો ઘણા સંકોચ સાથે હાથમાં પ્યાલો લઈ એક ખૂણામાં જઈ, પૂંઠ ફેરવી છાનોમાનો પીતો. પછી 'બસ બસ' બોલતો પ્યાલો મૂકીને દોડી જતો.

પૂછવાથી તે કહેતો, 'આપણને આ બધી વસ્તુઓ પાલવે નહીં. મને બે રૂપિયા આપો જમાઈ. આમ નાહક શા માટે આ વસ્તુઓનો બગાડ કરો છો?' અને તે રૂપિયા લઈ જઈને રાતે ક્યારે આવીને શેડમાં સૂઈ જાય છે તેની કોઈને ખબર પડતી નહીં.

કોઈ ન જાણે તેમ ખર્ચા માટે અઠવાડિયામાં બે વખત નાગરાજન તેને પૈસા આપતો.

તેની રસોઈ જમવાથી નાગરાજનને તૃપ્તિ થતી. એ ઘેર હોય ત્યારે ઘણી વખત કનૈયો તેને પીરસતો.

નાગરાજનની પત્ની જાડી હતી અને કાયમ માંદી રહેતી. તેને આરામ-ખુરશીમાંથી ઊભા થવાની તક પણ તે બનતા સુધી આપતો નહીં.

કેટલીક વખત ડ્રાઇવર ન હોય ત્યારે કનૈયાને સાથે લઈને નાગરાજન કારમાં એકલો જતો. તે વખતે તે તેની સાથે સમોવડિયાના જેવું વર્તન રાખતો અને પહેલાંના પ્રસંગોને યાદ કરીને આનંદ મેળવતો. તે સમયે કનૈયો પણ પોતે કોણ છે તે ભૂલી જઈને તેની સાથે તુંકારેથી વાતો કરતો.

'કેમ, કનૈયા. . . આપણી સેક્રેટરી કેવી છે?' સાડી વિનાની એ સેક્રેટરી મડમની જેમ સામે આવતી ત્યારે કનૈયો શરમથી વાંકો વળીને તેને જોઈ રહેતો તે નાગરાજને ઘણી વખત જોયું હતું, એટલે જ એણે કનૈયાને પૂછ્યું હતું.

તે આવી રીતે આવતી ત્યારે તેને જોઈને શરૂઆતમાં તો કનૈયો હસતો હતો.

'બોલ. . .તું તેને જુએ છે ત્યારે તારા મનમાં કેવી લાગણી ઉત્પન્ન થાય છે?'

'મને શેની લાગણી થાય?' છાતીને દાઢી અડે તેમ માથું નીચું કરીને કનૈયો ઊભો રહ્યો. થોડા સમય પછી બુદ્ધુની જેમ હસીને તે આગળ બોલ્યો,

'તું તેને કાંઈ એમ થોડી જ રહેવા દેવાનો છે, જમાઈ!. . .હું બધું જાણું છું.' કહી કોણી મારી મજાક કરતો કનૈયો હસતો.

'છટ્ ! છટ્ ! એવું કાંઈ નથી. શું તું મને હજી પણ પહેલાં જેવો સમજે છે? ઉંમર થઈ છે!' નાગરાજને કહ્યું.

'એમ હોય તો. . .તું તેની નજરમાં વસી ગયો છે, એ મને સમજાય છે.' આંખ તીરછી કરીને તે નાગરાજનને ખુશ કરતો.

'એ બદમાશે જ પહેલેથી આ વિચારનું બી વાવ્યું હશે?'. . .

આ બધું તે મૌનની ભાષામાં જ કહેતો. ઉપરાંત એ નાગરાજનની સામે ઊભો રહી, કમરે વીંટેલો ટુવાલ કાઢ્યા વગર જ ઊંચી નજર કર્યા સિવાય પીરસ્યે જતો. એને કઈ ચીજ ભાવે છે તે થાળીમાં જોઈને સમજી જતો ને એ વસ્તુ માગે તે પહેલાં જ એ પીરસી દેતો.

એ નાગરાજનને પીરસતો હતો તેમ જ તેમની ખાતરબરદાસ્ત કરતો હતો તે બધું થેરેસાએ જોયું હતું.

એટલે એ આવ્યો નહીં, તે દિવસે ડ્રાઇવરે તેને પીરસ્યું; પરંતુ તેને પીરસવું ફાવ્યું નહીં. . .તેણે જે બૂમ પાડી તેનાથી એ ગભરાઈ ગયો અને તેના હાથમાંથી વસ્તુ નીચે પડી ગઈ ને ઢોળાઈ ગઈ. તેણે કાંઈ ખાધું નહીં અને ગુસ્સે થઈને બધું લઈ જવાનું કહ્યું. તે દિવસે તેણે હોટલમાંથી ટિફિન મગાવીને ખાઈ લીધું. આ બધું થેરેસાએ જોયું હતું. બીજે દિવસે બપોરે નાગરાજને હાથે ખાવાનું લેવા માંડ્યું ત્યારે. . .

'તમને કાંઈ વાંધો ન હોય તો હું પીરસું?' થેરેસાએ વિનયપૂર્વક અંગ્રેજીમાં પૂછ્યું.

તે દિવસે કનૈયાએ પોતાને કહેલી વાત યાદ આવી, 'તું તેની નજરમાં વસી ગયો છે તે મને સમજાય છે.'

ચાર વરસથી પોતાની પાસે સ્ટેનો તરીકે કામ કરતી થેરેસાને તે દિવસે જ તેણે એવી નજરથી જોઈ હતી.

'તમે આજે સુંદર દેખાઓ છો!' નાગરાજને તે દિવસે તેનાં વખાણ કર્યાં.

'થેંક યુ.' થેરેસાએ તેનો આભાર માન્યો. એ દિવસે એણે થેરેસાને પોતાની સાથે ખાવાનું કહ્યું.

પહેલે દિવસે ટિફિન-બૉક્સમાં આવેલો સાદો નાસ્તો એની સાથે બેસીને ખાતાં તે અચકાઈ. પરંતુ એણે ખૂબ આગ્રહ કર્યો એટલે તેણે સામે બેસીને એક મેજ પર ખાધું.

જમતી વખતે થેરેસાએ પૂછ્યું,

'પેલો માણસ ક્યાં છે?'

'એ બદમાશ પાંચસો રૂપિયાની ચોરી કરીને કહ્યા વગર નાસી ગયો છે.' નાગરાજને ગુસ્સાથી કહ્યું.

'પાંચસો રૂપિયા? પૈસા આવી રીતે, કામ કરનાર જુએ તેમ મુકાય કે?'

'એ કામ કરનાર નથી, મારી ફોઈનો દીકરો છે!'

'ઓહ! આઇ એમ સૉરી.'

'કાંઈ વાંધો નહીં. ચોર માટે નોકર શબ્દ વાપરવો તે જરા વધુ પડતું જ...'

'પુઅર મૅન!' થેરેસાએ દિલગીરી બતાવી. આથી નાગરાજનને આશ્ચર્ય થયું. 'હી વૉઝ વૅરી નાઇસ ઍન્ડ હેલ્પફુલ....' નાગરાજન મનમાં બોલ્યો અને એક નિ:શ્વાસ નાખ્યો.

નાગરાજને તેને માટે આવેલું ખાવાનું તેને આપ્યું. એણે ભાવપૂર્વક આપેલી વાનગીઓનો થેરેસાએ આભાર સાથે સ્વીકાર કર્યો. તેણે પણ કનૈયાની જેમ તેમની રુચિ અનુસાર વાનગીઓ પીરસી. તેની લાવેલી વાનગી તેમણે ખૂબ હક કરીને માગીને ખાધી.

ઑફિસને લગતી વાતો સિવાય બીજી વાતો નહીં કરનાર તેઓએ સાથે લંચ લેવાનું શરૂ કર્યું ત્યારથી સામાન્ય બાબતો તેમ જ અંગત બાબતો વિશે પણ વાત કરવાનું શરૂ કર્યું.

પહેલાં તે વાતાનુકૂલ ખંડમાં પોતાને માટે રાખેલી આરામખુરસીમાં ખાધા પછી થોડો સમય આંખો મીંચી આરામ કરતો, પરંતુ આ દસ દિવસથી નાગરાજન આરામખુરસીમાં લંબાવીને મેજની પાસે બેઠેલી થેરેસાની સાથે કાંઈ ને કાંઈ વાતો કર્યા કરતો. થેરેસા તેની કોઈ પણ વાત છુપાવતી ન હતી. એક મોટા વિશ્વસનીય માણસે તેના પ્રત્યે વાત્સલ્યભાવ દાખવ્યો હતો તેમ જ દયાની જે લાગણી વ્યક્ત કરી હતી તેથી ફુલાઈને આભારની લાગણી સાથે એ મોકળા મને વાતો કરતી હતી. બાળકો જેવું તે હસતી હતી. પોતાનાં હાસ્ય અને વાતોથી એ ખૂબ રાજી થાય છે તેમ સમજીને તેણે તે પ્રમાણે વ્યવહાર

ચાલુ રાખ્યો. એ નાગરાજન માટે એક સરસ સાથીદાર બની ગઈ. નાગરાજન માત્ર તેની વાતો પર જ નહીં, પરંતુ ખુદ તેના પર પણ મુગ્ધ હતો.

નાગરાજન થેરેસાનાં હાસ્ય, સ્નેહ, બોલવાની છટા અને હિંમત પર દિવસે દિવસે પોતાની જાતને ભૂલતો ગયો.

થોડા દિવસ પહેલાં, આવતા અઠવાડિયે આવતા પોતાના જન્મ-દિવસે પોતાને ત્યાં આવવા માટે થેરેસાએ નાગરાજનને નિમંત્રણ આપ્યું હતું. આ ચાર વરસથી તેણે મીઠાઈ આપીને આશીર્વાદ લીધા હતા. આ પહેલાં તેણે ક્યારેય તેને પાર્ટીમાં આમંત્રણ આપ્યું ન હતું. આનું એક કારણ હતું. આ ચાર વરસથી તે માલિકને સ્થાને બેઠેલી એક વ્યક્તિ જેવો હતો. હજી હમણાં જ તે એક સારો મિત્ર બન્યો હતો. આ એક સ્વાભાવિક કારણ હતું. પરંતુ તેને બદલે નાગરાજને બીજી જ અસ્વાભાવિક કલ્પના કરી હતી.

'શું કોકટેલ પાર્ટી ગોઠવવાની છો?' આંખો ઝીણી કરી નાગરાજને પૂછ્યું.

'જરૂર ! મારાં બા-બાપુજી બંને પાસે પરમિટ છે.' થેરેસાએ કહ્યું.

'તું શા માટે પરમિટ કઢાવી લેતી નથી?'

'ના, હું નથી પીતી.'

'તારા જન્મદિવસે હું તને પિવડાવવાનો જ છું, જોજેને !' નાગરાજને કહ્યું.

થેરેસાએ સ્મિત કરતાં કહ્યું, 'આવા કોઈ ખાસ પ્રસંગે કંપની આપવા ખાતર જ થોડો લઉં છું.' અને પછી નાતાલના વખતે તેના બાપુજી ઘરનાં બધાં જ બાળકોને થોડો થોડો આપે છે તે થેરેસાએ જણાવ્યું.

પોતાની સંસ્કૃતિ પ્રમાણે પીવામાં તેમ જ પુરુષો અને સ્ત્રીઓનાં સહનૃત્યો-માં ખૂબ આનંદ મળે છે એ વાત થેરેસાથી ખ્યાલ બહાર કહેવાઈ ગઈ. આ વાત કરતી હતી ત્યારે તેને તેનો ગયા વરસે ઉજવેલો જન્મદિવસ યાદ આવ્યો. તે યાદ તેના એક યુવક મિત્રની હતી. યુવક પર તેને વિશ્વાસ અને પ્રેમ હતો પરંતુ એ યુવકે થોડા દિવસ પછી તેને વિસારી દીધી હતી. થેરેસાએ આ વાત વિસ્તારથી નાગરાજનને કહી. એ કહેતી વખતે તે લાગણીવશ થઈ ગઈ હતી. પરંતુ તરત જ તેણે પોતાની જાતને સંભાળી લીધી અને સ્મિત કર્યું.

આ બધી વાતોને નાગરાજને કોઈ બીજા જ દૃષ્ટિકોણથી નિહાળી.

તેના પરિણામે...

થોડી વાર પહેલાં રાબેતા મુજબ આનંદપૂર્વક જમીને થેરેસા મેજની પાસે બેઠી. તેણે પર્સમાંથી એક નાનો અરીસો કાઢ્યો અને હોઠ પર લગાવેલી લિપસ્ટિક સરખી કરી રહી હતી ત્યારે ટુવાલથી હાથ લૂછતાં તેની પાછળ આવીને ઊભા રહ્યા નાગરાજન....

થોડી વાર પછી....

લાલચોળ ચહેરા પર વીખરાયેલા વાળ, લાલ ચણોઠી જેવા હોઠનો અવ્યવસ્થિત થઈ ગયેલો રંગ, આંખોમાંથી ટપકતાં આંસુ સાથે તે બોલી ઊઠી, 'પ્લીઝ... ... લીવ મી ! આય રિગ્રેટ ફૉર એવરી થિંગ....' અને જોર કરીને તે છટકી ગઈ. તેનું શરીર ધ્રૂજતું હતું. એનું એ રૂપ ...

થેરેસાનો એ ચહેરો રહી રહીને તેમની નજર સમક્ષ ખડો થઈ જતો હતો. બે વાગ્યા.

બપોરની રિસેસમાં ગયેલા ઑફિસના કર્મચારીઓનો પગરવ અને ધીમો અવાજ વાતાનુકૂલ ખંડમાં સંભળાતો હતો.

નાગરાજને એક કલાક દરમિયાન સાત-આઠ સિગારેટ ફૂંકી નાખી હતી.

તેણે થેરેસાને બોલાવવા માટે કૉલબેલનું બટન દબાવ્યું.

બીજી પળે થેરેસા તેમની આગળ આવીને ઊભી રહી. નાગરાજન ઊંચી નજર કરીને તેની સામે જોઈ શક્યો નહીં. તેનું માથું નીચું જ રહ્યું.

'આઇ એમ સૉરી, થેરેસા !'

થેરેસા આનો શો જવાબ આપશે તે તેનાથી કળી શકાયું નહીં. 'એ હજી પણ તે જ સ્થિતિમાં રડતી ઊભી છે ? તેનું રાજીનામું શું મારા મોં પર ફેંકશે ?' આ મૂંઝવણ સાથે તેણે નજર ઊંચી કરીને તેની સામે જોયું.

જાણે કાંઈ જ ન બન્યું હોય, અને થોડી વાર પહેલાં રૂમાલમાં મોં ઢાંકીને દોડી ગયેલી, જાણે તે પોતે હોય જ નહીં તેમ, હંમેશની જેમ 'શૉર્ટ-હેન્ડ'ની નોંધ લેવા માટેની એક નાની નોટ અને પેન્સિલ સાથે તેમની સામે આવી ઊભી હતી થેરેસા.

એ રાજીનામું આપવા નથી આવી એમ તેને લાગ્યું. એ આવીને જે સ્થિતિમાં ઊભી રહી હતી તે જોતાં તે ડિક્ટેશન લખવા માટે તૈયાર થઈને ઊભી હોય એવું તેને લાગ્યું. તે દિવસે ખૂબ કામ હતું, ઘણા પત્રો લખવાના હતા, તેની એને ખબર હતી. છતાં આ બધાં કામોની વચ્ચે સૌથી પહેલો એક પત્ર લખવાનો વિચાર આ પળે તેને એકાએક આવ્યો.

કેટલાક સમયથી તે ઊભો થઈને ચાલતાં ચાલતાં કાગળો લખાવતો હતો. એ રીતે ઊભો થઈને પોતાની ખુરશી પાછળ માથું નીચું રાખીને ચાલવા લાગ્યો. પછી થેરેસા તરફ જોઈ તેણે તેને બેસી જવાનું કહ્યું. થેરેસા તેના મેજ આગળ પડેલી ખુરશીમાં બેઠી.

'ડિયર મિસ થેરેસા.' નાગરાજનનો અવાજ સંભળાયો.

'યસ સર!' થેરેસાએ ઊંચું જોયું.

'પુટ ડાઉન...ધિસ ઇઝ અ લેટર' એણે પત્ર લખાવવો શરૂ કર્યો. થેરેસાએ મૌન ધારણ કરી પોતાની ફરજ સમજી પત્ર લખવો શરૂ કર્યો. નાગરાજને મોં ફેરવી, ફક્ત પીઠ જ તેને દેખાય તે રીતે ઊભા રહી અંગ્રેજીમાં બોલવું શરૂ કર્યું:

'મિસ થેરેસા — એક દીકરીના જેવો સ્નેહભર્યો વર્તાવ મારે તારી સાથે કરવો જોઈએ. પરંતુ તારી સાથે કરેલ અયોગ્ય વર્તન માટે હું દિલગીર છું. મને માફ કરવો કે સજા કરવી તે તારી મરજીની વાત છે. તને સમજવામાં ભૂલ કરીને, ખોટી ગણતરીથી હું મારું સ્થાન અને ઉચ્ચ આદર્શોને ગુમાવી બેસી એક પળમાં પતન પામ્યો છું તે મારે માટેની સજા છે.

'થેરેસા...હું આમ કેમ કરી બેઠો તેનો મને ખૂબ વિચાર આવે છે.

'મેં જે વર્તન કર્યું તે પહેલી વારનું નથી. તારી આગળ મારી નબળાઈઓને છુપાવ્યા વગર તેનો સ્વીકાર કરું છું. આ સ્વીકાર કરવાની પરિપક્વતા અત્યારે મારામાં આવી ગઈ છે. મારામાં અત્યાર સુધી વ્યાપેલો રોગ હવે મટી ગયો છે, તેવો વિશ્વાસ અને શ્રદ્ધા મારામાં ઉત્પન્ન થવાથી જ આ વાત તને કહું છું. તું ઉંમરમાં ભલે નાની હોય છતાં તારામાં પરિપક્વતા છે. અને તેથી જ તું સંમાનને લાયક છે, તેની મને પ્રતીતિ થઈ છે. હું મારા અયોગ્ય વર્તાવની તારી આગળ કબૂલાત કરું છું અને તારી માફી માગું છું.

'તારી સાથે કરેલા અનુચિત વર્તાવ જેવો વર્તાવ મેં ઘણી વખત પ્રસંગોપાત્ત કર્યો છે.

'યાત્રા તેમ જ થિયેટરમાં થતી ગિરદીનો લાભ લઈ મેં ઘણી વખત અજુગતું વર્તન કર્યું છે. તે વખતે સ્ત્રીઓ કોઈ એક ડરથી, બદનામી થવાના ડરથી કે સમાજમાં પોતાનું ખોટું દેખાશે એ ડરથી ચૂપ રહેતી. એને હું તેમની સંમતિ સમજી ઘણી વખત ધોખો ખાઈ ગયો છું. પાછળથી એ માટે દુઃખી પણ થયો છું. હવે હું બરાબર સમજ્યો છું. આ એક રોગ છે. તારી

સજ્જનતાથી હું સાજોનરવો થયો છું. તું આ ભૂલી જજે. એક પિતાએ પોતાની વહાલસોઈ દીકરીને પોતાના રિવાજ મુજબ ચુંબન કર્યું છે તેમ માનવા માટે હું તને આગ્રહભરી વિનંતી કરું છું. જો આ ગુના માટે મારું પતન એ જ પૂરતી સજા નથી એમ તું માનતી હોય તો તું જે કાંઈ સજા કરે તે સહન કરવા તૈયાર છું. —'

આટલું બોલીને પોતાના માથા પરનો ભાર ઉતારી નાખી જાણે નવજીવન પામ્યો હોય તેવી આશ્વાસનની લાગણી સાથે નાગરાજને થેરેસા તરફ જોયું.

થેરેસાએ રૂમાલથી બે વખત આંખો સાફ કરી. તેનું નાક અને મોં લાલ થઈ ગયાં.

'આ ટાઇપ કરી લાવ.'

થેરેસાને મોકલી દીધા પછી એક સિગારેટ સળગાવી મોંમાં મૂકીને નાગરાજન પોતાની જગા પર બેઠો. થેરેસાની કૅબિનમાંથી ટાઇપનો અવાજ સંભળાતો હતો.

થેરેસા ટાઇપ કરેલો કાગળ નાગરાજનની આગળ મેજ પર મૂકી તેના મોંને જોતી ઊભી રહી. એણે ચશ્માં પહેરી કાગળની પહેલી અંગ્રેજી લીટી વાંચી, 'રિસ્પેક્ટેડ ફ્રેન્ડ...'

આ વાંચતાની સાથે જ તેણે થેરેસા તરફ જોયું.

થેરેસા નમ્રતાથી અને આતુરતાથી માથું ઊંચું કરીને જોઈ રહી હતી.

એણે આગળ વાંચવા માંડયું: 'તમે મને લખાવેલો પત્ર ટાઇપ કરી લાવવાની તમારી આજ્ઞા હોવા છતાં હું તે ટાઇપ કરી લાવી નથી. ઊલટાનો બીજો એક પત્ર તમારી સમક્ષ રજૂ કર્યો છે. તે બદલ સૌ પ્રથમ મને માફ કરશો. મારી માફી માગતો જે કાગળ તમે લખાવ્યો તે જ તમારા પવિત્ર મનનો પુરાવો છે. કાગળ લખાવવાના ઓઠા નીચે તમે તમારું મન ખોલીને વાત કરવાની તક લીધી છે. તમે તમારા કાગળમાં જે વિચારો વ્યક્ત કર્યા છે તે સાચે જ મારા મનમાં ઉદ્ભવેલા વિચારોનું પ્રતિબિંબ છે. "એક પિતા પોતાના રિવાજ મુજબ પોતાની વહાલસોઈ દીકરીને..." એવા તમે કહેલા શબ્દો પર વિચાર કરતાં મને તમારી વાત તદ્દન વાસ્તવિક લાગી છે. તેથી તમે કરેલી વાતથી હું ખૂબ આનંદ અનુભવું છું. આ તમારું પતન નથી, આ એક લપસણી...'

'જસ્ટ અ સ્લિપ, નૉટ અ ફૉલ…' આ અંગ્રેજી વાક્યમાં જાણે પોતાની પ્રશંસા હોય એવો ભાવ જણાવાથી તેમણે થેરેસા તરફ જોયું અને પછી કાગળ આગળ વાંચવો શરૂ કર્યો :

'તમે કહો છો તેમ આ એક રોગ હોય તો તેને માટે સજા ન હોય પણ દવા હોય. આ પ્રકારનું અઘટિત વર્તન ભૂલભરેલું ગણાય; પરંતુ તે ગુનો તો નથી જ. ગુનાઓની જ સજા હોય. ભૂલો સુધારી શકાય છે, માફ કરી શકાય છે. હું ખરેખર એક ખ્રિસ્તી સ્ત્રી છું. માફ કરનાર જ માફીને પાત્ર હોય છે. હું તમને આગ્રહપૂર્વક વિનંતી કરું છું : તમે આ વાત ભૂલી જઈને એની ચિંતા કરવાનું છોડી દો.

'આપણી વચ્ચે નક્કી થયા મુજબ જ તમે મારા જન્મદિવસની પાર્ટીમાં આવજો. હું તમારા આનંદ ખાતર પીશ.'

'થેરેસા ! તું કેટલો ઉચ્ચ, આદર્શ આત્મા છે !'

રાતે આઠ વાગ્યે ઘેર પાછા આવીને નાગરાજન શેડમાં કાર મૂકવા ગયો ત્યારે શેડના એક ખૂણામાં વધી ગયેલી દાઢી-મૂછવાળો અને અસ્તવ્યસ્ત વાળવાળો બેઠેલો કનૈયો ઊભો થયો. થોડો સમય નાગરાજને બત્તી બોલવ્યા વગર તેને એકીટશે જોયા કર્યો.

નાગરાજનની દીકરી અને પત્ની કનૈયાને ઘરમાં આવતો રોકવા માટે ચોકીદારની જેમ વરંડામાં ઊભાં હતાં.

'જો તે આવે તો તેને ઘરમાં દાખલ થવા દેશો નહીં.' નાગરાજને તેમને આજ્ઞા આપી હતી.

નાગરાજન કારમાંથી ઊતર્યો કે તરત કનૈયો તેની પાસે દોડી ગયો અને રડ્યો.

'જમાઈ, મારાથી અજાણે ભૂલ થઈ ગઈ છે. કેમ કરતાં ભૂલ થઈ ગઈ તે ખબર નથી. તે ભૂલ કર્યાની બીજી જ પળથી હું સતત દુ:ખ અનુભવું છું. તો સુખની તો વાત જ ક્યાં રહી ? જમાઈ, બુદ્ધિ વગરનો હું !' કપાળ કૂટીને કનૈયો રડ્યો.

નાગરાજન બોલ્યા વગર ટાઈ ઢીલી કરતાં વરંડામાં મૂકેલી નેતરની ખુરશીઓમાંની એકમાં બેઠો. તેની દીકરી અને પત્ની ઘરમાં ગયાં. કનૈયો અજવાળામાં આવી તેમની આગળ ઊભો રહ્યો.

તેને ચુપચાપ નીચું માથું કરીને ઊભેલો જોઈને તેને દુઃખ થયું. તેણે વિચાર કર્યો :

'આ જો ચોર જ હોત તો અત્યારે શા માટે પાછો આવત? આ ઘરમાં તે જેટલું મહેનતનું કામ કરે છે તેટલું બીજે ક્યાંય કરે તો તેને પેટપૂરતું ખાવાનું મળી રહે...આથી તે પેટ ભરવા જ આવ્યો છે તેમ માનવું બરાબર નથી. ગઈ કાલથી ફૂલ આવવા માંડ્યાં છે તે મોગરાનો છોડ, તેને લાવીને રોપનાર, પાણી પાનાર અને તેનું જતન કરી ઉછેરનાર જો કોઈ પણ હોય તો તે કનૈયો જ છે. કદાચ તેની મમતાએ જ તેને પાછો બોલાવ્યો હોય?... દરરોજ ખાતી વખતે હું તેને યાદ કરતો હતો તેમ તે પણ મને યાદ કરતો નહીં હોય? પછી શા માટે એ પૈસા લઈને નાસી જાય...?

'કેમ અલ્યા, મારી પાસે માગ્યા હોત તો હું તને પૈસા ન આપત?' અને ઘરમાંના બીજા માણસોને રાજી રાખવા માટે મોટો ઘાંટો પાડીને પૂછ્યું, 'કેમ ચોરની જેમ આવું કર્યું?'

'હું પણ તેનો જ ખૂબ વિચાર કરું છું. મારાથી ભૂલ થઈ ગઈ છે. પૈસા મેં ખાનામાં જોયા. બીજું કોઈ ત્યાં નથી તે જોઈને મારી બુદ્ધિ બગડી અને મેં લઈ લીધા. આ કાંઈ પહેલી વખત જ નથી! પહેલાંની જેમ આ વખતે... છટ્!' જાણે પોતાને જ ઠપકો આપતો હોય તેમ તે બોલ્યો.

'આજે બપોરે આ જ સ્થિતિમાં હું હતો.' નાગરાજને વિચાર કર્યો.

'આ એક રોગ છે.'

'હા, રોગ જ છે.' કનૈયાએ કપાળ કૂટ્યું. 'ગમે તે સજા કરશો તો તે માટે હું તૈયાર છું, જમાઈ...' હાથ મસળતાં, આંસુ પાડતાં કનૈયાએ કહ્યું.

નાગરાજને નિર્મળ સ્મિત કર્યું.

'દરદીને દવાની જરૂર છે, સજાની નહીં!' બોલતાં બોલતાં એની આંખ ભીની થઈ ગઈ.

'તારો રોગ મટી ગયો... સાચા દિલથી માફી આપવી તે જ તેની યોગ્ય દવા છે. તારી આ દવા આજ સુધી કોઈએ કરી નથી. હવે તારો રોગ મટી ગયો છે. જા, અંદર જા! તેં કરી તે ભૂલો જ છે — સજા કરવા જેવો ગુનો ગથી.'

નાગરાજનના આ શબ્દો અંદર બેઠેલી દીકરી અને પત્નીએ સાંભળ્યા અને તે માટે ગૌરવ અનુભવતાં તે બોલ્યાં : 'કેવા દરિયાવ દિલના છે.'

મા-દીકરીને ક્યાં ખબર છે? માફીને પાત્ર બનેલાએ જ માફી આપી છે!

9. અગ્રહારમની બિલાડી

મારું ગામ ખૂબ સુંદર છે. મારી અગ્રહારમ* શેરી ખૂબ સુંદર છે. મારા અગ્રહારમના માણસો પણ ખૂબ સુંદર છે. સુંદર તમે કોને કહો છો તેની મને ખબર નથી. મારે લેવાદેવા છે ત્યાં સુધી મને તેની યાદ ખૂબ જ સુખ આપે છે. એટલે જ હું કહું છું કે ખરેખર તે ખૂબ જ સુંદર છે. પાંત્રીસ વરસ પહેલાં ત્યાં, તે શેરીના એક જૂના મકાનમાં ગર્ભગૃહ જેવા અંધારા ઓરડામાં મારો જન્મ થયો હતો. તે શેરીની ધૂળમાં હું રમ્યો હતો. ત્યાં રહેતા માણસોના પ્રેમ અને ગુસ્સા વચ્ચે હું મોટો થયો હતો. તે શેરી ત્યજ્યાને આજે પચીસ વરસ થઈ ગયાં છે. છતાં આજે પણ એનું સ્મરણ થાય છે. એ પ્રસંગો અને એ આનંદ યાદ આવતાં હું સુખદ લાગણી અનુભવું છું. તો એ બધું સુંદર હોય જ ને!

મેં જોયેલું ગામ જાણે ક્યારેય નવું નહીં હોય એવું લાગતું હતું. અગ્રહારમનાં જર્જરિત, ખખડી ગયેલાં ઘરો, જાણે ક્યારેય નવાં નહીં હોય એવાં દેખાતાં હતાં અને એવાં ઘરોમાં વસનારાં માનવીઓ પણ જાણે કોઈ દિવસ આધુનિક બની નહીં શકે એમ લાગતું હતું. એ ગામ, એ ઘર અને એ લોકો આજે પણ એવાં જ હશે કે કેમ, તે કહેવું મુશ્કેલ છે. છતાં તેની કલ્પનામાં એક સુંદરતા છે, એક સુખ છે.

હું અત્યારે ખૂબ મોટો થયો છું. ઘણી ઘણી વાતો હું જાણું છું. મારામાં જે તોફાની તત્ત્વ હતું તે ચાલ્યું ગયું છે. છતાં કલ્પનામાં આટલા માઈલોનું અંતર કાપીને હું તે ગામની શેરીમાં પ્રવેશ કરું છું ત્યારે કલ્પના માત્રથી જ અંતર થોડું ઓછું થાય છે? કાળને પણ ઓછો કરીને હું દસ વરસનો છોકરો બનીને દાખલ થાઉં છું.

* અગ્રહારમ એટલે બ્રાહ્મણનો મહોલ્લો.

તે તળાવની પાળે હું આવતો ત્યારે તેમના ચહેરા પરના ભાવની દરકાર કર્યા વગર તે સ્ત્રીઓ નહાતી હોય ત્યારે, હું તળાવનાં પગથિયાં પર બેસી જતો. ત્યાં મજાનો પવન આવતો. તળાવના પાણીની ઉપર એક ફૂટ ઊંચો કૂદકો મારતી માછલીઓ...નાના, લીસા પથ્થરો તળાવમાં નાખતો, મન ભરાય ત્યાં સુધી હું ત્યાં બેસી રહેતો. અરે, આટલે દૂર જઈને મેં શું મેળવ્યું છે?

વેંગિયુ, ઉત્તંડમ, સુંદરમ, દંડપાણિ એ બધા સ્ત્રીઓ અને પુરુષોના ઘાટની વચમાં આવેલી દીવાલની પાળી પર આવીને ઊભા રહેતા. એક પછી એક 'ધબાક', 'ધબાક' કરીને પાણીમાં કૂદકો મારતા. પછી પાણી નીતરતા ભીના શરીરે રીબન જેવી લંગોટીને ખેંચીને બરાબર બાંધી તેઓ ફરી પાળી ઉપર આવીને હાર બનાવતા.

હું તો હંમેશાં એકલો જ રહેતો. તેઓ મને તેમની સાથે રમાડતા નહોતા. તેમને મન હું ખરાબ હતો.

હું એ નાના છોકરાઓ સાથે ભળતો નહીં. શાંતિથી આનંદમાં બેસી રહેતો. મોટેરાઓ મારો દાખલો આપીને વાતો કરતા. હું ડાહ્યોડમરો ગણાતો હતો...'અરર...બિચારો! તને કોઈ રમાડતું નથી! ભાઈ, તું આવી જા! તેઓ તને નહીં રમાડે તો તું કાંઈ ઓછો નહીં થઈ જાય...આવ...અમે તને મીઠાઈ આપીશું...કૉફી દળવા જઈએ છીએ... તું આવે છે ને?...' આમ મારા પર મોટેરાંઓ પ્રેમ વરસાવતા. તેઓનાં લાડથી મને ખૂબ સારું લાગતું હતું. હું કૉફી દળી આપવાથી માંડીને પગ દબાવવા સુધીનાં તેમનાં બધાં કામ કરી આપતો. પણ મારી મા જો મને કોઈ કામ બતાવે તો તે કરતો નહીં પણ 'જા! જા!' કહી દોડી જતો.

હું દસ વરસનો થયો ત્યાં સુધીમાં તો મારી બાને પાંચ બાળકો થયાં. માનો પ્રેમ અને લાડ મને યાદ નથી.

મારી મા મને 'દેવાળિયો' કહીને જ બોલાવતી. ગામમાં, શેરીમાં અને બીજાઓને શાંત લાગતો હું ઘરમાં ખૂબ તોફાન કરતો.

કેવાં તોફાન હતાં? કોઈ નાનું બાળક દોડતું આવતું હોય તો શાંત બેસી રહેલો હું આસ્તેથી પગ લાંબો કરતો...નીચે પડી ગયેલા રડતા બાળકને દાઢીમાંથી કે દાંતના પેઢામાંથી લોહી નીકળતું હોય તોય હું શાંત બેસી રહેતો. એ શેતાનને બોલતાં આવડતું ન હોય છતાં રડતાં રડતાં હાથ લાંબો કરીને ઇશારો કરી તેના પડી જવાનું કારણ હું છું એમ એ બતાવી દે.

'નખ્ખોદિયા ! ન કરવાનાં કામો કરીને બિલાડીની જેમ બેસી રહ્યો છે ?' મારી મા આવીને મને બરડામાં મારતી અને મારતાં મારતાં કહેતી, 'મારા હાથ દુઃખે છે...ગધેડા...પાડા જેવો ક્યાંનો !' બોલી મને કાઢી મૂકતી.

આવે વખતે પાડોશમાંથી કોઈ પણ — મોટે ભાગે સામેના ઘરમાંથી મામી આવીને કહેતાં, 'કેમ અલી, આને મારે છે ! એ તો બિચારો બેઠો બેઠો ભગવાનનું નામ લે છે !'

તેમના આવ્યા પછી હું રડવાનું શરૂ કરતો. એ મને સમજાવીને એમને ઘેર લઈ જતાં. ત્યાં મને ખાવાનું મળતાં હું શાંત થઈ જતો. ત્યાં પણ હું ભગવાનનું નામ દેતો દેતો કાંઈ ને કાંઈ કરતો અને ગમે તે રીતે મારો બચાવ કરી લેતો...કૉફી દળવાના મશીનમાં ધૂળ નાખીને તે ચાલુ કરતો... અને પછી એકાએક બૂમ મારતો, 'મામી, જરા અહીં આવીને જુઓને ! કોઈએ મશીનમાં ધૂળ નાખીને ચાલુ કર્યું છે.'

'બીજું કોણ હોય. મારા ઘરનો જ કોક નખ્ખોદિયો હશે.' મામી બોલતી અને ઘરમાંથી એ નખ્ખોદિયાને શોધી ચાર-પાંચ ચોડી દેતી. તે જોઈને હું રાજી થતો.

મારા પર દયા દાખવનાર મામીને એકમાત્ર મારી મા જ ચેતવણી આપ્યા કરતી, 'એનો વિશ્વાસ ન રાખ...એ દેખાવમાં બિલાડી જેવો શાંત છે, પરંતુ એની રગેરગમાં ઝેર છે...કહે છે ને : બિલાડી નુકસાન કરે તોપણ તેને મરાય નહીં; ને મારીએ તો પાપ લાગે...તે પ્રમાણે...'

આ સાંભળી મામી મારા તરફ જોઈને પૂછતી, 'કેમ અલ્યા, આ ખરું કહે છે ?'

હું પ્રભુનું નામ લેતો હોઉં તેમ એમની તરફ જોઈ રહેતો.

'જા જા હવે, શા માટે છોકરાને આમ વગોવે છે ?' અને પછી મને કહેતી, 'આવ...' મામી છાતીએ વળગાડી વહાલથી મને આશ્વાસન આપતી. પરંતુ તે ઉપરાણું લેનાર અને વહાલ કરનાર મામી પ્રત્યે હું સાચો તેમ જ શુદ્ધ હૃદયનો નથી તે તો હું એક જ જાણતો હતો ને !

ઠીક, હું શી વાત કરી રહ્યો છું ? હા, પેલા અગ્રહારમની બિલાડી વિશે વાત કરવાની હતી, પરંતુ વાત કરી રહ્યો છું અગ્રહારમના માણસો વિશે ! પચીસ વરસ પહેલાં, દસ વરસનો થયો ત્યાં સુધી હું જે ગામમાં રહેતો હતો તે ગામના અગ્રહારમમાં રહેતા માણસો વિશે આજે પણ કેટલાય દિવસો સુધી હું વાત કરી શકું તેમ છું. હું આ બડાઈ મારતો નથી. અને આ વાત

કરવામાં મને કંટાળો પણ આવતો નથી. આમ જોવા જઈએ તો હું જે કાંઈ કહી રહ્યો છું, બોલી રહ્યો છું લખી રહ્યો છું તે બધું એક ગામ, એક શેરીમાં રહેનારાઓ માટે જ છે. મીના, રુક્કુ, પટ્ટુ, લલિતા, ગૌરીદાદી, આનંદ શર્મા, વૈત્તા, રાઘવય્યર, ગણપતિ ઐયર, શંકરન શર્મા – આ બધાં એકબીજાને સારી રીતે ઓળખતાં હતાં. આ લોકો તે વખતે કેવાં હતાં અને અત્યારે કેવાં હશે તે હું આ પળે વિચારું છું તો જણાય છે કે આમાંના કેટલાક ગમે તે કારણે મર્ક્યૂરી લાઇટના પ્રકાશવાળા શહેરમાં મારી પાસે આવીને ફસાઈ ગયા છે અને કાળની થપ્પડો ખાઈને નમ્ર બની ગયા છે, તો કેટલાકની કેડ ભાંગી ગઈ છે. કેટલાક આ મારથી બચી પણ ગયા છે, તો કેટલાક માર ખાવા છતાં પણ તેની તેમને કશી અસર ન થઈ હોય તેમ વર્તે છે. કોક કોક પડેલા માર માટે ગમે ત્યાં જઈ તકરાર કરે છે, તો કેટલીક વાર મારી પાસે પણ આવીને તકરાર કરે છે અને મને ઠપકો આપે છે! આ બધું લખતાં મને ક્યારેય થાક લાગતો નથી કે કંટાળો આવતો નથી. તેઓની સાથે સંબંધ ધરાવતી બધી જ બાબતો મારે માટે ખૂબ ઉચ્ચ ગણાય!

પરંતુ તેઓમાંના કેટલાક આનાથી કંટાળી ગયા હોય એવી લાગણી અનુભવતા હોય છે...જાણે ડરી ગયા હોય...કંઈક વ્યથા અનુભવતા હોય તેમ કહે છે, 'શું સાહેબ! અગ્રહારમના માણસો વિશે જ તમે લખ્યા કરો છો?'

હું બીજું શું લખું? હું જે જાણું છું તે જ લખું ને! ઠીક, આ વખતે મેં એક ફેરફાર કર્યો છે. અગ્રહારમના માણસોને બદલે હું ઓળખું છું એવી એક બિલાડી વિશે લખીશ. બિલાડીને ખરેખર કંટાળો, ડર કે વ્યથા કંઈ જ નહીં થાય. બિલાડીઓ વાર્તા વાંચતી નથી કે ચોરતી નથી. આપણે માનીએ છીએ કે બિલાડીઓ ઢોંગ કરે છે, વાસ્તવમાં એના હૃદયમાં એવું કંઈ જ હોતું નથી.

મને બિલાડી જોવી પણ ગમતી નથી. હું તેનાથી ડરતો નથી. સામાન્ય રીતે કોઈ પણ પ્રાણી મારું માનીતું નથી. મને તેના પ્રત્યે સૂગ છે. સિંહ, વાઘ જેવાં બધાં પ્રાણીઓ મને ખૂબ ગમે છે. એ બધાં મેં જોયાં નથી ને! કદાચ તેથી જ ગમતાં હશે. જે પ્રાણીઓ અવારનવાર જોવા મળતાં હોય તેમ જ ઘરમાં પાળી શકાય એવાં ગમે નહીં. આવી રીતે બિલાડી, કૂતરો, છછૂંદર આ બધાં પ્રાણીઓ કોઈને ગમે છે? છછૂંદર કોઈને ગમતાં નથી! સમય પસાર કરવા માટે પ્રાણીઓને મારવાનું મને બહુ ગમતું.

પ્રભુનું નામ લેતો શાંત બેસીને પસાર થતા મંકોડાને પકડીને તેના બે પગ તોડી નાખીને તેને નાચતો-કૂદતો જોવામાં મજા આવતી... એક તણખલું મંકોડાની પીઠમાં જોરથી ખોસીને તેના બે કકડા કરી, એ બંને કકડાને હું તરફડતા જોઈ રહેતો. ગરોળીને મારી નાખીને તેની તરફડતી પૂંછડીને જોઈ રહેતો. ભમરીને પકડી, તેની પૂંછડીએ દોરી બાંધીને તેને ઉડાડતાં તેનું સંગીત સાંભળતો, કાનખજૂરો, ગોકળગાય, કાચંડો — આ બધાંનો તે સમયે હું કાળ હતો! મારી શેરીમાં દાખલ થયેલો કૂતરો પણ મને જોઈને આગળ વધવાની હિંમત કરતો નહીં. ત્યાંથી જ પાછો વળી જતો!

જયામામીના ઘરના ઓટલા પર ભગવાનનું નામ લેતો હું બેઠો હતો. બાજુમાં અણીદાર પથ્થરનો ઢગલો તો હોય જ. આ ઢગલો મેં પસંદ કરીને વીણેલા અણીદાર પથ્થરોનો હતો. દૂરથી એક કૂતરો આવતો દેખાયો. આ પહેલાં મેં તેને ત્રણ પગે દોડતો કર્યો હતો. તેને જોઈને હું તરત થાંભલાની ઓથે છુપાઈ ગયો. મારનારને આટલી સાવચેતી રાખવી પડે તો માર ખાનાર-ને શું એટલી સાવચેતી રાખવી ન જોઈએ? બંને કાન ઊંચા કરીને તે મને જોઈ ગયો! 'અરે! મને મારીશ? હું મારી મેળે પાછો ચાલ્યો જાઉં છું' એમ જાણે કહેતો ન હોય એવી નજરે એણે જોયું. મેં જાણે તેને જોયો જ ન હોય તેમ નજર ફેરવી લીધી. તેનામાં થોડી હિંમત આવી. સામેનાં ઘરોની હાર પાસે એક બાજુએ થઈને, પાછલા બંને પગ વચ્ચે પૂંછડી દબાવીને મારા પરથી તેની નજર ખસેડ્યા વગર તે આગળ વધતો ગયો. મારા હાથ ખૂબ સળવળવા લાગ્યા. મેં દાંત પીસીને મારા મનને પરાણે રોકી રાખ્યું. એ મારી પાસે પહોંચી ગયેલો... છી! હવે હું તેને જોરથી મારી શકીશ નહીં. મેં શું કર્યું તે કોઈ જાણતું નથી. પણ એ શેરી ભેગી કરતો, ચીસો પાડતો દોડી ગયો. માથા પર તાકીએ તો પગે વાગે, તે વાગી ગયું. હું ભગવાનનું નામ દેતો બેસી ગયો.

અવાજ સાંભળી જયામામી ઘરમાંથી આવ્યાં. ઝટ ઝટ ઓટલા પરના બધા પથરા તેમણે નીચે નાખી દીધા.

'કેમ અલ્યા, કૂતરાને કોણે માર્યું?'

'એ તો મામી હું નહોતો!'

'સારું, કોકને બોલાવ. ગરમ પાણીમાં પડેલું છછૂંદર તરફડે છે. કોઈને બોલાવ ભાઈ.'

એટલું જ ને! હું લાકડાનો એક ડંડો લઈને ગયો. મામી બૂમો પાડવા લાગી, 'ના ભાઈ, ના. બીજા કોઈને બોલાવ. એ તારા પર કૂદકો મારશે.'

મેં તેને ગરમ પાણીમાં એક બાજુએ કર્યું. છછૂંદર માથું ઊંચું કરીને મને જોઈને ચૂં ચૂં કરવા લાગ્યું. માથાનું નિશાન લઈને ફટ્ દઈને મેં એક દીધી. બસ ખલાસ. શયતાન! જાણે પોતાની પ્રદક્ષિણા ફરતું હોય તેમ તે ગોળ ગોળ ફર્યું. બધું ગરમ પાણી લોહીથી લાલ લાલ થઈ ગયું. જયામામી ડરી ગયાં. મેં પણ ડરના માર્યા 'મામી... મામી' બૂમ પાડી. જયામામી દોડતાં આવીને મને બાઝી પડયાં. 'આ કામ કરવાની ના પાડી હતીને!... ચાલ, આ ખરાબ કૃત્ય જોતો નહીં. રાક્કાઈ આવશે ત્યારે તેને ધોઈ નાખવાનું કહીશું.'

જયામામીએ આશ્વાસન આપવા માટે મને બાથમાં લીધો હતો. મોટાઓની બાથમાં કેટલું સુખ હોય છે!

છછૂંદરે મને જોઈને ચૂં ચૂં કર્યું ન હોત તો મને આટલો ગુસ્સો ન આવત. જો એ મને જોઈને ચૂં ચૂં કર્યા પછી પણ બચી ગયું હોત તો મને રડવું આવત.

સમય પસાર કરવા માટે એક મારવા સિવાય મારે બીજાં ઘણાં કામો છે. તે કામ છે મારી નાખેલાના કકડા કરી, ઢગલા કરી વેચવાનું અને તમાશો જોવાનું. અગ્રહારમના છેડે એક મેદાન છે. તે મેદાનમાં રહેનારાઓ કોઈ એક ભાષા બોલે છે. તેઓ બકરી, બળદ, કૂકડો જેવાં પ્રાણીઓ રાખે છે. ત્યાં એક મોટી મૂછોવાળો રહે છે. વેંગિટ્ટુ, સુંદરમ્, ઉત્તણ્ડમ એને જોઈને નાસી જતા, પણ હું ડરતો ન હતો. અમારી શેરીના આ રસ્તે તે ક્યારે આવે તેની હું રાહ જોતો. સાંજે ચાર વાગ્યે અમારી શેરીમાં થઈને તે મેદાન તરફ પાછો ફરતો. તેની મૂછો મને ખૂબ ગમતી. કટાઈ ગયેલી કાળી સાઇકલ ઉપર તે આવતો. એ સાઇકલ ઉપર તેને જોઈએ તો બકરી ઉપર એક માણસ સવારી કરતો હોય એવું લાગે! સાઇકલના હૅન્ડલ પર એક ખાખી થેલી લટકતી હોય. તેના પર લોહીના ડાઘ હોય. ત્યાં માખીઓ બણબણતી હોય. થેલીની અંદર રાખેલા છરાનો હાથો જ બહાર દેખાય. મોટો થયા પછી હું આના જેવી જ મૂછો રાખીશ. આના કરતાં પણ મોટો છરો રાખીશ. જો કોઈની સાથે ઝઘડો થશે તો તેને કાપી નાખીશ. મોટો થઈશ ત્યારે સાચે જ માણસોને પણ કાપી નાખીશ. મને જોઈને બધાએ ડરવું જોઈએ. નહીંતર ચપ્પુથી કાપી

નાખીશ. હું આ શું બોલી રહ્યો છું? અગ્રહારમની બિલાડી વિશે વાત કરવાની હતી ને? કાંઈ વાંધો નહીં. બિલાડી વિશે બોલવાનો સમય આવી ગયો છે.

અમારા અગ્રહારમમાં એક બિલાડી પણ હતી. ખૂબ તોફાની હતી. બિલાડી એ એક નાનો વાઘ છે. તેને આખા શરીરે ચટાપટા હોય છે. એ શેતાનને અગ્રહારમમાં વળી શું હશે? બિલાડી માંસાહારી હોય છે. પણ માંસ મળે એવી જગાઓ છોડીને એ આ અગ્રહારમમાં આવ્યા કરતી. તેથી જ અગ્રહારમની બિલાડી ફરજિયાત શૈવમાર્ગી બની ગઈ. અમારા બંનેમાં એક પ્રકારનું સામ્ય હતું. હું ભગવાનનું નામ લઉં અને તે પણ ભગવાનનું નામ લે. હું તોફાન કરું; તે પણ તોફાન કરે. હું બીજાઓને ત્યાં જઈને તોફાન કરું, તે પણ બીજાઓને ત્યાં જઈ ને તોફાન કરે.

એક દિવસ જયામામી રાડો પાડતાં આવ્યાં : 'આ મૂઈ બિલાડીએ એક મોટું માપ દૂધ ઢોળી નાખ્યું! તેં છછૂંદરને મારી નાખ્યું તેમ આને કોઈ મારી નાખશે તો વાંધો નથી.'

હીંચકામાં આડા પડચા પડચા પંખો નાખી રહેલા મામા બોલ્યા, 'જા, મોં ધોઈ નાખ... કોગળા કર... પાપ લાગશે... પાપ! બિલાડીને મારવાનો વિચાર કરવો એ જ મહાપાપ છે!'

હું ભગવાનનું નામ દેતો ઊભો ઊભો આ સાંભળી રહ્યો હતો.

છછૂંદરને મારી નાખ્યું હતું તેમ બિલાડીને મારી નાખવી સહેલી નથી, તે હું જાણું છું. છછૂંદર તો ખાલી ચૂં ચૂં જ કરે છે, પરંતુ બિલાડી તો નહોર મારીને ચીરી નાખે. પહેલાં તો બિલાડી ડરે, પછી મ્યાંઉ કરે, પછી નાસી જાય. આમાંનો એક પણ રસ્તો ન હોય તો છેવટે સીધું આક્રમણ જ કરે... હું નાનો અણસમજુ હતો ત્યારે એક બિલાડીએ મારા પેટ પર ઘા કર્યો હતો. તેનું લાંબું નિશાન હજીયે મારી કમર પર દોરી બાંધવાની જગાએ દેખાય છે. તે વખતે હું ઘૂંટણિયાં ભરતો હતો... બિલાડીને પકડવી એ સરકસના કામ જેવું મુશ્કેલ કામ છે. મેં ભૂલથી એને ગળેથી પકડી, એટલે એણે મિયાંઉ કરીને નહોર માર્યો. હું મોટેથી રડચો અને તેનું ગળું દબાવવાના બદલે વધુ જોરથી દબાવ્યું...મા હજી પણ કહે છે...તેનું નિશાન હજીયે મારા પેટના નીચેના ભાગમાં છે...

તે દિવસે સાંજે અમારા ઘરના વાડામાં પેલી બિલાડીને મેં જોઈ. અમારા અને બાજુના ઘરની વચ્ચેની વાડ તરફ જઈ રહી હતી. જતાં જતાં તેણે એક વખત પાછું જોયું. મેં પણ તેની તરફ જોયું, આંખો કાઢીને જોયું. તરત તેણે સાવચેત બનીને એકદમ પાછું વળી મારી તરફ આંખો કાઢીને જોયું. જાણે હું તેના પર તરાપ મારવાનો હોઉં તેવો તેને ડર બતાવ્યો. પણ તે ડરી નહીં. મને તેના પર ગુસ્સો આવ્યો. ગુસ્સે થઈ મેં તેના તરફ આંખો કાઢી. જાણે મારી પરવા ન કરતી હોય તેમ તેણે પણ મારી સામે આંખો કાઢી. આ વગર બોલે અપાતો પડકાર હતો. તેણે તેનું લાલ મોં પહોળું કરીને મારા તરફ જોઈને...'મિયાંઉ'...કર્યું. જાણે પોતાની ભાષામાં મને પડકાર આપતી હોય એવું લાગ્યું!

'આ બધું છછૂંદર માટે રાખજે... મારી પાસે તારું કાંઈ નહીં ઊપજે.'

'અરે ઊભી રે', એક દિવસ તને પકડી કોથળામાં પૂરી ધોવાના પથરા ઉપર પછાડીશ...'

જાણે એ મને કહેતી હોય તેમ બોલી, 'મિયાઉં – મને ડરાવીશ નહીં. પહેલાં એ તો વિચાર કર કે તું મને પકડી શકીશ?' અને તે એકદમ વાડ ઓળંગી ગઈ. બાજુના ઘરના વાડામાં ઊભા રહી તેણે વાડમાં થઈને મારી તરફ આંખો કાઢી.

'જઈ જઈને કેટલે જવાની છું? તને પકડું નહીં તો મારું નામ નહીં...' મેં કહ્યું.

આના જવાબમાં તેણે ધીમેથી મિયાઉં કર્યું. આનો અર્થ થતો હતો કે 'એ તો જોયું જશે.'

'જોયું જશે એમ...' મેં કહ્યું. તે આખી રાત હું ઊંઘ્યો નહીં. પેલી બિલાડી પણ ઊંઘી નહીં. આખી રાત ખડખડાટ કરતી છાપરા પર દોડતી હતી... એક બીજી બિલાડીનો સાથ લઈને, જાણે કોઈ રાક્ષસી બાળક રડતું હોય તેમ બંને રડતી, અવાજ કરતી, બરાડા પાડતી, એકબીજા પર કૂદતી તેમ જ એકબીજાને નહોર મારતી મારા ઘરના નળિયાંવાળા છાપરા પર તોફાન મચાવતી. ક્યાંકથી એક નળિયું ખસીને જમીન પર પડ્યું. ઓટલા પર સૂતેલા દાદાએ લાકડી લઈ જમીન પર પછાડી અને 'હટ હટ' કરી એને ભગાડી મૂકી. બંને એકમેકની પાછળ કૂદતી, શેરીમાં દોડી, જયામામીના ઘરના પાંદડાંના છાપરા પર ચડી ગઈ. ચંદ્રના અજવાળામાં મેં આ બરાબર જોયું.

મેં બીજે દિવસે તેને પૂરી કરી નાખવાનો નિર્ધાર કર્યો. જયામામીના ઘરની બાથરૂમમાં એક થાળી ભરીને દૂધ મૂકયું. ફક્ત એક બારણું ઉઘાડું રાખ્યું. બાકીનાં બારણાં બંધ કર્યાં. બપોરે જમવા પણ ઘરે ન જતાં તેના આવવાની રાહ જોતો બેસી રહ્યો... છેવટે બપોરના ત્રણ વાગ્યે 'બિલાડીબાઈ' પધાર્યાં... જાણે તેને નોતરું આપ્યું હોય તેમ તે સીધી ઊનઃ પાણીમાં ગઈ... હું કૂવા પરથી આ બધું જોતો હતો... ધીરેથી બિલાડીની જેમ ડગ ભરતો હું ત્યાં ગયો. ફક્ત તેનો પાછળનો ભાગ જ દેખાતો હતો. તે થાળીમાંથી દૂધ આરોગી રહી હતી. મેં બારણું વાસી દીધું... અંદર ફસાઈ જવાથી દૂધ પીવાનું ભૂલી જઈને એ બારણાને નહોર મારવા માંડી !

'મામી... મામી... જલદી આવો, જલદી આવો બિલ્લીબાઈ અહીં ફસાઈ ગયાં છે.' મેં બૂમો પાડી

મામીએ આવીને જોયું તો બિલાડી અંદર ચીસો પાડતી હતી.

'કેમ અલ્યા, બાથરૂમમાં બિલાડીને પૂરી દીધી છે તો આપણે અંદર કેવી રીતે જઈ શકીશું ? આપણે અંદર જઈએ તો તે બહાર જતી રહે !'

'આ તો પહેલું પગથિયું સર થયું છે. મામી, આમાં સફળતા મળી છે. તમે ઘરમાં તમારું કામ કરો... હું છેલ્લી ઘડીએ બોલાવીશ.'

છછૂંદરને મારી નાખવાની વાત મામીને યાદ આવી હોય એમ લાગ્યું.

'ના ભાઈ. તેને કાંઈ કરતો નહીં. આ તો જન્મભરનું મહાપાપ છે.'

'હું એને મારવાનો નથી, મામી ! કોથળામાં પૂરીને તેને આઘી મૂકી આવીશ....'

'હા... આઘી મૂકીને તું પાછો આવીશ તે પહેલાં તો એ અહીં આવીને ઊભી રહેશે !' જયામામી મશ્કરી કરીને ચાલ્યાં ગયાં.

મેં મનમાં નિશ્ચય કર્યો કે તે પાછી ન આવે તેવા ગામમાં એને મૂકી આવીશ.

અગ્રહારમમાં તે દિવસે હું જ હીરો હતો ! મને નહીં રમાડનારા બધા છોકરાઓ તે દિવસે મારી પાછળ પાછળ આવ્યા. હું બિલાડીને કોથળામાં બાંધીને લઈ જતો હતો. કિકિયારીઓ પાડતા બધા છોકરાઓ મારી પાછળ ચાલતા હતા. મારી મા બારણામાં ઊભી રહીને મને ગાળો ભાંડતી હતી.

'દેવાળિયા... તારી ઠાઠડી નીકળે... ખરાબ કામ ન કર. બિલાડીના પાપનો ભાગીદાર ન બન. બિલાડીનો એક વાળ પણ ખરશે તો તારે તેના

ભારોભાર સોનું આપવું પડશે, તારા બાપાને આવવા દે.... તને જ મારી નાખીને દાટી દઈશ....'

મેં તેનું બોલવું ગણકાર્યું નહીં. કોથળો ઊંચકીને શેરીના છેડે આવેલા મંડપમાં જઈને અમે બધા બેઠા.

'કોથળામાંથી બિલાડી કાઢીને દોરીથી બાંધી ખેલ કરીશું.' ઉત્તણ્ડમે સલાહ આપી.

પરંતુ બિલાડીને દોરી બાંધે કોણ?

'એવું કાંઈ કરવું નથી. પેલો મોટી મૂછોવાળો હમણાં આવશે. તેને આપી દઈએ એટલે બસ. કોથળામાં એક જ ઘા... બસ, ખેલ ખતમ.'

'તેને તારે જ આપવી પડશે.' સુંદરમે ડરતાં ડરતાં કહ્યું. 'આ છોકરાઓની સામે એવું કામ કરવું બરાબર નથી. બધા બી જશે.'

'અરે, તું જ ઘેર જતો રહે. તેને કાપતાં જોઈને તું ડરી જઈશ. પછી તારી મા મને વઢશે.' મેં બધા છોકરાઓને કાઢી મૂક્યા.

'તે દિવસે ત્યાં બકરાને કાપ્યો હતો ને... મેં બતાવ્યું હતું... હું ડર્યો હતો?... હું ત્યાં રહ્યો હતો ને! પણ એક વાત... આ વિશે કોઈએ પણ ઘેર જઈને કાંઈ કહેવાનું નથી. સોગન ખાઓ.' મેં કહ્યું.

'સોગન ખાઈએ છીએ...' બધા એકીસાથે બોલ્યા. અમે બધા મોટી મૂછોવાળાની રાહ જોવા લાગ્યા. છેવટે ચાર વાગ્યે બકરા પર બેસીને માણસ આવતો હોય તેમ શેરીને છેડેથી તે આવતો દેખાયો.

બધા છોકરાઓ મંડપના થાંભલાની આડમાં સંતાઈને ઊભા. મને ધક્કો મારીને કહ્યું, 'અમે બધા અહીં છીએ. તું જઈને પૂછજે.'

મને શો ભય હોય?

મોટી મૂછોવાળો પાસે આવ્યો. મેં તેને સલામ કરી. તેણે પણ મને સામી સલામ કરી!...

તે મારી બાજુમાં આવી બંને પગ જમીન પર મૂકીને સાઇકલ પર ઊભો રહ્યો. બાપરે ...એ કેટલો બધો ઊંચો હતો! મેં તેના તરફ માથું ઊંચું કરી કહ્યું,

'એક જરાક મદદ...'

'આ કોથળામાં શું છે?' તેનો અવાજ કૃષ્ણલીલામાંના કંસના અવાજ જેવો હતો.

'બિલાડી... ખૂબ ત્રાસ આપે છે. એટલે તેને મારી નાખવા માટે પકડીને લાવ્યો છું.'

'તેં જ પકડી છે?'

મેં ગૌરવપૂર્વક માથું હલાવ્યું. એણે મંડપમાં સંતાઈ ગયેલા છોકરાઓ તરફ જોયું. પછી મને જોયો. હું તેના ખાખી થેલીમાંના છરાના હાથાને જોતો હતો.

'કાપવા માટે છરો જોઈએ છે?' તેણે મારી સામે જોઈને પૂછ્યું.

'હું... તમે જ બકરા કાપો છોને? તેથી તમે જ આ કાપો.'

'એમ!' કંઈક વિચાર કરી એણે છરો લીધો. મોટો છરો! તેની ધાર પર અંગૂઠો મૂકી ધાર જોઈને બોલ્યો,

'હજી સુધી મેં બિલાડી કાપી નથી... કેમ કે અમે બિલાડી ખાતા નથી... હું કાપી આપીશ... તમે ખાશો?'

'ઊહું... કાપીને ખાડામાં દાટી દઈશું.'

'તો તો પાપ નહીં લાગે? હું શા માટે બકરો કાપું છું તે તું જાણે છે? બધા તે ખાય છે તે માટે. તમે બધા ખાવાના હો તો હું કાપીશ. તેં મને બકરો કાપતાં જોયો છે?'

'હા, જોયા છે. તમે કોઈ મંત્ર ભણીને કાપો છો. તે પ્રમાણે મંત્ર ભણીને આને પણ કાપો. તેમાં પાપ નથી.'

'હું મંત્ર બોલતો નથી. દુકાન ખોલતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરીએ છીએને તેમ આમાં પણ એવું જ કરવાનું. કાપવું એ કાંઈ રમત નથી. ભાઈ, આ ધંધો મારા કુટુંબને રોજી આપે છે. પણ એ માટે હું તારી પાસે પૈસા માગતો નથી. જો તમારામાંથી કોઈ ખાવા તૈયાર હોય તો હું કાપી આપું. કોઈ પણ કામ અર્થ વગર કરવું ન જોઈએ. અર્થ વગર મારીએ તો મારી નાખવાનો ગુનો કહેવાય. તે પાપ કહેવાય! બોલ, શું કહે છે?'

'આજે ફક્ત એક જ વાર રમત ખાતર આ બિલાડીને કાપવી છે.'

તેણે સહેજ સ્મિત કર્યું. મારી હડપચી હાથ વડે પકડી તેણે મારું મોં ઊંચું કરીને કહ્યું. તેની બધી આંગળીઓ ચીકણી હતી.

'રમત ખાતર જ મારવાનું કહે છેને?... અરર! જો રમત ખાતર મારવા બેસીશું તો તેનો અંત બિલાડીથી જ નહીં આવે. ભાઈ! હું તને પૂછું છું: રમત ખાતર હું તને કાપું તો?...'

'પણ આ બિલાડી તોફાન કરે છેને?'

'એ તોફાન કરે છે? બિલાડી તો તોફાન કરે જ ને. બિલાડીને તોફાન કરવા દે. એની જેમ તું પણ તોફાન કરે છે. નાના છોકરાઓ તોફાન કરે છે તેમ બિલાડી પણ તોફાન કરે જ. ઘરના રસોડાને તાળું મારવાનું કહેજે.' કહી મારા હાથમાંનો થેલો તેણે ખોલી નાખીને ખંખેર્યો. એક કૂદકો! બિલાડી પાછળ જોયા વગર જ દોડી ગઈ. બધા છોકરાઓ હસી પડ્યા. મોટી મૂછોવાળો પણ હસ્યો. હું પણ હસ્યો.

પણ તે આખી રાત હું રડ્યો. બિલાડી છટકી ગઈ તે માટે નહીં. મેં રમત ખાતર મારી નાખ્યાં હતાં તે કાનખજૂરા, ભમરી, કાચડો, છછૂંદર... પાપ! પેલો કૂતરો... આ બધાંને યાદ કરીને હું રડ્યો...

હું હવે એ અગ્રહારમમાં રહેતો નથી. અત્યારે પણ એ અગ્રહારમમાં તેના જેવી એક બિલાડી રહેતી હશે. શા માટે નહીં?

10. દિવસની પેસેન્જર ગાડીમાં

બીજા વિશ્વયુદ્ધનો સમયે હતો. તે વખતે યુદ્ધ ચાલતું હતું; પૂરું થયું ન હતું. પરંતુ લશ્કરમાં જોડાયેલો અમ્માસી ગામમાં પાછો ફર્યો હતો. એની મરજી વિરુદ્ધ એને ગામ પાછો મોકલવામાં આવ્યો હતો. લડાઈના મોરચા માટે હવે એ કામનો ન હતો. લશ્કરી કામ માટે ચવાયેલા કૂચા જેવો નકામો બની ગયો હતો.

તેનું સ્વાગત કરનાર કે આવકારનાર કોઈ નથી તેની તેને ખબર હતી. છતાં તેને માટે બીજો કોઈ રસ્તો ન હોવાથી જે ગામનો તેણે કંટાળીને ત્યાગ કર્યો હતો તે જ ગામમાં તેને પાછા ફરવાની ફરજ પડી હતી.

અમ્માસી માટે તેની વૈરી લડાઈ અને રણમેદાન તેનું સાસરું હતું...

અન્ય દેશોમાં પરદેશીઓની વચ્ચે રહ્યા પછી ત્યાંના થયેલા અનુભવો અને તેની સરખામણીમાં પોતાના દેશમાં 'અરે આઘો ખસીને ઊભો રહે' કહી પોતાને અસ્પૃશ્ય ગણતા સમાજને અનુભવ્યા પછી વિશાળ દુનિયા સાથે સંબંધ રાખનાર અમ્માસીને લશ્કરી જીવન પસંદ પડે તેમાં કાંઈ નવું નથી.

પછાત ગણાતા આ ભારતીય સમાજમાં પણ નીચ અને અસ્પૃશ્ય ગણાતી પોતાની કોમના હલકા વ્યવહારથી કંટાળીને પહેલા વિશ્વયુદ્ધ વખતે અમ્માસી અઢાર વરસની ઉંમરે લશ્કરમાં ભરતી થઈ ગયો. દરિયાપારની મુસાફરી કરનાર તે સૌથી પહેલો હતો.

તેમ છતાં એ વખતે યુદ્ધ પૂરું થયા પછી તેને તેના સમાજમાં પાછો મોકલવામાં આવ્યો હતો. પૃથ્વીની પ્રદક્ષિણા કરી જ્ઞાન અને અનુભવોનું ભાથું લઈને તે પોતાના સમાજની વચ્ચે પાછો આવ્યો હતો.

તેની વાતો સાંભળનારાઓમાંથી કેટલાક તેની વાતો સાંભળીને 'આ

વાતો રહસ્યમય છે' એમ કહેતા તો કેટલાક વળી 'આ બધી વાતો નકરાં ગપ્પાં જ છે' કહી તેની પીઠ પાછળ તેની મશ્કરી કરતા હતા.

આ રીતે સમાજ સાથે બહુ જ ઓછો સંબંધ રાખી જીવન વિતાવવા અમ્માસીને ફરી સોનેરી તક મળી — બીજા વિશ્વયુદ્ધે તેને આમંત્રણ આપ્યું. અમ્માસીને ચાળીસ વરસની ઉંમર પછી પણ લશ્કરી જીવન જીવવાનો મોકો મળ્યો તેના આનંદમાં તે શેરીને એક સલામ ભરીને એક લશ્કરી સિપાઈની અદાથી અને ગંભીરતાથી શેરી છોડીને ચાલી નીકળ્યો.

લડાઈના મોરચા પર છાતી સાથે ટેકવીને મજબૂત પકડી રાખેલી બંદૂકથી તે દુશ્મનોનો સામનો કરી રહ્યો હતો. તે વખતે દુશ્મનની એક ગોળી તેને વાગી. થોડાક મહિના તે લશ્કરની હૉસ્પિટલમાં રહ્યો. ત્યાર પછી એ લડાઈના મોરચા માટે કામનો નથી એવું ડૉક્ટરે કહ્યું. અત્યારે તો એનાથી 'સાવધાન' સ્થિતિમાં પણ ઊભા રહી શકાતું નથી. બંદૂકને બે હાથમાં પકડીને ગોળીઓ છોડતી વખતે તેનું શરીર અને હાથ જે પ્રમાણે ધ્રૂજતાં હતાં તે જ પ્રમાણે હવે વિના બંદૂકે, ખાલી હાથે ઊભા રહેતાં પણ ધ્રૂજે છે.

લડાઈને મોરચે ગયો ત્યારે જે સિપાઈની અદાથી તેમ જ ગંભીરતાથી ગામ છોડીને ગયો હતો તે અમ્માસી પાછો આવ્યો ત્યારે તેનું માથું અને શરીર ધ્રૂજતાં હતાં અને કેડેથી નમી ગયો હતો. પોતાને સલામ કરીને આવકાર આપનાર કોઈ નહીં હોય તેમ તે જાણતો હતો; છતાં પણ તે આવ્યો હતો.

એ નાનકડા ગામના સ્ટેશન પર પેસેન્જર ગાડી જ ઊભી રહેતી અને તે પણ દિવસના સમયે જ. પરંતુ કેટલીક વખત ઘણાં કારણોસર દિવસના સમયની પેસેંજર કરતાં રાત વહેલી પહોંચી જતી. આવા સંજોગોમાં રાતે પણ ત્યાં પેસેન્જર ટ્રેન ઊભી રહેતી.

સંજોગવશાત્ રાત્રે ઉત્તર તરફથી આવેલી દિવસની પેસેન્જર ગાડીએ આ એકલા મુસાફર અમ્માસીને ઉતાર્યો. તે સમયે પથરાયેલા થોડાઘણા પ્રકાશને પણ સમેટી લઈને ગાડી ઊપડી ગઈ. જાણે એ આ દુનિયામાં તદ્દન એકલો પડી ગયો હોય તેમ ચારે તરફ છવાયેલા અંધકારને જોતો ઊભો રહ્યો.

પછી જાણે પોતે અજાણ્યા ગામમાં આવ્યો હોય તેમ ખભા પર કૅન્વાસનો થેલો મૂકી, પોતાના જ ગામની ચાર-પાંચ શેરીઓમાં કોઈ પણ કારણ વગર રખડી આવ્યો. પછી ગામની બહાર આવી કેટલાંય વર્ષોથી ગામથી અલગ રહેલી પોતાની શેરીને દૂરથી જોઈ. મન ન હોવા છતાં એ પોતાની શેરીમાં

જતો હતો ત્યાં એકાએક લાગણીવશ બનીને ઊભો રહી ગયો. શેરીની હદ જેવી નહેર પાસે પોતે આવી પહોંચ્યો છે તે જાણ્યા પછી શેરીમાં જઈને કોને કોને મળવું, કોની કોની સાથે સંબંધ રાખવો, એવા બધા વિચારોમાં ડૂબી ગયો અને ખભા પરનો થેલો નીચે મૂકીને નહેર પરની કૂંડી પર થોડી વાર બેઠો.

એના પગ નીચે નહેરનું પાણી ખળખળ વહેતું હતું. તેના માથા પર નાની ભમરીઓ તેને હેરાન કરતી હોય તેમ ગણગણતી હતી. રસ્તાની બંને બાજુએ અંધારામાં કાળા દેખાતા ઝાડના પડછાયામાં કેટલાય આગિયા ઊડતા હતા. આઘેથી શેરીમાં આછું અજવાળું અને ઝૂંપડાંનાં છાપરાંમાંથી નીકળતો ધુમાડો દેખાતાં હતાં. બાળકોનો રડવાનો અવાજ અને એક વૃદ્ધાનો વિલાપ આછો આછો સંભળાતો હતો.

અમ્માસીને એકાએક તેની મા યાદ આવી.

આ જ કૂંડી ઉપર તે કેટલીય વાર બેઠો હતો. નાનો હતો ત્યારે ફક્ત લંગોટી મારીને ઉઘાડા શરીરે અને હાથમાં શેરડીનો સાંઠો લઈને ઊભો રહેતો અને તેની મા ખળખળ વહેતાં નહેરનાં પાણીમાં ઘાસનો ભારો ધોતી હતી. આ બધું તેને અત્યારે યાદ આવ્યું. બીજાઓની જેમ પોતાનો દીકરો પણ લગ્ન કરી ખેતી કરશે અથવા ઢોર ચરાવી સુખી જીવન ગાળશે એવી તેની માની તે વખતની આશાઓ હતી. એ બધી આશાઓની મશ્કરી કરતો હોય તેમ એ પહેલા વિશ્વયુદ્ધ વખતે લશ્કરમાં ભરતી થઈ ગયો. લડાઈના મોરચા પર હતો ત્યારે તેની માનું મરણ થયું હતું. આ વાતની જાણ એ પાછો આવ્યો ત્યારે તેને થઈ હતી. એ મા માટે રડી પણ ન શક્યો...

માનું મરણ અમ્માસી માટે ખૂબ નજીવી વાત હતી. એને તો મૃત્યુના તાંડવનૃત્ય સાથે નજીકનો સંબંધ હતો, પરંતુ અત્યારે એને ખૂબ દુ:ખ થયું. એને જીવવાનો મોહ નહોતો, છતાં શરીરનો ભાર વેંઢારવો પડતો હતો.

'જો લડાઈમાં પોતે મરી ગયો હોત તો કેટલું સારું થાત.' તેને વિચાર આવી ગયો. અત્યારે એનું કોણ છે? એ કોને માટે જીવે છે? એની પાસે અત્યારે સો સો રૂપિયાની થોડી નોટો છે. પણ એ શા કામની?

એ પચાસ વરસનો થયો તે પહેલાં જ જાણે ઘડપણ આવી ગયેલું અને સાથે સાથે આ નિરાધાર એકલવાયું જીવન જીવવાનું હતું. એના કરતાં મરણ આવે તો કેટલું સુખદાયક નીવડે એમ એ વિચારવા લાગ્યો.

એ વખતે પૈડાંનો ધરી સાથે થતો કિચૂડ કિચૂડ અવાજ અને ખાડાટેકરા પર ચાલવાથી થતા ખડખડાટ સાથે આઘેથી એક બળદગાડું શેરી તરફ આવતું હતું.

ગાડું પાસે આવતાં તેમાંથી એક સ્ત્રીનો અવાજ આવ્યો. એ સ્ત્રી અમ્માસીને જોઈને લાડભર્યા સ્વરે બોલી, 'રહેવા દે હવે... મજાક ન કર... જો ત્યાં કોક બેઠું છે.'

આ કોઈ યુવાન યુગલની ઠઠ્ઠા-મશ્કરી છે એવો વિચાર કરી અમ્માસીએ ખોંખારો ખાઈ પોતે ત્યાં બેઠો છે તેની જાણ કરી.

'કોણ છે એ કૂંડી ઉપર?' ગાડાવાળાનો અવાજ આવ્યો.

'એક પરદેશી.... મદુવંગરૈ જાઉં છું.' અમ્માસીએ જવાબ આપ્યો.

ગાડું એને વટાવીને થોડે દૂર ગયું. ગાડાના અવાજ કરતાં પણ મોટેથી તે સ્ત્રીનો હસવાનો અવાજ તેના કાને પડ્યો. તેઓ વાત કરતાં હતાં તે પરથી તેઓ પ્રેમના નશામાં જ નહીં, સાથે સાથે તાડીના નશામાં પણ છે એમ લાગતાં અમ્માસી બબડ્યો, '... ઉંમર છે!'

'આ જીવનથી કંટાળીને બીજા કશાકની શોધમાં નાહક દોડી જઈને મેં શું મેળવ્યું?'

તેના મનમાં એક વિચાર ઝબકી ગયો.

થોડી વાર પહેલાં પોતાની આગળ થઈને પસાર થયેલા ગાડામાંના એ યુવાન યુગલના ખડખડાટ હાસ્યનો ધ્વનિ જાણે એના વીતી ગયેલા ભૂતકાળને હસતો હોય તેવું તેને લાગ્યું.

'હા!... મારી પણ ઉંમર હતી... પણ અત્યારે તે વીતી ગઈ છે!... અઢાર વરસ, વીસ વરસ, ત્રીસ વરસ, ચાળીસ વરસ, તે વખતે તેના તરફ ધ્યાન ન આપ્યું. હું... દોડી ગયો... તેની મહત્તા ત્યારે ન સમજાઈ. માણસો ભલેને જાતિ અને ધર્મના વાડા ઊભા કરે... પરંતુ ઈશ્વરે તો કરુણા વરસાવીને બધાંને સરખી ઉંમર અને યુવાની આપી છે. આ યુવાનીને લાત મારીને હું ચાલી નીકળ્યો હતો ને? હું નાસતો હતો ત્યારે યુવાની પણ મને મૂકીને નાસી રહી છે તેની મને ક્યાં ખબર હતી? હું ભાગ્યો તેનું કારણ તો ઘમંડી ઉંમર જ હતીને? દોડી દોડીને થાક્યા પછી હમણાં જ ખબર પડી... વીતી ગઈ છે એ... પરંતુ એથી શો લાભ?' જાણે મનમાં શોકસંતાપ કરી રડતો હોય તેમ તે બબડ્યો.

—હા, ગુમાવી બેઠેલા ભૂતકાળનો વિચાર કરીએ ત્યારે ખબર પડે છે કે એને ગુમાવી રહ્યા હતા ત્યારે તેની ખબર પડી નહોતી. ગુમાવવાની મર્યાદા વટાવી ગયા પછી, બધું ગુમાવ્યા પછી 'બધું ગુમાવી બેઠા' એવો વિચાર આવે છે. અને એ ગુમાવેલું ભલેને ગમે તે હોય, છતાં તે મહત્ત્વનું બની જાય છે. કોઈ પણ વસ્તુની મહત્તા તેને ગુમાવ્યા પછી જ જણાય છે...

મોડી રાતે શેરીમાં જવાની અમ્માસીને ઇચ્છા નહોતી એટલે એ નહેરની કૂંડી પર બેસી રહ્યો. હજી પણ શેરીમાંથી માણસોનો અવાજ અને કૂતરાંનો ભસવાનો આછો અવાજ સંભળાતો હતો.

શેરીમાંથી એક માણસ આવતો હતો. તેણે માથે ફેંટો બાંધ્યો હતો અને મોંમાં મૂકેલી ચિરૂટમાંથી તણખા નીકળતા હતા. તે ધુમાડા કાઢીને હવાને અશુદ્ધ કરતો તેમ જ અંધારી રાતે બીકને ભગાડવા મોટા અવાજે ગાતો આવતો હતો. નહેરની કૂંડી ઉપર કોઈને બેઠેલો જોઈને તેણે ભયમિશ્રિત સાદે પૂછ્યું, 'કોણ છે?'

એકાએક તેનું ગાવાનું બંધ થઈ ગયું, તે સાથે જ એ પોતાની જગાએ ઊભો રહી ગયો.

'માણસ છું... ડરતા નહીં.' બૂટ પહેરેલા પગ જમીન પર ખખડાવીને અમ્માસીએ કહ્યું. ફેંટાવાળા માણસે અમ્માસીને ઓળખવા માટે પાસે આવીને તેને ધ્યાનથી જોયો અને પૂછ્યું, 'તમે કોણ છો?'

એ જ સમયે અમ્માસીને તેની દૂરની બહેન કાસામ્મૂ યાદ આવી ગઈ. તેના વર સડૈયાણ્ડિનું નામ દઈને પોતે એને મળવા માટે બહારગામથી આવ્યો છે એમ જણાવ્યું.

'સડૈયાણ્ડિને તો મજૂરનું કામ મળ્યું છે. તે તેની બૈરીને લઈને મદ્રાસ ગયો છે. ખબર નથી તમને?' ફેંટાવાળાએ કહ્યું.

આ સમાચારથી અમ્માસી એકદમ નિરાશ થઈ ગયો. એ કાસામ્મૂ અને તેના વરને મળવા નહોતો આવ્યો પરંતુ શેરીમાં ન જવા માટે આ એક કારણ પૂરતું હતું. તેણે પૂછ્યું, 'મદ્રાસમાં ક્યાં રહે છે, ખબર છે?'

'એગમોર સ્ટેશન પર જ મજૂરનું કામ કરે છે. અચ્છા તો હું જાઉં છું.' જવાબ આપી ફેંટાવાળો શેરી તરફ ગયો.

અમ્માસી તેની પીઠ પાછળ ઊભો રહીને ક્યાંય સુધી શૂન્ય નજરે શેરીને જોઈ રહ્યો. પછી પોતાનો કૅન્વાસનો થેલો ખભા પર મૂકી એણે સ્ટેશન તરફ ચાલવા માડયું.

અમ્માસી પ્રત્યે મમતા દાખવનારું આ દુનિયામાં કોઈ નહોતું.

એકલા પડી ગયેલા અમ્માસીનો એકમાત્ર આધાર તેની બહેન, તેનો વર અને તેનાં બાળકો હતાં. આ વિચાર આવતાં તેની ચાલમાં ઝડપ આવી.

બીજે દિવસે સવારે ઘણા સમય પછી કેટલાક કલાક મોડી પડેલી પેસેન્જર ગાડી દિવસે જ આવી.

ગાડીમાં ચડી, ઊભા રહી અમ્માસી પોતાનું ગામ, દૂરથી દેખાતી શેરી અને નહેરને ચમકતી આંખે શૂન્ય ભાવે જોઈ રહ્યો.

તેની શેરીમાં રહેતાં લંગોટી પહેરેલાં નાનાં નાનાં છોકરાંઓ અને ઉઘાડા શરીરે ફક્ત કેડે જ વીંટેલા ગંદા ચણિયાવાળી છોકરીઓ તે ગામમાં થતા તાડગોળા, પાન, કૂણી કાકડી વગેરે વેચવા માટે ગાડીની આસપાસ દોડતાં-ફરતાં હતાં. અમ્માસીએ તેમને જોયાં. તેમની પાસેથી કાંઈક ખરીદવું જોઈએ એવો વિચાર તેને મોડો મોડો આવ્યો.

એણે એક છોકરી પાસેથી કાકડી ખરીદી. શર્ટના ખિસ્સામાંથી પરચૂરણ કાઢ્યું ત્યાં તો સમય થઈ જતાં ગાડી ઊપડી. તેણે તરત નાનાં છોકરાં-છોકરીઓ તરફ પરચૂરણ ફેંક્યું.

છોકરાંઓએ આતુરતાપૂર્વક પરચૂરણ વીણી લઈને માથું ઊંચું કર્યું ત્યાં તો ગાડી ચાલવા માંડી. અમ્માસી નાના બાળકની જેમ ખડખડાટ હસ્યો. બાળકો આ લશ્કરી સિપાઈના જવાબમાં હસીને સલામ કરી એક લાઇનમાં ઊભાં રહ્યાં.

માતૃભૂમિની જાણે વિદાય લેતો હોય તેમ તેણે ધ્રૂજતા માથા પર હાથ મૂકી સલામ કરી. તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

ગાડીમાં ગિરદી ન હતી. અમ્માસીના માથા પરના સામાન મૂકવાના પાટિયા પર પગમાં મોજાં અને કમરે લીલા રંગનો સિંગાપુરી પટ્ટો પહેરીને એક ગ્રામ્ય યુવાન બીડીના ધુમાડા કાઢતો આડો પડ્યો હતો.

તેની સામે એક મા પોતાની ઊંઘતી બાળકીને ખોળામાં લઈ પોતે પણ ઊંઘતી હતી.

અમ્માસીએ તેને પણ શૂન્ય નજરે જોઈ. તેનો દેખાવ યુવાન વિધવા જેવો હતો. ઘણા વખતથી ઘર કરી બેઠેલા ક્ષય રોગને કારણે એ હાડકાંનો માળો બની ગઈ હતી. તેનો જીવ તેના ગળાના ખાડે આવીને અટકી રહ્યો હોય એમ જણાતું હતું.

સુકાઈ ગયેલા ઝાડ પર વીંટળાયેલી લીલી વેલ પર જાણે ફૂલ ખીલ્યું હોય તેમ એ સ્ત્રીના ખોળામાં સૂઈ રહેલા બાળકનો ચહેરો જરા સંકોચાઈને ખીલી ઊઠ્યો.

ગાડી ધીમી ચાલતી હતી ત્યારે ટિકિટચેકર ગાડીમાં ચડીને બારણા પાસે થોડી વાર ઊભો રહી સિગારેટના ધુમાડા કાઢી શાંતિથી આવીને અમ્માસી પાસે બેઠો. થોડી વાર સુધી વિચારમાં બેઠેલા ટિકિટચેકરે આગળનું સ્ટેશન નજીક આવ્યું એટલે અમ્માસીના માથા પરના પાટિયા પર સૂતેલા ગામડિયા યુવાન તરફ ટિકિટ માટે હાથ લંબાવ્યો. અમ્માસીએ પણ પોતાના કોટના ખિસ્સાં ફંફોસીને ટિકિટ શોધી બતાવી.

ટિકિટચેકરે ટિકિટ લઈ પાછળ સહી કરીને પાછી આપી. પછી ઊંઘતી બ્રાહ્મણ વિધવાને ઉઠાડવા માટે તેણે હાથમાંની પેન્સિલ પાટિયા પર ખખડાવી.

એ મા કયાં કયાં માનસિક તેમ જ શારીરિક દુઃખો વેઠી રહી હશે ?... તેણે પોતાની નિસ્તેજ આંખો એક વખત ઉઘાડીને જોયું; પણ ચક્કર આવતાં એણે આંખો મીંચી દીધી. અંતરનું દુઃખ અને વેદના તેનાથી સહન થઈ શકતાં ન હોય તેમ તેના ફિક્કા પડી ગયેલા હોઠને ચાવતાં તેમ જ ભ્રમરો સંકોચીને રડી પડતાં બોલી, 'હે... ઈશ્વર !'

'બહેન... ટિકિટચેકર ટિકિટ જોવા માગે છે.' અમ્માસીએ સ્નેહાળ ભાવથી તેને ઉઠાડી.

એ ટટાર બેસી નહોતી શકતી. નીચી નજર કરી ખૂબ ધીમા અવાજે બોલી, 'ટિકિટ ?...'

'ટિકિટ નથી ? સ્ટેશન આવે એટલે ઊતરી જજે...' પાછળ ફરીને ટિકિટચેકરે નિર્લેપ ભાવે કહ્યું.

અમ્માસી તેની દયાજનક સ્થિતિથી ઊંડા વિચારમાં પડી ગયો અને તેને એકીટસે જોઈ રહ્યો. સ્ટેશન નજીક આવતું જતું હતું. સ્ત્રીએ મહાપરાણે

ઊભા થવાનો પ્રયત્ન કર્યો. ખોળામાં ઊંઘી રહેલા બે વરસના બાળકને બેસાડયું. તેણે આંખો ચોળી. પછી ભૂખથી અને ઊંઘ બગડવાથી તે રડવા લાગ્યું...

'કેટલે આઘે જવું છે, બહેન?' અમ્માસીએ એ સ્ત્રીને પૂછ્યું.

દુઃખથી નિઃશ્વાસ નાખતાં તે બોલી, 'મદ્રાસ જવું છે, ભાઈ!'

સર... મદ્રાસની એક ટિકિટ બનાવી આપો... હું પૈસા આપીશ...' અમ્માસીએ પોતાના કોટના ખિસ્સામાંથી ફૂલેલું પાકીટ કાઢયું.

ટિકિટચેકરે એક પળ માટે તેની તરફ જોયું અને તેની મોટાઈને બિરદાવતો હોય તેમ સ્મિત કર્યું. પછી તેણે ઊભેલી સ્થિતિમાં જ એક પગ ઊંચો કરી પાટિયા પર મૂકયો અને ઢીંચણ પર રસીદબુક મૂકીને રસીદ બનાવી.

પેલી વિધવા સ્ત્રી અમ્માસી તરફ જોઈને આભારની લાગણી સાથે સળેકડી જેવી આંગળીઓ જોડી પ્રણામ કરતાં બોલી, 'તમારાં બાળબચ્ચાંને પ્રભુ હેમખેમ રાખે.'

જાગી ગયેલા રડતા બાળકે ફરી માના ખોળામાં મોં ઢાંકી દીધું.

બાઈએ પોતાને આપેલી આશિષ સાંભળીને એક પળ વિચાર કરી માથું નમાવી અમ્માસી મનમાં હસ્યો.

ટિકિટચેકર ગાડીની એક તરફથી નીચે ઊતર્યો. બીજી બાજુએથી ટિકિટ વગરનો એક વૃદ્ધ ભિખારી અને તેની બૈરી ગાડીમાં ચડયાં.

ટિકિટ વગર મુસાફરી કરનારને પાટલી પર બેસવાની જગા હોવા છતાં પાટલી પર બેસવાનો હક નથી એમ વિચારી પાટિયા પર ન બેસતાં દૂર એક ખૂણામાં ઢીંચણ વાળીને બેઠાં. ભિખારીએ તેની લાકડી એક બાજુએ મૂકી અને પોતાના ખોળામાંની મગફળીમાંથી અડધી તેની બૈરીને આપી. પછી બંનેએ તે ખાવી શરૂ કરી.

ગાડી નાના સ્ટેશનેથી ઊપડી અને ભકભક અવાજ કરી ઝડપથી દોડી.

એક મોટા જંકશને આ પેસેન્જર ગાડી વધારે સમય ઊભી રહી...

બેભાન હાલતવાળી માના ખોળામાં પડેલા બાળકે જાગી આંખો ઉઘાડી બહાર જોયું. બિસ્કિટ ભરેલી થાળીવાળા છોકરાને બારી પાસે ઊભેલો જોઈને બાળક માના ગાલને અડી અડીને બહારની તરફ હાથ લાંબો કરી રડતાં રડતાં કહેવા લાગ્યું, 'ખાવાનું મા... ખાવાનું.'

તે વખતે ભાનમાં આવેલી માએ આંખો ઉઘાડી.

'બહેન... બાળક રડે છે. કંઈક ખરીદી આપું?' અમ્માસીએ વિનય અને લાગણી સાથે પૂછ્યું. સ્ત્રીએ ઝળઝળિયાંવાળી નજરથી સંમતિ આપી.

અમ્માસી ગાડીમાંથી ઊતરીને પ્લૅટફૉર્મ પરના એક સ્ટૉલમાં ગયો. તેણે એક બન અને એક કપ દૂધ લીધું. તે લઈને પાછો ફરતો હતો ત્યારે એકાએક કંઈક વિચાર આવ્યો હોય તેમ તેણે બીજો એક કપ દૂધ અને બન લીધું. કાગળમાં બાંધેલાં બંને બન કોટના ખિસ્સામાં મૂકયા અને ધ્રૂજતા હાથે દૂધની બે વાડકી લઈને તે ડબ્બા તરફ ચાલ્યો.

જોનારાઓને થયું: આ ઘરડા શરીરે શા માટે આટલો શ્રમ લેતો હશે? બીજાને મદદ કરવાથી કેટલું સુખ મળે છે તે તો તે જ જાણતો હતો!

ગાડીમાં આવી તેણે પાટલી ઉપર દૂધ ભરીને ઊંધા મૂકેલા પ્યાલાવાળી વાડકી પાટિયા પર મૂકી. પછી તેણે એક બન લઈને સ્મિત કરી બાળક તરફ હાથ લાંબો કર્યો. બાળકે આતુરતાપૂર્વક હાથ લંબાવીને બન લઈ લીધું. પછી બે હાથમાં પકડીને તે ખાવા લાગ્યું.

તે વખતે આંખો ઉઘાડીને માએ અમ્માસી તરફ જોયું. અમ્માસીએ અચકાતાં તેની તરફ એક બન ધર્યું. સ્ત્રીએ નથી જોઈતું એવા ભાવ સાથે માથું ધુણાવ્યું.

'આ દૂધ તો પીશોને, બહેન... તમે ખૂબ થાકી ગયાં છો!...' અમ્માસીએ વાડકીમાંથી પ્યાલો લઈ દૂધ રેડીને ઠંડું કરીને આપ્યું.

તે સ્ત્રી ધ્રૂજતા હાથે પ્યાલો લઈ જાણે ખૂબ તરસ લાગી હોય તેમ એકીશ્વાસે ગટગટાવી ગઈ. જેમ જેમ તે પીતી ગઈ તેમ તેમ અમ્માસી વાડકીમાંથી થોડું થોડું દૂધ પ્યાલામાં રેડતો ગયો. તીવ્ર ભૂખ, ન સંતોષાય એટલી તરસ અને ખૂબ જ થાક તે સ્ત્રીને લાગ્યાં છે તે જાણીને અમ્માસીએ બાળક માટે લાવેલું દૂધ પણ થોડું થોડું કરીને તેને આપ્યું. તેણે તેમાંથી અડધું પીધા પછી 'બસ' કહી જાણે દૂધ પીવાથી પણ થાક લાગ્યો હોય તેમ શરીર પાછળ અઢેલીને તેણે આંખો બંધ કરી.

બાળક તેની માને પજવે નહીં એ માટે અમ્માસીએ તેને લઈને પોતાના ખોળામાં બેસાડયું અને બનમાંથી થોડા થોડા ટુકડા કરીને દૂધમાં બોળીને તેને ખવડાવ્યા. જાણે તે ખૂબ નજીકનો સગો હોય તેમ બાળકે તેના ખોળામાં બેસીને ખાધું. પછી બાળકને તેડીને તે દૂધનો પ્યાલો અને વાડકી પાછાં આપવા ગયો ત્યારે સ્ટૉલમાંથી બીજો એક કપ દૂધ લઈ તેને પિવડાવ્યું.

તેને એક રમકડું અપાવ્યું. દબાવવાથી 'કિટીચ, કિટીચ' અવાજ કરતું બતક હતું. તેને દબાવીને બાળક તોફાન કરતું ખડખડાટ હસ્યું... અમ્માસી પણ દુનિયાને ભૂલીને બાળકની રમતમાં ડૂબી ગયો. ત્યાં તો ગાડી ઊપડવાનો ઘંટ વાગ્યો. તે બાળક સાથે ઝડપથી દોડીને ગાડીમાં ચડી ગયો. તેની યુવાની પાછી મળી હોય એવો ઉત્સાહ આવી ગયો હતો.

જંકશન પર ઘણો વખત ઊભી રહેલી પેસેન્જર ગાડી નિરાંતે ઊપડી.

ભૂખ મટી જવાથી તેમ જ રમવા માટે રમકડું મળવાથી થયેલો આનંદ અને પેલા અજાણ્યા માણસના ખોળામાં બેસી તેની દાઢી પકડીને હસતારમતા પોતાના બાળકને જોઈને માએ સ્મિત કર્યું.

તે જોઈને અમ્માસીએ તેની સાથે વાત શરૂ કરી, 'મદ્રાસમાં ક્યાં જશો ?'

સ્ત્રીએ આનો જવાબ આપતાં પહેલાં શોકપૂર્વક એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. પછી પાતળી આંગળીઓ વડે કપાળમાં વળેલો પરસેવો લૂછતાં નિર્બળ અવાજે કહ્યું :

'મદ્રાસમાં ઓળખીતા રહે છે — મારી એક બહેનપણી... ક્યારેક એકાદ વખત મારે ગામ આવી ત્યારે "તુગમ્બાક્કમમાં રહું છું" એવું કંઈક કહ્યું હતું. સરનામાની પણ પૂરી જાણ નથી... આવા મોટા શહેરમાં જઈને ક્યાં શોધવું તેનો વિચાર કરતી હતી... પરંતુ હવે પહોંચીશ જ નહીં એમ લાગે છે !' તેનું ગળું રૂંધાઈ જતાં આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

'કેમ બહેન, આવું બોલો છો ?... તમારે જ્યાં જવું હશે ત્યાં હું પહોંચાડી દઈશ.' અમ્માસીએ તેને હિંમત આપી.

સ્ત્રીએ તેની શુભ લાગણીનાં મનમાં વખાણ કર્યાં. તેનો વિચાર તેના બાળકને નિરાધાર સ્થિતિમાં ત્યજી દેવાનો હતો. પરંતુ બાળકને જોઈને તેનું દિલ ભરાઈ આવ્યું.

એ સ્ત્રીએ તેને એકાએક પૂછ્યું, 'ભાઈ! તમે કોણ છો ? ભગવાને જ તમને મોકલ્યા... અત્યારે મારે માટે સહાયક, સ્વજન અને માજણ્યા ભાઈ ...'

આ સાંભળી અમ્માસીને સંકોચ થયો.

જાણે પોતાની માને ભૂલી ગયું હોય તેમ બાળકે રમકડું અમ્માસીના કાન પાસે દબાવ્યું. અમ્માસીએ જાણે કાનમાં ધાક પડી હોય તેમ કાને

હાથ દાબી દઈ માથું હલાવ્યું. આ જોઈને બાળક ખડખડાટ હસ્યું અને આનંદના અતિરેકથી ગેલમાં આવી ગયું. બાળક સાથે રમી રહેલા અમ્માસીને તે સ્ત્રી નજરથી માપવા લાગી.

તે સ્ત્રી પોતાને કંઈક કહીને આશ્વાસન મેળવવા કે કંઈક મદદ મેળવવાની મૂંઝવણ અનુભવી રહી હતી, તે જાણીને તેને તે આપવા તેમ જ મદદ કરવા તૈયાર છે તેવા ભાવથી અમ્માસી સ્ત્રી તરફ ધ્યાનથી જોઈ રહ્યો હતો.

કોઈએ પોતાની તરફ હજી સુધી ન દાખવેલો સ્નેહ આ બાળકે દાખવ્યો. એ બાળકે તેના ખોળામાં ચડી જઈને તેના ખમીસને પકડીને ખેંચ્યું — જાણે તે પોતાના હૃદયને જ ખેંચી રહ્યું ન હોય એવું તેને લાગ્યું.

એકાએક તે સ્ત્રીએ ડૂસકે ડૂસકે રડતાં કહ્યું, 'ભાઈ! મારું કોઈ નથી... કોઈ આધાર નથી.'

થોડી વાર સુધી આંસુની ધારા વહેવડાવ્યા પછી મોં લૂછીને રડવાથી ધીમા પડી ગયેલા સાદે કહ્યું, 'ગયા વરસે એ... આને જન્મ્યાને એક વરસની અંદર... તેના બાપને ખાઈ ગઈ...'

આ શબ્દો એ દુ:ખપૂર્વક કહી રહી હતી ત્યારે અમ્માસીએ બાળકને છાતી સરસું દબાવીને કહ્યું, 'કેમ બહેન! બાળકને વગોવો છો?'

અમ્માસી આ શબ્દો બોલતો હતો ત્યારે તે સ્ત્રી પણ તેના મોં તરફ નમીને રડતા અવાજે બોલી, 'બિચારું બાળક શું કરે? તેમની મરવાની ઉંમર હતી... લગ્ન થયાં ત્યારે તેમની ઉંમર પચાસની ઉપર... મારા બાપા ગરીબ હતા! પલ્લું આપવાની શક્તિ ન હોવાથી ત્રીજવરને આપી... બીજે વરસે મારા બાપા પાછા થયા. આના બાપા મને સારી રીતે રાખતા હતા... ભગવાનથી આ સહન થયું નહીં...' અને દાંત પીસતાં તે આગળ બોલી, 'આંધળો, ભગવાન!'

પછી તે નાક સાફ કરીને આગળ બોલી, 'આના બાપા હોટલમાં કામ કરતા હતા. તેમને ક્ષયરોગ થયો. ત્યાર પછી કોઈએ તેમને કામ પર રાખ્યા નહીં. ચાર બાળકો થયાં. એકેએકને મોટાં કરીને મેં ભગવાનને ત્યાં વળાવી દીધાં. છેલ્લી આ! આ ન હોત તો ક્યાંક... નદી કે તળાવમાં પડતું મૂકીને પ્રાણત્યાગ કર્યો હોત... સહન થતું નથી, ભાઈ! રિબાઈ રિબાઈને મરવા કરતાં એકદમ મરી જવું સારું... શું કરું? આ બાળક

મારા ગળે વળગ્યું છેને! એમનાથી મળેલી સંપત્તિ જોઈને? આ બાળક અને આ પ્રાણની વેદના જ!' — આવેશ અને વેદનાના ભારથી તેનું શરીર ધ્રૂજી ગયું. બોલી ન શકવાથી તેમ જ શ્વાસ રૂંધાવાથી તે શૂન્ય નજરે જોતી શાંત રહી.

પેસેન્જર ગાડી ખૂબ જ અવાજ કરતી દોડતી હતી, ત્યારે પણ તે ડબ્બામાં નીરવતા પથરાઈ ગઈ હોય તેમ જણાતું હતું. એ સ્ત્રીએ ધીરે ધીરે આંખો મીંચી. ડબ્બો ખૂબ હાલવાથી આંખો મીંચીને પડેલી તે સ્ત્રીનું માથું આમતેમ હાલતું હતું. તે જોઈને એક પળ તો અમ્માસીના દિલમાં ફ્રાસકો પડ્યો, 'આ ધીરે ધીરે મરી તો રહી નથીને!'

સારું થયું! તે સ્ત્રીએ પોતાનું શારીરિક અને માનસિક દુઃખ અસહ્ય બનતાં હોઠ ચાવી આંખો ઉઘાડી સહેજ સ્મિત કર્યું.

'સ્ત્રીનો અવતાર લેવો ન જોઈએ; છતાં જો સ્ત્રીનો અવતાર લેવો જ પડે તો તે ગરીબને ત્યાં તો નહીં જ.' કહી પછી કાંઈક વિચારીને પોતે કરેલી વાતનો ઇન્કાર કરતી હોય તેમ તેણે માથું હલાવ્યું. 'ગરીબને ત્યાં જન્મીએ તોય શું! તમે કઈ જ્ઞાતિના હશો? તમે કયા કુળના હશો? તમારે ત્યાં ગરીબને ત્યાં જન્મેલી સ્ત્રીઓ પણ શું આનંદથી રહેતી નથી? સ્ત્રી તરીકે, ગરીબ તરીકે અમારા કુળમાં જન્મવું ન જોઈએ ભાઈ, તેના કરતાં ઢેડભંગીને ત્યાં જન્મવું સારું... '

અમ્માસીને ગઈ કાલે બળદગાડીમાં બેસીને શેરી તરફ જઈ રહેલી સ્ત્રીએ કરેલું મસ્તીભર્યું હાસ્ય યાદ આવી ગયું.

'મેં કેવાં પાપ કર્યાં છે કે હું એક સ્ત્રી તરીકે જન્મી ને મેં એક સ્ત્રીને જન્મ આપ્યો છે! આના નસીબમાંયે કેવું કેવું ભોગવવાનું લખ્યું હશે?' તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેણે એક નિઃશ્વાસ નાખ્યો.

અમ્માસીએ પોતાના ખોળામાં સૂતેલા બાળકના સુંવાળા વાળને પંપાળતાં કહ્યું,

'તમે જે કાળમાં જીવન જીવ્યા તેવું જીવન આ બાળક પણ જીવશે એવું થોડું જ કહી શકાય?'

'માણસના દુર્વ્યવહાર માટે ભાઈ, થોડો જ કાળનોય દોષ કઢાય! હું ગામડામાં જન્મી, શહેરમાં આવ્યા પછી જાતિ અને આચારનો ભેદભાવ

રાખવો તે અર્થ વગરનું છે તે મને સમજાયું. પણ આ કહેવાનું સાહસ કોનામાં છે? તમે કોણ છો? કઈ નાતજાતના છો તે હું જાણતી નથી — કોઈ એક સ્ત્રી બેભાન પડી છે તેના પર દયા કરી તમે દૂધ લાવી આપ્યું... અને મેં પણ પી નાખ્યું. શું ચાર માણસો વચ્ચે હું આ વાત કરી શકું ખરી? કરીશ ખરી? છૂત-અછૂતના આચારમાં જ હું રહી હોત તો! પણ આનું કારણ શું હશે? શું કારણ હશે તેની મને ખબર નથી. હશે! "ચાર માણસો શું કહેશે" એ જ એક કારણ છે. બીજું શું ધૂળ કારણ છે? આવી નિરાધાર સ્થિતિમાં ચાર માણસોમાંથી ત્રણ માણસો આવું વર્તન કરે છે જ, નહીંતર... જાતિ અને આચાર કોઈ એક કારણથી બધા જ હૃદયપૂર્વક... સાચું જ છે એમ માની બેઠા હોત તો આ ક્યારનુંય બદલાઈ ગયું હોત. દરેક જણ તેને જૂઠું કે ઢોંગ કે બનાવટી માની બેઠેલા હોવાથી તેનો સ્વીકાર કરીને જીવનારાઓ મારા જેવાનું ગળું કાપતા હોય છે!

થોડા સમય પહેલાં પીધેલા દૂધે અને સાંજના વાતા ઠંડા પવને તેને થોડી વાર સુધી બોલી શકવાની શક્તિ આપી હતી. પરંતુ બોલ્યા પછી તેનો શ્વાસ રૂંધાયો. આટલો સમય વાતચીત કર્યા પછી પણ તેનો જે વિશે વાતચીત કરવાનો વિચાર હતો તે વાત પોતે તેને કરી શકી નથી તેમ તેને લાગ્યું. થોડો સમય તે ટટાર બેઠી.

'તમે જ કહો — તમે આટલી બધી વાતો કરી તો તમે પોતે જ આ જાતિબંધન તોડવા માટે શું કર્યું છે? હા, અત્યાર સુધી મેં કાંઈ કર્યું નથી — તેમ કરી શકું એવો મારો ઉછેર થયો નથી... પરંતુ હું કરીશ... હા, જે સજા મને મળી છે તે મારી દીકરીને મળવી ન જોઈએને? હું કરવાની જ છું.' બોલી જાણે કોકના પર વેર લેવાનો દૃઢ નિશ્ચય વ્યક્ત કરતી હોય તેમ તેણે હોઠ ચાવતાં માથું હલાવ્યું.

ગાડી નાનાં નાનાં સ્ટેશનોએ ઊભી રહી રહીને ખડખડાટ કરતી દોડતી હતી.

સ્ત્રીએ એકાએક છાતી દબાવી જોરથી ઊલટી કરી. બે કલાક પહેલાં પીધેલું બધું દૂધ ન પચવાથી બહાર નીકળી ગયું. બાળકને પાટલી પર બેસાડીને અમ્માસી ઊભો થયો અને જોરથી તેનું માથું પકડયું. ખૂણામાં બેઠેલી ઘરડી ભિખારણ પણ ઊભી થઈને દોડી આવી. તેના હાથમાં પતરાનું ડબલું જોઈને અમ્માસીએ તેને પાણી લાવવાનું કહ્યું. ડોસી બાથરૂમમાંથી ડબલામાં

પાણી લઈ આવી અને તેનું મોં સાફ કર્યું. બે ખોબા પાણી પિવડાવવાનો પ્રયત્ન કર્યો. પાણી તેના મોંના ખૂણામાંથી બહાર નીકળી ગયું. પાણીની સાથે મોંના ખૂણામાંથી અને નાકમાંથી લોહીની ધાર વહેવા માંડી.

'અરે લોહી વહે છે!' ડોસી ગભરાઈ ગઈ. તે સ્ત્રીના હાથપગ ઠંડા પડી ગયા. તેને પાટલી પર સુવાડતી વખતે ફક્ત તેની પીઠ જ અમ્માસીને ગરમ જણાઈ. તેને સુવાડયા પછી બાળકને તેડીને અમ્માસી તેની પાસે બેઠો. બાળક માની છાતી પર મોં ટેકવીને તેને જોઈ ને હસ્યું.

સ્ત્રીએ અમ્માસી તરફ હાથ લાંબો કર્યો અને પાટલીની પાસે ઘૂંટણીએ બેઠેલા અમ્માસીનો હાથ જોરથી પકડીને જાણે કોઈ ખાનગી વાત કરવી હોય તેમ તેને ખેંચીને કહ્યું, 'તમે ગમે તે જાતિના હશો, પણ મારે મન દેવ જેવા છો! પછીના સ્ટેશને જ આ શરીરની અંત્યેષ્ટિક્રિયા કરજો... કરશોને?'

કેટલાંય મરણોને નજર સામે જોયેલા અમ્માસીથી આ જોઈ શકાયું નહીં. આંખોમાંથી ઊભરાતાં આંસુઓને તે રોકી શકયો નહીં. તેણે મોં ફેરવી લીધું.

'મદદની માગણી કર્યા વગર તમે મદદ કરો એવા છો... હું ઘણા વખતથી... જે કહેવાનો વિચાર કરતી હતી તે કહી દઉં છું... આને... મારા બાળકને...' તેની આંખમાં ઊભરાયેલાં આંસુ કાન તરફ વહ્યાં... 'તમારું બાળક સમજીને ઉછેરવાનું છે.... તે સુખી થશે એવો મને વિશ્વાસ બેઠો છે... મારા બાળકને તમારાં બાળકોમાંનું એક ગણીને ઉછેરશો... ?' તેણે ખીલેલા મોં સાથે અમ્માસીનો હાથ જોરથી પકડયો.

અમ્માસીએ તેને પ્રણામ કર્યા.

એક શિખાઉ નટી મૃત્યુના દૃશ્યનો પાઠ ભજવતી હોય તેમ તેના મોંનું હાસ્ય વિલય પામે તે પહેલાં તેની આંખો મિચાઈ ગઈ. ધીમે ધીમે તેનું મોં ખૂલ્યું અને હોઠ પર માખી આવીને બેઠી ત્યારે જ તેનો જીવનદીપ સંપૂર્ણપણે ઓલવાઈ ગયો છે એમ જાણીને અમ્માસીએ ઊભા થઈ જાણે તેને અંતિમ વિદાય આપવા માથું નમાવ્યું.

કોઈ એક નાના સ્ટેશને ગાડી ઊભી રહી. ભિખારણ ડોસીનો

રડવાનો અવાજ સાંભળીને તે ડબ્બા આગળ લોકો એકઠા થઈ ગયા. લોકોને વિખેરીને એક રેલવે અધિકારી ડબ્બામાં દાખલ થયો...

ત્રીજે દિવસે બપોરે તે નાના સ્ટેશને દક્ષિણ તરફથી આવતી દિવસના સમયની ગાડીની, હાથમાં બાળકને તેડીને, અમ્માસી રાહ જોતો હતો.

પોતાની માની અંતિમ ક્રિયા કરી ન શકેલા અમ્માસીએ બીજી એક માની અંતિમ ક્રિયા ગઈ કાલે પતાવી હતી. પોતાને મળેલી મોટી સંપત્તિ જેવા તે બાળકને પોતાની છાતીએ રાખીને તેણે સ્ટેશન પર આખી રાત ગાડીની રાહ જોઈ.

આજે બરાબર સમયે પેસેન્જર ગાડી આવી. માથું અને શરીર ધ્રૂજતાં હોવાથી અમ્માસી બાળક અને પોતાનો થેલો બંને એક સાથે ઉપાડી શક્યો નહીં. આથી પહેલાં તેણે બાળકને બારીમાંથી એક બહેનને આપ્યું; પછી થેલો ઊંચકીને તે અંદર ગયો.

ગાડીમાં હતાં તે બધાં બાળકને અને તે ડોસાને વારાફરતી જોતાં હતાં. 'આ ડોસાને અને આવા સુંદર બાળકને શું સગપણ હશે?' એવો પણ વિચાર કરતાં હોય તો ના નહીં.

બારીમાંથી બાળકને લીધું હતું તે બહેને પૂછ્યું, 'દીકરી છે... કે દીકરીની દીકરી?'

છોકરા વગરના અમ્માસીએ જરા પણ વિચાર કર્યા વગર તરત જવાબ આપ્યો, 'દીકરીની દીકરી!'

બાળકના ગાલ પર ટપલી મારતાં તે બહેને આગળ પૂછ્યું, 'શું નામ છે?'

તે વખતે ગાડી 'કૂ' અવાજ કરીને હસી. 'બાળકની માને એ નામ પૂછવાનું જ ભૂલી ગયોને!' અમ્માસીએ હોઠ ચાવ્યા. ગાડી અવાજ સાથે ઊભી રહી. તે પળે તેને જે નામ યાદ આવ્યું તે નામ અમ્માસી બોલી ગયો, 'પાપાત્તિ!'*

'પાપાત્તિ! યોગ્ય નામ છે!' તે બહેને વખાણ કર્યાં.

યોગ્ય હોય કે ન હોય... હવે તેનું નામ એ જ રહેશે!

* પાપાત્તિનો બીજો અર્થ બ્રાહ્મણની દીકરી થાય છે.

11. તાળું મારેલું ઘર

લીમડાની નીચે ઊભેલી ગાયના પાછલા પગ બાંધીને આંચળ ધોવા માટે બાજુમાં મૂકેલો પાણીનો લોટો લેવા માટે પાછો ફર્યો ત્યારે સુપ્પુ કોનારે પહેલવહેલો તેને જોયો. જોતાંની સાથે જ કોનાર તેને ઓળખી ગયો. તે વખતે જાણે તેના હૃદય પર ઘા પડ્યો હોય તેવો તેને ડર લાગ્યો. તેને ઓળખવાથી ડર લાગ્યો હતો કે ડર લાગવાથી તેને ઓળખી શક્યો હતો તેનો નિર્ણય ન કરી શકે તેવી સ્થિતિમાં જ આ બંને વિચારો તેને એક-સાથે આવ્યા.

શિયાળાનો સમય હતો. માગશર મહિનાની સવાર હતી. ધુમ્મસ હજી દૂર થયું ન હતું, પરંતુ એથી કાંઈ એકાએક શરીર ધ્રૂજે ખરું કે? ફક્ત પગ-ની આંગળીઓ જમીન પર ટેકવીને બેઠેલા કોનારનો આખો ડાબો ઢીંચણ ધ્રૂજતો હતો. પરંતુ માથા પર બાંધેલા મફલરની અંદર પણ એકાએક પર-સેવો વળી ગયો હતો.

માથે બાંધેલું મફલર છોડીને કોનારે માથું ખંજવાળ્યું.

કૉલોનીના કંપાઉન્ડનો લોખંડનો મોટો દરવાજો ઉઘાડીને તે અંદર આવ્યો. જાણે એને જ નિશાન બનાવીને આવતો હોય એવું કોનારને લાગ્યું.

તેના પગના જોડાનો ખૂબ અવાજ થતો હતો. તેણે કાળા રંગની ચોકડી-વાળી લુંગી પહેરી હતી. અંદર પહેરેલું બનિયન દેખાતું હતું. કમરે ચાર આંગળ પહોળો ચામડાનો પટ્ટો પહેર્યો હતો. પટ્ટામાં ચાવીનું ઝૂમખું ભરાવેલું હતું. ઝૂમખાની કડી સાથે ભરાવેલું ચપ્પુ દેખાય તે રીતે કમરે ખોસી રાખ્યું હતું. તેણે મલમલનો ઝીણો ઝભ્ભો પહેર્યો હતો. તે જોતાં લાગતું હતું કે જાણે ચાવીના ઝૂમખા સાથે ચપ્પુ નથી ભરાવેલું, પણ ચપ્પુ સાથે ચાવીનું ઝૂમખું ભરાવ્યું છે. એટલે કે ચપ્પુ ખૂબ મોટું હતું.

તેણે સુષ્પુ કોનારને આમ તો જોયો હતો. પોતે જતો હોય ત્યારે રસ્તામાં સામે આવનાર પોતાને જે રીતે જુએ તે રીતે તેણે કોનારને જોયો હતો. શું આટલું જ કોનાર માટે પૂરતું નહોતું? દોડવું, ઊભા થવું, દોહવું કે ગાયના પગનું બંધન છોડવું, તે કોનાર ભૂલી ગયેલો. એની બાજુમાંથી પસાર થયેલા પેલા માણસની પીઠ જોતાં જ સ્તબ્ધ બની ગયેલા કોનારને જોવાની લીમડા નીચે બાંધેલા વાછરડાને કેવી મજા આવી હશે? એક કૂદકો મારી, બંધન તોડીને ગાયના થાનને વાછરડાએ માથું માર્યું, તે પણ એણે જોયું નહીં.

હંમેશ મુજબ પથારીમાંથી ઊઠતાંની સાથે જ ગાયનું મોં જોવા માટે પહેલા ઘરના ભાડૂત કુંઝુમણિએ બારીનું બારણું ઉઘાડયું કે એને કાગડાના માળા જેવા ઘીચ વાળ અને થેલિયાવાળા, મલમલનો ઝભ્ભો પહેરેલા માણસનાં દર્શન થયાં. એને જોતાંની સાથે જ એણે મોં મચકોડયું અને આંખો મીંચી દીધી. આંખો બંધ કર્યા પછી જ એને ઓળખી શકયો. બીજી વાર આંખો ઉઘાડીને જોયું તો એ એ જ હતો.

કોઈ તેની પાછળ તો નથી પડયું ને તે જોવા માટે કુંઝુમણિ બહાર દોડી આવ્યો.

ત્યાં સુધીમાં તો એ તેની આગળથી પસાર થઈ ગયો. બહાર આવીને કુંઝુમણિએ પગ બાંધેલી ગાય અને ડરના માર્યા એ જ દોરડાથી પોતાના પગ બાંધીને ઊભેલા કોનારને જોયા. કોનારની પાછળ કંપાઉન્ડના કોટની બહાર ઊભેલી ઘોડાગાડીમાંથી જ ઊતરીને આ આવ્યો હતો કે કેમ તે કુંઝુમણિ નક્કી કરી શકયો નહીં.

કારણ કે પોતે જે દિશામાં મોં કરીને ઊભો હતો તે દિશા તરફ ગાડી જતી હોય તેવું લાગ્યું. તે ગાડીના ઘોડાએ પાછળનો પગ ઢીંચણથી વાળીને જમીન પર જોરથી પડે તેમ પછાડયો અને પછી અક્કડ થઈને પોચી પડેલી જમીન પર પડે તેમ પેશાબ કર્યો હતો. ગળે બાંધેલી ઘૂઘરીનો અવાજ કરીને તે જ વખતે ઘોડાએ આગળ ચાલવા માંડયું હતું. સવારના પહોરમાં પોતાને થયેલા આ ક્રમબદ્ધ અપશુકનનો વિચાર કરીને કુંઝુમણિએ મોં મચકોડયું અને થૂંકયો. પછી જ કદાચ 'પાછળ ફરીને તે મને

જોઈ તો નહીં ગયો હોય' એવો વિચાર આવતાં તેને ડર લાગ્યો અને 'પોતે થૂંક્યો છે તે તેને જોઈને નહીં' એમ બતાવવા માટે તે બે વખત થૂંકીને જૂઠું બોલ્યો, 'થૂ! થૂ! મોંમાં મચ્છર પેસી ગયો છે!'

એ કોલોનીની અંદર દાખલ થઈ, બંને બાજુએ આવેલાં ઘરોની હાર તરફ નજર સુધ્ધાં કર્યા વગર, પોતાના હાથ પૂંઠ પાછળ મરઘીની જેમ હલાવતો અને કોઈ વિચારમાં ડૂબી ગયો હોય તેમ માથું નીચું રાખી, નિરાંતે આગળ ચાલ્યો જતો હતો. તે ઘરોમાં માણસો રહે છે કે કેમ તે જાણવાની પણ પોતાને દરકાર નથી અને પોતાના આગમનની ખબર પડયા પછી અહીંના માણસોને આશ્ચર્ય, ડર અને ગભરાટ થશે તે પોતે જાણતો હોવા છતાં તેમની તે લાગણીની પોતાને જરા પણ પડી નથી અને અહીંના રહેનારાઓના જેટલો જ પોતાને પણ અહીં અવરજવર કરવાનો હક છે એવા ઘમંડ સાથે તે ચાલ્યો જતો હતો.

એ આમ ઘમંડ અને મૌન સાથે ચાલ્યો ગયો તે કુંકુમણિ સહન કરી શકયો નહીં. પરંતુ સહન કર્યા વગર તેનો છૂટકો કયાં હતો? એક તો તેને ભયથી ફફડાટ થયો હતો, પરંતુ આ ચાલ જોઈને મનમાં ખૂબ ગુસ્સો આવ્યો. છતાં તેનું મન સ્વસ્થ ચિત્તે વિચાર કરતું હતું.

'તે શા માટે અહીં આવ્યો હશે? તેની ચાલ પરથી તે ચોરી કરવા માટે આવ્યો હોય તેમ જણાતું નથી, પરંતુ કોઈ હિસાબ પૂરો કરવાના ઇરાદાથી વિચાર કરતો ચાલતો હોય તેમ લાગે છે... તે પહેલાં કરતાં અત્યારે સહેજ ભરાવદાર લાગે છે. તે વખતે પણ શું... દીવાલ ચડીને જે ઝડપથી કૂદીને નીચે પડયો ત્યારે તેના ઢીંચણે વાગ્યું ન હોત તો તે બધાંને અધ્ધર ઊંચકીને નીચે પછાડી નાસી જઈ શકયો હોત...પરંતુ તે દિવસે તેના ઢીંચણમાંથી વહેતું લોહી અને તેના ઘા પરથી હવે તે કયારેય ચાલી શકશે નહીં એવું મને લાગ્યું હતું. પરંતુ અત્યારે જોઉં છું તો તે આહ્‌વાન આપતો હોય તેમ ચાલે છે! એ તો ઠીક પણ અત્યારે અહીં શા માટે આવ્યો છે?... શું કરું તો તે પાછો જાય?... તેનું અહીં આવવું સારા કામ માટે નથી, એમ લાગે છે. મેં આજે સવારના પહોરમાં કોનું મોં જોયું છે?...' આવા ગભરાટના વિચાર કરતાં કુંઝુમણિએ સુપ્પુ કોનાર તરફ દયાની નજરે જોયું. તેણે તે નજરથી સુપ્પુ કોનારનું અને આવેલી તે વ્યક્તિનું શરીર માપી જોયું.

કોનારનું શરીર સારું છે... દહીં, દૂધ, માખણ અને ઘીથી પોષાયેલું છે! પરંતુ તે માર સહન કરી શકશે? જો તે દિવસે એને ઢીંચણમાં વાગ્યું ન હોત તો આ સુપ્પુ કોનાર, નીચે પડી ગયેલા તેની પીઠ પર ગાયના પગ બાંધવાનું દોરડું મારી શક્યો હોત? દોરડું લોહીના ડાઘથી ખરડાઈ ગયું હતું ... લોહી વહેતા ઘાવાળા ઢીંચણ પર એક લગાવી... બસ એટલે જ! દીકરો બેભાન થઈ ગયો. ત્યાર પછી શબની જેમ તેને ઢસડી લાવી લીમડા સાથે ઊભો કરી બાંધી દીધો... પછી તેણે જ્યારે આંખ ઉઘાડી ત્યારે જ તે હજી જીવતો છે એમ લાગ્યું... એ બબડ્યો : પાણી! પાણી! મેં દૂધના ડોલચામાં પાણી આપ્યું. પાણી પાઈને હું શાંત ન રહ્યો! 'ચોર! તારી દયા ખાઈએ તો પાપ લાગે!' કહી દૂધનું ડોલચું તેના ગાલ પર માર્યું... પાણી પીધેલા મોંમાં-થી લોહી વહેવા લાગ્યું. તેણે બેભાનાવસ્થામાં મને જોઈ લીધો. તેનો અર્થ અત્યારે સમજાય છે...

'હે બ્રાહ્મણ! યાદ રાખજે. હું તને જોઈ લઈશ.' એમ પણ તેણે તે દિવસે કહ્યું હોય. હવે આવ્યો છે.... મેં પાણી આપ્યું હતું... એ વાત શું એ ભૂલી ગયો હશે? મારે શું... બીજાની જેમ લાગમાં આવી ગયો છે તો બરાબર બતાવી આપું, એવા વિચારથી થોડો જ માર્યો હતો? આમ ચોરી કરી, નાસી આવી, આના હાથમાં ફસાઈ જઈ માર ખાઈને, પાણી પાણી કરી તરફડે છે...આ કેવું તારું નસીબ? કહી મેં માર્યો હતો. ના નથી પાડતો. માર્યો હતો... તેને માર્યો હતો તે વાત તેના ખ્યાલમાં હશે જ. અત્યારે તે તેનો હિસાબ ચૂકતે કરવા આવ્યો છે. હું બરાબર જાણું છું. તેની ચાલ જ કહી આપે છેને! છ મહિના જેલનું ખાવાનું ખાઈ, શરીર સારું કરી આવ્યો છે. વેર લેવા માટે જ આવ્યો છે... બિચારો! આ સુપ્પુ કોનારને જોતાં જ જાણે તેની દયા આવે છે... બસ મૂર્તિની જેમ જડાઈ ગયો છે! આનો હિસાબ વધારે છે! કેવો માર માર્યો હતો! માર્યો ત્યારે સારું લાગતું હતું. હવે હિસાબ ચૂકવવાનો છે... મને પણ... મારો હિસાબ એક જ માર. પરંતુ તે મારે સહન કરવો પડશેને!... આ કૉલોનીમાં રહેતો પ્રત્યેક માણસ ધર્મનો એક એક માર મારે તોપણ ... આ વળી શું મહાપરાક્રમી છે? તે શું બધાને મારી નાખશે?' આવો વિચાર કરીને કુંઝુમણિએ ફરી એક વાર સુપ્પુ કોનારનું શરીર માપી જોયું. તેના શરીર સાથે પોતાના શરીરને... લંકામાં જવા માટે પુલ બાંધતી વખતે જેમ ખિસકોલીએ

મદદ કરી હતી તેમ પોતે અને સુપ્પુ કોનાર બંને ભેગા મળીને મોટા અવાજે બૂમો પાડે તો બીજાઓ મદદ કરવા દોડી આવશે અને અમારી શક્તિ વધી જશે એવો વિચાર કરી કુંઝુમણિએ પોતાની શક્તિ બતાવતો હોય તેમ મોટેથી ખોંખારો ખાધો! તે કંઈક ગણતરી કરીને તેને ધમકી આપતો હોય તેમ મોટા અવાજે ખોંખારો ખાવા માગતો હતો. પરંતુ આવી રીતે તેને ખોંખારો ખાવાની ટેવ ન હોવાને લીધે કે પછી નટરાજ વિલાસમાં વાસી તેલમાં જુદી જુદી વાનગીઓ બનાવતી વખતે તેમ જ તે ચૂલાના ધુમાડાથી ખાંસી ખાવાને ટેવાઈ ગયેલા કુંઝુમણિથી ખોંખારો ખાવાને બદલે ખાંસી જ ખાઈ શકાઈ!

તેની ખાંસી તરફ જરા પણ ધ્યાન આપ્યા સિવાય એ તાળું મારેલા ઘરના ઓટલાનાં પગથિયાં પર ચડ્યો.

'સારી જગા જોઈને રાખી લાગે છે. એ ઓટલા પર બેસવા ગયો છે. બાજુમાં આવેલા નળ પર સ્ત્રીઓ પાણી ભરવા કેવી રીતે આવી શકશે? ... જુઓ! હમણાં થોડી વારમાં જ મારી મા બે ઘડા લાવી ઓટલા પર મૂકી મને આજીજી કરી કહેશે: બેટા કુંઝુમણિ! મારો દીકરો નહીં? ફક્ત બે ઘડા પાણી લાવી આપને! બિચારી! તે જ્યાં બેઠી હોય ત્યાં જ રસોઈ કરી શકે છે. તે શું પાણીનો ઘડો ઊંચકી શકે કે? બે ઘડા લઈને હું નળે જવાનો. મને આખોય અધ્ધર ઓટલા પર ઊંચકીને... કહી દેવું જોઈએ ... એક જ માર હું સહન કરી શકીશ. એ મારીને મને જવા દેવો જોઈએ. એટલામાં જ મારો હિસાબ પતી જશે. ન્યાયની રીતે જોવા જઈએ તો તેણે પહેલું ચપ્પુ કોનારને જ મારવું જોઈએને? આ કોનારની ઓળખાણ તેને પડી નથી કે શું?...

'એય, સુપ્પુ! શું જોઈને ઊભો રહ્યો છે? પેલાને તેં ઓળખ્યો કે નહીં?' કુંઝુમણિએ સુપ્પુ કોનારને દબાયેલા સાદે પૂછ્યું.

'મને તો ઓળખાણ પડે છે, માલિક! પરંતુ એ મને ઓળખે છે કે કેમ તેનો જ વિચાર કરું છું.' સુપ્પુ કોનારે કહ્યું.

તે વખતે કુંઝુમણિની મા સીતમ્મા હાથમાં દૂધનો લોટો લઈને બહાર આવી. સુપ્પુ કોનાર દૂધ દોહવાને બદલે પોતાના દીકરા સાથે વાત કરી રહ્યો છે તે તેણે જોયું. અને તે પણ તેને છૂપી રીતે વાત કરતો જોઈ, તેઓ

શી વાત કરી રહ્યા છે તે જાણવાની આતુરતાથી, પોતાના કાન પરના કપડાને બાજુએ ખસેડીને એ લીમડા નીચે આવી.

સામાન્ય રીતે કુંઝુમણિ કોઈની સાથે વાત કરતો નહીં. સવારમાં ઊઠતાંની સાથે બારીમાંથી ગાયના શુકન કરીને ઓટલા પર આવીને પાન-સોપારી ખાવાં શરૂ કરતો. સીતમ્મા દૂધ લઈ જઈ, કૉફી બનાવીને તેને બોલાવે તે પહેલાં તો તે બે વખત પાન-સોપારીનો ચૂરો અને તમાકુ ખાઈ લેતો. કૉફી પીધા પછી બીજી વખત પાન-સોપારી અને તમાકુ ખાઈને તે બે ઘડા ઊંચકીને નળે આવતો. તેની ભાષા મોટે ભાગે 'ઊં', 'ઊંહું' એવા હુંકારા અને હાથના ઇશારા જ હતી. આથી જ કુંઝુમણિને સવારના પહોરમાં ઊઠીને પાન ખાવાને બદલે કોનાર પાસે જઈ વાતો કરતો જોઈને તે વાત ખાસ અગત્યની કે રસદાયક હોવી જોઈએ તેવા વિચારથી સીતમ્મા તેની વાત જાણવા માટે સૂંઘીને આવતી હોય તેવું મોઢું કરી ચારે તરફ જોતી લીમડા નીચે આવી. એ આ રીતે જોતી હતી ત્યારે તાળું મારેલા ઘરની આગળ ઊભા રહીને તેણે આ ત્રણેને વારાફરતી જોયાં.

'અહીં જ જોઈ રહ્યો છે... મા, તું શા માટે ત્યાં જુએ છે?' દાંત પીસીને કુંઝુમણિએ પૂછ્યું.

'એ કોણ છે? તાળું મારેલા ઘરે શું કામ છે? કોઈ પૂછનાર નથી? કોણ છે તું?' તેના તરફ જોઈ દૂધનો લોટો લાંબો કરી મોટા અવાજે સીતમ્મા-એ પૂછ્યું અને એની તરફ આગળ વધી. પરંતુ કુંઝુમણિએ તેનો હાથ પકડીને તેને ખેંચીને ઊભી રાખી.

'એ કોણ છે, ખબર છે? થોડા દિવસ પહેલાં એક દિવસ સવારે ક્યાંકથી ચોરી કરી નાસી આવીને આપણી કૉલોનીના કંપાઉન્ડની દીવાલ કૂદતાં તેનો પગ ભાંગી ગયો હતો ને કોનારના હાથે પકડાઈ ગયો હતો અને માર્યો હતો...'

'પછી...'

'દસ માણસો પોલીસને બોલાવવા ગયા ત્યારે લીમડે બાંધીને આવતા-જતા દરેકે તેને માર્યો હતો...'

'હં...'

'મેં પણ દૂધનું ડોલચું માર્યું હતું... એ જ — એ ચોર આવ્યો છે... ચોરી કરવા માટે નહીં... બધાનો હિસાબ ચૂકવવા માટે...'

'ચૂકુબ્યા... ચૂકુબ્યા હવે. બીજાને હાથે શું મેંદી મૂકી છે... ચોરને બાંધીને માર ન મારે તો શું તેની પૂજા કરે...? કેમ કોનાર બોલતો નથી? આ બદમાશને શું જોઈ રહ્યા છો? કહો કે આબરૂભેર કંપાઉન્ડ છોડીને ચાલ્યો જાય. બીજે ક્યાંક ધર્મશાળા શોધી કાઢવાનું કહો... નહીંતર પોલીસને બોલાવવાની ધમકી આપો.' જાણે આખી કૉલોનીના માણસોને ભેગા કરતી હોય તેમ મોટા અવાજે સીતમ્મા બોલી.

તેનો અવાજ સંભળાય તે પહેલાં કૉલોનીના એકાદ-બે માણસો દૂધ લેવા માટે અથવા તો નળ પર પોતાનો વારો વહેલો આવે તે સારુ લાઇનમાં વાસણ મૂકવા માટે આજુબાજુથી આવતા હતા.

સીતમ્માનો ઘાંટો સાંભળ્યા પછી બધાંએ તાળું મારેલા ઘરના ઓટલા ઉપર આવીને બેઠેલા એ માણસ તરફ જોયું. જોતાંની સાથે જ બધાં તેને ઓળખી ગયાં. તેની હાજરીથી સુપ્પુ કોનાર અને કુંઝુમણિની જેમ તેઓ પણ ડરી ગયાં.

લોકો ભેગા થયા પછી કોનારમાં જરા હિંમત આવી, 'કોણ છે તું? જાણે મોટો જોયો ન હોય તો? ચોર જ છે ને? તે દિવસે પડેલો માર ભૂલી ગયો લાગે છે. કયા ઉદ્દેશથી આવ્યો છે તે વિચાર કરું છું...'

પછી કોનારે મફલર ખંખેરીને ખભા પર નાખી એક મોટો ખોંખારો ખાધો.

'હું...' કુંઝુમણિએ તે ખોંખારાનાં મનમાં વખાણ કર્યાં.

ધમકી આપવાના વિચારથી તે બેઠો હતો તે ઓટલા તરફ કોનાર હિંમતથી ચાલ્યો. તેની મદદમાં — કોઈ બનાવ બને તો તેમને જુદા પાડવા કે બૂમ પાડીને બીજાઓને બોલાવવા માટે કુંઝુમણિ કોનારની પાછળ ગંભીરતાથી ગયો.

'એય! તું કોણ છે તે અહીં બધા જાણે છે... અહીં આવવામાં તેં ભૂલ કરી છે. બીજી કાંઈ તકરાર થાય તે પહેલાં આ કંપાઉન્ડ છોડીને ચાલ્યો જા.' કોનાર બોલતો હતો ત્યારે —

'હા ભાઈ, તકરાર કર્યા વગર ચાલ્યો જા... તને શું બીજે જગા નહીં મળે?' કુંઝુમણિનો પણ અવાજ સંભળાયો.

પેલાએ કાંઈ પણ બોલ્યા વગર ઝભ્ભાના ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી. પછી શાંતિથી કમરે બાંધેલા પટ્ટાનું ખિસ્સું ઉઘાડીને તેમાંથી ગડી વાળેલો એક કાગળ કાઢીને કોનારને આપ્યો. પછી ચાવી કાઢીને ઘરનું તાળું ઉઘાડીને તે અંદર ગયો.

કોનારે તે કાગળ કુંઝુમણિને આપ્યો. કુંઝુમણિએ તે લીધો, વાંચીને આશ્ચર્ય પામ્યો.

'અરે ભાઈ કોનાર... મુદલિયારને બે મહિનાના ઍડવાન્સ પચાસ રૂપિયા આપી પહોંચ લઈને આવ્યો છે...' કુંઝુમણિએ ભય સાથે નિઃશ્વાસ નાખ્યો.

'શું આ ન્યાય છે! સજ્જનો રહે છે ત્યાં એક ચોરને જગા આપે તે કેમ સહન થાય? આ મુદલિયારની બુદ્ધિ મારી ગઈ લાગે છે કે શું? કેમ અલ્યા કુંઝુમણિ! હું પણ આ ખાલી ઘર માટે પંદર દિવસથી કહી રહી છુંને? આપણા સુપ્પુમણિનો દીકરો પટ્ટમ્બી અહીં કોઈ કો-ઑપરેટિવની પરીક્ષા આપવા માટે આવવાનો છે એવો કાગળ આવ્યો હતો તે મેં કહ્યું હતુંને... ને મુદલિયારના મોં પર પચાસ રૂપિયા ઍડવાન્સના ફેંકી આ જગા ભાડે લેવાની વાત મેં કરી હતીને? મને ત્યારથી જ બીક હતી... ઉંમરલાયક છોકરીઓ રહે એવી જગામાં ગમે તેવા ગુંડા આવી ન ચડે!... જોયુંને... તેનું મોં તો જુઓ... દાઢી નીકળે એની... બીડી પીએ છે વળી... કયું ચોઘ-ડિયું હશે?...' સીતમ્મા પૂરું બોલી રહે તે પહેલાં તેના મોં પર હાથ મૂકીને શાંત પાડવી કે તેનું ગળું દબાવીને બોલતી બંધ કરવી એની સમજણ ન પડતાં કુંઝુમણિએ ભયથી ફફડતાં અને દાંત પીસીને તેના મોં તરફ બંને હાથ લાંબા કર્યા —

'એ સાંભળી જશે. મોં બંધ કર... તું શું મને તેના હાથનો માર ખવ-ડાવવા માગે છે? તે ગમે ત્યાંથી આવ્યો હોય તેમાં આપણે શું?' અને કુંઝુમણિ સીતમ્માનો હાથ પકડી ખેંચતો ઘર તરફ ચાલ્યો.

'હું શા માટે ડરું? તને ડર લાગતો હોય તો તું જ ઘરમાં રહેને!... તમે પુરુષો તો બહાર જશો. અમારે બૈરાંઓએ જ ભયમાં રહેવાનું છે. હમણાં નવો મૂકેલો ઘડો દેખાતો નથી...વળગણીએ સૂકવેલાં કપડાં દેખાતાં નથી. જાણે આટલું ઓછું હોય તેમ ચોરને લાવીને અહીં રાખ્યો. ઘરેણાં પહેરાવીને બાળકોને બહાર કઈ હિંમતે મોકલીશું? ભાઈ કોનાર, બોલ્યાચાલ્યા વગર તું

તારે જઈને પોલીસમાં ફરિયાદ નોંધાવી આવ. આ જ જગ્યાએ આપણે આને પકડાવ્યો હતો.'

મોટેથી બોલતી સીતમ્માને તેનો દીકરો ઘર તરફ ખેંચી રહ્યો હતો. આખા રસ્તે સીતમ્મા તેનો હાથ તરછોડતી બોલતી રહી. ઘરમાં ગયા પછી પણ સીતમ્માએ ઘરની અંદરથી પણ મોટી બૂમ પાડીને ભયસૂચક સાઇરન વગાડતી હોય તેમ આખી કૉલોની ગજાવી મૂકી.

આ દરમિયાન લીમડે બાંધેલી ગાયને ધાવતા વાછરડાને જોઈને સુપ્પુ કોનાર ક્રોધે ભરાઈ તે તરફ દોડી આવ્યો. ગાયનાં આંચળમાં સહેજ પણ દૂધ વાછરડાએ રહેવા દીધું ન હતું. બધું જ દૂધ ધાવી ગયું હતું. દૂધનાં ફીણથી ઊભરાતા મોંએ વાછરડું મસ્તીમાં આવીને ઠેકડા મારતું હતું. ગાયે ગુનાભરી નજરે કોનાર તરફ જોયું. ક્રોધિત કોનારે ગાયના પગેથી દોરડું છોડીને ગાયને માર્યું. વાછરડાને પણ બે લગાવી દીધી. ગાય અને વાછરડું દોડતાં કંપાઉન્ડના ઝાંપાની બહાર નાસી ગયાં.

હાથમાં દૂધના લોટા સાથે બહાર આવેલી સીતમ્માને જોઈને સુપ્પુ કોનાર બૂમ પાડતો બોલ્યો, 'સહેજ પણ દૂધ નથી... જાઓ મા, પાછાં જાઓ... વાછરડું બધું દૂધ ધાવી ગયું... આ ચોરના શકન થયા છે ને.' અને પોતાને પલાયન થઈ જવાનો આ સારો મોકો છે તે જોઈ ને એ ત્યાંથી ચાલ્યો ગયો.

ઓટલા પર બેસીને પાન અને સોપારીનો ચૂરો ખાઈ રહેલા કુંઝુમણિએ મોટા અવાજે કહ્યું, 'બપોરે જરા વહેલો આવજે. ત્યાં સુધીમાં તો અહીં કાંઈક નવાજૂની થઈ જશે.' આ વિચારથી તેને ભય ઊપજ્યો.

છ મહિના પહેલાં એક વહેલી સવારે ક્યાંકથી ચોરી કરીને ભાગી આવેલો ચોર આ કોટની અંદર ફસાઈ ગયો હતો અને પોલીસના હાથે પકડાઈને છ મહિના જેલના રોટલા ખાઈ આવેલા એક જૂના કેદીએ કૉલોનીમાં છેવાડે આવેલા ઘરમાં — જે કૉલેજના એક વિદ્યાર્થીએ ભાડે રાખ્યું હતું ને અત્યારે ખાલી પડ્યું છે — રહેવા આવ્યો છે, આ સમાચાર થોડી વારમાં આખી કૉલોનીમાં ફેલાઈ ગયા.

ઓટલા પર બેઠેલો કુંઝુમણિ પાન ચાવતો ચાવતો ચોર વિશે ભયંકર વિચાર કરતો હતો. એણે કૉલોનીના એકેએક માણસને યાદ કરી જોયો. એ બધાએ પેલાને કેવો માર માર્યો હતો તે પણ યાદ કર્યું. જ્યારે પોતે તો ફક્ત દૂધનું ડોલચું જ માર્યું હતું. સૌથી ઓછું પોતે જ એને માર્યું હતું, એ વાતથી

એને થોડું આશ્વાસન મળ્યું. બીજા બધાએ મન મૂકીને પોતાનો ક્રોધ શમે ત્યાં સુધી તેને માર્યો હતો. આ દૃશ્ય એની નજર સમક્ષ ખડું થઈ ગયું. આ બધા મારનો બદલો એ તેમની પાસેથી વ્યાજ સાથે વસૂલ કરશે, એ વિચાર આવતાં પોતાના કરતાં બીજાઓ માટે વધુ ભય છે એવું તેને લાગ્યું.

'સત્તર નંબરવાળા ઘરમાં રહે છે ને પોસ્ટ ઑફિસમાં નોકરી કરે છે તે નાયડુ સાઇકલ પર આવ્યો હતો. સાઇકલ પર બેઠાં બેઠાં જ તેણે એક પગ જમીન પર ટેકવીને આગળ નમીને બીજા પગે તેના પેટમાં લાત મારી હતી ને... તે વખતે ભેંસની માફક તેના ડોળા ફાટી ગયા હતા...શ્વાસ બંધ થઈ ગયો હતો અને હવે જીવશે નહીં એવું લાગ્યું હતું...પરંતુ એ તો પાછો આવ્યો છે! આ લોકોને એમ સહજમાં છોડશે ખરો કે? આ શું ફક્ત ચોર જ છે? મોટો ખૂની હોય એમ જણાય છે.' કુંઝુમણિની વિચારધારા આગળ વધતી હતી.

કુંઝુમણિને આવેલા આ છેલ્લા વિચારને ખરો પાડતો હોય તેમ તે એ છેલ્લા ઘરમાંથી હાથમાં ચપ્પુ લઈને બહાર આવ્યો આ વખતે તેણે મલ-મલનો ઝભ્ભો પહેર્યો ન હતો. તેણે પહેરેલા બાંય વગરના બનિયનની ઉપરના છાતીના ભાગમાં ખૂબ ઊગેલા વાળ દેખાતા હતા. તેનો ખભો અને ગળું એક હોવાથી એ ગેંડા જેવો દેખાતો હતો.

'અરે... આ તો ચપ્પુ સાથે આવે છે... મેં તો ફક્ત દૂધનું ડોલચું જ માર્યું હતું... અહીં જ આવે છે.' આ વિચાર આવતાંની સાથે જ કુંઝુ-મણિ ઓટલા પરથી ઊતરીને જાણે પોતાને કોઈ કામ હોય તેમ ઘરમાં ગયો અને બારણું બંધ કરી દીધું. છતાં તેનો ગભરાટ ઓછો થયો નહીં. તેણે બારી પાસે જઈને બહાર જોયું.

પેલો માણસ લીમડા નીચે આવીને ઊભો રહ્યો. લીમડો કુંઝુમણિના ઘરની સામે હતો. તેથી તે કુંઝુમણિના ઘરની સામે જ ઊભો હતો.

'કેમ ભાઈ, જેણે જેણે તને ઢોરમાર માર્યો હતો તે તે બધાને મૂકી દઈને મારી પાછળ કેમ પડ્યો છે?... આ દેવાળિયણ માએ જ તારા ગુસ્સાને ઉશ્કેર્યો છે ને... મને સમજાય છે... માણસ આવેશમાં આવે છે ત્યારે વેર લીધા વગર જંપતો નથી. અને તેમાંય તારા જેવો માણસ તો નવગણો બદલો લઈને જ જંપે. તું કહેતો હોય તો હમણાં જ કોનારને ત્યાં જઈને દૂધનું ડોલચું લઈ આવી તારા હાથમાં આપું. તારી ઇચ્છા હોય

તો મેં તને માર્યું હતું તે પ્રમાણે તે ડોલચું મારા ગાલ પર હળવેથી મારજે. આટલેથી જ મને જવા દે. શા માટે હાથમાં ચપ્પુ લઈને ફરે છે?' જાણે તેની સાથે માનસિક વાર્તાલાપ કરતો હોય તેમ કુંઝુમણિ બોલ્યો.

એ વખતે પોસ્ટ ઑફિસમાં કામ કરતા સત્તર નંબરના ઘરવાળાને સાઇકલ લઈને આંગણામાં આવતો કુંઝુમણિએ જોયો અને બૂમ પાડીને તેને કહેવાનો વિચાર આવ્યો, 'અરે જરા સમય તો ઓળખ! ઘરમાં જતો રહે! પેલો તારો પગ કાપી નાખશે!'

'એ ઘરમાં ગમે તે રહેવા આવે તેમાં મારે શું?' — એવો વિચાર કરીને સાઇકલ પર બેઠેલા સત્તર નંબરના ઘરવાળાએ લીમડા નીચે પેલાને હાથમાં ચપ્પુ લઈને ઊભેલો જોયો અને સાઇકલનું પેડલ પાછું માર્યું. સાઇકલ ચાલી. કુંઝુમણિની આંખો તેના હાથમાંના ચપ્પુને શૂન્ય નજરે જોઈ રહી. પેલાએ ચપ્પુમાં કંઈક દબાવ્યું કે 'ફટાક' કરતું અડધો ફૂટ લાંબું ચપ્પાનું પાનું ચમકવા લાગ્યું. હવે થનારા ખૂનને ન જોવાના વિચારથી કુંઝુમણિએ આંખો મીંચી દીધી. સત્તર નંબરના ઘરવાળો સાઇકલ પાછી વાળી અડધું ચક્કર લગાવી ઘર તરફ પાછો ફર્યો.

કુંઝુમણિએ ધીમેથી આંખો ઉઘાડી. સત્તર નંબરના ઘરવાળા નાયડુને સાઇકલ સાથે ઘરમાં જતો જોયો. 'સારું થયું!...બચી ગયો. ઘરની બહાર નીકળીશ નહીં...ખલાસ થઈ જઈશ, ખલાસ!'

પેલાએ લીમડા નીચે ઊભા રહી હાથથી એક ડાળી નીચે ખેંચી ચપ્પુ વડે કાપી. પછી તે ડાળીનાં પાંદડાંને ચપ્પુથી સાફ કર્યાં. તેના કકડા કરી, મોંમાં મૂકી ચાવતો ચાવતો તે પાછો ફર્યો. નજર આગળથી તે દૂર થતાં કુંઝુમણિ બહારનું બારણું ઉઘાડી બહાર આવી ઓટલા પર બેસી પાન ચાવવા લાગ્યો.

પેલાએ પણ તેના ઘરના ઓટલા પર બેસીને ઘણી વાર સુધી દાતણ કર્યું. એ લીમડાની નીચે ઊભો રહ્યો હતો તે દરમિયાન કેટલીક સ્ત્રીઓ જલદી જલદી છેલ્લા ઘરની પાસે આવેલા નળમાંથી પાણી ભરીને દોડી ગઈ. એને ફરી ઓટલા પર બેઠેલો જોઈને નળ નીચે મૂકેલો ઘડો પાણીથી ભરાઈને પાણી છલકાવા લાગ્યું છતાં પણ ઘડો લેવા કોઈ આવ્યું નહીં તે જોઈને એ ઊઠીને અંદર ગયો.

ત્યાંના બધા ભાડૂતો પાણી ભરી ન ગયા અને નળ ખાલી ન પડ્યો ત્યાં સુધી એ બહાર ડોકાયો જ નહીં.

આ સમય દરમિયાન કુંઝુમણિ એકેએક ઘેર જઈને બધાને મળી આવ્યો. તેઓ બધામાંથી કેટલાક પોતાની જેમ, તો કેટલાક પોતાના કરતાં વધુ, બહારથી હિંમત બતાવતા હતા; પરંતુ મનમાં ડરતા હતા, તેની જાણ થઈ. કુંઝુમણિએ દરેક ઘરમાં પુરુષને વિનંતી કરીને કહ્યું, 'ઘરમાં સ્ત્રીઓ અને બાળકોને એકલાં મૂકીને બહાર જશો નહીં.'

'હા હા !... નહીં જઈએ.' મોટે ભાગે બધાએ તેની વાત કબૂલ રાખી. પરંતુ થોડાકે પોતાને ઑફિસમાંથી રજા મળે એમ નથી જણાવી ઉપરીનો દોષ કાઢ્યો. તેઓ ઑફિસે જતી વખતે ઘરનાં માણસોને ઘર બહાર નહીં નીકળવાની અને સંભાળીને રહેવાની ચેતવણી આપીને ગયા.

આવા જનારાઓમાં દેવસહાયમ પિલ્લા નામનો મામલતદારની કચેરીનો હેડક્લાર્ક હતો. એનો એક મિત્ર શહેરમાં જ પોલીસ સ્ટેશનમાં રાઇટર તરીકે કામ કરતો હતો તે એને યાદ આવ્યું. તેથી એ કચેરીએ જતી વખતે રસ્તામાં એક ફરિયાદ પણ નોંધાવતો ગયો.

સવારે અગિયાર વાગ્યા સુધી પેલો ઘરની બહાર આવ્યો નહીં. નળ ખાલી પડ્યો અને બીજાઓને નળનું કામ નથી એની ખાતરી થયા પછી જ તે નાહવા માટે બહાર આવ્યો.

ઘરને તાળું માર્યા વગર, ખુલ્લું રાખીને તે કૉલોનીના કંપાઉન્ડમાં કોટ પાસે આવેલી દુકાન પર જઈને નાહવાનો સાબુ અને એક બંડલ બીડી લઈ આવ્યો.

નળવાળી ચોકડી આખી સાબુના ફીણથી ઊભરાઈ જાય તેમ એણે કમરે ટુવાલ વીંટી લુંગી, બનિયન અને ઝભ્ભો ધોયાં. પછી ધોયેલાં કપડાં લીમડાની ડાળીએ બાંધીને સૂકવ્યાં.

કૉલોનીમાં કોઈની અવરજવર ન હતી. બધાં પોતપોતાનાં ઘરમાં હતાં. કપડાં સૂકવી આવીને એ નળ નીચે બેસીને ધપ ધપ પડતા પાણીમાં ઘણા સમય સુધી નહાયો.

એકાએક,

'મામા... તમારું બનિયન જમીન પર પડી ગયું હતું...' કાલા કાલા શબ્દો સાંભળીને તેણે પાછળ જોયું તો ચાર વરસની એક નાની બાળા ચડ્ડી પહેરીને બનિયનવાળો હાથ તેના તરફ લાંબો કરીને ઊભી હતી.

તે વખતે એને ડર લાગ્યો.

પોતાની સાથે આટલી આત્મીયતાથી વાત કરતી બાળાને કોઈ જોઈ ગયું તો નથીને? તેણે છૂપી નજરે આસપાસ જોયું.

'તમે જ અહીં ચોરી કરવા આવેલા નવા મામા છોને?...તમને ન જોવાનું કહીને મને મારી માએ ઘરમાં પૂરી રાખી હતી...મા પડાળીમાં ઊંઘી ગઈ એટલે હું ધીરે રહીને બહાર આવી છું! તમે મને મીઠાઈ લાવી આપશો? ચોરી કરીને લઈ આવજો...પેલી દુકાનમાં ખૂબ જ છે.'

એ હસ્યો. બાળાના ગાલ પર તેણે ટપલી મારી ત્યારે તેને રડવું આવી ગયું. જલદી જલદી કપડાં પહેરી કમરે ટુવાલ વીંટી એ દુકાન તરફ ચાલવા લાગ્યો.

એ જતો હતો ત્યારે એની કમરે વીંટેલો ટુવાલ ખેંચીને બાળાએ કહ્યું,

'મા જોશે તો મારશે. જલદી જઈને એને ખબર ન પડે તેમ મીઠાઈ લઈ આવો. હું તમારા ઘરમાં સંતાઈ રહીશ...'

એ પણ એક નાના બાળકની જેમ માથું હલાવી દુકાન તરફ દોડ્યો.

એ એક પળમાં દોડી જઈ, હાથમાં ન માય એટલી ચોકલેટો કમરે બાંધીને લઈ આવ્યો.

પોતે ચોર હોવા છતાં પોતાને એક છૂપો દોસ્ત મળી ગયો છે તેનો એને આનંદ થયો. 'આ ઘર તારું ઘર છે.' જાણે એવો હક સમાજે એક બાળાના રૂપમાં તેની પાસે આવીને તેને આપ્યો ન હોય તેટલો તેને આનંદ થયો.

એ આનંદમાં દોડી આવેલો, પણ ઘરમાં બાળાને ન જોતાં વિચારમાં પડી ગયો. 'કોઈ આવી તેને મારીને લઈ ગયું કે શું?' આ વિચાર આવતાં તેનું દિલ ધડકવા લાગ્યું.

'બાળા... બાળા... ' નિરાશામાં તેણે બે વખત બૂમ પાડી.

તેના આવવાની રાહ જોતી બારણા પાછળ સંતાયેલી બાળા હોઠ પર આંગળી મૂકીને ચૂપ રહેવાનો ઇશારો કરતી બહાર આવી.

'હું અહીં છું...કોઈ બીજું આવે છે તેમ સમજીને હું બી ગઈ હતી. બેસી જાઓ.' બાળાએ એનો હાથ ખેંચીને એને બેસાડયો અને પછી એ પણ બેઠી.

બાળાનો હાથ ભરાઈને નીચે પડી જાય એટલી ચૉકલેટો તેણે આપી.

'આટલી બધી મારા માટે!'

'હા!'

બેત્રણ ચૉકલેટો એકસામટી મોંમાં મૂકીને એ ચાવવા લાગી. મોંના ખૂણામાંથી તેના રેલા નીકળવા લાગ્યા.

'આ લે! તારે માટે એક!' જાણે પોતે ખૂબ ઉદાર ન હોય તેમ બાળાએ એને એક ચૉકલેટ આપી.

બરાબર તે વખતે,

'રાજી... રાજી...' બૂમ સાંભળીને બાળા એકદમ ઊભી થઈ ગઈ.

'મા શોધે છે...' બાળાએ તેને કહ્યું. પછી માને જવાબ આપતાં બોલી, 'મા! અહીં છું.'

'ક્યાં છે?'

'અહીં જ... ચોરી કરવા આવ્યા છે તે નવા મામાના ઘરમાં છું.'

એને હસવું આવ્યું. બાળાને મૂઠી ભરીને ચૉકલેટ આપતાં તેણે કહ્યું, 'મા મારશે. અત્યારે જા. પછી આવજે.'

'મીઠાઈ લઈને જાઉં તો જ મારે. આ બધી ગોખલામાં મૂકી દે. હું પછી આવીને લઈ જઈશ. બીજા કોઈને આપીશ નહીં. રમેશને પણ નહીં...'

બાળાના ગયાને થોડી વાર પછી લીમડાના ઝાડ પર સૂકવેલાં કપડાં પહેરીને તે જમવા માટે બહાર ગયો.

બપોરે બે વાગ્યે જમીને આવ્યો. ઘરનાં બારણાં ઉઘાડી તેણે ગોખલામાં ચાવીનું ઝૂમખું, ચપ્પુ, બીડીનું બંડલ, પૈસા ભરેલા પાકીટવાળો ચામડાનો પટ્ટો વગેરે મૂક્યાં. પછી એ થોડી વાર માટે આડો પડયો.

ચારેકના સુમારે કોઈ પોતાને ઢંઢોળીને ઉઠાડતું હોય એવું તેને લાગ્યું. એણે લાલ આંખ ઉઘાડીને જોયું. સામે પોલીસ ઊભો હતો. એ ઊભો થયો અને એને પ્રણામ કર્યાં.

નળ પાસે કુંઝુમણિ, કોનાર, સીતમ્મા વગેરે મુખ્ય માણસો ટોળે વળીને ઊભાં હતાં.

એણે પોતાના બેલ્ટના પાકીટમાંથી પહોંચ લઈ ને પોલીસને બતાવી.

'જાણું છું અલ્યા... બનાવટી પહોંચ છે... પચાસ રૂપિયા ઍડ્વાન્સ આપ્યા એટલે શું પતી ગયું? શું તું શાહુકાર થઈ ગયો? સીધી રીતે આજે જ આ જગા ખાલી કરી નાખ, સમજ્યોને? કાલે તું અહીં છે એ સમાચાર મળશે તો યાદ રાખજે... હં... તું ક્યારે છૂટીને આવ્યો?' પોલીસે ધમકી આપી.

'પરમ દિવસે, સાહેબ!' અદબભેર ઊભા રહી તેણે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

આ વખતે આ કૉલોનીના માલિક સોમસુંદરમ્ મુદલિયાર એ રસ્તા પરથી ગાડીમાં જતા હતા. અહીં લોકોને ભેગા થયેલા જોઈ ને તેમણે ગાડી ઊભી રખાવી.

મુદલિયારને જોઈ ને કુંઝુમણિ આગળ આવ્યો. 'તમે તે કેવા માણસ છો? પ્રખ્યાત ચોરને લઈ આવી અહીં રાખો છો!'

મુદલિયારે ચાલવાની લાકડી જમીન પર ટેકવી. પછી તેમણે ચારે તરફ જોયું, મૂછો આમળી અને ઊભા રહ્યા.

'અરે બુદ્ધુ! તેમને આ વાતની ક્યાંથી ખબર હોય? ચોર જાણીને કોઈ ઘર આપે ખરું? તેથી પોલીસ આવીને અત્યારે ઘર ખાલી કરવાનું કહે છે. તું એમને શા માટે ફરિયાદ કરે છે?' સીતમ્માએ કુંઝુમણિને કહ્યું.

મુદલિયારની આંખ લાલ થઈ ગઈ એ છેલ્લા ઘર તરફ ઉતાવળે ચાલ્યા. તેમને આવતા જોઈ ને પોલીસે ઉંબરા સુધી તેમની સામે આવીને સલામ કરી.

'અહીં તારું શું કામ છે?' પોલીસને જોઈ મુદલિયાર ગુસ્સામાં બોલ્યા.

'આ રખડતો માણસ છે. થાણા પર ફરિયાદ આવી છે. તેથી ખાલી કરવાનું કહીને જાઉં છું.'

મુદલિયારે તેની, પોલીસની અને બીજાઓ તરફ એક વાર જોયું.

'મારા ભાડૂતને ખાલી કરવાનું કહેનારો તું કોણ છે? પહેલાં તું બહાર ચાલ્યો જા.' મુદલિયારનો ગુસ્સો જોઈ ને પોલીસ ધ્રૂજી ગયો.

'યસ સર!' પોલીસે બીજી વાર સલામ કરી.

'સત્તાનો દુરુપયોગ ન કરાય. તેણે ચોરી કરી હતી ત્યારે તે જેલમાં ગયો હતો. પછી તેને કેમ છોડચો? ચોરી ન કરી હોય ત્યારે તે કચાં રહે? એ ચોરી કરે ત્યારે પકડીને લઈ જજો.' કહી મુદલિયારે પોલીસને બહાર મોકલી દીધો.

'એય કુંઝુમણિ, અહીં આવ. તારા જેવો જ આ પણ મારો ભાડૂત છે. મારે ભાડાથી કામ છે. તું મને ભાડું ચોરી કરીને આપે કે જુગાર રમીને આપે તેની મને પડી નથી. તે પ્રમાણે એ મને કયાંથી ભાડું લાવીને આપે છે તે મારે જોવાનું નથી. તું જેલ જઈ આવેલા ચોરને જોઈને ડરે છે. મેં પણ જેલ ન ગયેલા ઘણા ચોર જોયા છે. એ અહીં જ રહેશે. ખોટી ટક ટક કરીશ નહીં.' કુંઝુમણિને દબડાવીને મુદલિયાર કોનાર તરફ ફર્યા.

'કેમ કોનાર!... તું પણ આમની સાથે ભળીને શાહુકાર થાય છે? ચાર વરસ પહેલાં દૂધમાં પાણી રેડવા બદલ દંડ ભર્યો હતો તે જ તું ને?'

કોનારે માથું ખંજવાળ્યું.

પછી છેલ્લે મુદલિયારે પોતાના નવા ભાડૂતને કહ્યું,

'અરે ભાઈ... મેં તારી પાસેથી બે મહિનાનું ભાડું અગાઉથી લીધું છે તેની તને પહોંચ આપી છે. કોઈ પણ આવીને તને ધમકી આપે તો તું મને કહેજે. હું જોઈ લઈશ...'

મુદલિયાર ગાડી તરફ ગયા.

તે દિવસે અડધી રાત સુધી એ ત્યાં જ હતો. એ કયારે ઘરને તાળું મારીને બહાર ગયો તેની કોઈને ખબર નથી.

સવારે ગાય દોહવા આવેલા કોનારે એ ઘરમાં છે એ ભય સાથે ગાય દોહી.

કુંઝુમણિએ તે દિવસે સવારના પહોરમાં ચોરનું મોં જોવાઈ ન જાય તે ડર સાથે બારી ઉઘાડીને ગાયનું મોં જોયું.

ફક્ત નળે પાણી ભરવા આવેલી સ્ત્રીઓએ જ તે ઘરને તાળું મારેલું જોઈને હિંમતથી એની અને મુદલિયારની ચર્ચા કરી. આમાં સીતમ્માનો ઘાંટો સૌથી ઊંચો હતો.

એ ઘરને તાળું મારેલું છે તે જાણીને કોનાર અને કુંઝુમણિ ગઈ રાતના ચોરી કરીને તે પાછો આવે ત્યારે તેની હાલત જોવા માટે તેની રાહ જોતા હતા.

બપોર થઈ. સાંજ પડી. બીજો દિવસ થયો…

બીજા દિવસે પણ તેને ન આવેલો જોઈને કોનાર અને કુંઝુમણિ, એ ચોરી કરવા ગયો ત્યારે પકડાઈ ગયો હોવો જોઈએ એમ સમજી આનંદ અને હર્ષપૂર્વક વાતો કરતા હતા.

માત્ર પેલી ચાર વરસની બાલિકાએ એક દિવસ બપોરે તાળું મારેલા ઘરના ઓટલા પર ચડીને ખુલ્લી બારીમાંથી અંદર જોયું.

ગોખલામાં મૂકેલી ચૉકલેટની ઢગલીને એણે ઝળઝળિયાં ભરેલી આંખે જોઈ.

'એ મીઠાઈમામા ! તું પાછો આવવાનો જ નથી ?'

બાળા એકાંતમાં આંસુ લૂછતી રડતી હતી.

12. ક્રૉસ

ટ્રંક રોડ ઉપરથી મોટા અવાજ સાથે બસ પસાર થતી હતી. પોતાની બરાબર સામે ત્રણ લાઇન મૂકીને ચોથી લાઇનમાં બારી પાસે બેઠેલા યુવાન તરફ પોતાની નજર ન જાય તેવો દૃઢ નિશ્ચય આ યુવતીએ કર્યો હતો. એ દોડી જતી બસની બારીમાંથી બહાર જોઈ રહી હતી. એની નજરે એક દૃશ્ય પડ્યું :

એક ખેડૂત સ્ત્રીના માથા પર ઘાસનો ભારો છે. કેડે બાળક છે. બાળક ધાવતું ધાવતું જ ઊંઘી ગયું હોવું જોઈએ. સંધ્યાના સૂર્યનાં કિરણો આંખમાં પડે નહીં તેવી રીતે એણે બાળકને તેડ્યું છે અને બીજો હાથ કપાળ પર છાજલીની જેમ રાખીને ચાલે છે. તેની આગળ થઈને બસ પસાર થઈ ગયા પછી જ બસમાં બેઠેલી યુવતીની નજર એ સ્ત્રી પર પડી. એ યુવતી બસ જે તરફ જતી હતી તે તરફ મોં ન કરતાં પાછળની તરફ મોં કરીને બેઠી હતી.

ખેડૂત સ્ત્રીને બાળક સાથે જોઈને એ યુવતીને કેવો આનંદ થયો હશે! તેના વદન પર નવું તેજ પ્રગટ્યું. એણે બારી બહાર ડોકિયું કર્યું. એના માથા પર બાંધેલો વાદળી રંગનો સ્કાર્ફ ગાલ પર ફરકતો હતો.

પોતાને એ યુવતી જોઈ રહી છે તે જાણીને ખેડૂત સ્ત્રીએ સ્મિત કર્યું. યુવતીએ પણ જવાબમાં વળતું માથું હલાવ્યું...

'જન્મ્યો પિંડ વિના ગર્ભે,
બની માતા કુમારિકા
નિરાકાર ઈશ્વર માનવદેહે,
જગને પવિત્ર કરવા...'

યુવતીના હોઠ ફફડયા. એનાં મનઃચક્ષુ સમક્ષ ખેડૂત સ્ત્રી દેવળના પ્રવેશદ્વાર પર બાળકને તેડીને ઊભેલી પવિત્ર કુમારિકા મેરીની મૂર્તિ જેવી જણાઈ. ધીરે ધીરે એની નજર આગળથી ખેડૂત સ્ત્રીની આકૃતિ દેખાતી બંધ થઈ ગઈ. બસની ગતિ સાથે તેની નજર પણ ફરીને ચોથી લાઇનમાં બેઠેલા યુવાનના ચહેરા પર પાછી સ્થિર થઈ ગઈ.

એ યુવાન તેને — વાદળી અને કાળા રંગનાં વસ્ત્રો પરિધાન કરેલી યુવતીના ગોળ ચહેરાને જોતો હતો.

યુવતીને સંકોચ થયો. એની આંખો ફફડવા લાગી. એણે તરત મોં ફેરવી લીધું.

કેમ? યુવાન અતિ સુંદર છે! સુંદર છે જ ને?... તે જ તો પાપ છે. પાપનું પરિણામ છે... પાપનો ઢગલો છે. માનવદેહ દુનિયામાં જન્મે છે — તે જન્મ જ... પાપનું પરિણામ છે. જો અનિચ્છનીય ફળની ઇચ્છા કરીને ખાધું ન હોત તો... આદમ અને ઈવને સંતાન ક્યાંથી થાત? આદમ અને ઈવ એ બંને પિતાએ સર્જેલાં પવિત્ર સર્જન છે.

પરંતુ તેઓ? અનિચ્છનીય ફળ ખાવાથી તેઓ પાપી બન્યાં. તેમના પાપના પરિણામે આ બધા માણસો — હું અને મારી બાજુમાં બેઠેલાઓ... કોકે જન્મ આપીને મને ક્યાંક ફેંકી દીધી હતી. તે વખતે હું ત્રણ દિવસની હતી. કોકે મને અનાથ બાળક તરીકે લઈ જઈને મિશનમાં પહોંચાડી. ત્યાં હું મોટી થઈ. હું અત્યારે દેખાઉં છું તેવી કુમારિકા મારી મા હશે... થોડી વાર પહેલાં જોયેલી ગરીબ ગ્રામ્ય મા અને તેના હાથમાંનું બાળક તેમ જ મને જોઈ રહેલો યુવાન — તેઓ પણ આ દુનિયામાં જન્મેલાં છે. પાપી... માણસો પાપી છે! અનિચ્છનીય ઝેરી ફળમાંના કીડા જેવા! ઝેરી કીડા! ઝેરીલા સાપ!

બસ સડસડાટ દોડતી હતી.

એની આંખો ફરીથી બસમાં બેઠેલા પેલા યુવાન પર પડી. એણે તરત નજર ફેરવી લીધી. આ વખતે સામે બેઠેલી સ્ત્રીના ખોળામાં બેઠેલા એક વરસના બાળકના સુંદર હાસ્યથી તેનું મન તેના તરફ આકર્ષાયું.

એણે બાળકને જોઈને સ્મિત કર્યું. બાળક એની તરફ નમ્યું. માના ખોળામાંથી ઊતરીને એની બાજુમાં બેઠેલી એક વૃદ્ધા ઇન્વિલિડાનાં ઢીંચણ પકડીને બાળકે તે વૃદ્ધાના મોં તરફ જોયું. વૃદ્ધા પોતાની ડોકમાં પહેરેલી મોતીની માળામાં પરોવેલા નાના ક્રૉસ તરફ જોવામાં તલ્લીન હતી.

વૃદ્ધાને આ પ્રમાણે જોવાની હંમેશની ટેવ છે, તે બસમાં દરરોજ બેસનારા મુસાફરો જાણે છે. આશરે બે કલાકથી તે ક્રૉસને એકીટશે જોઈ રહી હતી. ચાંદીના ક્રૉસમાં ઇસુની મૂર્તિ છે.

વૃદ્ધાએ બાળકની હડપચી ઊંચી કરીને સ્મિત કરી વહાલ કર્યું. બાળકે તેના હાથમાંનો ક્રૉસ પકડ્યો, ખેંચ્યો. બાળકને ક્રૉસ આપીને 'પ્રાર્થના બોલ... પ્રભુપ્રાર્થના બોલ...' કહી બાળકના બંને હાથ ભેગા કરી નમન કરવાનું શીખવવા માંડયું.

બાળક નમન કરતી હાલતમાં યુવતી તરફ ફર્યું અને ગાલમાં ખંજન સાથે મધુરું સ્મિત કરતું તેની તરફ નમ્યું. યુવતીના હૃદયમાં સ્નેહની સરવાણીઓ ઉભરાવાથી તેનો શ્વાસ રૂંધાતો હોય એમ તેને લાગ્યું. એની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં.

વૃદ્ધાએ ફરી ક્રૉસ પર તેની નજર સ્થિર કરી.

'કૅથેરિન! કેટલા વાગ્યા?' ક્રૉસ જોઈ રહેલી સ્થિતિમાં જ ઇન્વિલિડાએ પૂછ્યું.

બાળકના કોમળ ગાલ પર પોતાનો ગાલ દબાવી સુખનો અનુભવ કરી રહેલી યુવતીને કાને આ શબ્દો પડ્યા નહીં.

'કૅથેરિન! કૅથેરિન!... ઊંઘી ગઈ કે? બાળક પડી તો નહીં જાયને? ...કેટલા વાગ્યા?'

'અમ્મા... પાંચ વાગ્યા.' યુવતીએ વૃદ્ધાને કહ્યું અને ખોળામાંથી બાળકને નીચે મૂકીને વહાલ કરતાં કહ્યું, 'પ્રભુપ્રાર્થના બોલ!' બાળકે બે હાથ જોડ્યા. એણે પણ હાથ જોડ્યા. એની નજર ફરીથી અનાયાસે ચોથી લાઇનમાં બારી પાસે બેઠેલા યુવાન પર પડી.

આ વખતે તેની નજર યુવાન પરથી ખસી નહીં. તેના પર સ્થિર જ રહી. જાણે એ યુવાનને જોવામાં તલ્લીન થઈ ગઈ કે શું?

યુવાનને વીસેક વરસ થયાં હશે. તાંબા જેવો સુંદર રંગ છે. દેખાવે સશક્ત, ગંભીર અને શાંત. બારી પાસે, બસ જતી હતી તે દિશામાં મોં રાખીને એ બેઠેલો હોવાથી તેના સફેદ શર્ટના કૉલરમાં બાંધેલી વાદળી રંગની રેશમી ટાઈ હવામાં ગળાની આસપાસ ઊડતી હતી. તેના વિખરાયેલા વાંકડિયા વાળ કપાળ પર ઝૂકી પડ્યા હતા. યુવતી પોતાને જ જોઈ રહી છે તે

જાણીને એણે સહેજ સ્મિત કર્યું ત્યારે તેની સફેદ આકર્ષક દંતપંક્તિએ યુવતીને સામું સ્મિત કરવા આહ્વાન કર્યું.

કૅથેરિને સ્મિત કર્યું ત્યારે તે દેવકન્યા જેવી જણાઈ. જીવમાત્ર પ્રત્યે દયા દાખવવી જોઈએ અને બધા મનુષ્યો તરફ માયાળુ વર્તાવ કરવો જોઈએ, એવા વાતાવરણમાં ઊછરેલી કૅથેરિનના ચહેરા પર જાણે દૈવી પ્રકાશ પથરાયો હોય તેમ જણાતું હતું.

'એ — એ માણસ મારે વિશે શું વિચારશે?' કૅથેરિનને વિચાર આવ્યો. 'અરે... આ કેવી નજર...' એનું મોં રતૂમડું થઈ ગયું. એના હોઠ ફફડયા. એને રડવું આવ્યું. એણે હોઠ દબાવ્યા. યુવાને પણ નીચલો હોઠ સહેજ ચાવ્યો. કૅથેરિનની પાંપણે બાઝેલાં આંસુનાં બે ટીપાં કોઈ ન જાણે તેમ તેના માથે બાંધેલા સ્કાર્ફના છેડા પર પડયા. યુવાન એકમાત્ર તેને જ જોઈ રહ્યો હતો.

'એ યુવાન મારે વિશે શું ધારશે? આ કેમ આવી થઈ ગઈ છે, એમ વિચારતો હશે? લાગણીઓ ઉપર સંયમ ન જાળવી શકનાર, તેમ જ પોતાની ફરજ અદા કરવામાં નિષ્ફળ જવાથી મૂંઝવણ અનુભવે છે, એમ તે મારે વિશે માનતો હશે? પાપનો વિચાર કરવામાં હું અશક્તિમાન અને ડરપોક છું, એમ વિચારતો હશે?' કૅથેરિને એકાએક મોં ફેરવીને વૃદ્ધા તરફ જોયું. વૃદ્ધા જાણે આ દુનિયામાં ન હોય તેમ તેની નજર હાથમાંના ક્રૉસ પર સ્થિર હતી. તેનો ચહેરો પ્રફુલ્લિત જણાતો હતો. ત્યાં તો એ પ્રાર્થના કરતી હોય તેમ એના હોઠ સહેજ હાલતા જણાયા.

કૅથેરિનના મને પોતાની અને પોતાની મા જેવી વૃદ્ધા ઇન્વિલિડાની સરખામણી કરી.

'અરે... તેઓ ક્યાં અને હું ક્યાં!...'

આ અઢાર વરસની ઉંમરમાં પોતે કેટલીય વાર પાપની માફી માટે પવિત્ર પિતાની પ્રતિમા સમક્ષ ઘૂંટણીયે પડી હતી તે યાદ કર્યું.

'અમ્મા!...'

'કેમ કૅથેરિન...' નીચું મોં કરીને ક્રૉસને જોઈ રહેલી ઇન્વિલિડાના કરચલીઓ પડેલા ચહેરાએ કૅથેરિન તરફ જોયું.

'અમ્મા... તમે ક્યારેય ભૂલ કરી છે ખરી?...'

'હા, કરી છે દીકરી! આપણે બધા પાપી જ છીએને? પરંતુ આપણાં પાપોને મુક્ત મને 'કર્તા'ને સોંપી દઈએ તો એ આપણાં પાપોને

પોતાને માથે લઈ લે છે. તેથી જ આપણે રાતે સૂવા જતાં પહેલાં તે દિવસે કરેલાં પાપો પ્રભુને સોંપી દઈએ છીએને? એનાથી આપણો આત્મા પવિત્ર બને છે... વળી આપણા હૃદયમાં આપણું પાપ ખટકતું હોય છે, તેથી આપણે આપણા પવિત્ર પિતાને, એ સાંભળે છે ત્યારે આપણાં પાપોની કબૂલાત કરી માફી મેળવીએ છીએ. આપણા પિતા આપણા માટે કર્તાને પ્રાર્થના કરે છે. આવાં પાપો મેં પણ કર્યાં છે...' બોલી વૃદ્ધાએ આંખો લૂછી.

કૅથેરિનને આશ્ચર્ય થયું. 'ઇન્વિલિડા પણ યુવાવસ્થામાં મારી જેમ રહ્યાં હશે?'

'કૅથેરિન!... તે વખતે હું તારી ઉંમરની હોઈશ. મેં એક સ્વપ્ન જોયું. મારાં લગ્ન થતાં હોય એવું એક સ્વપ્ન. કેવું પાપમય સ્વપ્ન! જાગી જઈને તે આખી રાત હું રડી. સ્વપ્ન આવ્યું ત્યારે હું તે લગ્નથી ખૂબ આનંદ પામી હોઉં એમ લાગતું હતું; તે યાદ કરીને હું રડી. એક કુંવારી સ્ત્રી આવાં સ્વપ્ન જોઈ શકે ખરી? બીજે દિવસે પુનિત પિતા પાસે તે પાપની માફી મેળવી. તે આખો દિવસ નિર્જળા ઉપવાસ કરી ભગવાનના નામનું રટણ કર્યું.

વૃદ્ધાનો અવાજ નમ્ર થઈ ગયો. તેણે ધીરેથી કૅથેરિનને કહ્યું, 'ત્યાર પછી એક છોકરીને વર્ગમાં મારી... ગાલ પર ફૂટ માર્યું. લાલચોળ સોળ પડ્યો હતો. આખો દિવસ તે યાદ કરીને હું દુ:ખી થઈ હતી! મેં તે માટે કબૂલાત કરી હતી. આમ પાંચ-છ વાર થયું.'

'આટલાં જ? તેમણે કરેલાં પાપ શું આટલાં જ હશે? માની ન શકાય!' કૅથેરિન વિમાસણમાં પડી ગઈ.

'કદાચ એ કાંઈ છુપાવતાં હશે?' કૅથેરિનને સંશય ઊભો થયો. જાણે તેના સંશયનો જ જવાબ ન આપતી હોય તેમ ઇન્વિલિડાએ કહ્યું,

'પાપ છુપાવવું એ શેતાનનું કામ છે. ખુલ્લા દિલે પાપ કબૂલવાથી તે આપણે પ્રભુને સોંપી દઈએ છીએ. પ્રભુથી આપણે કાંઈ છુપાવી શકતા નથી.'

'હા, પ્રભુથી આપણે કાંઈ છુપાવી શકતા નથી!...' કૅથેરિને માથું હલાવીને કહ્યું. પછી તેણે પોતાની થેલીમાંથી એક પુસ્તક કાઢી વાંચવાનું શરૂ કર્યું. પણ તેની નજર ફરી એક વાર બારી તરફ ચોથી લાઇનમાં ..

યુવાન એને જ જોઈ રહ્યો હતો...

'ઓહ ! આ તે કેવી નજર !' એણે પુસ્તક વાંચવાનું શરૂ કર્યું.

'જો કોઈ માણસ સ્ત્રીને કામુક દૃષ્ટિએ જુએ તો તે માનસિક વ્યભિચાર જ કહેવાય. જો તારી જમણી આંખ અનીતિભર્યું કૃત્ય કરી તને દુઃખ પહોંચાડે તો તેને કાઢીને ફેંકી દે. તારું આખું શરીર નરકમાં જાય તેના કરતાં તારા એક અંગનો નાશ થાય તો તે તારે માટે સારું છે....'

કૅથેરિન આગળ વાંચી શકી નહીં. તેણે આંખો મીંચી દીધી. પુસ્તક ઉઘાડેલું હતું; આંખો મીંચેલી હતી...

'આ કેવા પાપના વિચારો ?' તેનું મન રડી ઊઠયું. એ હજી પણ શા માટે બેસી રહ્યો છે ? મારી પરીક્ષા કરે છે ? આને મારે માટે શી ચિંતા ?... ઓ... પિતા !'

યુવતી શરીર પર ક્રૉસનું નિશાન કરીને મનમાં પ્રાર્થના કરવા માંડી, 'બ્રહ્માંડમાં વ્યાપેલા હે મારા પિતા ! અમારી પરીક્ષા ન કરતાં અમને પાપમાં પડતાં બચાવ... આમીન.'

તેથી શું ? તેણે આંખ ઉઘાડી ત્યારે તેની નજર અને પેલા યુવકની નજર એક થઈ.

'માણસ પાપમાંથી બચી શકતો નથી ? આદમ માટે પ્રભુએ સર્જેલા નંદનવનમાં ઈડનના બાગમાં સાપ અને અનિચ્છનીય વૃક્ષ કેવી રીતે ઉત્પન્ન થયાં હશે ? પ્રભુએ માનવનું સર્જન કરીને પાપનું સર્જન શા માટે કર્યું હશે ? પાપમાં સુખ છે એ શું મિથ્યા ભ્રમ છે ? સુખ જ પાપ છે ? — દુનિયાના કરોડો માણસો શું નરકમાં જતા હશે ? તો એક હું જ શા માટે પાપથી ડરું ? પેલો સુંદર યુવાન કેટલી ઉત્કંઠાથી મને નિહાળી રહ્યો છે ? બધા જ માણસો ...બધી જ સ્ત્રીઓ... મારા જેવી જ હોય છેને...'

કૅથેરિને પોતાની સામે બીજી લાઇનમાં બેઠેલાં નવદંપતીને જોયાં. સ્ત્રીને દહાડા જતા હતા. જાણે-અજાણે એ એના પતિના ખભા પર આંખો મીંચીને પડી હતી. એ દૃશ્ય જોઈને કૅથેરિનના મનમાં શેતાનના જેવો એક વિચાર આવ્યો :

'તેનામાં અને મારામાં આ કપડાંનો જ ફરક છેને ? આ કપડાં બદલીને દોડી જઈને પેલા યુવાનના ખભા પર ઢળી પડું તો...'

'ઓહ... હે પિતા! હું ઉપરાઉપરી પાપનો જ વિચાર કરું છું? મને બચાવ...'

બસ ઊભી રહી. બસ-સ્ટૅન્ડ પર મોટું ટોળું હતું. ટોળાના અવાજમાં બસમાંથી ઉતરનારાઓનો અવાજ ભળ્યો. બધાં ઊતરી ગયાં ત્યાં સુધી વૃદ્ધ ઇન્વિલિડા અને કૅથેરિને રાહ જોઈ. છેવટે બંને ઊતર્યાં. એક ગાડીવાળો તેમની પાસે આવ્યો.

'મિશનમાં જ ને, અમ્મા? ચાલો, ચાલો.' ગાડીવાળો એમને ગાડી પાસે લઈ ગયો.

તે વખતે આછા પ્રકાશવાળાં, સંધ્યાનાં સોનેરી કિરણોમાં વાદળી સૂટ, સફેદ શર્ટ, વાદળી ટાઈ અને હાથમાં એક સૂટકેસ સાથે એ... એ યુવાન... સુંદર — શેતાનના દૂત જેવો ઊભો રહ્યો.

કૅથેરિનના કાનમાં કંઈક સંભળાયું. એણે સ્મિત કર્યું. યુવકે પણ સ્મિત કર્યું. તેમની પાસે આવીને એણે પહેલાં ઇન્વિલિડાને હાથ જોડીને કહ્યું,

'સ્તોત્રમ્, મધર!'

'સ્તોત્રમ્ પ્રભુ!' વૃદ્ધાએ હાથ જોડયા.

'સ્તોત્રમ્...' યુવાને કૅથેરિન તરફ જોયું. વળતાં પ્રણામ કરતાં કૅથેરિનના હાથ ધ્રૂજી ગયા.

'સ્તોત્રમ્...' બોલતાં તેનો અવાજ ધીમો પડી ગયો. આંખમાં આંસુ ઊભરાયાં.

તેઓ બંને ગાડીમાં બેઠાં. યુવાને હાથ ઊંચો કરી એમને વિદાય આપી. કૅથેરિને પણ મોકળા મને હસીને હાથ હલાવ્યા... ગાડી ચાલી. એ દેખાતો બંધ થયો. જાણે તેના હાથને લકવો થયો હોય તેમ તેના હાથ પડી ગયા, હૃદય ભરાઈ આવ્યું.

'કૅથેરિન! એ કોણ છે? મને ઓળખાણ ન પડી.' ઇન્વિલિડાએ પૂછ્યું.

'અમ્મા, પહેલાં તો હું પણ ઓળખી શકી ન હતી. મારા વર્ગમાં ભણે છેને ઇઝાબેલા...તેનો મોટો ભાઈ છે ...'

'એમ...'

'હે પિતા! મારું રક્ષણ કરજે. કેવું પાપ! કેવું પાપ!...' કૅથેરિન મનમાં તો આમ બોલતી હતી, પરંતુ તેની આંખો સમક્ષ યુવાનનો હસમુખો ચહેરો અને હાથ હલાવી આપેલી વિદાયનું દૃશ્ય યાદ કરીને એ આનંદ અનુભવતી હતી.

'એ કોણ હશે? ફરી તેને જોવાનું નસીબમાં... નસીબમાં છે?... નહીં તો તે પાપ... ફરી વાર મને મળશે?' — એને વિચાર આવ્યો...

પાપ કરવાનો પણ પોતાને અધિકાર નથી એવા વિચારથી એની આંખમાં ઝળઝળિયાં આવ્યાં, ગળું રૂંધાઈ ગયું, રડવું આવ્યું. એ રડી શકે? રડવાનો પણ એને અધિકાર છે?

માથે બાંધેલો સ્કાર્ફ હવામાં ઊડીને તેના મોં પર પડ્યો. એને માટે તે અનુકૂળ થઈ પડયું. વાદળી કપડાંમાં તેનું શરીર, મન અને ચહેરો તરફડી તરફડીને રડયાં, પરંતુ દોડતી ગાડીના અવાજમાં તે ક્યાંથી સંભળાય?

વૃદ્ધ ઇન્વિલિડા હાથમાંના નાના ક્રૉસમાં તલ્લીન થઈ જઈ મનમાં કર્તાનું રટણ કરતી હતી.

: 2 :

તે દિવસે આખી રાત કૅથેરિને ઊંઘ્યા વગર પથારીમાં પડીને પોતાનું પાપ માફ કરવા માટે પ્રભુને આગ્રહભરી વિનંતી કરી.

કેટલીય વખત તેણે એ યુવાનનો ચહેરો અને તેના સ્મિતનો વિચાર કરીને નિ:શ્વાસ નાખ્યો. પછી થાકીને ઊંઘી ગયા પછી તેણે એક સ્વપ્ન જોયું.

સ્વપ્નમાં...

એક મોટો ક્રૉસ ખભા પર ઊંચકીને વૃદ્ધ ઇન્વિલિડા ચાલતી હતી. ઘણે દૂર ચાલીને ગયા પછી તેનો આકાર દેવળ જેવડો ખૂબ મોટો થઈ ગયો. ખભા પર ઊંચકીને લાવેલો તે બ્રહ્માંડ જેટલો ક્રૉસ તેની હથેળીમાં સમાઈ ગયો છે તે જોઈને ધીમેથી સ્મિત કરી 'કર્તા'ને પ્રાર્થના કરે છે ઇન્વિલિડા...

દેવળનો ઘંટ વાગે છે. આકાશમાંથી પવિત્ર પ્રકાશ ઊતરી આવીને ઇન્વિલિડાના શરીરને સ્પર્શે છે.

દેવળનો ઘંટ વાગ્યા કરે છે...

એક બીજો મોટો ક્રૉસ છે. તે ઊંચકવા માટે કૅથેરિન આવે છે. વાંકી વળે છે. ક્રૉસને સહેજ પણ ઊંચો કરી શકતી નથી. તેનું ગળું રૂંધાઈ જાય છે.... જાણે તેની પીઠ પર કોરડાનો માર પડતો હોય એવી વેદના... ક્રૉસને ઊંચકી શકતી નથી...

એ વખતે દૂરથી એક અવાજ સંભળાય છે:

'કૅથેરિન!... મારી વહાલી!... કૅથેરિન!...'

કૅથેરિન પાછળ ફરીને જુએ છે. યુવાન દોડી આવે છે. કૅથેરિન પણ ક્રૉસ મૂકીને તેની તરફ દોડે છે. યુવાનના પહોળા કરેલા હાથમાં સમાઈ જઈને તેની છાતી પર માથું મૂકીને એ રડે છે. યુવાન તેનું મોં ઊંચું કરીને તેને આશ્લેષમાં જકડી લે છે...

ઓહ!... એ ચહેરો!...

'આ પાપ છે?... હું પાપી તરીકે જ રહેવા માગું છું...' બોલી તેને આલિંગન કરવા જતી હતી ત્યાં...

દેવળનો ઘંટ વાગે છે...

એ જાગી ગઈ. આંસુ, ગુનો કર્યાની લાગણી!...

માથું નમાવીને બધાની સાથે ઘૂંટણીયે પડી કર્તાને યાદ કરતી હતી ત્યારે...

હાય... પાપ... મન મૂકીને એ રડી શકી.

હૃદયમાં ભરાઈ રહેલો પાપનો ભાર આંખો વાટે આંસુની ધારા સાથે વહી જશે?

3

તે દિવસે કૅથેરિન પોતાના પાપની માફી માગવા માટે પુનિત પિતા પાસે ગઈ. એમણે સ્વચ્છ કપડાં પહેર્યાં છે. આંખમાંથી કરુણા વરસી રહી છે અને બાળક જેવું નિર્મળ હાસ્ય કરીને જાણે બોલાવતા હોય એવું પરમ પિતાનું મોં જોઈને તેમની પાસે અચકાતી અચકાતી ગઈ.

'ફાધર!'

'દીકરી!...' તેમણે કૅથેરિન તરફ કાન માંડ્યા.

'હું મહાપાપી છું... મેં મહાપાપ કર્યું છે!... હું પાપી છું!...'

'પાપીઓની જ પ્રભુ રક્ષા કરે છે, દીકરી!... ઈસુએ કહ્યું છે: નીતિમાન નહીં, પાપીઓની પાપવૃત્તિને સુધારવા માટે બોલાવવા આવ્યો છું. એ તેં વાંચ્યું છેને? તારાં પાપોની તું પોતે જ કબૂલાત કરીશ તો મુક્તિ તારી પાસે જ છે, દીકરી!...'

ધ્રૂજતા શરીર અને આંખમાં ઊભરાતાં આંસુ સાથે કૅથેરિને નમીને તેમના કાનમાં કહ્યું. બોલતાં બોલતાં એ ધીરજ ખોઈ બેઠી. પાદરી વ્યાકુળ બની ગયા.

કૅથેરિને કહ્યું, 'ફાધર!... મેં કરેલું મહાપાપ, માફી ન મળે એવું પાપ! કન્યા મટી જાઉં એવું પાપ... ઓ... ઓ...!'

ને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. જાણે પોતાને ક્રૉસ પર ચડાવતા હોય તેમ તે તરફડવા લાગી.

13. હું શું કરું, કહો

ચાળીસ વરસ થયાં છે... હું આ ઘરમાં વહુ તરીકે આવી... સાથે ટોપલો ભરીને રમકડાં લાવી... બાપુજી આવીને મૂકી ગયા હતા... ત્યારે મા... તેઓ જ મારાં સાસુ હતાં... જે ગણો તે, સાસુ કહો કે મા કહો, તે જ હતાં... જન્મદાત્રી માની તો હું ફક્ત પાંચ જ વરસ માટે દીકરી તરીકે રહી હતી... બાકીના સમય માટે સાસુની વહુ તરીકે જ હું હતી... મને ઓટલા પર મૂકીને બાપુજી શા માટે મોં ઢાંકીને રડ્યા હતા તેની મને અત્યારે પણ સમજણ પડતી નથી....તે વખતે હું ખૂબ હઠીલી હતી... તે ફરસબંધી જમીન પર જ હું ભમરડો ફેરવું એવી મેં હઠ પકડી હતી. જીભ વાળી અને દાંત પીસીને ભમરડો ફેરવનાર જ મારા 'એ' હતા તેની મને સમજ પડતાં કેટલાક દિવસ લાગ્યા હતા... જ્યારે ફાવે ત્યારે મૂઠી વાળીને મારા માથા પર મારતા હતા !... 'તું પણ લેતો જા' કહી એક દિવસ મેં પણ બરાબર ચોડી દીધી. રસોડામાં કામ કરતાં મારાં સાસુ દોડી આવ્યાં.... 'અરર, આ શું કર્યું અલી ?... એને તું "તું તાં" કરે છે ?' 'એ માથામાં મારે તેનું કાંઈ નહીં ?...' સાસુને એક બાજુ હસવું આવ્યું... મને બાથમાં લઈ અમારા બંનેના સંબંધ વિશે સમજાવ્યું....પરંતુ તે બધું સમજવા માટે મારી ઉંમર જોઈએ ને ! વિચાર કરીને જોતાં એ બધું આશ્ચર્યકારક લાગે છે. એમનો આટલો બધો ડર શા માટે લાગે છે ! ભય-સંતોષ અને તે પણ ઇજ્જત સાથેનો ભય... પરંતુ તેને ભય કહેવો તે પણ યોગ્ય લાગતું નથી... તેને એક જાતનો ભક્તિ-ભાવ કહીએ તો ખોટું નથી... ગમે તેમ પણ તે ભાવ મારામાં આવ્યો... ! હં... આ વાતને ચાળીસ વરસ ઉપર થઈ ગયાં છે...

'આ માણસને પરણીને હું શું પામી ?' કહી તળાવને કાંઠેથી મંદિરના કોટ

સુધી કંટાળી રડીને વરનો દોષ કાઢતી ફરનારીઓએ પણ કેવા પ્રકારના જન્મ લીધા હશે મા!

મારે કોઈ દુઃખ નથી... હા... ગમે તે મંદિરની સામે ઊભી રહી, ભીનાં કપડાં પહેરીને પણ હું કહીશ કે મારે કોઈ દુઃખ નથી... જોનારા કહેતા... મારે બાળક નથી તે એક મોટી ઊણપ છે... કહે છે... મેં પણ સાંભળ્યું છે. શા માટે... જૂઠું કહેતા હશે?... આવી એકઊણપ મારા મનમાં પણ થોડા દિવસ સુધી રહી હતી... તે મારી અજ્ઞાનતા હતી તેની જાણ મને પછીથી થઈ... મને પોતાને જ આ માટે કાંઈ સમજાતું નહીં. આ એમણે જ મને સમજાવ્યું. એક એ જ મને આ સમજાવી શકયા. એ બોલવાનું શરૂ કરે છે ત્યારે જાણે બધાં સૂત્રો એમની જીભ પર ક્રમબદ્ધ આવતાં ન હોય તેમ એ કડકડાટ બોલવા માંડે છે. શાસ્ત્રો અને વેદોમાંથી ઉદાહરણ ટાંકીને... પછી ગમે તેવી શંકા કે અજ્ઞાન વિશે હોય કે કલા વિશે હોય, તોપણ પોતાના વાણીચાતુર્યથી તેનું નિવારણ કરવાની આવડત, હિંમત અને જ્ઞાન એ બધું એમનામાં હતું...! આ પ્રકારનું જ્ઞાન એમને જ હતું. એ મારા ઘરવાળા છે માટે હું આમ કહું છું તેમ માનતા નહીં... એમનાં વખાણ કરવા જેટલું પણ મારું જ્ઞાન નથી. આવા વિદ્વાનની હું એક નિરક્ષર ઘરવાળી છું તે તો જુઓ. આ વાત મેં એમને એક વખત કરી હતી. ત્યારે એમણે એક મોટું ભાષણ આપી આ વાત સમજાવી હતી. એમની સહધર્મચારિણી છું અને આ દાંપત્યજીવનથી એમને કેટલું સુખ હતું તે બધી વાત એમણે મને કરી, તે બધી હું અહીં કેવી રીતે કહી શકું? તેમની સહધર્મચારિણી તરીકેની લાયકાત ભલેને મારામાં હોય! પણ તેથી હું કાંઈ વખાણને પાત્ર છું એમ કેમ મનાય?

આ આખો પ્રદેશ એમને મહાપંડિત અને શ્રીમાનના નામથી ઓળખે છે અને એમની નામના તો મદ્રાસ શહેરમાં શું, ઠેઠ કાશી સુધી પ્રસરેલી છે...

તેમની પાસે ભણેલા અને આ ઘરના કામમાં મદદ કરનારા કેટલાય અત્યારે કલેક્ટર તરીકે તેમ જ મોટા મોટા અધિકારી તરીકે નોકરી કરે છે, તે તમે જાણો છો?

આપણે જન્મ આપી મોટા કરીએ પછી તેઓ કૂતરા-બિલાડાની જેમ આપણી સામે થાય તો તે કેમ ચાલે?

જુઓ, અત્યારે પણ એ સામે શંકરમઠના ઓટલા પર બાળકોને હાર-બંધ બેસાડી વિદ્યાભ્યાસ કરાવી રહ્યા છે... ફકત એમનો એકલાનો અવાજ,

એકલો અને તે પણ ભારપૂર્વક નાભિમાંથી આવતો હોય એવો અવાજ સાંભળીને જાણે શરીરમાં આનંદથી રોમાંચ થતો હોય તેમ લાગે છે. પછી આ નાની પલટણ તેમના શબ્દો ઝીલે છે... બાળકો કેટલા પરિશ્રમ અને ભક્તિભાવથી અદબ વાળીને ઝીણા અવાજે તેમના અવાજની નકલ કરે છે... ત્યારે જે અવાજ મને સંભળાય છે અને હૃદયમાં જે કાંઈ ભાવોની ઊર્મિ જાગે છે તે તો એક જન્મ આપનારીને જ ખબર પડે ને?

એ કહેતા... 'બાળકને જન્મ આપવો તે કાંઈ મોટું કામ નથી, તેમનું ભરણપોષણ કરીને ઉછેરવાં તે કાંઈ મોટું કામ નથી. પરંતુ બાળકોને જ્ઞાન આપી વિનયી બનાવી એક સારા નાગરિક બનાવવા તે જ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. આપણે સામાન્ય બાળકોને જન્મ આપનારાં છીએ, તેવું કહેવડાવવા કરતાં સાચા જ્ઞાની બાળકોના સર્જક કહેવડાવીએ તે જ શ્રેષ્ઠ છે...' આવું તો ઘણું ઘણું એ કહેતા. એ બધું યાદ રાખીને ફરી કહેતાં મને ક્યાં આવડે છે? પરંતુ એમનું એ કથન કેટલું બધું સાચું છે તે મને સમજાય છે.

એમની પાસે વિદ્યાભ્યાસ કરી ગયેલા અત્યારે મદ્રાસની કોઈ એક કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક છે તે સીમાચ્ચુ... અત્યારે તે પંડિત શ્રીનિવાસ શાસ્ત્રીના નામથી ઓળખાય છે... તે સાંભળીને મારા મનને કેટલો આનંદ થાય છે!... પોતે જન્મ આપ્યો હોય તો જ આ આનંદ મળે?... જન્મ આપનાર અહીં જ છે... પોતાનો દીકરો પોતાને સારી રીતે રાખતો નથી એવી એ ફરિયાદ કરતા...

તે દિવસે મંદિરેથી પાછા ફરતાં સીમાચ્ચુની માએ મને એક કલાક ઊભી રાખી હતી. સીમાચ્ચુ તેની સંભાળ લેતો નથી અને તેનાં સાસરિયાંનો થઈ ગયો છે. એનાં ઝાડો-પેશાબ ધોઈને ઉછેરતાં કાંઈ ઓછી મહેનત પડી નથી. એ બધું એ ભૂલી ગયો. એને પરણાવ્યો એટલે એનાં સાસરિયાંનો બની ગયો. આ બધી વાતો એણે રડતાં રડતાં કરી અને દીકરાને શાપ આપ્યો... તે વખતે મને લાગ્યું... આવો જન્મ ન આપીએ તેમ જ શાપ પણ ન આપીએ તો શું ખોટું!... છતાં વૃદ્ધાના મનને સંતોષ થાય તે પૂરતું જ હું માથું હલાવતી હતી અને તેની વાત સાંભળતી હતી. પરંતુ મને સમજાયું. એ વૃદ્ધા ઈર્ષાની મારી જ મનમાં બળતી હતી... એનો દીકરો એને કોઈ વાતનું ઓછું આવવા દેતો નથી... એને સારી રીતે રાખે છે... છતાં પોતાનો દીકરો બીજાંઓની

સાથે સારાસારી રાખે તે તેનાથી જોયું જતું નથી, અને મનમાં ને મનમાં દુ:ખી થયા કરે છે... તેનાં સાસરિયાં તેને ત્યાં શા માટે આવ-જા કરે —

એમણે મને આ બધી વાત કરેલી હોવાથી હું બધું જાણતી હતી... નહીંતર હું એ વૃદ્ધાની વાત ખરી માનીને સીમાચ્ચુને ઠપકો આપીને જ ઘેર આવી હોત.

એ આ બધી વાતોમાં ઊંડા ઊતરીને કેવી રીતે ખરી વાત પામી જતા હશે! તેનાથી પોતાને લાભ છે કે નુકસાન તેની પણ જરાય દરકાર કરતા નહીં. કેટલાક એમની વાત સાથે સંમત થાય છે તો કેટલાક સંમત થતા નથી. તેની એ દરકાર પણ કરતા નથી. એમનાં શાસ્ત્ર અને તર્કને જો કોઈ પણ વાત અનુકૂળ ન હોય તો — આખી દુનિયા સામનો કરે તોપણ — તેઓ હિંમતથી એ વાત નામંજૂર કરી દેતા... પોતાની વાત યોગ્ય છે તે સમજાવવા માટે એ સંપૂર્ણ તૈયારી બતાવતા. હું પણ આટલાં વરસોથી જોતી આવી છું... 'તમારી વાત બરાબર નથી' એમ કહેનાર 'તમે કહો છો તે બરાબર નથી' એમ કહીને કદી પાછા જતા નહીં.

આવનારાઓની સાથે ઓટલા પર બેસીને એ તેમને પોતાની વાત સમજાવતા તે હું તેમની પીઠ તરફ ઘરની અંદરની બાજુએ બેસીને સાંભળતી હતી. તેમની વાતોમાંની ઘણી બાબતો મને સમજાતી નહીં. તેઓ કંઈક અંગ્રેજીમાં બોલતા. હું જાણું છું ત્યાં સુધી એમની વીસ વરસની ઉંમર થયા પછી જ અંગ્રેજી શીખ્યા હતા. એમના કરતાં મોટી ઉંમરવાળાને એમણે અંગ્રેજી શીખવ્યું અને તેમની પાસેથી એ સંસ્કૃત શીખ્યા. પછી તો કુંભકોણમ જઈને એમણે કેટકેટલીય પરીક્ષાઓ આપી છે.

એમણે લખેલાં કેટલાંય પુસ્તકો બધે પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે.

દસ વરસ પહેલાં એ એક પરિષદમાં ભાગ લેવા કાશી ગયા હતા. ત્યારે હું પણ એમની સાથે ગઈ હતી. ત્યાં એમને ઘણી બધી પદવીઓ આપવામાં આવી હતી. મારો તો આનંદ માતો ન હતો. ચાંદીના ઘડામાં ગંગાજળ ભરી લાવીને મેં અહીં બધાને આપ્યું હતું. મને કઈ વાતની કમી હતી?

તે વખતે કાશીથી પાછા ફરતાં મદ્રાસમાં સીમાચ્ચુને ઘેર ઊતર્યાં હતાં. તે કાર લઈને અમને લેવા સ્ટેશને આવ્યો હતો. ગાડીમાંથી ઊતરતાં જ અમને ઊભાં રાખી તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા હતા. અમને બીચ પર ફેરવ્યાં. મદ્રાસ શહેરમાં કાર ન હોય તો આમ ફરી શકાય નહીં. તે વખતે પણ

પહેલાંની જેમ અદબ વાળીને ઊભા રહી તેણે પોતાની શંકાઓ વિશે પૂછ્યું. પરંતુ તેને કૉલેજમાં જતો જોઈને મને ભય લાગ્યો. સાહેબ જેવું તેણે શું શુંય પહેર્યું હતું. એ પણ તેને જોઈને ખડખડાટ હસ્યા હતા.

તે પછીની વાત છે. એક દિવસ ઘર આગળ એક મોટી કાર આવીને ઊભી રહી. સીમાચ્ચુ જે કૉલેજમાં પ્રાધ્યાપક હતો તે કૉલેજના જાણે કેવા કેવાય મોટા માણસો આવીને આ ઘરના ઓટલા પર બેઠા... એક સીમાચ્ચુ જ જાણે પોતાનું ઘર સમજીને ઠેઠ રસોડા સુધી આવ્યો હતો. મેં તેને કહ્યું, 'અવારનવાર આવીને તારી માની ખબર કાઢી જતો હોય તો?' તેના જવાબમાં તેણે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું, 'મારાથી અહીં આવવાનું બની શકે તેમ નથી... હું તો તેને મારી સાથે રહેવાનું કહું છું.' પછી તેણે જે કામ માટે આવ્યો હતો તે જણાવ્યું. તે જે કૉલેજમાં છે તેમાં જ એમને કોઈ મોટી નોકરી આપવા માટે આતુર છે. પરંતુ તેઓ એમને સીધું પૂછતાં અચકાય છે. 'એમને સમજાવીને એમની સંમતિ હું મેળવી આપીશ', એવું જણાવીને તેમને અહીં લાવ્યો હતો... બીજું ઘણું ઘણું કહ્યું હતું... મને પણ ઘણી ઘણી આશાઓ હતી.

એમના આવ્યા પછી બબાએ ઓટલા પર બેસીને ખૂબ ખૂબ વાતો કરી. હું ઓરડામાં બેઠી બેઠી સાંભળતી હતી. મને તેમની વાતોમાં કાંઈ સમજાયું નહીં. પરંતુ તેમની એક વાત સમજાઈ... જે આશાથી તેઓ આવ્યા હતા તે ફળીભૂત થઈ ન હતી.

છેવટે તેમના ગયા પછી મારાથી પુછાઈ ગયું, 'તમે આ નોકરી સ્વીકારી લીધી હોત તો કેમ? ત્યાં ભણનારા વિદ્યાર્થીઓ જ છે ને? ત્યાં પણ ભણાવવાનું જ છે ને? આ તે કેવી હઠ? બિચારો સીમાચ્ચુ કેવી કેવી આશાઓ અને વિશ્વાસ સાથે આવ્યો હતો!'

મારી વાત સાંભળીને એ હસ્યા.

આ એક જ વસ્તુ એ એમના જન્મની સાથે લઈને આવ્યા છે. એ એક મારી પાસે જ આવું હસે છે.

'સીમાચ્ચુ જે વેશ પહેરીને ફરે છે એવો વેશ પહેરીને હું ફરું એવી તારી ઇચ્છા છે?... વિદ્યાભ્યાસ કરાવવાનો પૈસો લેવો ન જોઈએ તેની શું તને ખબર નથી? શિક્ષકને ભણાવવાના પૈસા આપ્યા પછી તેમના પ્રત્યે વિદ્યાર્થીઓને માન ક્યાંથી ઊપજે? આ તો પૈસા લઈને વિદ્યા વેચનાર છે

ને... "પગાર પૂરતો નથી" કહી વાવટો પકડી સૂત્રોચ્ચાર કરતાં... જોકે મને વાવટો પકડાવી સૂત્રોચ્ચાર કરવા માટે કદાચ ન પણ બોલાવે; પણ તેમની સભામાં પ્રમુખ બનવા બોલાવે તો... આ બધું શું મારાથી થઈ શકશે? તું જ કહે.'

હું શું બોલું?... નિરુત્તર રહી એમણે જે કહ્યું તે મેં સાંભળ્યા કર્યું.

એ ખમીસ પહેરશે એવો વિચાર કરતાં જ મને હસવું આવે છે. એ વિચાર જ અસ્થાને હતો... હું પણ તેમની સાથે હસી. એ પછી એ વાત હું ભૂલી ગઈ.

હું એમને સારી પેઠે જાણતી હોવા છતાં મેં એમને આવો પ્રશ્ન કર્યો તે બદલ મને શરમ આવે છે. પરંતુ આ ચાળીસ વરસ હું બુદ્ધુ જ રહી... બુદ્ધુની જેમ નવું નવું કરવું અને એ હસે ત્યારે એમની સાથે સાથે હસવું– આ માટે જ મેં જન્મ લીધો છે.

દસેક દિવસ પહેલાંની વાત છે.... આવી રીતે જ – એમની પાસે ભણતા વિદ્યાર્થીઓમાંના એકે...કોઈ એક ટિકિટ મને બતાવી કહ્યું, 'મામી... મામી... આ સરકાર ચલાવે છે તે લૉટરીની ટિકિટ છે... તે મળવી બહુ મુશ્કેલ હોય છે... ફક્ત એક રૂપિયો જ છે.... તમારે માટે એક એક પૈસો ભેગો કરીને હું ખરીદી લાવ્યો છું. લઈ લો...' એની વાત પૂરી સમજ્યા વગર જ 'આ બાળક આટલા પ્રેમથી મારે માટે આ ટિકિટ લાવ્યો છે' એમ સમજીને તેને નારાજ ન કરવા ખાતર મેં એક રૂપિયો આપીને ટિકિટ લઈ લીધી.

એ વિદ્યાર્થીએ તો તે અંગે એક મોટું ભાષણ આપી દીધું... કેટલાય આ લૉટરી લઈને લખપતિ બન્યા છે... અને એ તો ગરીબોને જ લાગે છે... એવું બીજું ઘણું ઘણું તેણે કહ્યું.... પણ મેં કાંઈ સમજ્યા વગર જ લેવા ખાતર લઈ લીધી...

પરંતુ તે દિવસે સાંજે એમને ઓટલા પર બેસીને પાંચ-છ માણસની સામે લૉટરીની એક ટિકિટ ફાડી નાખતા જોયા!

હું ઓરડામાં બેસીને સાંભળતી હતી. જાણે મારા ગાલ પર સડાક સડાક મારતા હોય એવું મને લાગ્યું.

એ કોઈ પણ બાબત અંગે શાંતિથી વાદવિવાદ કરે છે. પરંતુ તે દિવસે એમની શાંતિથી વાત કરવાની રીત ન હતી. જાણે આખી દુનિયાને શાપ આપતા ન હોય તેવા આવેશમાં આવીને એ બોલતા હતા.

એ આટલા બધા ગુસ્સે થાય એવું તે એમાં શું હતું તે મને સમજાયું નહીં.

'આ દેશમાં આવું બની શકે ખરું?... જુગારી ભલે જુગાર રમે, દગા-બાજ ભલે દગાબાજી કરે... રાજ કરનારાઓથી, લોકો પર શાસન કરનારા-ઓથી આવું થાય ખરું?... આ કળિયુગમાં અસીમ પાપનો ભાર વધી જવાથી આપણા બધાનો નાશ થવાનો છે, તેનો આ પુરાવો છે! ધર્મની મર્યાદામાં રહીને રાજ કરી ગયેલા ધર્મરાજા પણ કેવી રીતે નાશ પામ્યા?...જરા તો વિચાર કરી જુઓ... ધર્મરાજાનો જૂગટામાં જ નાશ થયો...જૂગટામાં જીતનારનો તેમ જ હારનારનો પણ નાશ થાય છે. મહાભારતમાં સત્ય પર જ ભાર મૂક્યો છેને? જુગારમાં પણ નીતિનિયમ છે. સરખી સ્થિતિવાળાઓએ જ જુગાર રમવો જોઈએ... જોકે એ પણ પાપ જ ગણાય. અને પાપ માટેની પણ એક મર્યાદા નક્કી કરવામાં આવી છે... રાજ્ય કરનારાઓ, રાજ્ય ચલાવનારાઓ, ગરીબ, પામર જનતા સાથે આમ માયાજાળ ફેલાવી જુગાર રમે તે ક્યાંનો ન્યાય કહેવાય? ગયું... બધું ગયું. હવે પછી આ જનસમાજમાં નીતિનિયમ કે વ્યવસ્થા જેવું કાંઈ રહેશે નહીં.... ગરીબોને બદલે જુગારથી જ આ સમાજનો નાશ થશે. તિરુવલ્લુવરનું બાવલું ગલીએ ગલીએ મૂકીને તેમની પ્રદક્ષિણા કરીએ એટલે શું પતી જશે? તેમણે તો તેમના ગ્રંથ તિરુક્કુળમાં અર્થશાસ્ત્ર પરના એક વિભાગમાં આ અંગે દસ શ્લોકો લખીને ખૂબ સ્પષ્ટપણે કહ્યું છે.' એ બોલતા હતા, અને તેનો અર્થ પણ સમજાવ્યો... મહાભારતમાંથી પણ શ્લોકો ગાઈ બતાવ્યા. 'તમે બધા સુધરશો નહીં... સુધરશો નહીં' કહી એમણે માથું કૂટયું.

આ સાંભળીને મારા પેટમાં તેલ રેડાયું. આ પાપ વળી મેં ક્યાં રૂપિયો આપીને વહોર્યું... પરંતુ આવી નજીવી બાબત માટે એ આટલા બધા આવેશમાં કેમ આવી ગયા હશે તે મને સમજાયું નહીં. 'એ પહેરણ પહેરતા નથી એટલે બીજાએ પણ તેમની જેમ પહેરણ પહેરવું ન જોઈએ, ચોટલી રાખવી જોઈએ અને ચોઘડિયું જોઈને દાઢી કરાવવી જોઈએ એવું એ ઓછું જ કહી શકે?' મારા એ કાર્યના બચાવ માટે મેં આવો પ્રશ્ન મનમાં વિચારી જોયો.

ટિકિટ ખરીદી એમાં શું બગડી ગયું? મારા મનને શાંત પાડવા ખાતર હું એવો વિચાર ભલે કરું, પરંતુ આપણા કમનસીબે કદાચ સો રૂપિયાની લૉટરી લાગી જાય તો તે વાત આખા શહેરમાં ફેલાઈ જાય...

અને તે પણ જે વ્યક્તિ આ બાબતનો વિરોધ કરે છે એમના જ ઘરમાં રહેનાર હું, મને જો ઇનામ મળે તો એમની ઇજ્જત જાય અને લોકોને તેમના પર શ્રદ્ધા ન રહે. એવા વિચારોથી હું મારા મનમાં મૂંઝવણ અનુભવતી હતી...

જે બાળકે ટિકિટ આપી હતી એણે કહ્યું હતું, 'છાપાંવાળાઓ ફોટા લેનારને લઈ જઈને જે વ્યક્તિને ઇનામ મળ્યું હોય તે પછી ગમે તે ગામમાં રહેતી હોય તોપણ શોધી કાઢે છે... મદ્રાસમાં આ માટે એક મોટો મેળાવડો ભરી, ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિના હાથે આ ઇનામની અર્પણવિધિ યોજાય છે... આપણા માટે કેટલી મોટી કમનસીબી કહેવાય!...

ઠીક ગમે તેમ પણ લઈ લીધી....આ બધા નકામા વિચારો અંગે મેં તેમને એક પણ શબ્દ કહ્યો નથી...

જાણીજોઈને તે દિવસે ખાવાનું પીરસતી વખતે મેં જ શરૂઆત કરી. મેં પૂછ્યું,

'લૉટરીની ટિકિટ કહે છે કે... એક રૂપિયામાં ખરીદનારને એક લાખ રૂપિયા ઇનામ મળે છે — સરકાર પોતે ચલાવે છે એટલે તેમાં દગો, પ્રપંચ કે જૂઠાણું નથી, એ બધું શું છે? બાજુના ઘરવાળી બાઈએ પણ એકસામટી દસ ટિકિટ લીધી. એ બધું શું સાચું હશે?'

'તો આ વાત આપણા રસોડા સુધી આવી પહોંચી? સરકાર પોતે રમે છે તે એક જાતનો જુગાર છે — બસ એટલું જ. કૉલેરાના રોગની જેમ દરેકને આ રોગનો ચેપ લાગે છે. કૉલેરા કે બળિયા ફાટી ન નીકળે તેની તકેદારી રાખનાર સરકાર જ આ પણ ચલાવે છે. એનાથી તેને પૈસા મળે છે. ગરીબો લખપતિ થાય છે. તું અને હું થોડા જ લખપતિ બનવા માટે રડીએ છીએ? લૉટરીને અને આપણને શું લેવાદેવા?'

'કોઈ તમને એક લાખ રૂપિયા આપે તો શું તમે ના પાડશો?' એ મને જોઈને હસ્યા. મને અપમાન જેવું લાગ્યું. શરમ પણ ઊપજી.

'ચાળીસ વરસથી મારું પડખું સેવતી તને આ શંકા થઈ!' એવા અર્થવાળું એમનું હાસ્ય હતું... હું નીચું જોઈ ગઈ.

'તમે ના પાડશો તે તો હું જાણું છું; પરંતુ શા માટે ના પાડો છો તે હું તમને પૂછું છું... તમારા પરદાદાના વખતના આ ઘરની પશ્ચિમની દીવાલમાં તિરાડ પડવાથી વરસાદમાં આખું ઘર તળાવની જેમ ભરાઈ જાય છે. તે આપણે સમું કરાવી શકતા નથી તો... આપણને પૈસાની જરૂર તો છે જ ને... આપણે આવતી લક્ષ્મીને શા માટે લાત મારવી ?

'તારા કહેવા પરથી એમ લાગે છે કે લૉટરીની ટિકિટ લેવાની તારી ઇચ્છા છે, એમ જ છે ને?' એમણે પૂછ્યું. 'અરે ગાંડી... આશા જ માણસનો શત્રુ છે. ઇનામ નહીં લાગે માનીને તે ખોટું છે એ હું નથી કહેતો. ઇનામ લાગે તોપણ તે અધર્મનો પૈસો છે, બીજાની બળતરાનો પૈસો છે એમ કહું છું. નીતિથી ન કમાયેલી સંપત્તિ એ પાપનું પોટલું છે... તેં મારા પરદાદા વિશે કહ્યુંને... એ પોતાના જ્ઞાનની વૃદ્ધિથી મહા વિદ્વાન બન્યા હતા... મને બરાબર યાદ છે... બાપુજી આ શંકરના મઠમાં જ આખો દિવસ વિદ્યાભ્યાસ કરાવતા હતા... સાંજે લોકોને કથા સંભળાવતા. સવારે દાન લેવા નીકળતા. એક ટંકનું સમાય એટલું તેમનું પાત્ર હતું. શ્લોકો બોલતાં બોલતાં રસ્તાની વચ્ચે ચાલ્યા જતા.... આ શ્લોકોનો અવાજ સાંભળીને રસ્તામાં આવતાં ઘરોમાંથી મૂઠી ભરીને ચોખા તે પાત્રમાં પડતા... તને ખબર છે, તેમણે બાળકના હાથનું જ માપ રાખ્યું હતું... મોટાના હાથનું માપ હોય તો ચાર ઘરમાં જ તે પાત્ર ભરાઈ જાય... પછી બીજા ઘરવાળાને રાહ જોતાં ઊભા રહેવું પડે ને? તેમને દાન આપવાથી વિમુખ કરવાનું પાપ જે ઘરવાળાએ વધુ આપ્યું છે તેમને જ લાગેને? — એટલા માટે જ. પાત્ર ભરાઈ ગયા પછી જો કોઈ પણ દાન આપવા આવે તો એ તેનો સ્વીકાર કરતા નહીં. પરંતુ પોતાના પાત્રમાંથી ચોખાના બે દાણા લઈ તેના માથા પર અક્ષતરૂપે નાખી તેને આશીર્વાદ આપી આવતા... એ વંશના પુણ્યથી આ જ્ઞાન પ્રાપ્ત થયું છે. આના કરતાં વધુ સારું ભાગ્ય બીજું કયું હોઈ શકે તેની મને ખબર નથી... આ મનની શાંતિ, મનનું આરોગ્ય કેટલા લાખ રૂપિયા આપશે?... આ સરકાર ભલે જુગારથી અને પૈસાથી લખપતિનું સર્જન કરે. પરંતુ એક જ્ઞાની અને ચારે વેદોના જ્ઞાતાનું સર્જન આ સરકારથી થઈ શકશે ખરું?' તે આખો દિવસ એમણે અવારનવાર આ અંગેની જ વાત કર્યા કરી.

આ વાતને દસ દિવસથી વધુ થઈ ગયા. પેલી ટિકિટની વાત હું ભૂલી ગઈ હતી...

જે છોકરો મને ટિકિટ આપી ગયો હતો તે ગઈ કાલે છાપું લઈને આવ્યો હતો. તેણે ઉત્સાહપૂર્વક કહ્યું, 'ઇનામ લાગેલી ટિકિટોના આમાં નંબર આવ્યા છે... તમારી ટિકિટ લાવો... જોઈએ...'

સારું થયું, તે વખતે એ ઘરે નહોતા...

મને પેટમાં ફાળ પડી.

'હે ઇશ્વિર ! મને આમાંથી બચાવી લે !' મેં મનમાં પ્રાર્થના કરી.

એકાએક મને સૂઝી આવ્યું. હું જૂઠું બોલી, 'એ ટિકિટ તો ક્યાંક મુકાઈ ગઈ છે. મળતી નથી.'

કદાચ એ જ ટિકિટને ઇનામ લાગ્યું હોય તો આખું ગામ અહીં ભેગું થઈ જાય ને?

તે જ પળે પેલા છોકરાનું મોં ઉદાસ થઈ ગયું. ગુસ્સે થયો હોય તેમ એ મારા તરફ જોઈને છાપું નાખી દઈ ચાલ્યો ગયો.

તેના ગયા પછી છાપું ઓરડામાં લઈ જઈને મેં એકલીએ જોયું.

હે ભગવાન ! લેતાંની સાથે જ શરૂઆતમાં પેલા જ બે અક્ષરો... પછી તેવા જ ત્રણ... સાત, મીંડું... મીંડું... એક... એક... છ !

એટલે કે એક લાખ રૂપિયા માટે હું નસીબદાર બની ?... અરેરે... હવે હું શું કરું ?...

બપોરે એ આવ્યા. ટિકિટ એમના પગ આગળ મૂકી, રડતાં રડતાં મેં કહ્યું, 'મને માફ કરો. એ છોકરાએ હઠ પકડી હતી. તેથી તેને નાખુશ ન કરવા ખાતર આ ટિકિટ લીધી હતી. એની સામે તમારો આટલો બધો વિરોધ છે તે તો ત્યાર પછી જ જાણવા મળ્યું... "આપણને ક્યાં ઇનામ લાગવાનું છે?" એવું હું ગમાર માની બેઠી હતી. ઇનામ ન મળે તે માટે ઇશ્વિરને પ્રાર્થના પણ કરી હતી... પણ આ તો ઊંધું થઈ ગયું. મને માફ કરો અને આ લઈ લો.'

એમણે એ જ હાસ્ય કર્યું. હસતાં હસતાં એમણે મને ઊભી કરી. મોં પર તે જ હાસ્ય રાખીને કહ્યું,

'હં !... તું હવે લખપતિ બની ગઈ... શાબાશ. આ મારી મદદ વગર તેં તારી જાતે મેળવેલી સંપત્તિ છે ! તે તું મારા પગ પાસે મૂકી મને શા માટે પાપનું પોટલું ઉપાડવાનું કહે છે !... મને લાખ રૂપિયા જોઈતા નથી એ મેં ગમ્મત ખાતર કહ્યું નથી. ખરેખર મારે જોઈતા નથી. મારે માટે જે કાંઈ

ચિંતા છે તે એ છે – વીસ વરસ પહેલાંની જેમ જે વિદ્યાભ્યાસ કરાવતા હતા તેઓની સંખ્યા હમણાં હમણાં ઓછી થતી જાય છે. હજી બીજાં દસેક બાળકો મળે તો બસ છે... પૈસાથી તેમને મેળવવા ન જોઈએ. અને પૈસા માટે તેમણે આવવું ન જોઈએ. આ તને સમજાશે નહીં. પણ એ તો તારે જોવાનું છે. હું તો હંમેશને માટે અકિંચન બ્રાહ્મણ છું. મારા પિતા, મારા દાદા એવા અ-કિંચન હતા. લખપતિ બનવાની જે લાયકાત અને ગુણો હોવા જોઈએ તેમાંનો એક પણ મારામાં નથી.' કહી એ જવા તૈયાર થયા.

'તમે શા માટે આવી જુદાઈની વાત કરો છો?... હવે મારે આનું શું કરવું જોઈએ તે તો કહો... હું એમ જ કરીશ... ઇનામ લાગશે તેમ માની મેં આ ટિકિટ લીધી ન હતી. પરંતુ ઇનામ લાગી ગયું. હવે મારે શું કરવું?' મેં એમને આ પ્રશ્ન ફરી પૂછ્યો.

સહેજ પણ દયા ન હોય તેમ મારા તરફ જોઈને તે હસ્યા.

છેવટે પાઠશાળામાં જવાનો સમય થઈ ગયો.... જતી વખતે પણ તે તે જ પ્રમાણે હસીને તે જ પ્રમાણે કહી ગયા.

'આ ટિકિટના પૈસા લેવા કે ન લેવા તે તારી મરજીની વાત છે. સીધા સ્ટુડિયોમાં જઈ ફોટો પડાવી, છાપામાં છપાવી તું આરામથી જીવી શકીશ.... હું ફલાણાની સહધર્મિણી છું તે તારે કોઈને કહેવું નહીં... હં તારા આનંદ ખાતર આવું જૂઠું બોલીને તું તારા દિવસો વિતાવજે. અને નહીં તો આ માયાજાળમાં ન ફસાઈને; 'મારે આ ઇનામ જોઈતું નથી' એમ કહીને આ તુચ્છ ટિકિટ ફાડીને ફેંકી દે. બરાબર ફાડીને ફેંકી દેજે. બીજા કોઈને ટિકિટ અપાવી તે પણ પોતે પૈસા લીધા બરાબર છે. ટિકિટ કોઈને આપીને તેના ઉપર ઉપકાર ચડાવવો તે પણ ઇનામ લીધા બરાબર છે. કપટી મનને આવી બધી ઘણી ઘણી વાતો સૂઝશે. આ ઇનામની લાલચમાં ન પડીશ તેમ જ પોતાના મનને ગમે તેવા પ્રપંચમાં ન ફસાવીશ. આ ટિકિટ ફાડીને ફેંકી દેજે. આ બંનેમાંથી શું કરવું તે તારી મરજીની વાત છે. આ પૈસા લેવા તે પાપ છે કે પુણ્ય તેનો નિર્ણય તારે કરવાનો છે. મારો સમય થઈ ગયો છે.' કહી એ ચાલતા થયા.

આ માટે મારે શું કરવું, કહો!

હે ઈશ્વર! એક લાખ! આ એક લાખને, ભાગ્યલક્ષ્મીને નિર્દયતાપૂર્વક ફાડીને ફેંકી દઈ જાકારો દેવો? એમને આપું તો ફાડીને ફેંકી દેશે. એમના જેવા જ્ઞાની માટે આ સહજ છે.

આપણા જેવા અજ્ઞાની આવું કરી શકે ખરા, કહો!

કેટલાય લાખ કરતાં એ શ્રેષ્ઠ તો છે જ. હું ના નથી પાડતી. લાખ રૂપિયાને પગની રજ બરાબર સમજનાર મહાપુરુષ દાન લેવા જાય તેમાં કાંઈ ખોટું નથી. આ ગુણિયલની સાથે જીવનભર રહીને દાન પર જિંદગી ગુજારવામાં મને ગૌરવ તો છે જ!

પૈસો મોટો કે જ્ઞાન મોટું, તેની મને ખબર નથી. પરંતુ પૈસો ગમે તેટલો હોય છતાં તે સ્થિર રહેતો નથી. લક્ષ્મી ચંચળ છે. તે જ પ્રમાણે માનવ પણ ગમે તેટલો જ્ઞાની હોય છતાં તે આ પૃથ્વી પર ટકતો નથી!

આવો વિચાર કરવો કે બોલવું તે મહાપાપ છે. પરંતુ આ જમાનામાં ગમે તેવી પતિવ્રતા હોય તોપણ તે તેના પતિ સાથે સતી થતી નથી. શિવ! શિવ!....

દાન મેળવીને દિવસો ગુજારવામાં મારું શું ગૌરવ છે? બધા મને ભિખારણ જ કહે ને? પત્નીને ભિખારણ બનાવી મૂકી છે તે માટે આ જ્ઞાનીને પણ દોષ દેશે.

એ ફાડીને ફેંકી દેશે. પણ મારાથી તે થઈ શકશે? પરંતુ એ તો એમ કરવાનું કહી ગયા છે.

હું હાથમાં ટિકિટ લઈને ઊભી છું. ટિકિટનું પલ્લું નમી રહ્યું છે. આ માટે મારે શું કરવું? કહો.

14. નવાં પગરખાં ડંખે

તેના ગાલ પર તમાચો મારતો હોય તેમ પોતાની પીઠ પાછળનું બારણું બંધ કરી નંદગોપાળ બહાર આવી ઊભો રહ્યો. બારણું બંધ કર્યું ત્યાં સુધી ક્યાં જવું અને ક્યાંક જવું જોઈએ એવો વિચાર એને આવ્યો ન હતો. તેના પર આવેલો ગુસ્સો અને પોતાનું અપમાન થયું હોય એવી લાગણીની તેને જરા પણ દરકાર ન હોય તેમ દીવાલ તરફ મોં રાખીને એ સૂઈ ગઈ હતી. 'કેમ બેસી રહ્યા છો? સૂવું નથી?' એવા પ્રશ્નની રાહ જોઈને તે બેઠો હતો, પરંતુ એ સ્ત્રીએ તેને પૂછ્યું નહીં. નંદગોપાળથી આ સહન ન થયું અને તે બહાર નીકળી ગયો. ગુસ્સે થઈને બારણાં બંધ કર્યાં.

એ સ્ત્રી જો ખરેખર ઊંઘી ગઈ હોય તો આ અવાજથી જાગી જવી જોઈએ. 'આ અવાજથી પડોશમાંથી કોક જાગી ગયું હશે તો?' આ વિચારથી એ પોતાના કૃત્ય બદલ અપમાનિત થયો હોય તેમ શંકાશીલ નજરે અંધકારમય વાતાવરણમાં એણે સામેના મકાનનાં બારણાં તરફ જોયું. મકાનનાં બારણાંની ઉપરના વેન્ટિલેટરમાંથી આવતા પ્રકાશ પરથી જણાયું કે ત્યાં આછા પ્રકાશની બત્તી ચાલુ છે. મેજ પર પંખો ચાલુ હોવાનો અવાજ પણ આવતો હતો. અગિયાર વાગ્યા હશે. તેણે કાંડાઘડિયાળમાં જોયું. અંધારામાં કાંઈ દેખાયું નહીં. 'ક્યાંક જઈને સવાર પડચે પાછો આવું તો?' તેને વિચાર આવ્યો. પરંતુ 'આમ બારણું ખુલ્લું મૂકીને તેમ જ એને એકલી મૂકીને કેમ જવાય!' આ વિચાર આવતાં તે થોડો ખચકાયો. પત્ની ઊંઘી ગયાનો ડોળ કરી મને સતાવે છે, એમ તેને લાગ્યું.

શું કરવું તે સમજાયું નહીં. એને પોતાની સ્થિતિ દયામણી લાગી. આ બધું બરાબર નથી થતું એમ લાગવાથી તેનું મન દુઃખી થયું. તેને પોતાની સાથે, પોતાની નોકરી અને પોતાના પગાર સાથે જ નિસ્બત હતી. એ જ તેના જીવનનો આનંદ હતો, સંતોષ હતો. પરંતુ એક શેતાનના નિર્દેશથી લગ્ન,

પત્ની, ઘર – આવાં બધાં બંધનોમાં પણ કોઈ એક સુખ છે, મનુષ્યજીવનનું સુખ અને ધ્યેય તેમાં જ સમાયેલાં છે એવી કલ્પના કરીને તેમાં તે ફસાઈ ગયો હતો. તેણે એક નિઃશ્વાસ નાખ્યો. ઘરમાં જવું કે બહાર જવું તે નક્કી ન કરી શકવાથી ઉંબરા પર બેસી, એક સિગારેટ સળગાવી આકાશમાં અંધકાર વચ્ચે ચમકતા તારાઓ તરફ જોઈ રહ્યો.

'એ શેતાન...' તેની સાથે જ તેને ગિરિજા યાદ આવી. તે કેટલી હસમુખી, મીઠાબોલી અને પ્રેમાળ હતી! એના પર તેને ગુસ્સો આવ્યો. આ સ્ત્રી – આ શેતાન સાથે લગ્ન કરીને તેને ઘરમાં લાવ્યો તેના કારણરૂપ પણ આ ગિરિજા હતી. પોતાને તેના પર આવેલો આ ગુસ્સો વાજબી છે એવું તેને લાગ્યું.

'અત્યારે, આ સમયે જઈને તેને મળું તો કેમ?' તેને વિચાર આવ્યો. ગમે ત્યારે જઈને તેને મળી શકાય છે. આ છ મહિના દરમિયાન — લગ્ન પછી તેને આની સાથે દરરોજ ગમે તે કારણે કજિયો થતો અને પોતે ક્યાં આની સાથે ફસાઈ ગયો એવું તેને થતું. આવા વખતે તેને ગિરિજા યાદ આવતી. પરંતુ તેને ત્યાં જવાનો વિચાર તો તેને આજે જ આવ્યો.

આની સાથે લગ્નગ્રંથિથી જોડાયો તે પહેલાં પોતે તેની સાથે ગમે તેવું વર્તન રાખ્યું હોય, પરંતુ અત્યારે આને એકલી મૂકીને પોતે ગિરિજાને ત્યાં જાય તો તે આનો દ્રોહ કર્યો ન કહેવાય? એવો તેને વિચાર આવ્યો. એ ગમે તેટલી વઢકણી હોય અને પોતાને એના ઉપર ગમે તેટલો ગુસ્સો આવતો હોય છતાં, તેને પોતાની જાત પર કંટાળો આવે અને એ ન કરવાનું કાંઈક કરી બેસે તો તે શું સહન કરી શકશે ખરો? — તેને વધુ વિચાર આવ્યો. પરંતુ આ વિચાર જ તેનાથી સહન થઈ શક્યો નહીં.

ઘડિયાળમાં એક ટકોરો સંભળાયો. અત્યારે એક થયો નહીં હોય. બંધ કરેલું બારણું જરા ઉઘાડી અંદરથી આવતાં પ્રકાશનાં કિરણોમાં તેણે તેની કાંડાઘડિયાળમાં જોયું. તેની ઘડિયાળમાં હજી સાડા અગિયાર થયા ન હતા. પડેલો ટકોરો સાડા અગિયારનો જ હોવો જોઈએ એમ માનીને તેણે બંને બારણાંની વચ્ચેની જગામાંથી અંદર સૂઈ રહેલી પત્નીને જોઈ. હાલ્યા વગર, પડખું પણ ફેરવ્યા વગર, દીવાલ તરફ મોં કરીને સૂતી હતી તે જ સ્થિતિમાં તે હજી પણ સૂઈ રહેલી. એને ગુસ્સો આવ્યો. ઊઠીને અંદર જઈ એની પીઠ

પર એક લગાવી દેવાનો જુસ્સો આવ્યો. પણ તરત જ તેને થયું કે આ બરાબર નથી.

આવા ક્રૂર અને ન જોઈ શકાય એવા બનાવો તેણે નાની ઉંમરમાં કેટલીય વાર જોયા છે ... એકાએક અડધી રાતે તેને તેની માનો ડૂસકાં ભરવાનો અવાજ સંભળાતો. એ જાગી જઈને ધ્રૂજતા શરીર અને અધ્ધર જીવે ઊભો થતો. એના બાપા આવેશમાં ભાન ભૂલીને તેની માને મોં અને શરીર પર લાત મારતા અને તેની મા પણ રડતી રડતી વળતી ગાળો ભાંડયે જતી, 'અરે પાપી, ચાંડાળ...' જેમ જેમ તે ગાળો ભાંડતી તેમ તેમ તે વધુ મારતા.

એ દિવસો ખૂબ ક્રૂરતાભર્યા હતા. સવાર પડતાં જાણે રાતે કાંઈ ન બન્યું હોય તેમ તેઓ વર્તતાં... મા બાપાની સેવાચાકરી કરતી અને બાપા પણ વહાલપૂર્વક એને નામથી બોલાવી ઘર અંગેની વાતો કરતા. આ બધું નંદગોપાળને વિચિત્ર લાગતું. આ બધું શું છે અને શા માટે થાય છે એ તેને સમજાતું નહીં.

પંદર વરસની ઉંમર સુધીમાં તો તેણે આવા ઘણા બનાવો જોયા હતા. આમ ઝઘડતાં તેનાં માબાપ સામાન્ય સમયમાં જે રીતે વર્તતાં તેનાથી તેને સૂગ ચડતી. તેને તેના બાપા પ્રત્યે ઘૃણા ઊપજતી હતી. 'કુટુંબજીવનમાં દાંપત્યજીવન ખૂબ ઘૃણાભર્યું છે' એવા નિર્ણય પર તે કિશોરવયમાં જ આવી ગયો હતો. આ નિર્ણય જ અત્યારે ગુસ્સાનું કારણરૂપ બન્યો હોય !

અત્યારે તેના બાપા નથી. તેની વિધવા મા ઘરડી ઉંમરે ગામડાગામમાં રહીને દિવસો વિતાવે છે. તેની માની એકમાત્ર ઇચ્છા 'તેના મરણ પહેલાં તેના દીકરાનાં લગ્ન થઈ જાય અને પોતે તેનું દાંપત્યજીવન નિહાળી સુખી થાય' એ છે. આ અંગે એ જયારે નંદગોપાળને કહેતી ત્યારે એ તેની માને તે સમયના બનાવો યાદ કરાવીને મશ્કરી કરતો. આ વખતે તેની માને દુઃખ પણ થતું અને ગુસ્સો પણ આવતો. પરંતુ એ પોતાની વાતને પડતી ન મૂકતાં ગૌરવભેર પૂછતી, 'મારા જીવનમાં શી ઊણપ હતી?' અને છેવટે 'હું લગ્ન કરવાનો નથી' એમ તેના મોં પર કહી એ કઠોરતાપૂર્વક બહાર ચાલ્યો જતો.

એ મદ્રાસમાં નોકરી કરતો હતો અને ત્રીસ વરસથી આવું એકલવાયું જીવન ગાળતો હતો. આ એકલવાયા જીવનથી તે ટેવાઈ પણ ગયો હતો. છતાં તેને લગ્ન કરવાની ઇચ્છા થઈ અને કુટુંબ વિશેની શુભ કલ્પનાઓ હૃદયમાં જાગ્રત થઈ, લગ્નની અદમ્ય ઇચ્છા જાગ્રત થઈ તેમ જ કૌટુંબિક જીવનની લાલસા

પણ જાગી, તેનું મૂળ કારણ ગિરિજા સાથેનો તેનો સંબંધ હતો. સ્ત્રી સાથેનો આ તેનો પહેલો સંબંધ હતો. આ પહેલાં તેને આવો સંબંધ બીજી કોઈ સ્ત્રી સાથે થયો ન હતો. ગિરિજા તેના જીવનમાં પહેલી સ્ત્રી હતી. પરંતુ ગિરિજા માટે એવું ન હતું. નંદગોપાળ સિવાય બીજા ઘણા પુરુષો તેના જીવનમાં આવી ગયા હતા. ગિરિજા આ વાત છુપાવી શકે એવી સ્થિતિમાં ન હતી. છતાં નંદગોપાળ સાથે તે જેટલા દિવસ રહી તેટલા દિવસ એ વફાદારીપૂર્વક અને પ્રેમથી રહી હતી. એક પુરુષને એક સ્ત્રીના સહવાસ અને સંબંધથી કેટલો આનંદ અને સગવડ મળે છે તેનો તેને અનુભવ થાય તેવું જીવન તેણે તેની સાથે ગાળ્યું હતું. આ પળે એને એ બે મહિનાનું ખૂબ જ સુંદર જીવન યાદ આવ્યું. સાથે સાથે પોતાને અપમાનિત કરીને અડધી રાતે ઘરની બહાર ઊભો રાખીને અંદર અહંકારપૂર્વક સૂઈ રહેલી એ સ્ત્રી ઉપર તેને ગુસ્સો આવ્યો. આંસુ અને નિઃશ્વાસ સાથે દીન દશામાં તેણે મોં ફેરવીને અંદર જોયું.

સાચે જ તે સ્ત્રી ઊઠવાની કે સમાધાન કરવાની નથી. આ છ મહિનાના અનુભવથી તે આવા બનાવોથી ટેવાઈ ગયો હતો. એટલે દરેક વખતે તેને તેના આરંભ, તેની ગતિ અને તેના અંતની પહેલેથી જ ખબર પડી જતી હતી. છતાં તે પ્રસંગોને નિવારવા માટે તે અશક્તિમાન હતો. પાછળથી વિચાર કરતાં આ ઝઘડાઓમાં તેને કાંઈ તથ્ય દેખાતું ન હતું. પરંતુ દિવસે દિવસે આ જીવન અપમાનિત અને દુઃખદ બનતું જતું હોવાથી, તે કઈ રીતે સહન કરવું તે તેને સમજાતું ન હતું.

અંદર ઝાંખો પ્રકાશ હતો. પ્રકાશના પ્રતિબિંબમાં અને રસોડાનાં વાસણો-ના ઝગમગાટમાં વળગણી પર સૂકવેલાં કપડાં અને બધું વેરવિખેર જણાતું હતું. તેને ઘણું દુઃખ થયું.

એક જ ઓરડી, તેને અડીને બારણા વગરની દીવાલથી અલગ પડતું રસોડું અને તેમાં જ સમાયેલા ટાંકી સાથેના બાથરૂમવાળા એ ભાગનું ભાડું રૂપિયા પિસ્તાળીસ હતું. ઘરખર્ચ મહિને દોઢસો રૂપિયા થતું હતું. તેને મહિને લગભગ ત્રણસો મળતા હતા. જો વ્યવસ્થિત અને સારી રીતે રહે તો આ કાંઈ મોટું દુઃખ ન હતું. છ-સાત માણસો ભેગા રહીને દરેકના ફાળે આવતા સો રૂપિયામાં મળતી સગવડોથી ટેવાયેલા નંદગોપાળનું મન અત્યારે 'મેસ'-જીવન માટે તડપવા લાગ્યું અને તે દુઃખને યાદ કરીને તેનું મન ખાટું થઈ ગયું.

એક નિઃશ્વાસ નાખીને તે ઊઠ્યો. ગિરિજાને ત્યાં જઈ, તેને જોઈ, રાત તેની સાથે વિતાવવાથી મનને શાંતિ મળશે એમ તેને લાગ્યું. 'બીજા કશા માટે નહીં' એવો વિચાર કરી આ અપમાનની લાગણી ખંખેરી નાખી 'તેની સાથે વાતો કરવાથી મને જરા સાંત્વન મળશે' એવા આશ્વાસનની લાગણી સાથે એ ઊઠ્યો. અંદર જઈ તેણે ખમીસ પહેર્યું. નાઇટ લૅમ્પ ચાલુ જ હતો. ચાળીસ વોલ્ટનો ગોળો ચાલુ કર્યો. તેની આંખો અંજાઈ ગઈ.

'એય... સાંભળે છે કે...' નંદગોપાળે એને થાબડીને બોલાવી; પણ એણે પડખું ફેરવ્યું નહીં.

'અત્યારે તને લાડ લડાવવા માટે ઉઠાડતો નથી. હું બહાર જાઉં છું. બારણે સાંકળ વાસી દે.' એણે તે સ્ત્રીનો હાથ જરા દાબીને પકડ્યો અને તેને પડખે ફેરવી.

પત્ની ઊઠીને બેઠી થઈ. એણે ઘૃણાપૂર્વક મોં મચકોડી ગુસ્સા સાથે તેના તરફ જોયું.

અત્યાર સુધી ઊભી ન થનાર 'પોતે જાય છે' એમ કહેતાંની સાથે જ બારણું વાસવા માટે ઊઠીને બેઠી થઈ એ જોઈને તેને ખૂબ ગુસ્સો આવ્યો.

નંદગોપાળ પહેરણ પહેરીને તૈયાર થઈને ઊભો રહ્યો ત્યારે 'આ સમયે ક્યાં જાઓ છો?' એમ તેણે પૂછવું જોઈએ ને? પરંતુ તેણે પૂછ્યું નહીં. 'જા, જવું હોય તો જલદી મરને... હું તો નિરાંતે સૂઈ જઈશ.' એવા ભાવથી, તેની દરકાર કર્યા વગર તે ખાટલા પર બેસી રહી.

નંદગોપાળે નીચે વાંકા વળીને ખાટલાની નીચે તેનાં પગરખાં શોધવા માંડ્યાં. પરંતુ તે પત્નીનો પગ હોય કે સાડલાનો છેડો હોય, ગમે તે એકના પડછાયાથી ખાટલા નીચે અંધારું હતું. એ વાંકો વળીને ખાટલા નીચે પગરખાં શોધી રહ્યો હતો ત્યારે પત્નીના સાડલા કે પગનું ત્યાં અંધારું પડતું હતું તેની તેને ખબર ન હતી, તે તે જાણતો હતો. પરંતુ ખાટલા પર બેસી રહીને તે જાણીજોઈને પોતાનું અપમાન કરે છે એવું તેને લાગ્યું. એ પગરખાં શોધીને ગુસ્સાથી ઊભો થતો હતો ત્યારે તેના માથામાં ખાટલાની ધાર વાગી. આંખો-માં આંસુ આવી જાય એટલી સખત પીડા થતી હતી, પરંતુ પેલી સ્ત્રીને એની કાંઈ અસર થઈ હોય તેમ જણાયું નહીં. 'જો એની પત્નીને આમ વાગે કે આંગળીમાં કાપો પડે તો પોતે તેની જેમ લાગણીશૂન્ય રહી શકે ખરો?' આ

વિચાર આવતાં નંદગોપાળને પોતાની આ પરિસ્થિતિ ઉપર દયા ઊપજી. પગરખાં પહેરીને એ ચાલી નીકળ્યો.

તેણે ખુલ્લું બારણું વાસ્યું નહીં. વરંડો ઊતરીને પેસેજમાં આવ્યો. થાંભલાને અઢેલીને મૂકેલી સાઇકલનું તાળું ખોલ્યું. એ અંધારામાં ઊભો હોવાથી એની પત્ની એને જોઈ શકે તેમ ન હતી. એ વાંકી વળીને ડોકિયું કરીને પોતાને જુએ છે કે નહીં તે તેણે જોયું. તેનું મન આઘાત અનુભવે તે રીતે તે સ્ત્રીએ ધડામ દઈને બારણું બંધ કર્યું અને સ્ટૉપર લગાવી દીધી. તેના તરફ જરા સરખુંય જોયું નહીં તેથી તેને દુ:ખ થયું. ઓરડામાં બળતી ચાળીસ વોલ્ટની બત્તી ઓલવાઈ ગઈ અને નાઇટ લૅમ્પનો પ્રકાશ વેન્ટિલેટરમાંથી દેખાયો.

ગોપાળ સાઇકલ લઈને ચાલ્યો. આંગણું લીંપીને રંગોળી પૂરનાર ડોસી તેની પથારીમાં બેસી ઉધરસ ખાતી હતી. તેણે નંદગોપાળને બહાર જતો જોઈને પૂછ્યું, 'ક્યારે પાછા આવશો, ભાઈ?' પોતે પાછો આવવાનો નથી એમ નંદગોપાળે કહ્યું એટલે ડોસીએ બારણું બંધ કર્યું. તેણે બહાર આવીને એક સિગારેટ સળગાવી. તે વખતે શેરીની બત્તીઓ એકાએક બંધ થઈ ગઈ. સાઇકલના ડાઇનેમાના પ્રકાશમાં રસ્તો સાફ દેખાતો હતો. તેણે સાઇકલ પર બેસીને સાઇકલ મારી મૂકી.

ગિરિજાનું ઘર પશ્ચિમ મામ્બલમમાં ખાડાટેકરા અને નીકવાળી શેરીમાં હતું. ત્યાં રસ્તામાં ગાય અને ભેંસો પણ બંધાતી હતી. શેરીમાં પડતા દાદરાવાળા ઘરના મેડા ઉપરના એક ભાગમાં તે રહેતી હતી. તેની મા છે. એ કોઈ ધનાઢ્યને ત્યાં આયાનું કામ કરે છે. એ ક્યારેક ક્યારેક દીકરીને મળવા આવે છે ત્યારે તેને ત્યાં માંસાહારી ભોજન જમીને જાય છે. એ જે ઘરમાં નોકરી કરે છે તે ઘરવાળા શાકાહારી હોવાથી તેને ત્યાં આ મનપસંદ આમીષ ખોરાક મળતો નથી. ગિરિજાને પચીસ વરસનો એક ભાઈ છે. એ કોઈ સિનેમા કંપનીમાં કામ કરે છે. એ પણ જવલ્લે જ આવે છે. ગિરિજા દસમા ધોરણ સુધી ભણી છે. કાયમી નોકરી ન મળવાથી જે કોઈ કામચલાઉ નોકરી મળે છે તે કરે છે. તેને કાયમી નોકરી ન હોવા છતાં પણ સુખ અને આનંદથી જિંદગી પસાર કરે છે. તેને ત્રીસ વરસ થયાં છે.

નંદગોપાળ નોકરી કરતો હતો તે કૉસ્મેટિક કંપનીએ ગયા ડિસેમ્બરમાં પ્રદર્શનમાં સ્ટૉલ રાખ્યો હતો. એ ત્યાં કામ કરતી હતી ત્યારે નંદગોપાળની ગિરિજા સાથે મુલાકાત થઈ હતી. તેને જોતાંની સાથે, તેના ચહેરા પરથી, આ પહેલાં તેને ક્યાંક જોઈ હોય એવું નંદગોપાળને લાગ્યું. તેના ચહેરા અને હાવભાવ પરથી તે સ્ટૉલમાં વેચાણ-વિભાગમાં કામ કરતી હશે એવું તેણે શરૂઆતમાં માન્યું હતું. પરંતુ પોતે જે કૉસ્મેટિક કંપનીમાં ડિસ્પૅચ ક્લાર્ક તરીકે કામ કરતો હતો ત્યાંથી દરરોજ પારસલોનાં પારસલો મોકલવામાં આવતાં હતાં. તે પાઉડરના ડબ્બા પર ગિરિજાની જ આકૃતિ હતી તેની તેને પાછળથી ખબર પડી. નંદગોપાળે પ્રદર્શનમાં ફક્ત બે મહિના જ સાંજના સમયે પાર્ટ-ટાઇમ કામ કર્યું હતું. તે સમયે ગિરિજા સાથે થયેલી મૈત્રી દરમિયાન તેના વિશે નંદગોપાળે જાણ્યું હતું. એકાદ સારી નોકરી મેળવી આપવા માટે ગિરિજા હરકોઈને કહેતી હતી. આથી નંદગોપાળને તેને માટે સહાનુભૂતિ ઉત્પન્ન થઈ હતી. પરંતુ તેને મદદ કરવાનું તેની શક્તિ બહારનું હોઈ તેણે એ અંગે ચિંતા કે દરકાર કરી ન હતી.

ગિરિજા બધાની સાથે હસીને વાત કરતી હતી. તેણે જ નંદગોપાળને પહેલવહેલો ચા પીવા બોલાવ્યો હતો અને વાતો કરી હતી. રાત્રે અગિયાર વાગ્યે ઘેર જતી વખતે ક્યારેક ક્યારેક સેલ્સ મૅનેજર રસ્તામાં તેને ઉતારી મૂકવાનું કહી પોતાની કારમાં લઈ જતો. ઑફિસમાં તેને માટે સારી વાતો થતી ન હતી. એક દિવસ તે પ્રમાણે મૅનેજરે ગિરિજાને પોતાની કારમાં આવવા માટે જણાવ્યું. ત્યારે તેણે નંદગોપાળને બતાવીને કહ્યું, 'સાહેબ, આ નંદ-ગોપાળ મારા રસ્તામાં જ રહે છે. અમે વાતો કરતાં કરતાં ચાલ્યાં જઈશું. ... કેમ બરાબરને નંદગોપાળ ?' અને નંદગોપાળ સંમતિસૂચક હસ્યો.

નંદગોપાળને ગિરિજાની વાતોમાં રસ પડતો. 'કેમજી, સારુંજી... હા જી ...' એમ તે જરા લહેકો કરી ભાર દઈને બોલતી. તેની માતૃભાષા તેલુગુ હતી તેની તેને પાછળથી ખબર પડી. તેલુગુ એટલે 'મદ્રાસના તમિળ' જેવું 'મદ્રાસનું તેલુગુ.'

'કેવું હસીને બોલતી હતી' વિચાર કરતાં કરતાં નંદગોપાળે સાઇકલ મારી મૂકી.

ગિરિજા ખરેખર આનંદમાં જ રહે છે તે વાતની તેને તેની સાથે સંબંધ થયા પછી જ ખબર પડી. પ્રદર્શનનું કામ પૂરું થયા પછી ટેલિફોન સાફ કરીને

તેમાં સુગંધ મૂકવાની કોઈ એક કંપનીમાં તે નોકરીએ રહી હતી. ટેલિફોન-વાળાં ઘરો અને કંપનીઓમાં તે આવજા કરતી હતી ત્યારે એક દિવસ રસ્તામાં નંદગોપાળે તેને જોઈ. આવું જે કોઈ કામ મળતું ત્યાં નોકરી કરીને તે પૈસા મેળવતી. તેની ત્રીસ વરસની ઉંમર થઈ હતી. એ દરમિયાન વિશ્વાસ અને જરૂરિયાતને કારણે એને કેટલાક માણસો સાથે સંબંધ પણ થયો હતો. છતાં તેણે તેને એક ધંધા તરીકે સ્વીકાર્યો ન હતો તે નંદગોપાળ જાણતો હતો.

ક્યારેક નંદગોપાળ તેની પાસે જતો. બંને હસીને વાતો કરતાં. એ તેને એકલી કૉફી જ પાતી. ગિરિજા સિનેમાનાં બધાં સામયિકો ખરીદતી. હાથમાં પૈસા હોય ત્યારે તે બધાં સિનેમા જોવા જતી. સમય હોય ત્યારે એ ફિલ્મ વિશે કે ફિલ્મમાં કામ કરનારાઓ વિશે ખૂબ જાણકારીની અદાથી રસપૂર્વક વાતો કરતી. સિનેમા કંપનીમાં કામ કરતા તેના નાના ભાઈએ એક વખત કહ્યું હતું, 'તું ગમે તે કામ કરજે..."પણ સિનેમામાં કામ કરવાની તક અપાવીશ" એમ કોઈ કહે તો તેના પર વિશ્વાસ મૂકીને જઈશ નહીં... હું ત્યાં કામ કરું છું તેથી મારું માન જળવાય તે સારુ તું ત્યાં કામ કરવા આવીશ નહીં.' પોતે આ વાતનું સંપૂર્ણપણે પાલન કરે છે તે તેણે નંદગોપાળને કહ્યું હતું.

એણે તેની સાથે બે મહિના ગાળ્યા હતા તે વાત યાદ આવતાં તેણે એક સુખદ લાગણી અનુભવી. 'સુખી જીવન ત્યજીને બીજા જીવનની ઇચ્છા કરવાના ગુનાની સજારૂપે અત્યારે પોતે દુઃખ અને અપમાન તો અનુભવતો નથી ને!' આ વિચાર કરીને તેણે સાઇકલ દબાવી.

એકધારું સળંગ કામ ન મળતાં ગિરિજા નંદગોપાળ કામ કરતો હતો ત્યાં તેને શોધતી ગઈ હતી. ઑફિસ બંધ થવાનો સમય હતો. તેને થોડી રાહ જોવી પડી. ઑફિસ બંધ થયા પછી એ તેની સાથે બહાર ગયો. બંને હોટલમાં ગયાં. ગિરિજા ખૂબ થાકી ગઈ હતી. નંદગોપાળ બે કપ કૉફીનો ઑર્ડર આપવાનો હતો. આ વાતની ગિરિજાને ખબર પડી ગઈ તેથી તેણે કહ્યું, 'મારે એકલી કૉફી નહીં ચાલે, સાથે કશુંક ખાવાનું પણ જોઈશે...'

ગિરિજાના મનની નિખાલસતા તેને સ્પર્શી ગઈ. તે દિવસે તેણે ગિરિજાની ખૂબ ભાવપૂર્વક મહેમાનગતિ કરી. તે આખા દિવસની ભૂખી છે અને અત્યારે નોકરી વગરની હોઈ ખૂબ જ મુશ્કેલીમાં છે એ તેણે જાણ્યું ત્યારે તેને માટે મનમાં ખૂબ લાગી આવ્યું. ગિરિજાએ એને કોઈ નોકરી શોધી આપવા

માટે કહ્યું. નોકરી શોધી આપવાનું તેનાથી બને એમ ન હતું છતાં એક આશ્વાસન આપવા ખાતર જ તેણે તે શોધી આપવાનું ગિરિજાને વચન આપ્યું. સાંજે તેની સાથે તેને ઘેર ગયો. રસ્તામાં તેણે તેને રસોઈની સામગ્રી ખરીદી આપી. ગિરિજાએ તે રાતે તેને પોતાને ત્યાં જમવાનું કહ્યું.

ગિરિજા રાંધવામાં ખૂબ જ પ્રવીણ હતી તે તેણે તેની બાજુમાં બેસીને જોયું. રાત્રે એ ત્યાં જ જમ્યો. તેના હાથની રસોઈ રસપૂર્વક જમતાં તેને તેની માનો પ્રેમ યાદ આવ્યો. પોતાની રસોઈ તેને કેવી લાગે છે તે પૂછતાં પૂછતાં ગિરિજાએ તેને આગ્રહપૂર્વક જમાડયો.

તે રાતે તેને ત્યાં જ રહેવું પડયું. તે રાતે ગિરિજાએ પોતાની, પોતાનાં મા-ભાઈ અને જીવનની સ્થિતિ વિશે તેની સાથે ખુલ્લા દિલે વાત કરી. એકાએક તેને સૂઝેલો એક વિચાર પણ તેણે વ્યક્ત કર્યો. તેણે કહ્યું, 'તમે મેસમાં આપતા પૈસા મને આપો તો તમને જમાડયા પછી હું પણ જમું... કેમજી — તમને અનુકૂળ આવશેજી ?...'

નંદગોપાળે ઘણો સમય વિચાર કરીને હા પાડી. અત્યાર સુધીના તેમના સંબંધમાં એક નવા પ્રકરણનો ઉમેરો થયો. નંદગોપાળના જીવનમાં આ એક નવો અનુભવ હતો. તે પ્રમાણે એક નવા માણસનો આ મેળાપ ગિરિજા માટે પણ તદ્દન નવો અનુભવ હતો.

પોતે કોઈ કારણે, તિરસ્કાર અને ડરને લીધે દૂર રહેતો હતો તે કૌટુંબિક જીવન કેટલું સુખદાયક, રસદાયક અને ભાવાર્થવાળું છે તે એક સ્ત્રીના સહવાસથી તેને સમજાયું. જીવન પ્રત્યે, તેના પ્રત્યે આકર્ષાયો.

એ ઘર, એ જીવન ખૂબ જ ગરીબ હતું. મેડા ઉપર પત્તાંનો નાખેલો તે એક ઓરડો જ રસોડું કે શયનગૃહ, જે ગણો તે હતું. નાહવા માટે નીચે આવવું પડતું. ખરબચડી જમીન પર એક સાદડી પાથરીને સૂઈ રહેવું પડતું. ગિરિજાની મા કે ભાઈ દિવસે ત્યાં આવતાં તે વખતે નંદગોપાળ ત્યાં હાજર હોય તો તેને પોતે જાણે હમણાં જ આવ્યો છે એવું નાટક કરવું પડતું. આ બધું એને ગમતું હતું.

તેણે લગ્ન ન કરવાના ડરનું કારણ ગિરિજાને કહ્યું ત્યારે તે હસી, 'તમારા બાપુજીએ તમારી માને ઘણું વિતાડયું હતું તે ડરથી તમે લગ્ન કર્યાં નથી એમ ને ? એક સ્ત્રીને આવો ડર લાગે તે બરાબર છે...પુરુષને આમાં શાનો ડર ? તમે તમારી સ્ત્રીને ન મારો તો બસ છે...'

નંદગોપાળે લગ્ન અંગે અને ગામડેથી તેની માના આવતા કાગળો અંગે ગિરિજાને વાત કરી. બંને એકસાથે રહેતાં હોવા છતાં તે પોતાનાં બીજી સ્ત્રી સાથેનાં લગ્નની વાત તેની સાથે કરતો અને તે પણ લગ્નની વાતને અનુમોદન આપી લગ્ન કરવા માટે તેને આગ્રહ કરતી. નંદગોપાળ લગ્ન કરવાની ના પાડે અને ગિરિજા લગ્ન કરવા માટે આગ્રહ કરે; આ બંને વાતો વિરોધાભાસી છે એવું તેમને લાગતું ન હતું. તેઓ જુદાં રહેતાં હતાં તે સમયે પોતાના મનના ઊંડાણમાં તે વિરોધાભાસ છુપાયેલો હોવાથી તેને કારણે જ તેઓ તે અંગે ખૂબ જ સરળતાથી અને વધુ સારી ચર્ચા કરી શકતાં હશે.

છેવટે એક દિવસ નંદગોપાળે માના દબાણને વશ થઈને વત્સલા સાથે લગ્ન કરવાની સંમતિ દર્શાવતો કાગળ લખી નાખ્યો. વત્સલા દસમા ધોરણ સુધી ભણેલી, ખૂબ જ લાડકોડથી ઊછરેલી છોકરી હતી. એ નંદગોપાળની માની સગી થતી હતી. આ છોકરીને પહેલાં તેણે જોઈ હતી અને તે સુંદર છે એવો અભિપ્રાય પણ આપ્યો હતો.

લગ્ન કરવાની સંમતિ આપતો કાગળ લખી નાખ્યા પછી નંદગોપાળે આ વાત ગિરિજાને કરી.

આ વાત સાંભળીને પોતે તરછોડાઈ ગઈ હોય એવી એક ભયની અને દુઃખની લાગણી ગિરિજાએ મનમાં અનુભવી; છતાં તેણે તેને આ માટે પ્રોત્સાહન આપ્યું અને 'વરરાજા, વરરાજા' કહી તેની ઠેકડી ઉડાવી આનંદ વ્યક્ત કર્યો. પછી તેણે કેટલાંક સલાહસૂચનો પણ કર્યાં. ગિરિજા એના કરતાં વધુ અનુભવી અને પરિપક્વ હોવાથી તેણે જે કાંઈ સલાહસૂચનો કર્યાં હતાં તે બદલ નંદગોપાળે તેનો આભાર માન્યો. સ્ત્રીના નામમાત્રથી ડરતા અને ઘૃણાથી નાસતા નંદગોપાળને સાંસારિક જીવન માટે તૈયાર કરનાર જો કોઈ હોય તો તે ગિરિજા જ હતી તે વાત જ્યારે તેને કહેતો ત્યારે તે અવ્યક્ત ભયની લાગણી સાથે મનમાં હસતી પણ ખરી.

તેઓ બંને સાથે રહ્યાં તે બે મહિના દરમિયાન તેમની બાજુમાં આવેલા એક બાલમંદિરમાં ગિરિજાએ અનટ્રેન્ડ શિક્ષિકા તરીકેની નોકરી મેળવી લીધી હતી અને સાંજે તે સીવણના વર્ગમાં પણ જતી હતી. પહેલાં પણ એ થોડું સીવણકામ જાણતી હતી.

નંદગોપાળના લગ્નની તિથિ નક્કી થઈ ગઈ ત્યાં સુધી એ તેની સાથે જ રહ્યો. એક દિવસ ગિરિજાએ કહ્યું, 'હું જે કાંઈ કહું છું તેનો ઊંધો અર્થ

ન કરશો. લગ્નને ફક્ત એક જ મહિનાની વાર છે. તમે તમારી મેસમાં જતા રહો. સાચવીને રહેજો. બરાબર જમજો. લગ્ન પછી એક મિત્રની જેમ મળવા આવજો. મને આનંદ થશે.'

તે વખતે ગિરિજાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં, તે યાદ કરીને અત્યારે નંદગોપાળ લાગણીવશ થઈ ગયો. તેણે ઘરના આંગણામાં સાઇકલ મૂકી તાળું મારી મેડા તરફ જોયું. મેડાના છાપરામાંના એક નાના બાકોરામાંથી અંદર દીવાનો પ્રકાશ દેખાયો. તેણે દીવાસળી સળગાવી ઘડિયાળમાં જોયું તો બાર વાગ્યા હતા.

એકાએક પોતાને જોઈને ગિરિજા અવાક થઈ જશે એવા વિચાર સાથે, તેને જોવાની આતુરતાથી નંદગોપાળ ધડકતા હૃદયે દાદરો ચડ્યો.

ગિરિજા સીવવાના સંચા પાસે બેસીને સોયથી ટાંકા ઉકેલતી હતી. પગરવ સાંભળીને અને ઉપલા પગથિયે તેનું માથું દેખાતાં તેણે ભારે અવાજે પૂછ્યું, 'કોણ એ?'

'એ તો હું...' આગળ પોતાનું નામ બોલે તે પહેલાં જ તેને જોઈને આનંદના અતિરેકમાં ગિરિજા આવકાર આપતાં બોલી ઊઠી, 'અરે! તમે કે? આવો.' અને તેને આલિંગવા માટે આતુર થતા પોતાના હાથની આંગળીઓના ટચાકા બોલાવતાં ઉપરાઉપરી સવાલો પૂછ્યા, 'કેમ અત્યારે?...બોલો... જમવાનું પતી ગયું?' અને તેને સાદડી પાથરી બેસવા માટે કહ્યું.

'એકાએક તને જોવાનું મન થતાં આવ્યો.' નંદગોપાળે કહ્યું.

એકાએક તેને આવેલો જોઈને ગિરિજા મૂંઝાઈ ગઈ. પણ તેનો ખ્યાલ નંદગોપાળને ન આવે તેમ તેણે પોતાની જાત સંભાળી લીધી. પછી પાણી લાવીને તેને આપતાં બોલી, 'લો, પીઓ!'

બંનેના હૃદયના ધબકારા અને આશ્ચર્ય ઓછાં થતાં નંદગોપાળે નવો સીવવાનો સંચો જોઈને તે અંગે પૂછપરછ કરી. એ સીવણની પરીક્ષામાં પાસ થઈ ગઈ હતી, હપતાથી મશીન ખરીદ્યું હતું અને તેમાંથી સારા પૈસા રળતી હતી. આ મહિને તેણે ત્રણ તોલા સોનાનો અછોડો કરાવ્યો હતો. શાળાની નોકરી મૂકી દીધી નથી – આ બધી વાત ગિરિજાએ ખૂબ જ આનંદ સાથે જણાવી. નંદગોપાળને પણ આ જાણીને ખૂબ સંતોષ થયો.

'તમે કેમ છો?... તમારાં વાઇફ સારાં છે ને?' ઉત્સાહપૂર્વક ગિરિજાએ પૂછ્યું.

નંદગોપાળ એક નિઃશ્વાસ નાખીને તેના તરફ જોઈને દુઃખદ હસ્યો.

સીવેલાં, સીવવાનાં, વેતરેલાં અને વેતરવાનાં નવાં કપડાં ઢગલાની જેમ સીવવાના સંચા પર પડચાં હતાં. નંદગોપાળની સાથે વાતો કરવા સારુ ગિરિજાએ તે બધાં કપડાં જુદાં જુદાં કરી, ગડી વાળીને ઊંચે મૂકયાં. નંદગોપાળ દુઃખી છે તે વાત એ પામી ગઈ હતી. આથી તેના જીવને શાંતિ મળે તેવી વાતો ગિરિજાએ પહેલાં શરૂ કરી. આ તેણે તેની હૈયાઉકલતથી કરી હતી. નંદગોપાળનું દુઃખ જાણીને એ પણ દુખી થઈ.

નંદગોપાળે એક સિગારેટ સળગાવી ફેફસાં ભરાય ત્યાં સુધી કસ ખેંચીને ધુમાડો છાપરા ભણી કાઢ્યો. સિગારેટને ખૂબ કાળજીપૂર્વક બે આંગળી વચ્ચે ફેરવી, ચપટી વગાડીને તેણે રાખ ખંખેરી. પછી ગિરિજાના મોં તરફ જોયા વગર દુઃખદ અવાજે બબડતો હોય તેમ તે બોલ્યો, 'મેં તને કરેલા અન્યાય બદલ અત્યારે હું સહન કરી રહ્યો છું. મારે તને જ પરણવું જોઈતું હતું. પણ હવે શું થાય?'

ગિરિજા તેની પાસે આવીને બેઠી.

'લગ્ન પતી ગયા પછી મારી સાથે નીકળતી વખતે વત્સલાએ કરેલું રુદન હજી પણ બંધ પડયું નથી. તેને મારી સાથે સંસાર માંડવામાં રસ નથી. તે મારું અપમાન કરે છે. આજે પણ તેણે કપાળ કૂટયું હતું.' વગેરે વગેરે વત્સલા વિશેની બધી વાતો કહીને નંદગોપાળ પોતાનું દુઃખ વ્યક્ત કરતો ગયો.

સીવવાના સંચાની બાજુમાં તેલ પૂરવાની કુપ્પી પડી હતી તે લઈને પોતાના પગના અંગૂઠા અને આંગળી વચ્ચે પડેલા ચાંદા પર તેલ ચોપડતાં ચોપડતાં ગિરિજાએ નંદગોપાળે કહેલી બધી વાત શાંતિથી સાંભળી.

'બિચારી અબૂઝ છોકરી છે ને?' ગિરિજાએ કહ્યું.

નંદગોપાળે અજાણતાં માથું ઊંચું કરીને ગિરિજા તરફ જોયું.

'તમને પરણી તેથી જ તે થોડી તમારે લાયક થઈ જાય?... માબાપની લાડકી છે તે તમે જ કહ્યું હતું ને? એ બધાંને ત્યજીને કોઈ એક અજાણ્યા શહેરમાં તમારી સાથે રહેતાં એ બાળાને શું થતું હશે? તમારે તેનું મન જાણીને અનુકૂળ થવું જોઈએ. એ અનુભવી નથી ને? તમારો એક પુરુષ તરીકેનો વ્યવહાર તેને માટે નવો જ છે ને? તેને ડર લાગતો હશે. તિરસ્કાર

પણ આવતો હશે. હું તમારી સાથે આ રીતે વર્તતી નહોતી તેનું કારણ જાણો છો? હું અનુભવી ખરી ને? પત્ની તરીકે આવનારી સ્ત્રી અનુભવી હોય એવું કોણ ઇચ્છે? અત્યારે તમે જ કહ્યું કે 'તમારે મને જ પરણવું જોઈતું હતું. પરંતુ આ તમને તે વખતે કેમ ન સૂઝયું? હું પહેલેથી અનુભવી છું તે જ મારી 'અયોગ્યતા' છે. તમે તમારી પત્ની કરતાં વધુ અનુભવી છો તે તમારે ધ્યાનમાં રાખવું જોઈએ. એ અણસમજુ છે તે પણ તમારે સમજવું જોઈએ. હું તમારી સાથે જે પ્રમાણે વર્તી તે પ્રમાણે તમારે તેની સાથે વર્તવું જોઈએ. આ પ્રમાણે રહેવાથી દિવસો જતાં બધું ઠીક થઈ જશે....'

ગિરિજાએ આ બધું સમજાવીને પ્રશ્ન જે સરળતાથી ઉકેલ્યો હતો તે જોઈને નંદગોપાળ આશ્ચર્ય પામ્યો. 'પોતે તેની પાસે આવવાનો વિચાર કર્યો હતો તે કેટલો યોગ્ય હતો' તેનો વિચાર આવ્યો.

ગિરિજા આટલો સમય વાતોમાં રોકાયેલી હોવાથી પગની આંગળીઓ વચ્ચે પડેલા ચાંદા પર તેલ ચોપડવાનું અટકી ગયેલું કામ તેણે ફરી શરૂ કર્યું.

'પગમાં શું થયું છે?' નંદગોપાળે તેની નજીક સરકી આવી વાંકા વળીને જોતાં પૂછ્યું.

'ગયા અઠવાડિયે નવાં પગરખાં લાવી હતી. ડંખ્યાં છે. સંચો ચલાવવાથી પગની આંગળીઓનું હલનચલન થાય છે તેથી નસ ખેંચાય છે અને મટતું નથી.' અને ગિરિજા મોં ઊંચું કરીને તેની સામે જોઈને હસતાં હસતાં બોલી, 'જોયું ને, પગરખાં નવાં હોય ત્યારે ડંખે છે... પરંતુ તેથી કોઈ કાંઈ જૂનાં પગરખાં ખરીદે ખરું?'

નંદગોપાળ તેનો હાથ પકડીને રડી પડયો.

15. નિક્કી

માછીમારોનું નાનું સરખું ગામડું છે. વળી બે દિવસથી વરસાદ પડે છે. કાદવ, કીચડ અને ભીનાશ.

એક નીચી છાપરીની પાછળ, બે ઝૂંપડીઓની વચ્ચેની જગામાં બે ઝૂંપડીઓનાં પાંદડાંનાં છાપરાં ભેગાં થવાથી એક ત્રીજું છાપરું બન્યું હતું. તેની નીચેની જમીન પોચી અને કોરી હતી. તે વરસાદના પાણીથી ભીંજાયેલી ન હતી. ત્યાં એક કૂતરીએ બે દિવસ સુધી મહેનત કરીને ખાડો કર્યો. પછી પાંચ બચ્ચાંઓને જન્મ આપી, જાણે પોતે માતૃત્વ પામી છે એવા ગૌરવથી પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે જાણે ચોકી કરતી હોય તેમ ત્યાં આંટા મારતી હતી. પરંતુ આજે સવારની તે દેખાઈ નથી !

હવે એ કૂતરી અહીં નહીં આવે એવા સમાચાર બધાને જણાવતાં ગામના એક છોકરાએ કહ્યું,

'બરફની દુકાન આગળ એ કૂતરી બસમાં કચડાઈને મરી ગઈ.'

આ સમાચાર જાણ્યા પછી ગામના નાના નાના છોકરાઓ હિંમતપૂર્વક એ બચ્ચાં જોવા આવ્યા. દરેકે એક એક બચ્ચું લઈ લીધા પછી એક બચ્ચું વધ્યું. એ બચ્ચાને એકલું મૂકીને એ લોકો ચાલ્યા ગયા. એ રંગે કાળું હતું. તેના બે કાન અને પૂંછડી પર સફેદ ટપકાં હતાં.

'છી ! તે કૂતરી છે.' તે પોતાની જાતિનું ન હોવાથી છોકરાઓ તેને મૂકીને ચાલ્યા ગયા હતા.

એ બચ્ચું એક કીડાની જેમ આખો દિવસ ઉં ઉં કરતું માટી અને કાદવમાં ઘસડાતું હતું. તેણે આંખો ઉઘાડીને પહેલી વાર દુનિયા જોઈ. ભૂખથી કરુણ અવાજે રડતું હતું. એનું કોઈ નથી, એ અનાથ થઈ ગઈ છે, તેવી જાણ તેને ચાલતાં શીખી તે પહેલાં જ થઈ ગઈ હતી. આથી તેણે પોતાની મેળે અથડાતાંકૂટાતાં ચાલવાનું શીખી જીવનયાત્રા શરૂ કરી.

નીચી ઝૂંપડીઓની વચ્ચેથી એ બહાર આવી. ગામની શેરીના કાદવ-કીચડમાં એને આળોટતી, ચાલતી જોવામાં છોકરાઓને મજા આવતી.

કોઈ તેને પોતાને ઘેર લઈ જઈ પાળે તેવી દયાજનક યાચના કરી તે રડી નહીં. પરંતુ છોકરાઓને તેની સ્થિતિ જોઈ તેના પર દયા આવી. તેઓએ એક ઝૂંપડીના ઓટલા ઉપર તેને માટે જગા કરી આપી. પછી કાંજી, પાણી, ભાત અને ચા આપ્યાં.

એ દિવસમાં જ છોકરાઓ આ કુરકુરિયાની રમતથી કંટાળી ગયા. તેના પગ કાદવથી ખરડાયેલા હતા અને જાણે ઓટલો પોતાની માલિકીનો હોય તેમ તેણે એને બગાડ્યો હતો. ઝૂંપડીની માલિક બાઈએ આ જોયું અને તે ગુસ્સે થઈ. એ આંગણું વાળવા આવી ત્યારે તેણે કચરાની સાથે તેને પણ વાળીને નીચે નાખી દીધું. તે ઓટલા પરથી બૂમબરાડા પાડતું નીચે જમીન પર પડયું.

જોરથી પછડાયું હોવાથી તેને વાગ્યું. મોટા અવાજે રડતું, આળોટતું ઊભું થઈને એક પગે લંગડાતું લંગડાતું ચાલવા લાગ્યું.

થોડે દૂર ગયા પછી રડવાનું મૂકી દઈને, નસીબને દોષ દેતું હોય તેમ શાંત થઈ, લંગડાયા વગર ચાલવા લાગ્યું. બીતું બીતું ઝૂંપડીની માટીની ભીંતનો આધાર લઈ ચાલતું ગામના પાદર અને મુખ્ય રસ્તાની વચ્ચે આવેલા ગંધાતા નાળાના પુલ પાસે આવી પહોંચ્યું. હવે અહીંથી આગળના રસ્તાની તેને ખબર ન હોવાથી અડધા દિવસ સુધી વિચારમાં ને વિચારમાં ત્યાં જ પડી રહી ઊંઘ્યું. જાગ્યા પછી રડયું. રડીને થાકી ગયા પછી હિંમતપૂર્વક પુલ વટાવી મુખ્ય સડક પર આવ્યું.

એ સડક પર ઘણાં મોટાં મોટાં મકાનો હતાં તેમ જ તેના પર રાક્ષસ જેવી મોટી બસો અને લોરીઓ દોડતી હતી. લોકોની અવરજવર પણ ખૂબ હતી. નાનું કુરકુરિયું હિંમતપૂર્વક સડકની વચ્ચે ચાલતું હતું. આટલી મોટી દુનિયામાં માણસો કેવાં કેવાં સાહસો કેવી કેવી ઉત્સુકતાથી કરે છે! તો આ કુરકુરિયું શું આ સડકની વચ્ચે ન ચાલી શકે?

એક માળવાળી બસ આવી. તેનો ડ્રાઇવર એક સારો માણસ હતો. આ નાના કૂતરા માટે તેણે મોટી બસને થોડી વાર માટે ઊભી રાખી. સડકની વચ્ચેથી તે ચાલ્યું ગયું. પછી ડ્રાઇવર મનમાં બોલ્યો, ‘કેટલું નાનું કૂતરું!

કચડાઈ ને મરી જાત. મારે શા માટે તે પાપ માથે લેવું જોઈએ!' પછી તે કચડાઈ ન જાય તેનું ધ્યાન રાખીને તેણે મોટી બસ વાળી.

કૂતરું સડક ઓળંગી ગયું. પણ જશે ક્યાં? ક્યાંક તો જવું જોઈએ ને? એ તો ચાલ્યું.

મુખ્ય સડક ઓળંગી. એ ગામડા જેવી ન હતી. પરંતુ ગામની શેરી જેવી એક સાંકડી શેરીમાં ગયા પછી તે પસાર થતું હતું ત્યારે તેની સામે એક પતરાળું આવીને પડ્યું. પતરાળું પડવાથી તેણે એકદમ નાસી જવું જોઈએ એવો અનુભવ કે જ્ઞાન તેનામાં હજી સુધી આવ્યાં ન હતાં. આથી તે પાછા પગે જઈ ને સંતાઈ ગયું, બચી ગયું.

એક મોટો કૂતરો તે પતરાળા તરફ ચારે પગે ઝડપથી દોડતો આવ્યો. કુરકુરિયું તે કૂતરો પોતાની જાતિનો છે તે જાણતું ન હોવાથી તેમ જ તે આમ ધસી આવ્યું એટલે તે મૂર્ખ હોવું જોઈએ એમ માનીને તે તેનાથી સંતાઈ ગયું અને ભયભરી નજરે તેને જોવા લાગ્યું. ભીંતની આડમાં સંતાઈ ને જોઈ રહેલા કુરકુરિયાને તે પતરાળાની વસ્તુઓ ખાવાલાયક છે તેની જાણ થઈ.

પરંતુ આ કુરકુરિયાને ભૂખ લાગી અને સામે પતરાળું આવીને પડ્યું તે વખતે તેની હરીફાઈમાં એક દુષ્ટ કૂતરો સામે આવ્યો હતો. આથી પતરાળામાં પડેલી વસ્તુઓ ખાઈ શકાય એવી છે તે જાણ્યા છતાં તેને ખાવાની તક મળી નહીં.

પરંતુ તેને ભૂખ સતાવ્યા કરતી હતી.

વરસાદ અને ટાઢમાં ધીમા અવાજે રડતું તેમ જ ગલીની બાજુની ગંદી નીકના કિનારે જે કાંઈ ખાવાનું મળે તે ખાઈ ને આમતેમ આંટા મારતું તે ત્યાં થોડા દિવસ રહ્યું.

થોડા દિવસ પછી ગરમીની મોસમ આવતાં તેના શરીરની ભીનાશ સુકાઈ ગઈ. ત્યાં તેને મળેલો સડેલો અને નકામો ખોરાક ખાવાથી તેનામાં થોડીઘણી શક્તિ આવી હતી. તે સહેજ મોટું થયું હતું. ત્યાર પછી તે નાની ગલીમાંથી એક મોટી શેરીમાં રહેવા ગયું.

તે દિવસને આ કૂતરા માટે શુભ દિવસ કહેવો જોઈએ.

રડીને હઠ કરતા એક બાળકને તેની મા પરાણે ઊંચકીને ક્યાંક લઈ જાય છે. બાળક હઠીલું બનીને, તેની પકડમાં ન રહેતાં, જોર કરીને તેની કેડેથી ઊતરવા પ્રયત્ન કરે છે.

એક હાથમાં દફ્તર રાખીને અને બીજા હાથે બાળકને ન સંભાળી શકવાથી તેની મા તેને ગાળો ભાંડતી મારે છે. હઠીલું બનેલું બાળક મોટેથી રડે છે. રડતા બાળકને શાંત પાડીને મા વહાલ કરતી હતી તે વખતે આ કુરકુરિયું ત્યાં જઈ ચડયું. આને બતાવીને માએ બાળકને શાંત પાડયું.

હવે તે બાળકે 'આ કૂતરો જોઈએ છે' એવી હઠ પકડી.

માણસના સ્નેહની જાણ થતાં કુરકુરિયાએ પૂંછડી હલાવી આનંદ વ્યક્ત કર્યો.

વરસાદમાં પલળવાથી અને તાપમાં કોરા થવાથી તે સ્વચ્છ બન્યું હતું તે સારું હતું. ગઈ કાલ સુધી તેણે ખાધું હતું તે સડેલું અને નકામું પણ માણસનું જ હતું ને !

માએ કુરકુરિયાને ઉપાડી ચુંબન કર્યું, પછી બાળકને વહાલ કરી તેના હાથમાં મૂકયું.

કૂતરાનો જન્મ જાણે સફળ થયો. ઘરના ઓટલાના થાંભલા સાથે તેને સૂતળી વડે થોડાક દિવસ બાંધી રાખ્યું. બાળક માટે તે એક પ્રદર્શનની તેમ જ રમવાની વસ્તુ હતું. અહીં તે થોડુંક મોટું થયું. બાળક કુરકુરિયાને તેની કાલી કાલી ભાષામાં પપ્પી કે નિક્કી કહી બોલાવતું હતું.

હવે તે કુરકુરિયું એક મોટી કૂતરી બની ગઈ હતી. એક દિવસ મા — તે ઘરની શેઠાણી — બહાર જવા નીકળી ત્યારે તે પણ ગેલ કરતી કરતી તેની પાછળ ગઈ. માએ તેને પાછી કાઢતાં કહ્યું, 'ઘેર જા.' પરંતુ કૂતરી બાળકની જેમ આમતેમ સંતાતી, ઠેકડા મારતી તેની પાછળ પાછળ ગઈ. તે સ્ત્રીનું આ રીતે વારંવાર કાઢી મૂકવું, કૂતરીનું પાછા જવું અને વળી પાછું તેની પાછળ પાછળ દોડી આવવું એ કૂતરી માટે એક આનંદદાયક વસ્તુ થઈ પડી. શું તે

સ્ત્રીને કામ નહીં હોય? છેવટે તે ઘેર ગઈ છે એવા વિશ્વાસથી તે સ્ત્રી બસમાં બેસી ગઈ.

થોડે દૂર સુધી નિક્કી બસની પાછળ ચારે પગે છલાંગ મારતી દોડી. એક મોટી સડક પર, પકડી ન શકાય કે પહોંચી ન શકાય એટલી ઝડપથી બસ દોડીને તે સ્ત્રીને લઈને ખૂબ દૂર જતી રહી. છેવટે એક વળાંક આવતાં તે દેખાતી પણ બંધ થઈ ગઈ. બસ દેખાતી બંધ થવા છતાં પણ નિક્કી કોઈ અંધવિશ્વાસથી વળાંક સુધી તે દિશામાં દોડીને ગઈ.

પણ બસ દેખાઈ નહીં. તે રસ્તા પર બીજી ઘણી બસો, કાર અને માણસોની ખૂબ અવરજવર હતી. છેવટે ઘેર જવાના વિચારથી નિક્કી જે રસ્તેથી આવી હતી તે રસ્તે પાછી વળી. આવવાના રસ્તા પર એક નાની ગલી હતી.

તે ગલીમાંથી વાસી તેલમાં તળાતાં દાળવડાંની વાસ આવી. પરસેવાથી રેબઝેબ થયેલી કૂતરી થોડી વાર કાન ઊંચા કરી, નાક પહોળું કરી ગંધ પારખવા લાગી. આનંદમાં આવી જઈ એક જ કૂદકામાં તે ગલીમાં પહોંચી ગઈ.

એક ઝાડની નીચે એક વૃદ્ધા સગડીને ફરતું પતરું મૂકીને દાળવડાં તળતી હતી. નિક્કી બાજુમાં આવેલા ઉકરડા પર ચડીને ત્યાં સુધી જઈ દાળવડાની સુગંધને આતુરતાપૂર્વક મોંમાં પાણી આવે તે રીતે માણવા લાગી. ક્યારેક તે વૃદ્ધા એક વડામાંથી નાનો સરખો ટુકડો શું પોતાની તરફ નહીં ફેંકે, આ વિચારથી નિક્કી વૃદ્ધાને પોતાની શેઠાણી ગણી પૂંછડી હલાવતી હતી.

ત્યાં તો વૃદ્ધાએ દાળવડાનો એક નાનો ટુકડો નિક્કી તરફ ફેંક્યો. આથી તેને અસીમ સંતોષ થયો. એ તો ગોળ ગોળ ફરતી ખુશી થઈને નાચી. તેણે તે વડાના ટુકડાને જમીન પર મૂક્યો. પછી બે ડગલાં પાછળ જઈ તેની સુંદરતા માણવામાં ડૂબી ગઈ હોય તેમ તેને જોવા લાગી. ત્યાં તો જાણે કોઈ દાળવડાના ટુકડાને ઝપટ મારી લઈ લેવા આવ્યું હોય તેવી ભ્રમણાથી તે ઉતાવળી બની પોતાના હરીફની હરીફાઈ કરતી હોય તેમ દોડી આવી અને એને મોંમાં લીધો. જાણે હરીફાઈમાં પોતે જીતી હોય તેમ ગેલમાં આવી જઈ તેણે મોંમાં લીધેલા વડાના ટુકડાને ફરીથી નીચે મૂકી તેની ચારે તરફ ગોળ ગોળ ફરી નાચવા લાગી.

એકાએક વરસાદ પડ્યો. વૃદ્ધા સગડી અને બીજો સામાન જલદી જલદી ઉપાડી બાજુના ઘરના ઓટલા પર દોડી ગઈ. નિક્કી પણ વરસાદથી બચવા તે ઓટલાની બાજુમાં ઊભી રહી. સારું એવું ઝાપટું પડીને વરસાદ બંધ થઈ

ગયો. વરસાદ બંધ થયા પછી શેરીમાં લોકોની અવરજવર શરૂ થઈ. નિશાળેથી છોકરાઓ પાછા ફર્યા.

નિક્કીને પોતાની શેઠાણી અને તે બાબો યાદ આવ્યાં. બાબો યાદ આવતાં જ તેનો પગ એક પળ પણ ત્યાં ટક્યો નહીં. તે ખૂબ ઝડપથી દોડી. રસ્તા પર ઘણી શેરીઓ આવેલી હતી. પોતે કયા રસ્તેથી આવી હતી તે તેને જાણ ન હતી. કઈ તરફ બાબાનું ઘર હતું તે પણ યાદ ન હતું. તે ગમે તે દિશામાં દોડી. શેઠાણીની પાછળ દોડી આવી હતી તે વખતે, પાછા ફરતી વખતે રસ્તો ઓળખી શકે તે માટે તેણે અમુક અમુક જગાએ પેશાબ કર્યો હતો. પરંતુ થોડા સમય પહેલાં પડેલા ધોધમાર વરસાદથી શેરીઓ સાફ થઈ ગઈ હતી.

નિક્કી શ્રદ્ધા ગુમાવ્યા વગર આગળ દોડી. દિવસ પણ આથમી ગયો. શેરીના દીવાઓ સળગવા શરૂ થયા. તેને ભય લાગવા માંડ્યો. હવે પોતાની શેઠાણી અને બાબાને ફરી જોઈ નહીં શકે એવી વ્યાકુળતાથી તે આકાશ તરફ જોઈને રડી. રડતાં રડતાં શેરીના કોઈ એક ખૂણામાં પડીને ઊંઘી ગઈ. બીજે દિવસે સવારમાં નિક્કી ફરી અનાથ થઈ ગઈ!

શેરીમાં આવતીજતી બધી સ્ત્રીઓને પોતાની શેઠાણી સમજીને નિક્કી તેમની પાછળ દોડતી હતી. પરંતુ તેઓ તેને ભગાડી મૂકતાં ત્યારે તે નિરાશ થઈ પાછી ફરતી.

શેરીમાં પડતાં પતરાળાંમાંની વસ્તુઓ ખાવા માટે મોટા કૂતરાઓ સાથે ઝઘડીને પોતાનો ભાગ મેળવી શકે તેટલી મોટી હોઈ હવે નિક્કીને માટે પેટ ભરવાનો પ્રશ્ન રહેતો નથી.

પરંતુ જીવવા માટે એકલું પેટ ભરવું બસ છે? જેમ ભૂખમાં ખાવાની જરૂર પડે છે તેમ વહાલ માટે માણસના સહવાસની જરૂર છે, તેની તેને જાણ થઈ.

બાળક અને શેઠાણીને યાદ કરી કરીને તેણે રડી રડીને રાતો વિતાવી.

રસ્તા પર વટથી ચાલતા, શેઠની સાંકળથી બાંધેલા સુંદર કૂતરાઓને, સાંકળથી બંધાયેલા હોવા છતાં પણ મસ્ત ચાલથી શેઠની આગળ ચાલતા કૂતરાઓને અને કારમાં પોતાના શેઠની સાથે એક બેઠક પર બેસીને બહાર ડોકિયું કરતા ધનાઢ્ય કૂતરાઓને જોઈને નિક્કી ઈર્ષાથી બળી જતી અને રડતી.

કેટલીક વખત તે કૂતરાઓ પોતાને જુએ છે તેમ માનીને નિક્કી તેમના તરફ દાંત કાઢીને ભસીને આગળ ધસી આવતી. આવે વખતે તે બધા જ શેઠિયાઓ પથ્થર મારવાનો ડર બતાવીને તેને નસાડી મૂકતા.

તેવા સમયે નિક્કી દૂર જઈ પાછળ ફરીને જોતી અને એક વખત ભસતી. પછી આગળ દોડી જતી.

એક દિવસની વાત છે. બપોરનો સમય છે. બંગલાઓવાળી શેરીઓ છે. માણસોની અવરજવર નથી. આખો દિવસ આખા ગામમાં રખડીને જે કાંઈ મળ્યું તે ખાઈને નિક્કીએ પેટ ભર્યું છે. કોઈ આરામદાયક છાંયડો શોધીને ત્યાં આડા પડવાના વિચારથી દોડતી હતી.

જાણે પોતાને કોઈ બોલાવતું હોય એવો ઉષ્મા અને પ્રેમભર્યો અવાજ નિક્કીએ સાંભળ્યો. દોડતી નિક્કીએ ઊભા રહી, પાછળ ફરી કાન ઊંચા કરી જોયું.

એક બંગલાના તાળું મારેલા ઝાંપાની પાછળથી એક કૂતરો તેના આગળના બે પગ ઊંચા કરી લોખંડના ઝાંપા પર મૂકીને ઊંચો થઈ નિક્કીને બોલાવતો હતો.

તેનું શરીર કેવું સફેદ હતું! તેના ચાંદી જેવા સફેદ વાળનાં જુલ્ફાં લટકતાં હતાં! એ નર કૂતરો જણાતો હતો. નિક્કી તેની રાહ જોતી ઊભી. લોખંડના ઝાંપાને નહોર મારતા અને પોતાને સ્નેહસભર સાદે બોલાવતા આ કૂતરાને તે સ્થિતિમાં જોવામાં તે તલ્લીન થઈ ગઈ. ભસ્યા વગર પોતાને બોલાવી હોય એવો આ પહેલા જ કૂતરો હતો.

નિક્કીએ પૂંછડી પટપટાવી. તેની સંમતિ જાણીને તે ઊંચી જાતના કૂતરાએ ઝાંપા પર પહેલાં કરતાં વધુ નહોર મારી આગળ વધવાનો પ્રયત્ન કર્યો. ઝાંપા અને જમીનની વચ્ચેની જગામાં થઈને બહાર આવવાનું તેનાથી શક્ય બન્યું નહીં. આવી શક્યો નહીં. ખાલી જગામાંથી બહાર નીકળી ન શકે તેટલો તે જાડો હતો.

નિક્કીને થયું કે એણે તેની પાસે જવું જોઈએ. પોતે માણસના સ્નેહ માટે તલપે છે તેમ તે કૂતરો પણ બીજા કૂતરાના સ્નેહ માટે તલપે છે એવું નિક્કીને લાગ્યું. વળી આવી મોટી સારી જગામાં રહેતા એક ઊંચી જાતના કૂતરાનો સ્નેહ પોતાને મળતો હોય તો આ પ્રેમસભર આમંત્રણને આશ્રય વગરની શેરીમાં રખડતી નિક્કી કેવી રીતે નકારી શકે?

તે ઝાંપા પાસે ગઈ. ઝાંપાની નીચેની જગામાંથી તે ઊંચી જાતનો કૂતરો પસાર થઈ શકતો ન હતો. છતાં આ શેરીની કૂતરી ત્યાં થઈને અંદર આવી શકશે એવી તેની ગણતરી હોય તેમ તે કૂતરો તેનો આગળનો પગ પકડીને એને આ રસ્તેથી આવવાનું કહેતો હોય તેમ તેને ખેંચવા લાગ્યો.

નિક્કી બંગલાના કંપાઉન્ડમાં દાખલ થઈ.

બંને આનંદની મસ્તીમાં આવી જઈ એકબીજા પર ઠેકડા મારતાં, આળોટતાં ગેલ કરવા લાગ્યાં. નિક્કી તેની પકડમાંથી છટકી દોડી જતી અને આનંદથી નાચતી. દૂર ખસી જઈને ઊભા રહેલા અનુભવી કૂતરાએ તક જોઈને એકાએક નિક્કી ઉપર તરાપ મારી. બસ! તેની પકડમાંથી છટકી ન શકે એવી મજબૂત પકડમાં આવી ગઈ. જાણે તેની આંખોના ડોળા હમણાં બહાર નીકળી પડશે એવું નિક્કીને લાગ્યું.

બંગલાની અંદર કૂતરો ન દેખાવાથી બારણું ઉઘાડી બહાર આવેલી શેઠાણીએ બે બૂમ પાડી, 'એ...છી! સરદાર...સરદાર...!'

ચોકીદાર આવે તે પહેલાં તો તે બે જુદાં ન પાડી શકાય એવી સ્થિતિમાં આવી ગયાં. તેમ જ પોતાને કોઈ જોઈ જશે એવા ડરથી આજુ-બાજુ જોઈને શેઠાણીએ અંદર જઈને બારણું વાસી દીધું.

હવે નિક્કી જ્યાં જાય છે ત્યાંથી બધા તેને કાઢી મૂકે છે. કોઈ પણ તેને પોતાના ઘર પાસે ફરકવા દેતું નથી.

આ શેરીમાં રખડતી કૂતરી ક્યાંક બચ્ચાંને જન્મ આપી ન બેસે એ ડરથી બધા તેને નસાડી મૂકે છે તેની નિક્કીને ખબર નથી. ભાગવું, દોડવું તે

શું તેને માટે નવું હતું? પરંતુ અત્યારે દોડવાથી તેને થાક લાગે છે. આ અનુભવ તેને માટે નવો હતો.

ચોખ્ખા ઓટલા અને કંપાઉન્ડમાં આ અશુદ્ધ કૂતરીને લોકો જગા આપવાને બદલે ભગાડી મૂકતા હતા. છેવટે એક રાતે ખૂબ વેદના અને દુઃખ સાથે નિક્કી એક ગંદી ગલીમાં દાખલ થઈ.

તેનો જન્મ પણ આવા જ એક બીજા ગામમાં થયો હતો ને! ભેજ, કાદવવાળી જગામાં! એક ઝૂંપડીની પાછળ આવેલા ખૂણામાં આરામદાયક, પોચી જમીનમાં નિક્કીએ પાંચ સુંદર બચ્ચાંને જન્મ આપ્યો.

બધાંએ આવીને એ કુરકુરિયાંની સુંદરતાનાં વખાણ કર્યાં. ઊંચી જાતના કૂતરા સાથેના સંબંધથી થયેલાં આ બચ્ચાં છે એવી વાતો લોકો કરતા હતા. થોડા દિવસમાં તેઓ પણ એ જ પ્રમાણે નિક્કી પાસેથી છિનવાઈ ગયાં.

સુખ અને દુઃખ, ચડતી અને પડતી, આનંદ અને શોક; કૂતરાના જીવનમાં પણ આમ થતું રહે છે!

કારમાં તેમ જ સાંકળથી બંધાયેલાં કૂતરાંને જતાં જોઈને હવે નિક્કી દોડે છે. કદાચ તે પોતાનાં બચ્ચાંને પણ શોધતી હોય! નિક્કીએ જન્મ આપેલો હોવા છતાં તેઓ શું તેની જાતિનાં હતાં?

જુઓ, બંગલાના કે રસ્તે રખડતા કૂતરાને શોધતી નિક્કી ભટકે છે. તેને હવે એક કૂતરાની જરૂર લાગે છે. જરૂર પડે ત્યારે જાતિને કોણ જુએ છે?